ॐ

तत्सत्

શ્રીગુરૂમહિમા.

(પદ્યાત્મક)

રચી પ્રસિદ્ધ કરનાર,

મોહનલાલ વિ. ઈશ્વર ભટ્ટ.

શ્રી સનાતન ધર્મસમાજના

ઉપદેષ્ટા મુ. કડી.

અમદાવાદ.

શ્રી સત્યવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં—શા. સાંકળચંદ હરિલાલે છાપ્યું.

વિક્રમાર્ક સંવત ૧૯૬૮ શાકે ૧૮૩૩ સને ૧૯૧૨.

પ્રથમાવૃત્તિ. પ્રત ૧૦૦૦

કીં. રૂ. ૧-૦-૦ કલદાર.



श्री शंकर जगन्नाथ तिर्थ स्वामी श्री गोवर्द्धन मठ म. जगन्नाथपरी.

॥ ॐ ॥

॥ तत्सत् ॥

શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી મજ્જગદ્-
ગુરૂ શ્રીમત્ શંકર જગન્નાથ તીર્થસ્વામી
ગોવરધનમઠ—જગન્નાથપુરી
એમની સેવામાં
અર્પણ

હરિગીત છંદ.

અદ્વૈત બ્રહ્મ સ્વરૂપ જ્યોતીરૂપ આપ અનૂપ છો,
વળિ સ્વચ્છ નિર્ગુણ નિર્વિકારી શુદ્ધ શંકરરૂપ છો;
છો જ્ઞાનમૂર્તી પુણ્યભાજન દેવ નર શિરોમણી,
સ્વીકારશો અર્પણ કરૂં પોથી ગુરૂમહિમા તણી. ૧
ગંભીર છો સિંધુસમા મેરૂસમા નિશ્ચલ સદા,
છો પ્રેમમગ્ન સદા મનોહર મૂર્ત્તિ નહિં ચિંતા કદા;
ઉદ્ધાર કરવા વેદધર્મ તણી ઉરે ઇચ્છા ઘણી,
સ્વીકારશો અર્પણ કરૂં પોથી ગુરૂમહિમા તણી. ૨
વણુસ્વાર્થ વેઠોછો પરિશ્રમ અજ્ઞ જીવને તારવા,

જ્યમ વિષ્ણુ લે અવતાર પોતે સંતજન ઉદ્ધારવા;
વળી ભ્રાતૃભાવ વધારવા ઉરમાં અતિશય લાગણી;
સ્વીકારશો અર્પણ કરૂં પોથી ગુરૂમહિમા તણી. ૩
સચ્ચિત ને આનંદરૂપે સર્વમાં વિલસી રહ્યા,
કરૂણા તણા ભંડાર છો સદ્દગુણે નહિ જાએ કહ્યા;
વિદ્યાવિભૂષિત બ્રહ્મવિદ્વર મુમુક્ષુ ચિંતામણી,
સ્વીકારશો અર્પણ કરૂં પોથી ગુરૂમહિમા તણી. ૪
શ્રીમજ્જગદ્દગુરૂ (સ્વામી) શ્રી જગનાથતીર્થ કૃપા કરી,
આવ્યા કડીમાં સાલ સંવત ઓગણી સડસઠ ખરી;
તેજસ્વી છો તરણિસમા ત્રણ લોકના ત્રાતા ધણી,
સ્વીકારશો અર્પણ કરૂં પોથી ગુરૂમહિમા તણી. ૫
નિર્લોભી ને વળિ જ્ઞાનયોગી કપટહીન પવિત્ર છો;
નિષ્પક્ષપાતી શત્રુઘાતી સર્વ જનના મિત્ર છો,
વૈરાગથી વિધ્વંસ કીધી વાસનારૂપ ડાકણી,
સ્વીકારશો અર્પણ કરૂં પોથી ગુરૂમહિમા તણી. ૬
શ્રીમાન છો ગુણવાન છો ગુણજાણ ને ધીમાન છો,
વિદ્વાન દિપ્તીમાન જ્ઞપ્તિરૂપ શ્રી ભગવાન છો;
શશિરૂપ થઈ ખિલવો સદા મુમુક્ષુજન મન પોયણી,
સ્વીકારશો અપણ કરૂં પોથી ગુરૂમહિમા તણી. ૭
ભ્રાંતી થકી ભવરાનમાં અજ્ઞાનથી અથડાય જે,
સૌ આપ અમૃતવાણિથી વળિ પરમધામ પળાય તે;

કૃતકૃત્ય થાઉં વિશ્વમાં મોહન તણી એ માગણી;
સ્વીકારશો અર્પણ કરૂં પોથી ગુરૂમહિમા તણી. ૮

ત્રિભંગી છંદ.

જય ગુરૂ અવિનાશી, પૂર્ણ પ્રકાશી, ઘટઘટ વાસી, સુખરાશી.
ઋષી સહસ્ત્ર અઠાશી, સિદ્ધ ચોરાશી, હરે ઉદાસી ઉપાસી,
કાપો દુઃખફાંસી, ભવચોરાશી, મુક્તિ દાસી, છે ખાસી;
જગ મધ્ય પ્રકાશી, પ્રભુતા ખાસી, અલખ ઉજાસી, આકાશી. ૧
જય જય જગત્રાતા, છો પિતુ માતા, સકલ પુજાતા સુખદાતા,
વેદો ગુણ ગાતા, કર સુખ સાતા, અંતર જ્ઞાતા, પંકાતા;
જયજય જગકર્તા, અભરા ભરતા, જગ સંહરતા, શોભાતા,
જય જય શ્રી ભર્ત્તા, ધરણી ધરતા, ભવ ભય હરતા, વિખ્યાતા. ૨
જય અંતર્યામી, નિર્મલ નામી, ગરૂડાગામી, ગોસ્વામી,
જય જય નિષ્કામી, વિપત વિરાગી, સદગતી સ્વામી, બહુનામી;
જય જય દુઃખવામી, અક્ષરધામી, નહીં કંઇ ખામી. આરામી;
વંદુ શિર નામી, વિષયાગામી, ક્રોધી કામી, છું નામી. ૩
જય જય મોહારી, પૂર્ણ વિચારી, ગણિકા તારી ફનારી,
નિજ બિરદ સંભારી, દૈત્ય વિદારી, ધરા ઉધારી, દૈત્યારી;
હું છું અવિચારી, પૂર્ણ વિકારી, પ્રવૃત્તિ નારી, છે પ્યારી,
શત્રુ સંહારી, કલુષ નિવારી, હે કામારી, ઘો તારી;

જય જકતનિયંતા, રિપુકુળ હંતા, શુભ ગુણવંતા, બળવંતા.
તું ભગિની ભ્રાતા, નિજજન ત્રાતા, શુભ શોભાતા, સાક્ષાતા,
હર વિષ્ણુ વિધાતા, ધ્યાને ધ્યાતા, સદગતી દાતા, પ્રખ્યાતા;
મોહન ચિત શાતા, કર વિજ્ઞાતા, અન્ય ન ત્રાતા, તું ત્રાતા. ૫

સાર્દૂલ વિક્રિડિત છંદ.

જન્મ્યા શુકલ યજુ દ્વિજાતિ કુલમાં, ઔદિચ્ય જ્ઞાતીવિષે;
વિદ્યાવાદ વિનોદ વાર્ણી વિમળા, વિજ્ઞાન વાળી દિસે;
સાધીયોગ ક્રિયા અતૂલ બળથી, વર્ત્તે સદા નેમથી;
સ્વામી શ્રી જગનાથ તીર્થ ચરણે, નિત્યે નમું પ્રેમથી. ૧
જેણે નાશ કર્યા વિકાર સઘળા, તૃષ્ણા તજી સર્વથા;
સિદ્ધિ પ્રાપ્ત કરી વળિ સહજમાં, માયા પિછાની વૃથા;
ચિંતા મુક્ત થયા સદા જગતમાં, જે યોગ ને ક્ષેમથી;
સ્વામી શ્રી જગનાથતીર્થચરણે, નિત્યે નમું પ્રેમથી. ૨
છે ત્યાગી શુક વામદેવ સરખા, ગંભીર સિંધુ સમા;
ઇંદ્રના સરખા સદા શિતળ છે, તેજસ્વી ભાનૂસમા;
કાઢયું અમૃત સાર તાર બીજથી, વેદાંતસિંધુ મથી;
સ્વામી શ્રી જગનાથતીર્થ ચરણે, નિત્યે નમું પ્રેમથી. ૩
જે પાખંડ પ્રમત્ત પંથ ગજના, પ્રત્યક્ષ છે કેશરી;
ટાળે પ્યાસ મુમુક્ષુ ચાતકતણી, વિજ્ઞાનવૃષ્ટી કરી;
પોતે જીવનમૂક્ત આ અવનિમાં, સાચું કહું છું કથી;

સ્વામી શ્રી જગનાથતીર્થ ચરણે, નિત્યે નમું પ્રેમથી. ૪
જે છે પૂરણ કામ રામ સરખા, સંપત્તિ દૈવી ભરી;
કીધાં નિર્મુલ કર્મ આત્મ નિરખી, સ્થીતી સ્વરૂપે ઠરી
જે વિધ્વંસ કરી અધર્મ અઘનો. વર્ત્તાવતા ધર્મેથી;
સ્વામી શ્રી જગનાથતીર્થ ચરણે, નિત્યે નમું પ્રેમથી. ૫
પોતે દેશ વિદેશમાં વિચારીને, સદ્બોધને આપતા;
પાપી પામર મૂર્ખ જીવ જનના, અજ્ઞાનને કાપતા;
સૌ સૌના અધિકાર માફક વળી, વર્ત્તાવતા કર્મથી;
સ્વામી શ્રી જગનાથતીર્થ ચરણે, નિત્યે નમું પ્રેમથી. ૬
પોતે મુક્ત સ્વતંત્ર તોપણ વળી, મર્યાદ પાળે સદા;
સ્વામી સદ્ગુરૂ શ્રી મધુસૂદનની, આજ્ઞા ન લોપે કદા;
જે ગોવર્ધનપીઠના અધિપતી, પ્રારબ્ધના વેગથી;
સ્વામી સદ્ગુરૂ શ્રી મધુસુદનના, ચર્ણે નમું પ્રેમથી. ૭
પૂર્વામ્નાય મહા મહોદધિ તિરે, પૂરી જગન્નાથમાં;
ત્યાં આચાર્ય રૂપે થયા સ્થિત વળી, મુક્તિ તણા પાથમાં;
વંદે મોહન ભાવથી જડમતી, રક્ષા કરો કામથી;
સ્વામી સદ્ગુરૂ શ્રી મધુસૂદનના, ચર્ણે નમું પ્રેમથી. ૮

વસંતપંચમી સંવત૧૯૬૮
સંને ૧૯૧૨ જાનેવારી
તા. ૨૪મી બુધવાર
શાકે ૧૮૩૩.

લી.
બ્રહ્મવિદ્વરાનુચર
પ્રેમાંકિત.
મોહનલાલ વિ. ઇશ્વરભટ્ટ.
ના પ્રેમપૂર્વક પ્રણામ.

ॐ

तत्सत्
श्रीसद्गुरु विंजयतेतराम्

પ્રસ્તાવના.

આ સંસારમાં જરાયુજ, સ્વેદજ, ઉદ્ભીજ અને અંડજ એ પ્રમાણે ચાર પ્રકારનાં પ્રાણીઓની સ્થિતી છે; તેમાં ઉદ્ભીજથી સ્વેદજ પ્રાણીઓ ઉત્તમ છે, સ્વેદજથી અંડજ પ્રાણીઓ ઉત્તમ છે, અંડજથી જરાયુજ પ્રાણીઓ ઉત્તમ છે ને જરાયુજોમાં પણ મનુષ્ય જાતી ઉત્તમ છે. કારણકે અહારાદિક ચાર પ્રકારના ભોગ પશુઓ પણ ભોગવી શકે છે. પરંતુ મનુષ્યમાં જ્ઞાન એટલે વિચાર કરવાની–સમજ શક્તિ વિશેષ રહેલી છે તેથી સારાસારનો વિચાર કરી અમૂલ્ય લાભ મેળવી શકે છે માટે તે જ્ઞાનશક્તિ જેનામાં ન હોય તે માણુસ પશુ સમાન છે એવું નીતીશાસ્ત્રમાં પણ કહેલું છે.

મનુષ્યમાત્ર સદ્બુદ્ધિથી સદ્વિચાર કરીને મોક્ષ લાભ મેળવી શકે છે. ઉક્ત લાભ મનુષ્ય વગર કોઇપણ પ્રાણી મેળવી શકતું નથી તેથી સિદ્ધ થાય છે કે–મનુષ્ય-

જન્મ ફક્ત સ્વધર્માચરણ કરી મોક્ષ મળવવાના માટેજ પ્રાપ્ત થાય છે. કાંઈ ભોગ વિષય ભોગવી વાસના વધારી અધમગતી પામવાના માટે પ્રાપ્ત થયો નથી. કારણકે શાસ્ત્રમાંથી વિદીત થાય છે કે–મનુષ્યયોનીમાં જન્મ છે તેજ મોક્ષનું દ્વાર છે એટલે મનુષ્યજ મોક્ષ મેળવી શકે છે.

દેવો પણ મોક્ષ પામવાના માટે મનુષ્યદેહની આકાંક્ષા રાખે છે તેથી સર્વોત્તમ જે મનુષ્ય દેહ પ્રાપ્ત થાય છે તે ધર્મ કર્મ કરી જ્ઞાન જ્ઞંપાદન કરી ચિત્તશુદ્ધિદ્વારા મોક્ષ મેળવવાના માટેજ મળે છે છતાં અજ્ઞાનમાં મોહીત થઈને જે મનુષ્ય વિષયભોગમાં સર્વાયુષ્ય ગુમાવે છે તેથી અધિક હાની બીજી કઈ છે? કોઇ નહીં. માટે મનુષ્યની ફરજ છે કે જ્ઞાનવડે મોક્ષ સંપાદન કરવો જોઈએ.

માણુસ જો મોક્ષ મેળવવાની અભિલાષા રાખે તો તે આકાંક્ષા ગુરૂદ્વારા પુરી કરી શકે છે પણ કેવળ પોતાનીજ બુદ્ધિથી અગર ફક્ત શાસ્ત્રોથી મેળવી શકે નહીં એ વાત વેદસિદ્ધ છે, કારણકે રામ, કૃષ્ણ, જનક વગેરેએ પણ ગુરૂની કૃપાવડેજ મોક્ષ પ્રાપ્ત કર્યો છે સ્વત: આપમતીથી નહીં તો પછી ઇતર જનો પોતે મનમુખીપણાથી મોક્ષરૂપ મહા લાભ શી રીતે મેળવી શકે ? માટે આ સંસારમાં મનુષ્યદેહમાં જીવન ગાળનારા સર્વે જીવોની ફરજ છે કે અવશ્ય ગુરૂ કરવાજ જોઇએ. કેમકે ગુરૂ વિના

જ્ઞાન નથી ને જ્ઞાન વિના મોક્ષ નથી એ વાત સર્વે સજ્જ-નોને સંમત છે.

ગુરૂ એ શબ્દમાં બે અક્ષરો રહેલા છે ૧ ગુ, તથા ૨ રૂ એ બે અક્ષર મળીને ગુરૂ થાય છે. ગુ–એટલે અંધકાર–નરક–અજ્ઞાન–દુઃખ વગેરેનો અર્થવાચક છે ને રૂ એ-ટલે પ્રકાશ–સ્વર્ગ–જ્ઞાન–સુખનો અર્થવાચક છે એટલે અંધકાર મટાડીને પ્રકાશ કરે, નરકમાંથી કાઢી સ્વર્ગમાં સ્થા-પન કરે, અજ્ઞાન નિવારી જ્ઞાન આપે, અને દુઃખ ફીટાડી સર્વદા સુખજ આપે છે.

ઉપર પ્રમાણે ગુરૂ શબ્દનો અર્થ તેના મર્મ સાથે સ-મજવાથી દરેક માણસને ગુરૂ કરવાની આવશ્યકતા છે એમ સ્પષ્ટ જણાઇ આવે છે, કારણ કે સંસારમાં સર્વ પ્રકારનું દુઃખજ ભરેલું છે તેથી દુઃખમાંથી છુટી સૌને પરમ સુખ પામવાની ઉત્કંઠા હોય છે. સૌ જીવ સુખને ચાહે છે કોઇ દુઃખ માગતું નથી પણ સુખ શું છે? તથા તે શામાં રહ્યું છે? તે કેવી રીતે મળી શકે છે? એ બરોબર સમજવું મુશ્કેલ છે પણ ગુરૂદ્વારા સહેજ સમજી શકાય છે માટેજ દરેક મનુષ્યને ગુરૂ કરવાની જરૂર છે.

શાસ્ત્રમાં પાંચ પ્રકારના ગુરૂ કહેલા છે તે ૧ પીતા ૨ કુળગોર ૩ વિદ્યાગુરૂ ૪ મંત્રગુરૂ ૫ જ્ઞાનગુરૂ છે તેમાં સૌથી ઉત્તરોત્તર ગુરૂ ઉત્તમ છે એટલે જ્ઞાન ગુરૂ ઉત્તમોત્તમ

છે કારણ કે તે અખંડસુખ આપી અમર કરે છે. પીતાશ્રી જન્મ આપી પાલણ કરે છે પરંતુ સંસારના મહાન દુઃખમાંથી મુક્ત કરતા નથી માટે સદ્દગુરૂ સમાન ગણાય નહીં. બીજો કુળગોર છે તે વર્ણાશ્રમના ધર્મ પ્રમાણે સંસ્કાર આપી તેમાં કહેલાં કર્મો કરાવી કર્મના બંધનમાં નાખે છે. માટે તે પણ સદ્દગુરૂ કહેવાય નહીં. ત્રીજો વિદ્યાગુરૂ વિદ્યા ભણાવે છે પણ જેથી અજ્ઞાન જાય ને જ્ઞાન થાય એવી ઉત્તમ બ્રહ્મવિદ્યા ભણાવતો નથી તેથી તે પણ અજ્ઞાનના બંધનમાં બાંધે છે માટે તે પણ સદ્દગુરૂ કહેવાય નહીં. ચોથો મંત્રગુરૂ તે પણ કાન ફુંકી કંઠી બાંધીને પોતાના મતમાં (વાડામાં) બાંધીને બીજાના દેવ તથા ધર્મમાં દ્વેષબુદ્ધિ કરાવી આડે માર્ગે અથડાવે છે માટે તે પણ સદ્દગુરૂ કહેવાય નહીં. કારણ કે ઉપરોકત ચારે ગુરૂઓ અવિદ્યાના બંધનમાં નાખે છે ને કલ્યાણ થવા દેતા નથી પરંતુ પાંચમા ગુરૂ કે જે જ્ઞાનગુરૂ છે તેજ સદ્દગુરૂ કહેવાય કારણ કે અજ્ઞાન અને સંશયરૂપી મહા દુઃખમાંથી છોડાવી જ્ઞાન આપીને ઉદ્ધાર કરે છે માટે તે સર્વથી ઉત્તમ સદ્દગુરૂ કહેવાય છે. જેમ સૂર્યના ઉદય થવાથી અંધકાર નાશ પામે છે ને કમળ ખીલે છે તેમ સદ્દગુરૂના શરણે જવાથી અજ્ઞાનરૂપ અંધકાર નાશ પામે છે ને જ્ઞાનરૂપ કમળ ખીલે છે એવું ગુરૂ ગીતામાં પણ કહેલું છે.

ઉપરોક્ત પાંચ પ્રકારના ગુરૂઓ તે પાંચે અવસ્થાના ગુરૂઓ છે એટલે બાલ્યાવસ્થાનો ગુરૂ પીતા છે, પૌગંડાવસ્થાનો ગુરૂ કુળગોર છે, કિશોરાવસ્થાનો ગુરૂ વિદ્યા ગુરૂ છે, યુવાવસ્થાનો ગુરૂ મંત્રોપદેશ આપનાર મંત્રગુરૂ છે ને છેલ્લી વૃદ્ધાવસ્થાનો ગુરૂ જ્ઞાનગુરૂ છે. સંસારવ્યવહારમાં વિષયાદિકનું જ્ઞાન પણ ગુરૂ વિના સાંપડતું નથી તો પરમાર્થતત્ત્વનું જ્ઞાન ગુરૂ વિના કેમ થાય? એ સહેજ વિચાર કરવાથી સ્પષ્ટ જણાઇ આવે એવું છે ને તત્વનું જ્ઞાન સદ્‌ગુરૂ વિના કદી થઇ શકતું નથી તે બાબત શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

विदलयति कुबोधं बोधय त्याग मार्गे
सुगतिकुगति मार्गौ पुण्यपापे व्यनक्ति
अवगमयति कृत्या कृत्य भेदं गुरुर्यो ॥
भवजल निधिपोत स्तंविना नास्ति किंचित् ॥१॥

પોતાના મનમાં જે નઠારા બોધ (સંસ્કારો) બેશી ગયા હોય તેને પોતે ટાળી નાખે છે તથા શાસ્ત્રનો વિહિત તથા નિષિદ્ધ માર્ગ બતાવે છે તેનો અર્થ સમજાવે છે, વળી સદ્‌ગતિ તથા દૂર્ગતી એ બંને માર્ગનો બોધ આપે છે એટલે બંને માર્ગ પ્રથક્ કરી સમજાવે છે, તેમજ કૃત્યાકૃત્યને પણ જે સ્ફુટ રીતે સમજાવે છે, એટલે શું કરવું, શું ન કરવું તેનો ભેદ જણાવે છે એવા જે પરમાત્મરૂપ શ્રી

સદ્‌ગુરૂ તે શિવાય સંસારસમુદ્ર તરવાને વહાણુરૂપ અન્ય કોઇ સાધન નથી માટે દરેક શુભેચ્છક જનોએ પોતાનું કલ્યાણ કરવું એવી જો અભિલાષા થાય તો શ્રી સદ્‌ગુરૂને મળી તેમની સેવા કરી પોતે પુરૂષાર્થી થઇને જ્ઞાનરૂપ અખંડ સુખ મેળવવું જોઈએ.

ઉત્તમોત્તમ મનુષ્યદેહ શામાટે મળેલો છે, તેનો વિચાર કરતાં જણાય છે કે વિષયભોગ ભોગવવા માટે મળ્યો નથી પરંતુ પૂર્વના ઘણા જન્મના કરેલા પુણ્ય કર્મના બળથી શ્રી સદ્‌ગુરૂની કૃપા મેળવી જન્મમરણનું મહા દુઃખ ફીટાડી પરમ સુખ જે મોક્ષ તે પ્રાપ્ત કરવા મળ્યો છે કે મહા સુખ આ મનુષ્ય દેહવડે જ સંપાદન કરી શકાય છે બીજા કોઇપણ દેહથી જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી તેથી આ મનુષ્યદેહ સર્વોત્તમ કહેવાય છે માટે આવો સર્વોત્તમ દેહ પ્રાપ્ત થયા છતાં પણ જે પોતાનું કલ્યાણ કરી ન શકે તેના જેવો બીજો દુર્ભાગી કોણ કહેવાય ? કોઇ નહીં. શ્રી સદ્‌ગુરૂના શરણે જવાથી અને તેમની શુદ્ધ મનથી સુશ્રુષા કરવાથી આ લોકનું કે પરલોકનું કોઇ સુખ મળવું બાકી રહેતું નથી તે વિષે પણ શાસ્ત્રમાં કહ્યું છે કે;

स्वर्गस्तस्य गृहांगणं सहचरी साम्राज्य लक्ष्मीः शुभा,
सौभाग्यादि गुणावलि विलसति स्वैरं वपुर्वेश्मनि;

संसारः सुतरः शिवं करतल क्रोडे लुठ त्यंजसा,
यः श्रद्धा भर भाजनं निजपतेः पूजां विधत्ते जनः॥१॥

પોતાના સદ્ગુરૂની જે નિષ્કપટ ભાવથી શ્રદ્ધાથી સેવા કરે છે તે માણસને સ્વર્ગ ઘરનું આંગણું થાય છે, એટલે સ્વર્ગ દૂર નથી અને ચક્રવર્તી રાજાના રાજ્યની સામ્રાજ્ય લક્ષ્મી તે દાસી સમાન થાય છે એટલે તેની આજ્ઞામાં રહે છે, વળી સૌભાગ્યાદિક ગુણોની પંક્તિઓ પોતાના દેહમાં આવીને વાસ કરે છે. મતલબ કે તે માણુસ સદ્ગુણોનું ભાજન થાય છે. વળી આ અપાર સંસાર તરવો મહા કઠણુ છે તે પણુ ગુરૂની કૃપાથી સુતર (સહેલ) થાયછે તથા શિવતત્ત્વ (મોક્ષ) પણુ વગર મહેનતે કયાંઇ ગયા શિવાય સહેજ પોતાના હાથમાં લોટે છે અર્થાત્ સ્વરૂપનું અપરોક્ષ જ્ઞાન થાય છે.

એ પ્રમાણે સદ્ગુરૂની સેવા કરવાથી સમગ્ર સુખ પ્રાપ્ત થાય છે માટે હમેશાં તેઓની જ સેવા કરવી જોઇએ. આ ઉપરથી એમ ન સમજવું કે પ્રથમ કહેલા ચાર પ્રકારના ગુરૂઓને માનવા નહીં, અથવા તેમની સેવા પણુ કરવી નહીં, પણુ ગૃહસ્થે જયાં સુધી શરીર રહે ત્યાં સુધી તેમની પણુ સેવા અવશ્ય કરવી જોઇએ, કારણુ કે શાસ્ત્રમાં પ્રથમ તેમની સેવા કરવા આજ્ઞા છે, પીતાદિ જો કે જ્ઞાન આપે નહીં તોપણુ તેમનો તિરસ્કાર કરવો નહીં એવી ધર્મની

મર્યાદા છે, છતાં જો કોઇ અજ્ઞાનથી તેમનો તિરસ્કાર કરે છે તે મહાપાપી થાય છે અને મૃત્યુ પછી દુર્ગતિ પામેછે માટે શાસ્ત્રને અનુસરી ધર્મની મર્યાદા મુજબ તે સર્વે ગુરૂઓને અવશ્ય માન આપી તેમની કપટરહીત સેવા કરવી યોગ્ય છે. કદાપી પણ તેઓનો તિરસ્કાર કરવો યોગ્ય નથી.

ઉપર પ્રમાણે પાંચે ગુરૂઓની શુદ્ધ બુદ્ધિથી સેવા કરવી જોઇએ તો પણ સર્વેથી વિશેષ સેવાશ્રી સદ્દગુરૂની કરવી જોઇએ. કારણ કે આ અપાર સંસાર સમુદ્રમાંથી તારનાર શ્રી સદગુરૂ વીના અન્ય કોઇ નથી એ સત્ય વાત છે વળી ગુરૂની આવશ્યકતા શા માટે છે તે જણાવ્યા છતાં વિશેષ સમજુતી લેવી હોય તેણે રામબાવાકૃત પંચીકરણ ગુજરાતી અને મરાઠી ટીકાવાળું વાંચવાથી તેમાં આપેલા ગુરૂની આવશ્યકતાના દાખલા (દૃષ્ટાંતો) સમજીને ખાત્રી થશે તે દૃષ્ટાંતો અમે વિસ્તારના ભયથી આપ્યા નથી તો પણ ટુંકામાં સાર એ છે કે—આપણે બાંચીએ ને વ્યાકરણ પ્રમાણે અર્થ પણ સમજી શકીએ પરંતુ તેનો મર્મ (રહસ્ય—તત્વ) ગુરૂ વિના કદાપી પણ આપમતીથી જાણી શકાય નહીં તેટલા માટે શ્રુત્યાદી સર્વે શિષ્ટ પુરૂષોની આજ્ઞા છે—જેને પોતાનું કલ્યાણ કરવું હોય તેણે શુદ્ધ ચિત્તથી વિધિ પ્રમાણે શ્રી સદ્દગુરૂનું શરણ ગ્રહણ

કરવું જોઇએ. અને તે ઉપરથી આ કરેલો પ્રયત્ન મુમુક્ષુ-ઓના હિતાર્થ હોવાથી સફલ છે.

છેવટે સદ્‌ગુણ ગ્રાહી મહાશયોને નમ્રતા પૂર્વક વિજ્ઞપ્તિ કે—આ પુસ્તક બનાવવામાં તેમજ છપાવવામાં તથા તેના મુફો સુધારવા વગેરે કાર્યોમાં સમયાનુસાર કોઇની પણ મદદ નહીં મળવાથી દ્રષ્ટી આદી દોષોથી થએલી કેટલીક ખામીઓ રહી ગઈ હશે તે સુજ્ઞ અને ઉદાર સજ્જનો ક્ષમા કરશે એવી ઉત્કંઠા છે. ઇતિ શિવમ્. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ—

લી.

સંવત ૧૯૬૮ માઘ શુક્લા ૫	બ્રહ્મવિદ્વરાનુચર,
સૌમ્યવાર. શાકે ૧૮૩૩	મોહનલાલ વિ. ઇશ્વર ભટ્ટ.
સંને ૧૯૧૨ જાનેવારી	નિવાસ. કડી.
તા. ૨૪ મી. (વસંતપંચમી).	ગુજરાત.

ॐ

અથ શ્રી વિષયાનુક્રમણિકા.


ॐ

ततसत्

श्रीसद्गुरुभ्यो नमोनमः

त्रोटक

भगवंत मनं त मजं भजरे
मनसा विषयेषु रतिं त्यजरे. ध्रु, भगवंत
सुत दार धनादि विहाय चलं
गुरुमात्मविदं शरणं व्रजरे. भगवंत
श्रुणु शास्त्र रहस्य कथा विमला
हृदये गत मोहमलं मृजरे. भगवंत
निखिलं जगदे तदवे हि मृषा
परमात्मनि नित्य मतिं स्रजरे भगवंत
परिहाय मनोभ्रम जाल मिदम्
हरिमेक मुदार मतेज जरे भगवंत



तत्सद्ब्रह्मणे नमः

અથ શ્રી ગુરૂમહિમા પ્રારંભ.

મનહર છંદ.

શૂર ને દાતાર જગમાંહી નહીં હોત કદી,
કોણ ઇંદ્રાસન પર જઇને વિરામતો,
તેમ જન કૃપણ ન હોત કદી મેદનીમાં,
રૈરવાદી ઘોર નર્ક વિષે કોણ જામતો;
માયાની ઉપાધી લાગી નહિ હોત લેશ કદી,
જનમ મરણ દુઃખ કોણ નહીં વામતો;
તેમ સદગુરૂ કદી હોત નહીં મોહન તો,
પામર ને પાપી જીવ મોક્ષ કેમ પામતો— ૧
વિવેક વિચારરૂપ રામ નહીં હોત વળી,
મોહરૂપી રાવણને કોણ જઈ માર તો;
અતિરથી પારથ ન હોત કુરૂક્ષેત્ર વિષે,
ગીતાજ્ઞાન સુણી કોણ કૌરવ સંહારતો;

ઉદાર દધિચીઋષિ હોત નહીં દુનીયામાં,
કેવી રીતે વૃત્રાસુર ઇંદ્રથકી હારતો;
તેમ સદગુરૂ કદી હોત નહીં મોહન તો,
પાપી ને પામર જીવ કહો કોણ તારતો— ૨

પદ. ભૈરવ.

ઉઠ પ્રભાત સુમર લે તું—એ રાગ.

કરૂં પ્રણામ વારવાર, ગુરૂ ગણેશ દેવા;
તન મન ધન અરપણ કરી કરૂં તમારી સેવા. ધ્રૃ૦
બિરાજે ઉમા ઉછંગ, કોમળ શુચિ સુભગ અંગ;
અસુર મારી રાખ્યો રંગ, સાક્ષી નિગમ જેવા. કરૂં૦ ૧
વિઘ્નરાજ એક રદન, કરિવર સમ સુંદર વદન;
વારૂં કોટી કોટી મદન, અદ્વૈત અવેવા. કરૂં૦ ૨
લાલ ભાલ બાલરૂપ, ચતુર્દશ બ્રહ્માંડભૂપ;
આપ છો અનૂપ ભક્ત તારવાની હેવા. કરૂં૦ ૩
ઉર પ્રવાલ માલ લાલ, હંસગતી ચપલ ચાલ;
ઝાંઝર પદ વાગે તાલ, કર મીઠાઈ મેવા. કરૂં૦ ૪
રંક નિરાધાર જાણી, મોહન નિજનો પિછાની;
વિઘ્ન હરો અરજ માની, દુઃખ ન દેશો રહેવા. કરૂં૦ ૫

પદ- રામગ્રી.

વૈદરભી વનમાં વલવલે. એ રાગ.

પરથમ સમરૂં ગણપતી, હરખે નામું શીશ;
દેવતણા એ દેવ છે, ચૌદ ભુવનના ઈશ. પરથમ૦ ધ્રૂ
સિદ્ધિ ને બુદ્ધિ બે નારી છે, લક્ષ લાભ બે તન;
વિદ્યાપતી વાગીશ છે, રૂડું ગજનું વદન. પરથમ૦ ૧
અંકુશ છે એક કરવિષે, બીજે ફરશી કરાળ;
ત્રિજે અભય વરદાનનો, ચોથે મોદક રસાળ. પરથમ૦ ૨
અસુર સંહાર્યા કારમા, કાપ્યાં દેવનાં દુઃખ;
વિઘ્નટળે સંભારતાં, થાય સૌરીતે સુખ. પરથમ૦ ૩
લગ્ન કર્યું જ્યારે શંભુએ, પારવતીની સાથે;
ત્યારે ગણેશને પૂજ્યા, પોતે ભોળાનાથે. પરથમ૦ ૪
જગકર્ત્તા છે ગજાનના, એ છે પાલનહાર;
પ્રલય પણ પોતે કરે, એ છે જગદાધાર. પરથમ૦ ૫
સૂર્ય ચંદ્ર પણ તેજ છે, ગ્રહ નક્ષત્ર ઉજાસ;
પંચ ભુતો પણ તેજ છે, એનો સૌમાં પ્રકાશ. પરથમ૦ ૬
કાળતણા પણ કાળ છે, શુદ્ધ સત્વસ્વરૂપ;
અકળકળા છે ગણેશની, અક્ષર અગમ અનૂપ. પરથમ૦ ૭
આપો વિમળ યશ વાણીમાં, કાપો ત્રણ પરિતાપ;
મોહનસત્ય આ સૃષ્ટીમાં, છાપી સદગુરૂએ છાપ. પરથમ૦ ૮

પદ. ભૈરવી.

કોઇ રસકા મરમ ક્યા જાને એ રાગ.

પ્રણમું સવિતા ચિત પ્યારધરી, મમતા તન મનથી દૂર કરી. ધ્રૂ.
જગકારણ પાલણ સંહારણ, ભાનૂ અવની અર્ણવ તારણ;
કોલ્વીષનિવારણધ્વાંતહરણ, ચહુંચરણશરણનિશદીનસુમરી પ્ર. ૧
જેને શત કોટી નેત્ર કિરણ, ત્રિલોક દીપક કરતા કારણ;
જેને નહિં જન્મ જરા કે મરણ તે દિનકર સુખકર દુઃખ હરી. પ્ર ૨
ચહુયોગી યજ્ઞ ત્રિલોક પતી, વિનવે સૌ શાસ્ત્ર પુરાણ શ્રુતી
છો આત્મ અમેય સ્વયં જ્યોતી, તરણી તારો અમી દ્રષ્ટી કરી. ૩
કલ્પાએલા શશી મૂર્તીમાં છો વ્યાપ્ત ચરાચર સૃષ્ટીમાં;
છે સર્વ આપની દ્રષ્ટીમાં દીન મોહન તારો મહેર કરી. પ્ર. ૪

પદ. ભૈરવી. ઠુંમરી.

હે દેવી અંબિકા, કરૂણા કરીને, તનમન કેરાં;
કષ્ટ કાપો, તમે જકતજનની છો. હે દેવી અંબિકા. કરૂણા. ધ્રૂ.
હું કુબુદ્ધિ ને વિરોધી, વહોરી છે ઉપાધી,
બાલ જાણી શીશ પાણી રાખોજી ભવાની. કરૂણા. ૧
આપ ચરણે આવ્યો શરણે મોહનતો વિચારી
જ્ઞાન આપો દુઃખ કાપો હે મા તું દયાળી. કરૂણા. ૨

પદ ભૈરવી.

હે કાળી કાલિકા. ત્રય તાપ હરો, શમદમાદી—
સિદ્ધિ આપો, હરો પંચ ક્લેશને. હે કાળી કાળીકા. ધ્રૂ.

મન બુદ્ધિતણી શુદ્ધી કરી કાપો ઉપાધી,
હર્ષ આપો ભક્ત થાપો ત્રીપુરારીશ્વરી. ત્રય તાપ. ૧
આપ શરણું સત્ય જાણું મુખે શું વખાણું,
સિંધુ તારો ને ઉધારો મોહનને મયાળી. ત્રય તાપ. ૨

પદ. આશાવરી.

હે જગજનની અભરાભરણી,
ભવદુઃખ દલની કર સુખ સાતા.— હે જગજનની. ધ્રૂ
તું જગત્રાતા ભગિની ભ્રાતા, અંતર જ્ઞાતા તુંજ વિધાતા. હે૦૧
કલિમલ હરણી નિજજનતરણી, સિદ્ધ વિબુધમુનીચિતમાંરહાતા હે૨
તું જગહર્ત્તા, પાલન કરતા, ભક્ત મોહનની તું સુખદાતા. હે૦૩

પદ. બિહાગ. સુલફાક.

જેવો તેવો તોપણ તારો, અંબા મુજને પાર ઉતારો. ધ્રૂ૦
બ્રહ્માદીકની તું છે જનની, કોઇ ન જાણે તારા મનની;
રક્ષા કરશો સેવક જનની, વેગે વિનતી ઉરમાં ધારો. જેવો૦૧
જે જન તારી બાંહ્ડી ગ્રહે છે, કોટી જન્મનાં પાપ દહે છે;
વેદતણું સિદ્ધાંત લહે છે, દેખે જલદી ભવદુઃખ આરો. જેવો૦ ૨
હું અપરાધી પૂરણ પાપી, કામાદીકની છાપો છાપી:
દુર્ગુણ સરવે નાખો કાપી, સન્મતિ આપી દુઃખ નિવારો. જેવો૦૩
તું જગકર્ત્તા, તું જગહરતા, પાલન કરતા વેદ ઉચરતા,
ઇંદ્રાદીક સૌ ધ્યાન ધરંતા, મોહન કેરો કર નિસ્તારો. જેવો૦૪

પદ. ઠુમરી.

સુંદર શામળીયા. એ રાગ.

જય જય જગજનની, અંબા દીનદયાળી;
પિડ હર દીન જનની, હે મહાકાળી કૃપાળી. જય જય, ટૂં૦
સચરાચર વ્યાપક અવિનાશી, જન્મમરણ કાપો દુ:ખફાંસી.
મગન રહું નીત તજી ઉદાસી, માફ કરો મુજને ચોરાશી;
પંચ કલેશ દ્યો ટાળી. જય જય જગજનની. અંબા૦ ૧
આદ્ય અનૂપમ આદી અનાદી, છો સચરાચર વાદિ વિવાદી;
બુદ્ધિરૂપ છો ચિત્ત મનાદી, દ્યો ષટ્ સંપતી અમલ શમાદી,
ભવદુ:ખ રાખો ખાળી, જય જય જગજનની. અંબા૦ ૨
આજ સુફળ મારો જન્મારો, નિરખીમા જળહળતો પારો;
અંબા આશ્રય એક તમારો, જેવો તેવો તોપણ તારો,
તું માતા મતવાલી. જય જય જગજનની. અંબા૦ ૩
દાનવનો સંહાર કરીને, આપ્યાં સુખડાં દુ:ખ હરીને;
શરણ ગ્રહેજે ભાવ ધરીને, તે ભવ જાશે સહેજ તરીને,
કર મોહન રખવાળી. જય જય જગજનની. અંબા૦ ૪

ખ્યાલ રંગત લંગડી.

હે જગમાતા વિશ્વવિધાતા સુખદાતા શ્રી અંબા તું,
દીનદયાળી, ઉતારો ભવસિંધુ શરણાગત હું. હે જગ. ટૂં૦
માત તાત ને કુટુંબ કબીલો એ સરવેની તું દાતાર,
હે જગમાતા, સ્થિતી ઉત્પત્તી ને લય તું કરનાર;

આદ્ય મહી મંડાણુ અને તું સરવે વ્યાપક સરજનહાર,
અણું ન ખાલી, મહામાયા તારી છે કળા અપાર;
ઊતારે ભૂભાર કરી સંહાર દુષ્ટનો અંબા તું. દીન૦ ૧
છે પ્રસિદ્ધ આ જગમાં કાળીદાસ હતો મહા મૂર્ખ ગમાર,
હે મહામાયા, કૃપા તારીથી થયો પંડીતસરદાર;
માર્કંડ મુની બાળપણામાં અમર થયા તે તુજ આધાર,
ઘણા ભક્તજન, દયા તારીથી ગયા ભવસાગર પાર;
હું શું બાળનો બાળ તમારો દીનવત્સલ શ્રી અંબા તું. દીન૦ ૨
ચંડ મુંડને નાખ્યા ચોળી ક્ષણું એક ના લાગી વાર,
ધુમ્રકેતુને. રોળિરણુ કર્યો મગ્ન તેં ધુળ મોઝાર;
રક્તબીજનું રૂધીર શોષ્યું અવની પર ના પડ્યું લગાર,
હે મહાકાળી, દયાળી મહિષાસુર કીધો તેં ઠાર;
અધમઉધારણજન પ્રતિપાલણુ સૃષ્ટીકારણુ અંબા તું. દી૦ ૩
બ્રહ્મા વિષ્ણુ ને મહેશ એ ત્રણ ગુણની તું સરજનહાર,
અપાર માયા, પાર નહિ પામ્યા સુરનર મુની લગાર;
ભક્તિ મુક્તિની માલેક છે તું રિદ્ધિ સીદ્ધિ કેરીદાતાર,
દયા કરીને, કરો ષડ્રીપૂ તણો જલદી સંહાર;
કૃપા કરો મોહન ઉપર શું અર્ભક હું શ્રી અંબા તું. દીન૦ ૪

ગરબી.

માન્યું માજી સાથે મારૂં મન—એ રાગ.

જગતનિયંતા ખરી અંબેમા, જગતનીયંતા ખરી. ટે.

ત્રીગુણી તત્વને ત્રીગુણી ચેતન, ત્રીવિધીમાયા કરી. અં. ૧
ત્રીગુણી તંત્રોનેત્રીગુણી મંત્રો, ત્રીપદ ગાયત્રી. અં. ૨
ત્રીવીધી ગુણ ત્રીવિધી રૂણુ, ત્રીવિધી તાપ કરી. અં. ૩
ત્રીગુણ સ્થિતી છે ગતી ત્રીગુણ, ત્રીગુણ સૃષ્ટી કરી. અં. ૪
લાગ ત્રિવિધી ભાગ ત્રિવીધી, ત્રીવિધી ખેલ કરી. અં. ૫
ત્રીવિધી પ્રાણી ત્રીરિપૂ જાણી, જયજય ત્રીપુરેશ્વરી. અં. ૬
આદ્ય સહી મંડાણ મહામાયા, સચરાચર સારકરી. અં. ૭
કર જોડી દીન મોહન કહે છે. જ્યોતી અખંડ ખરી. અં. ૮

રાગ ઉપરનો.

વિનતી સુણો મારી, અંબેમા. વિનતી સુણો મારી. ધ્રૂ.
હું અપરાધી દુર્ગુણ રાશી, વ્યાધીનો વેપારી. અં ૧
વિશ્વાસઘાતી અનહદ પાપી, શું કહું લાચારી. અં. ૨
તું સુખદાતા જગની વિધાતા, અકળકળા ન્યારી. અં. ૩
આપો સુબુદ્ધિ કાપો કુબુદ્ધિ, મમતાને મારી. અં. ૪
છું અર્ભક અજ્ઞાન તમારૂં, મા તુ હ્યો ઊગારી. અં. ૫
પુત્ર કુપુત્રને માતા પાળે, નાખે નહીં મારી. અં. ૬
ગાંડો ઘેલો બાળક તારો, શું કહું વિસ્તારી. અં. ૭
કરજોડી દીન મોહન કહે છે, શરણે આવ્યો તારી. અં. ૮

ગરબી.

મા તુરે ભવાની–એ રાગ.

માતુંરે વિધતા આદ્ય મહી મંડાણુરેમા. તુંરે–ધ્રૂ.
તુંહી બ્રહ્માને તુંહી વિષ્ણુ, તુંહી દેવ મહેશરેમા.

તુંહી બ્રહ્માણી મા તુંહીરૂદ્રાણી, નારાયણી નિદાનરે. મા૦ ૧
તુંહી ગંગાને તુંહી જમુનાં, તુંહી ત્રિવેણી પ્રયાગરેમા
તુંહી શ્રીનાથજી તુંહી બનારસી સત્ય કહું ન વખાણુરે. મા૦ ૨
તુંહી જલથલ તેજ પવનને, તુંહી રવી શશી રાશીરેમા
તુંહી આકાશે મા તુંહી પાતાળે ઘટઘટમાં રેહાણુરે મા૦ ૩
રામ રૂપે થઈ રાવણ માર્યો, કૃષ્ણ રૂપે થઈ કંશરે
કાળી રૂપે થૈ શુંભ નિશુંભને, કીધા કચ્ચર ઘાણુરે. મા૦ ૪
ચંડી રૂપે ચંડ મુંડને ચોલ્યા ધુમ્રને ધુળમાં રોળ્યો રેમા
મહીષાસુર રક્તબીજને મારી, કીધું જગ કલ્યાણુરે. મા૦ ૫
ભંડાસુર ભટવીર ભુરેતો ત્રિલોક જીતી લીધુંરે મા
ધનુશધારીને ધરણી, પછાડયો, પલમાં લીધો પ્રાણુરે. મા૦ ૬
પોઢયા શ્રી જગજીવન જળમાં આઈ તણા ઉછંગરેમા;
સરવે વ્યાપક ચૈતન શક્તિ, વેદ કરે છે વખાણ રે. માતુંરે૦ ૭
બેઉ કરજોડીને અરજ કરે, છે મોહન તારો બાળરેમા;
વાસ કરો રસનાએ મારી, આપો પદ નિરવાણુરે. માતુંરે૦ ૮

ગરબી.

પીંપર વાળી મા પાવાની. એ રાગ.

આરાસુરની રાયરે હે ગબ્બરવાળીમા આરાસુરની રાય. ધ્રુ૦
આથમણોરે માનો ગોખ બિરાજે, નિરાકાર દરશાયરે;
ઉગમણુંરે માનું માનસરોવર, પ્રતિ ધરીજે નહાય. હેગબ્બર૦૧
તીરથ અડસઠનું ફળ થાએ, યમકીંકર ભય જાયરે,

વિમળશા નિર્વંશ થયો મા, કોપી આરાસુર રાયરે, હેગબર૦૨
દેરાસર બહુ ભસ્મ જ કીધાં, કુંભારીયાં કહેવાયરે;
કોટેશ્વર જઇ શ્રાદ્ધ કરંતાં, પિતૃ સ્વર્ગે જાયરે. હેગબર૦૩
ભાદરવે માનો સંઘ ભરાએ, નાગર નાચે ગાયરે.
લાખોમણ ઘી માનાપારે, ચાચરમાં હોમાયરે. હેગબર૦૪
નૈરૃત્યે મૂલ સ્થાનક ગબ્બર, ચડતાં અતી સુખ થાયરે;
કરજોડી દીન મોહન કહે છે, આપો સુબુદ્ધિ મોરી માયરે.હેગબર.

ગરબી.

વેડીશ માં ફુલ તોડીશ માં. એ રાગ.

છોડીશ માં પ્રીત તોડીશમાં, મારા ચંચળ મનવારે
છોડીશમાં અંબે આઇ છોડીશ માં—ધ્રુ૦
એજગ જનની એ દુઃખ દળની,અવરકંઇ ચીત ચોડીશ માં.મારા.
માત જાગતી જોત જગતમાં, કાશી દવારકાં દોડીશમાં. મારા.
સગાં સંબંધી ફોકટ ફાંસી, માયામાં ચીત જોડીશમાં. મારા.
આશા પુરથી સાવધ રહેજે. સંતોષનૌકા છોડીશ માં. મારા.
ક્રોધાધીન થઇ કલ્પવૃક્ષની, જીવનડાળી તોડી માં. મારા.
જ્ઞાની સાથે ગર્વ ન કીજે, પત્થર સંગ માથું ફોડીશ માં. મારા.
નિવૃત્તિની નિકટ રહેજે, પ્રવૃત્તિ સંગ પોઢીશ માં. મારા.
જોતું ચાહે સુખ અખંડીત, માન મોહનનું મોડીશ માં. મારા.

ગરબી.

આવ્યાં વિઘ્ન નિવારો રે તારો ભવસાગરથી મા.

આવ્યાં વિઘ્ન નિવારો. ધ્રુ૦

ડાબારે કરમાં ખપ્પર સોઇએ, જમણે ત્રિશૂલને ધારો રે તા. ૧

હું અપરાધી લક્ષવસા મા, કૃપા કરીને ઉગારો. રે તારો૦ ૨

મધ્ય સમુદ્રે વણીકનો મા, બેડો બુડતાં તાર્યો. રે તારો૦ ૩

કાળ તણાંછો કાળ મહામાયા, યમકીંકરને વારો. રે તારો૦ ૪

નિરાધાર હું આ અવનીમાં, એકજ આશ્રય તારો.રે તારો૦ ૫

કામાદીક છ શત્રુ સતાવે, ચંચળ ચીત્તને વારો. રે તારો૦ ૬

નિંદા ઇર્ષા કાપો કુબુદ્ધી, મોહ મુમતને મારો. રે તારો૦ ૭

કરજોડી દીનમોહન કહે છે,જેવા તેવા પણ તારો.રે તારો૦ ૮.

ગરબી.

બગાધારીરે બહુચર માત—એ રાગ.

આજે આણંદ વાધ્યો અપાર, માજી મુખ જોયાથી,

થયો સુફળ આ અવતાર, ભવદુઃખ ખોયાથી. આજે ધ્રુ.૦

જોતાં મુખમા સુખજ આપે ફેડી દુઃખનું ઠામરે,

કોટી જનમનાં કીલ્વીષ કાપી આપે અવીચળ ધામ.માજી મુ૦૧

બાર વરસની ઉમ્મર જેના માટે થઈ નિર્માણ રે,

તે માર કંડે માજી પ્રતાપે થયા અમર પ્રમાણ. માજીમુખ૦૨

મુરખનો સરદાર જે પુરો પરથમ કાળીદાસરે,

પ્રસન્ન થઈ મહાકાળી કીધો રસના ઉપરવાસ. માજી મુખ૦ ૩

બાણાસુરના કારાગ્રહમાં બંધાયો અનિરૂદ્ધરે,
મુક્ત થયો મા સ્મરણ કરતાં છોડાવ્યો કરી યુદ્ધ. માજીમુ૦૪
વેસર ઘાલી નાકજ વિંધ્યું જઈને જુઓ શ્રીનાથરે,
તે ભટ વલ્લભ માજી પ્રતાપે ઉતરીયા ભવપાથ. માજી મુખ૦૫
સોળંકી શિરછત્ર શિરોમણી વીર વજ્રે વીખ્યાતરે,
રાણીએ જન્મી પુત્રીને કીધી કુંવરની વાત. માજી મુખ૦૬
ચાવડી સાથે લગન થવાથી ઢાંકી ના રહી જાતરે,
મરીનો મા મર્દ બનાવ્યો જગજાહેર છે વાત. માજીમુખ૦ ૭
ભાવેથી મા જે કોઇ ભજશે તે સૌ સ્વર્ગે જાયરે,
કરજોડી દીનમોહન કહેછે જન્મમરણ નહીં થાય. માજીમુખ૦૮

પદ. રાગ દીંડી.

કરૂં નમન કરો શમન કલેશ કાલી
સકલ જીવની તું માત છે દયાલી. કરૂંનમન૦ ટે
સુભગ શીશ સત્ય લોકમાં વિરાજે
વળી પાતાળમાં પવિત્ર પાદ ભ્રાજે
દશે દીશા રૂપ દશભુજા રૂપાળી કરૂંનમન૦ ૧
સપ્ત સિંધુ તણાં કંકણ કર સાથે
સકલ સૃષ્ટીરૂપ પાત્ર ધર્યું હાથે
કરે ભક્ષ જીવ માત્ર મતવાલી. કરૂંનમન૦ ૨
સુમેરૂ હીમગીરી તણાં રત્ન કાને
દશે વરદાઇ તે તવરૂપને પિછાને

ચંદ્ર સૂર્ય ને કૃશાનુ નેત્રવાળી. કરૂંનમન૦ ૩
નક્ષત્ર બિંદુ પરસ્વેદનાં લલાટે.
ત્રિશળ મુશળઆદી શસ્ત્ર ધર્યા હાથે.
આપ હસ્ત કાળ ફાંસી છે કરાળી. કરૂંનમન૦ ૪
નિજ ભકત મુંડ માલ ગળે ધારે.
અટ્ટાટ્ટ હાસ્યને પ્રસન્ન થઈ ઉચારે.
મોહન મંદમતી ભક્તિ તવ ઝાલી. કરૂંનમન૦ ૫

ઠુમરી ગારા.

શ્રી મહીષાસુરમર્દિની હે જગતજનેતા દીનદયાળી.
જન પ્રતિપાળી શરણાગત રાખો સંભાળી. શ્રી મહિષા૦ ધ્રૂ.
કામી ક્રોધી માયા લોભી પરમારથ કેરો વિરોધી.
સ્વારથમાં ભરપૂર, હું ગાંડો ઘેલો બાળ તમારો.
મોહન તારો દુશ્મનને દુર્બુધ્ધી ટાળી. શ્રી મહિષા૦ ૧
પુત્ર નીકળે દુરાચારી, પણ માતા ના નાખે મારી.
શીખામણ દઇ પૂર, તનમન કેરાં કષ્ટ નિવારે.
તે પરમાણે મોહનની કરજો રખવાળી. શ્રી મહિષા. ૨

પદ. ગજલ.

ગઇચક બચક જો હવા.—એ રાગ.

કરજોડીને કરૂં વીનતી, લ્યો લક્ષમાં હે ઉમાપતી,
અપરાધી પાપી પુરો અતી, કીધું સત્ય કર્મનથી રતી. કરજોડી. ધ્રૂ.
હું ફસાયો મોહની જાળમાં, સપડાયો હું સંસારમાં,

નથી લેશ બુદ્ધી આ બાળમાં,સત્ય બુદ્ધી આપો ઉમાપતી.ક૨૦૧
સુવિચાર કંઇએ કીધો નહી, પાપ કરતાં લેશ બીધો નહીં,
ભક્તી જામ સુધા પીધો નહીં, ટાલોતૃષ્ણાને હે ઉમાપતી.ક૨૦૨
કામ ક્રોધ લોભ પીડે ઘણું, મોહ માયા મુજને નડે ઘણું
નિવૃત્તિ નારી રડે ઘણું, તેને શાંત કીજે ઉમાપતી. ક૨૦ ૩
અથડાઉં હું સંસારમાં, થાઉં લુબ્ધ ખોટા પ્યારમાં,
ક્ષય પામું દુષ્ટ વિચારમાં, આપો સદ્વિવેક ઉમાપતી. ક૦ ૪
માગું મૂખથી વરદાન હું, ટાળી મોહ તમ દે જ્ઞાન તું,
તવબાળ હું અજ્ઞાન છું, તારો સદ્ય મોહન ઉમાપતી.ક૨૦૫

પદ. ખમાચ.

ઠુમરી.

મોહે ભવપાર ઉતાર હું શંકર, મેં શરણાગત હું દીનકીંકર ધ્રૂ.
મનમલીન વિષયોકું ચાહત, પંથ પિછાનતના શ્રેયસ્કર. મોહે ૧
ઘોરતિમીર હૃદય બીચમેરે, ઉદય કરહુ શિવજ્ઞાન પ્રભાકર.
દેહો અક્ષય પદ મોહનકો, નાશ કરહુ કામાદીક લશ્કર.મોહે૩

ઠુમરી. જીલ્લા.

અતુલીત છબ કહત બનત નહીં આવે. અતુળીતછબ. ધ્રૂ૦
શત સવિતાસેં અધિક પ્રકાશીત, કોટીન કામ લજાવે. અતુળીત
નારદ શારદ શેષ સનંદન, મુની અનકે મન ભાવે. અતુળીત.
મોહનકે મનહે ત્રિલોચન, સુમરી સદા સુખપાવે. અતુળીત.

ભૈરવી. ઠુમરી.

જય શિવશંકર શ્રેયકરા, કલિમલ રહીત ખરા. જય૦ ટૃ૦
ભસ્માસુરને કંકણ આપ્યું. લાગી ન વાર જરા જય૦ ૧
લક્ષ્મી શ્રી વિશ્નુને આપી, પોતે દિગંબરા. જય૦ ૨
કામદુધા આપી મઘવાને, અતિ ઉદાર ખરા. જય૦ ૩
કૃપા કરી મોહન દીનજાણી, કરચિત દોષ પરા. જય૦ ૪

પદ. ભૈરવી. ઠુમરી.

શિવગુરૂ જપીએ વારંવાર, તજી મનથી કુવિચાર. શિ૦ ધ્રુ.
જેનું નિત્યે સ્મરણ કર્યાથી, પાપી ઉતરે પાર. શિ૦ ૧
કામાદીક શત્રુ ક્ષય થાએ, થાય વિનાશ વિકાર. શિ૦ ૨
તાપ ત્રિવીધી પાંચ કલેશો, રહે નહીં ક્ષણવાર. શિ૦ ૩
મોહન શિવગુરૂ ભાવે જપતાં, નિરખે મોક્ષનું દ્વાર. શિ૦ ૪

પદ. ગજલ. બિહાગ.

શ્રી હરી કરૂં વિનતી તે લક્ષમાં ધરો,
અજ્ઞાન છું હું દુર્મતી કરૂણા તમે કરો. ધ્રુ.
મર્મજ્ઞને મનનો પતી, મનની તું જાણે,
સમજીને મનમાં રહે એ વીતી કો જાણે. ૧
દયાળુ છો દાતા તમે કરૂણાળુ હે કૃપાળ,
દોહન કરો દુર્બુદ્ધીને, હુંદીન તારૂં બળ. ૨
કર્તા અકર્તા માનતાં કર્તા કહેવાઉં છું,
કર્તાપણામાં કામથી ઉલટો મુઝાઉં છું. ૩

બળ બતાવો ન બાળને હું જાણું છું બળીષ્ટ,
બારણું બળિ તણા બનો નહીં અરીષ્ટ. ૪
પુત્ર હોય જો કુપુત પણ પીતા પાળે,
પીડા થાય પુત્રને તો જલદી તે ટાળે. ૫
મહા અધર્મી ઉધરી ગુણકા જેવી નાર,
તો મુજ શિશુને તારતાં લાગે શાનીવાર. ૬
જ્યારે કૃપા કરશો તમે દુઃખ દૂર સૌ ખસે,
દીનનો દાતાર મોહન જલદી થઇ જશે. શ્રી હરી ૭

પદ. માઢ.

સમજ્યા વિના હે શાણા તું શીદને ચિંતા કરે,
જેણે તને પેદા કર્યો એ પેટને ભરે— સમજ્યા૦ ટે.
પાળેલા કોઈ પશૂને જેમ ચારો ના મળે,
રાખે ના ધીરજ વળી તોડી બંધને પળે— તું શીદને૦ ૧
વિચારી જો ભાઈ જરા લીધી ગર્ભમાં સંભાળ,
જન્મ્યા પહેલાં દુધ કીધું એવો છે એ દયાળ. તું શીદને૦ ૨
ચીનજા જાપાનજા કે જા તું દરીયાપાર,
શેર છે નશીબમાં સવાસેર નથી થનાર— તું શીદને૦ ૩
કુવે જા તળાવ જા કે જા નદીની તીર,
પાત્રના પરિમાણથી ભાઈ માશે તેમાં નીર. તું શીદને૦ ૪
અન્ન એક શેર સારૂ રખડે દ્વારો દ્વાર,
જેણે આપ્યા દાંત તે ખાવાનું દે હરવાર. તું શીદને૦ ૫

અજગર કીટ પશુને પક્ષી મછ કચ્છ અપાર,
ખાવાનું મળે છે તેને નથી ખેતી કે વેપાર. તું શીદને.
સરજાવ્યો જેણે તને નખ શીખથી સુંદર,
તે પોતાની લાજથી ભરશે તારૂં ઉદર. તું શીદને૦ ૭
માટે ભરોસો રાખ મોહન શ્રી વરનો આધાર.
નક્કી કોઈ દીન તારો, ઉતરે બેડો પાર. તું શીદને૦ ૮

પદ માઠ.

જય જય રંગીલા રણછોડ, પૂરો ભકત જનના કોડ. જય ધ્રૃ
કમલજ કેરૂં કષ્ટ કાપ્યું, આણી આપ્યા વેદ;
મીનરૂપ ધર્યું તે વેળા, જાણે સુજ્ઞ એ ભેદ. જયજય૦ ૧
મસ્તક પરરાખી મહીને, એવો જે ફણીશ;
તેને આપ કમઠ થઈ ધારો, એવાછો જગદીશ.જયજય૦ ૨
હિરણ્યાક્ષના પદ પ્રહારે પૃથ્વી ગઈ પતાળ;
શુકર રૂપે થઇ મહી તારી એવા દીન દયાળ.જયજય૦ ૩
પીડાતો દેખી નિજ સેવક જે પ્રલ્હાદ પવિત્ર;
કાપ્યું કષ્ટ તમે ધારીને રૂપ નૃસિંહ વિચીત્ર. જયજય૦ ૪
સદ્‌ભાગી શ્રી બળી રાજાએ કીધાયજ્ઞ અપાર.
વામનરૂપ ધરીને છળિયો એવા જગદાધાર. જયજય૦ ૫
થયો હતો પૂર્વે ક્ષત્રીને બાહુ બળનો ગર્વ,
પરશુરામ થઇ પ્રભુજી નાશ કર્યો મદ સર્વ. જયજય૦ ૬
સીતા હેરી અનીતી કીધી તોડયું બંધુ હેત,

રામસ્વરૂપે થઇ રાવણને માર્યો સર્વ સમેત. જયજય૦ ૭
પાંડવની રક્ષા કરી લીધી ભક્તની સંભાળ,
કૃષ્ણરૂપે થઇને માર્યા, કંસને શિશુપાળ. જયજય૦ ૮
ક્રૂરકાળ કરાળ કળીમાં લીધું બૌદ્ધરૂપ,
વેદ ધર્મ તજી પડે સૌ માયા કેરા કૂપ. જયજય૦ ૯
કળીયુગ અંતે અધર્મ કેરો સહસે ના ભુમી ભાર,
કલ્કીરૂપ લેઇને કરશો ધર્મનો ઉદ્ધાર જયજય ૧૦
મિથ્યા છે સરવે જગત આ બાજીગરનો ખેલ;
મોહન જે પ્રભુ ના જાણે તે પુરૂષ નહીં બેલ. જયજય ૧૧

લાવણી.

ધન્ય ધન્ય ભદ્રકાળી—એ રાગ.—

જયજય રંગીલા રણછોડ, જેની મળે ન જગમાં જોડ;
પુરો ભક્તજનોના કોડ, ગીરીવરધારી. ધૃ૦
મસ્તક મોર મુકુટ વિરાજે, કાને કુંડળ અનહદરાજે;
પિતાંબર ચપલાસમ ભ્રાજે, શોભા ન્યારી. જયજય ૧
સ્વામી જગ્ત તણા પ્રતિપાળ, શોભે ઉર વૈજંતી માળ;
સુંદર મૃગમદ તીલક ભાલ, જાઉં વારી;
શોભે ભવ્ય ભ્રકુટી વક્ર, કરમાં શંખ ગદાને ચક્ર;
તાર્યો ગજ ને માયા નક્ર, કરૂણા ધારી. જયજય ૨
શોભે શરીર સુંદર શ્યામ, જોઈ લાજે અનંત કામ;
પોતે ભક્તતણા વિશ્રામ, બંશીવાળા;

કીધો શકટાસુરનો ધ્વંસ, માર્યા શિશુપાળ ને કંસ,
કીધો નિર્મુળ યાદવવંશ, કાનડ કાળા. જયજય ૩
શોભે નેત્રકમળ અભિરામ, મધ્યે કીકી શુંદરશ્યામ;
ધારી મુરલી અનંગ ધામ, નંદના લાલા.
પીધાં દધી તક્ર અતુલ, ચોર્યાં વ્રજનારીપટકુળ,
થેઇ થેઇ રમીયા યમુના કુલ, મોહન લાલા જયજય ૪

લાવણી.

જયજય જયજય રણછોડરાય, જેના ગુણ ઇંદ્રાદિક ગાય;
કોથી અકળકળા ન કળાય, અંતર્યામી. ધ્રૃ
બ્રહ્મા ધરે નિરંતર ધ્યાન, શમવા માયાનું તોફાન;
એવું વદે વેદ પુરાણ, જગના સ્વામી. જયજય ૧
છોડયું ચક્ર ભક્તના કાજ, રાખી દ્રૌપદીની લાજ;
નરસૈંયાનાં સાર્યાં કાજ, કુબજા તારી,
દુર્યોધનનો મેવો ત્યાગી, ભાજી વિદૂરની આરોગી;
પોતે બ્રહ્મચારી નહીં ભોગી, શ્રી ગીરીધારી. જયજય ૨
રાખ્યાં મંજારીનાં બાળ, લીધી સૂર તણી સંભાળ;
કીધી પાંડવની રખવાળ, ગણીકા તારી,
અજામેલ પાપી સરદાર, લેતાં નામ થયો ઉદ્ધાર;
એવા આપ જગતઆધાર, જાઉં બલીહારી. જયજય ૩
જીલ્લે ગાયકવાડી ગામ, જેનું કડી શહેર છે નામ.
હિરકણ નાના કે મુકામ, દ્યો છો દરશાન,

સીતારામ તમારો દાસ, હીરાલાલ રહે નીત પાસ;
મોહનની પણ પુરો આશ, થાઓ પરસન. જયજય ૪

પદ. આરતી.

જયજય પવનકુમાર, જય અંજનીનંદન;
આરતી કરી આરાધું; કાપો દુઃખબંધન. જયજય ૧
આપ અતુલ બળધામ, કામજીત પૂરા (૨)
વળી બાળ બ્રહ્મચારી, રણમાં પણ શુરા જયજય ૨
જન્મ થતાં બજ્રંગ વજ્ર અંગ પામ્યા. (૨)
સુગ્રીવનાં સૌ દુખડાં, આપ થકી વામ્યાં. જયજય ૩
શતયોજન મહાસાગર, પળમાં કુદી ગયા (૨)
સીતાની સુધ લાવ્યા, સુગુણ ન જાય કહ્યા. જયજય ૪
અશોક બાગ ઉજાડી, રાવણસુત માર્યો (૨)
નાશ કર્યો અહિરાવણ, મહિમા મતવારો. જયજય ૫
દ્રોણાચળ ગીરીરાજ, નિશાવિશે લાવ્યા (૨)
લક્ષ્મણ સહ સેનાનાં, દુખ સૌ સમાવ્યાં. જયજય ૬
આપ રૂપ અદભુત, રામદૂત નામી; (૨)
યોગીજન સૌ જાણે, શું જાણે કામી. જયજય ૭
આરતી આ મારૂતીની, જે કોઈ ગાશે; (૨)
મોહન સૌ સુખ પામી, પરમધામ જાશે. જયજય ૮

સાખી.

સંસારસાગરમાં સદા, માયારૂપી ભરતી ચડે;
વળી કાળરૂપી ઢીંમરો, જ્યાં જાળ લેઈ આથડે,
રાગરૂપી જાળમાં અજ્ઞાની જીવ આવી પડે;
વિરલા બચે તે જાળથી સદ્ગુરૂ જેને સાંપડે.

ધોંસા.

કઠણ છે ભવસાગર તરવું, એજ ઘણું મોતેથી મરવું;
દીન થઇ દુનીયામાં ફરવું, રાત દીન ધ્યાન એક ધરવું.
હેત શ્રી હરીસંગ કરવું, કોઇથી જરા નહી ડરવું.
અડગ શુરવીર થઇ લડવું, પછાડી પગલું નહીં ભરવું.

ખ્યાલ-દાદકડી.

જવું હોય જો ભવસાગરની પાર;
છોડી ખટપટ સદ્ગુરૂ નૌકા ગ્રહણ કરોને યાર. ટેક
નહિં તો જરૂર ખાશો માર;
પાપ તમારાં પ્રગટ થઇ તમને કરશે લાચાર,
કરે ત્યાં કોણ તમારી વાર;
સાંભળ ભાઇ યમદૂતોને દયા ન મળે લગાર,
જવાય ન તર્યાથી દરીઆપાર;
પણ જો કોઇ સદ્ગુરૂ મળે તો ઉતરે બેડોપાર,
કરે શીદ પાપ કર્મ વ્યવહાર. છોડી ખટપટ ૧
ધુતી ધન ભેગું કર્યું અપાર;

અંત સમે તે સાથે તારી આવે નહીં લગાર;
પુત્ર સ્ત્રી મિત્ર અને સંસાર;
સગાં સહોદર સ્વારથકેરાં જરા તું કર વિચાર;
સુખના સાથી અપરંપાર;
પાપ નહીં કોઈ લેશે તારૂં જરા તો સમજ ગમાર,
શામાટે ફોકટ થાય ખુવાર. છોડી ખટપટ ૨

નહિ મનમાં સંતોષ લગાર;
ઇચ્છા મનમાં રહે એમ દુનીઆંનો બનું સરદાર,
આશ નારીથી કરે નીત પ્યાર;
કામ ક્રોધ ને લોભ થકી ના અલગ રહે ક્ષણવાર,
ઘાણીના બેલની માફક યાર;
લક્ષચોરાશી કેરા ફેરા, ફોકટ ફર્યા અપાર;
હવે તો સમજો કંઇ દીલદાર. છોડી ખટપટ ૩

થાય જો જ્ઞાન તો ઉતરો પાર;
ગુરૂ વિના નહીં જ્ઞાન મળે તપ કરશો વર્ષ હજાર,
ઓળખવા સદ્ગુરૂ શા આધાર;
આ વખતે તુજને સમજાવું સંક્ષેપે નીરધાર,
કામ ક્રોધ ને લોભ ન મળે લગાર;
સંતોષી સુખ દુઃખ સમાન એવા ગુરૂને બલીહાર,
મોહન એવા ગુરૂ ઉતારે પાર, છોડી ખટપટ ૪

લાવણી-છોકીરંગત.

શ્રી ગુરૂ દયાળુ દામોદરથી ભાઈ;
ગોવિંદ થકી પણ ગુરૂ અધિક સુખદાઇ- ટેક.
શ્રષ્ટા સરજાવે જીવ સૃષ્ટી હેતુથી;
સૌ કર્માધીન થઈ પડે જ્ઞાન સેતુથી,
એ પતીત જીવને સગુદરૂ જલદી તારે;
ભવસાગર ડુબતાં ઝાલી હાથ ઊગારે,
ગોવિંદ થકી ગુરૂની શક્તિ અધિકાઇ. શ્રીગુરૂ ૧
સૌ સૃષ્ટીકેરા જીવ રહે કાયામાં;
અજ્ઞાનથકી ભૂલા ભટકે માયામાં,
શ્રીહરી જીવને માયા માંહી ફસાવે;
શ્રીગુરૂ બતાવી જ્ઞાન અખંડ બચાવે,
શ્રીગુરૂ બરોબર થાય નહીં જદુરાઇ. શ્રીગુરૂ ૨
લોઢાને જો કોઈ પારસમણી અડકાડે,
કંચન કરતાં નહીં પારસ વાર લગાડે;
વળી ભ્રમર કીટને પોતારૂપ બનાવે,
નરથી નારાયણ સદ્ગુરૂ તો નિપજાવે;
સદ્ગુરૂવીના અંધારે આરશી ભાઇ. શ્રીગુરૂ ૨
સોનાર ભલે સોનાના ઘાટ બનાવે,
પણ લોખંડનું ઘડવું તેને નહીં ફાવે;
વળી સ્ફટીક કેરાઘાટ સલાટ ઘડે છે,

તોપણ કુંભારની કારીગરી ચડે છે.
મોહન સદ્‌ગુરૂથી સદા રહે સરસાઇ. શ્રીગુરૂ ૪

પદ. ભૈરવી.

જય સદ્‌ગુરૂ શ્રી હૃદયાનંદ, સદય હૃદય આનંદ. જય૦ ધ્રુ૦
ઉદ્ધારક છો માયીક જીવના, અજર અમર નિર્દ્વંદ. જય ૧
ભવતારક છો દુઃખહારક છો, ધારક જ્ઞાન સુકંદ. જય ૨
વ્યાધી ગ્રસ્ત હું વિષયાગામી, ખેલું કપટ કુછંદ. જય ૩
માગે મોહન ગુરૂપદચીંતન, જયમ ચકોરને ચંદ. જય ૪

પદ. ખમાચ.

જયજય સદ્‌ગુરૂ સચ્ચિદાનંદ, જેની ચરણાંબુજ;
રજ પાસે, ઇંદ્રાદીક સુરવૃંદ, જયજય સદ્‌ગુરૂ. ધ્રુ.
ધ્યાન ધરી હરીહર અજ ધ્યાવે; ગાન કરે શ્રુતિ છંદ. જય ૧
દરસનથી ત્રય તાપ પળાયે, સદા રહે આનંદ. જય ૨
નાશ કરે અઘ અગણિત ક્ષણમાં, દર્શાવે નિર્દ્વંદ. જય ૩
શિક્ષા દઇ અજ્ઞાન નિવારે, નાશ કરે મતિમંદ. જય ૪
પોતપુનીત ભવાબ્ધિ કેરૂં, વળી અક્ષય સુખકંદ. જય ૫
મોહન છે પદપંકજ કીંકર, નાશ કરો દુઃખ દ્વંદ. જય ૬

પદ. યમન.

જગમેં જયજય ગુરૂ મહારાજ. જગમેં
જુઠી હે દુનીયાં જુઠા જમાના, જુઠા હે સબસાજ. જગમાં ધ્રૃ
પુત્રકલત્ર વપુ ધન જોબન, તામેં મસ્ત ફીરો મતમોહન;
ગુરૂ પદ પદ્મ પરાગ ધરોશીર, તો સુધરે સબકાજ.જગમેં ૧

પદ. ભૈરવી.

મુરખ મન,જ્ઞાનવિના નહીં સુખ, ગુરૂવિના જાય ન દુઃખ. ધ.
સ્વપ્ન વશ થઈ અશન કરે બહુ, પણ નહીં ભાગે ભૂખ. મુરખ ૧
વિષય વિષે વળગી રહે નિશદીન, થઇને ધર્મ વિમુખ મુરખ ૨
ગુરૂ ન ભજે અમૃત અરોગી, ધીકધીક તે જીભ મુખ. મુ૦
મોહનગુરૂ ભજી જ્ઞાન મેળવે, ધનધન જનનીકુખ. મુરખ ૪

પદ. જીલ્લા.

સદ્‌ગુરૂ વિના કોણ ભવાબ્ધી તરે
એક વિષય મારે નક્કી તો, પાંચે શું ન કરે. સદ્‌ગુરૂવીના ધ્રુ
રસનાવશ થઇ અજ્ઞ માછલું, જૈને કાંટો ગળે.
અજ્ઞ શલભ જઇ બળે દીપમાં, પણ નહીં અર્થ સરે. સદ્‌ગુરૂ૧
સ્પર્શ વિષયમાં અંધ થઈ, ગજ નિજના પ્રાણ હરે;
શબ્દ વિષયમાં મોહીતથૈ મૃગ, પારધી હસ્તમરે. સદ્‌ગુરૂ ૨
ગંધ અંધ મધુકર નિજતનને, પંકજમાં પરહરે;
માટે મોહન આ અવનીમાં, ગુરૂ વિણ કો ઉદ્ધરે. સદ્‌ગુરૂ ૩

રાગ. સદર.

સદ્‌ગુરૂવિના રક્ષણ કોણ કરે. સદ્‌ગુરૂવિના ધ્રૂ.
કામ ક્રોધાદીક પ્રબલ અરીનાં બળ સૌ કોણ હરે. સદ્‌ગુરૂ ૧
મસ્તક ઉપર પ્રસન્ન થઇને, કોકર કમલ ધરે. સદ્‌ગુરૂ ૨
કલિમલ કાપી (શિક્ષામૃતને,) હૃદયે કોણ ભરે. સદ્‌ગુરૂ ૩
સદ્‌ગુરૂ જગમાં હોત ન મોહન, કોણ ભવાબ્ધી તરે.સદ્‌ગુરૂ ૪

પદ. સદ્દર.

સદ્દગુરૂબિના કોણ કરે ભવપાર, સદ્દગુરૂવીના. ધ્રૂ.
પાપ પ્રજાળી જનમોજમનમાં કોણ કરે ઉદ્ધાર. સદ્દગુરૂ ૧
ભ્રમ ભાગી કોશાંતી આપે, સદ્દવિવેક વિચાર. સદ્દગુરૂ ૨
જન્મ મરણ દુઃખ દરિએ ડુબતાં, કોણ ગ્રહે કરસાર. સદ્દગુરૂ ૩
આ સૃષ્ટીમાં કોણ બતાવે, મોહન મોક્ષનું દ્વાર. સદ્દગુરૂ ૪

પદ. કાફી.

જયજય સદ્દગુરૂ દેવ દયાલ. જયજય ધ્રૂ
કરૂં વીનતી કર જોડી વિનયથી,
ભવ ભય બંધન હરો તતકાલ. જયજય ૧
ચંચલ મન સ્થિર ક્ષણે રહેના
મન વશ થઈ તન વિચરે કુચાલ. જયજય ૨
મન મતંગ સુરતી સંગ ચાલે
કોઈ દીન મસ્ત કદી બનતું બેહાલ. જયજય ૩
જ્ઞાનાં કુશ દઈ શિર કર થાપો
થાય નહિં મોહનકો દીવસ કંગાલ. જયજય ૪

પદ. બિહાગ.

ઝટપટ ગુરૂશરણ ગ્રહો. જ્યારે શિખ હિતકારી
શ્રેયકારી માનો માનો માનો. ઝટપટ ગુરૂ ધ્રૂ
ભવજલ સેહેજે તરો, કલિમલ સર્વે હરો
મોહન માની ખરો, સંગ દુષ્ટોનો ત્યાગો ત્યાગો ત્યાગો
લખ ચોરાશી, દુઃખ ફાંસી, ઉદાસી દહો. ઝટપટ ગુરૂ ૧

પદ. બિહાગ.

ગુરૂ સમ ત્રિભુવન કોઇ ન ઓર. ગુરૂસમ. ધૃ
વિશ્વરૂ તૈજસ પ્રાજ્ઞ બિચારે, દેખે સબકી ઓર. ગુરૂ ૧
શશી સવિતા અરૂ હાટક મેરૂ, શીતળ ઉષ્ણુ કઠોર. ગુરૂ ૨
હરીહર તક માયા ફેલાઇ, મનકી દોરા દોર ગુરૂ ૩
નિજ જન હોવે તૃપ્ત બિલોકી, જેસે જળ ઘર મોર. ગુરૂ ૪
કરૂણા કરી મોહન કો દેહો, અમલ અલૌકી કઠોર. ગુરૂ ૫

પદ ઠુમરી.

જેને નિજરૂપ વિચાર થયો તેને અન્ય વિચાર થયો ન થયો ધૃ
જે ગુરૂપદ તીરથ જઈ નહાયો તે તીરથ અન્ય ગયો નગયો. ૧
જેને સદ્ગુરૂનો સંગ થયો તેને અન્યનો સંગ થયો ન થયો. ૨
જેનાથી નિજ ઉદ્ધાર થયો, તેથી અન્ય ઉપાય થયો ન થયો. ૩
જેને નિજ દર્શન લાભ થયો તેને બીજો લાભ થયો ન થયો. ૪
મોહન જેના મનથી ગયો તેને સજ્જન સંગ થયો ન થયો. ૫

સદર.

આ જ દીવસ શુભ દીવાલીનો. સદ્ગુરૂ કેરૂં સ્તવન ઉચરીએ ધૃ
સાષ્ટાંગે કરી નમન વિનયથી અતિ આનંદે દર્શન કરીએ. ૧
નિર્મળ શુદ્ધ પ્રફુલ્લીત મનથી તનમન ધન જૈ અર્પણ કરીએ. ૨
બેઉ કર જોડી દીન વચનથી પાપ માફી માટે કરગરીએ આજ ૩
દંભ દુરીત તણી જે દુકાળી, શિક્ષામૃતવૃષ્ટિથી હરીએ. ૪
સદ્ગુરૂ કેરૂં શરણુ ગ્રહીને, દુસ્તર ભવજલ સહેજે તરીએ. ૫
મોહન રાખી આ અવનીમાં, સદ્ગુરૂ પદરજ શીરપર ધરીએ. ૬

પદ. સોરઠ.

સર્વકાળ સજ્જનોને દસરાની સવારી
દ્વેષી મૂર્ખ નિંદકોની ભવોભવ ખુવારી. ધૃ
જ્ઞાનરૂપ અશ્વપર કરે સદા સવારી
વાગતો વિવેક રૂપી હસ્ત વિશે ધારી. સર્વકાળ ૧
સદગુરૂની ભક્તિરૂપ ભાલો સુખકારી
ધૈર્ય કેરી ઢાલને ક્ષમા તણી કટારી. સર્વકાળ ૨
બુદ્ધિરૂપ પેંગડામાં પગ ધરે વિચારી
સત્યરૂપ માર્ગ વિશે ફેરવે હરવારી. સર્વકાળ ૩
મોહન વૈરાગરૂપ ખડગ હસ્ત ધારી
કામ ક્રોધ લોભ મોહ નાખે સૌ મારી. સર્વકાળ ૪

ઠુમરી.

જગમાં જનમી ગુરૂ સેવન ન કીધું રે
અમુલ્ય માનુષ તન વ્યર્થ ખોઈ દીધું રે. જગમાં. ધૃ
ગુરૂજાન્હવી સત્યરૂપી જળ ધર્મરૂપ આરો જેને
ધૈર્ય તોષ તટ દયા તરંગો જ્ઞાનરૂપ અમૃત નવ પીધું રે. ૧

ગરબી.

પુનમ ચાંદની. એ રાગ.

અખિલ આ અવનીમાં. સદગુરૂ એ સત દેવ છે રે
બીજો કોઈ નહીં, ભવદુખને હણનાર. પ્રીતે પુજો
પદપંકજ શ્રી સદગુરૂ દેવનાં રે. અખીલ આ ધૃ.

ગુરૂ વિના દુઃખ ના ટળે, ગુરૂ વિના નહીં ધ્યાન
ગુરૂ વિના નહીં સદ્‌ગતી, ગુરૂ વિના નહીં જ્ઞાન
ભવદુખ જ્ઞાન વિના, કિંચીત પણ ટળશે નહીં રે
નકી અજ્ઞાન થકી, ભમશો વારંવાર. પ્રીતે પુજો ૧
ભીલ થકી બ્રાહ્મણ થયા, વાલ્મિક ગુરૂ પ્રતાપ
ગુરૂ થકી શુકદેવજી, થયા બ્રહ્મરૂપ આપ
જીવન મુક્તથયા રાય જનક સદ્‌ગુરૂ થકીરે
જુઓ વળી ભક્ત કબીર, ગુરૂથી ઉતર્યા પાર. પ્રીતે પુજો ૨
કોટી વર્ષ લગી કદી, બેસે ધરીને ધ્યાન
ગતી ઉત્તમ નહિ ગુરૂ વિના, વદે વેદ પુરાણ
કરોડો યજ્ઞ કરે, પણ ભવ દુખ ટળશે નહીંરે
ગુરૂના શરણ ગયે, સેહેજે ઉતરો પાર. પ્રીતે પુજો. ૩
સ્વારથ રત માબાપ છે, વળી ભ્રાત ને મિત્ર
સૃષ્ટી સૌ સ્વારથ તણી, સ્વારથી નારી પવિત્ર
સગાં સૌ સ્વારથનાં, આ જગમાંહી જાણજોરે
કરે કો પ્રીત નહીં, જો નહિં સ્વાર્થ જણાય. પ્રીતે પુજો ૪
વિના સ્વાર્થ શ્રી સદ્‌ગુરૂ, કરે જ્ઞાનનું દાન
જ્ઞાન થકી ક્ષય થઇ જશે, માયાનું તોફાન
શીખેને સાંભળશે, તે સૌ સદ્‌ગતી પામશેરે
ગુરૂની મહેર થકી, મોહન મોહન થાય. પ્રીતે પુજો પદ. ૫

ગરબી. સદર.

ગુરૂને સેવ્યાથી, શોક સમૂળા જાયછે રે;
વળી દુઃખ આ ભવ ને, પરભવનાં ક્ષય થાય,

શ્રદ્ધા રાખીને શ્રી સદ્‌ગુરૂની સેવા કરો રે. ધ્રૃ.

ગુરૂ એજ મા બાપ છે, ગુરૂદેવના દેવ;
ગુરૂ તત્વનું તત્વ છે, વિરલા જાણે ભેવ.
ગુરૂજી છે બ્રહ્મા, જે સૃષ્ટિ પેદા કરે રે;
ગુરૂજી છે વિષ્ણુ, જે પાળે જગ સર્વ. શ્રદ્ધા ૧

સદ્‌ગુરૂ શ્રી મહાદેવ છે, જેણે બાળ્યો કામ;
ગુરૂ એજ પરબ્રહ્મ છે, ગુરૂ એજ છે રામ.
ગુરૂ ઘટઘટવાસી, સ્થાવર જંગમ દેહમાંરે;
ગુરૂ છે અવિનાશી, નાશ કરે મદ ગર્વ. શ્રદ્ધા ૨

પાપ નર્કનું મૂલ છે, બંધ મૂળ અજ્ઞાન;
મોક્ષ મૂળ સદ્‌જ્ઞાન છે, જ્ઞાનમૂળ ગુરૂ જાણ.
ગુરૂજી સદ્‌ગતી દાતા ભવભય ત્રાતા જાણજોરે;
ગુરૂ દેવાધીદેવ, કાળતણા છે કાળ. શ્રદ્ધા ૩

ગુરૂકૃપાથી વાસુકી, સૃષ્ટી ધારે શીશ;
ગુરૂ કૃપાથી પામીયા, ઉત્તમગતી પાપીશ,
તજીને જૂઠ પ્રપંચ, સદ્‌ગુરૂને જે સેવશે રે;
નકી મોહન જાણે, તે જુઠી જગજાળ. શ્રદ્ધા ૪

પદ. સોરઠ.

સદ્‌ગુરૂ શરણ ગ્રહોને યાર, છોડી ખટપટ સઘળી ઝટપટ. ધ્રૃ.
કરી કપટ છલબલ ધન જોડયું, નીતી ધર્મનું માનજ મોડયું;
હેત હરિથી તોડયું શું સમજીને મુરખ ગમાર. છોડી ૧

ધન દારા સુત માને તારાં, અંતે તારાં નથી થનારાં;
ઉપર અમૃત અંદર વિષ એ, આખર કરે ખુવાર. છોડી ૨
નેહ ધરી જુઠી કાયામાં, થયો અંધ તું તો માયામાં;
બ્રહ્માનંદરૂપી છાયામાં, બેઠો નહીં લગાર. છોડી ૩
પેટ ભયાનું કાઢી બાનું, પાપ કરે ઊઘાડું છાનું;
તું જાણે કંઈ નથી થવાનું, ખાશો જમના માર. છોડી ૪
માયીક જીવનું હિત જો ચાહો, કપટ તજી ગુરૂ શરણે જાઓ
ક્ષણભંગુર સમજી દુનીયાંમાં, મોહન રાખો યાર. છોડી ૫

પદ. સોરઠ.

સઘળો જૂઠો છે સંસાર. સચા એકજ શ્રી ગુરૂરાય સઘળો ધૃ
દારા સુતમાનો સુખરાશી, પણ એતો માયાની ફાંસી
જાગી જુઓ તપાસી નહીંતો જરૂર ખાશો માર. સાચા ૧
સગાં સહોદર સુખનાં બેલી, દુઃખ પડે સૌ જાશે મેલી
નાખે નરકમાં ઠેલી એ તારાં સૌ પ્રાણાધાર. સાચા ૨
ચાંદની રાત નદીપુર જેવું. ધનતન જોબન જાણો તેવું
પાણીનો પરપોટો ફુટતાં જરા ન લાગે વાર. સાચા ૩
એમ અસત્ય જગત સૌ જાણો, સત્ય એક સદગુરૂને માનો
મોહન તત્વ પિછાનો ત્યારે, ઉતરશો ભવપાર, સાચા ૪

પદ. કાફી.

સદગુરૂ કેરૂં ધ્યાન ધરો નિર્મલમન કરીરે. કરીરે નિર્મળ ધૃ
અધમઉદ્ધારણ જન પ્રતીપાલણ, કલીમલ જારણ
ભવભયમારણ,અવનીઅર્ણવતારણસદગુરૂનિરખોફરીફરીરેસ૦૧

જેનું વેદ શ્રુતી ગાન કરે છે, સિદ્ધ વિબુધ મુની ધ્યાન ધરે છે;
હરિહર સદ્દગુરૂને સેવે, નિર્મળ મન કરી કરીરે. સદ્દગુરૂ ૨
શોક શૂળ સંસય ક્ષય થાએ, સત્યાસત્ય સઘ સમજાએ;
વળી વાસના નાશ થશે, ભવનાવો ફરી ફરીરે. સદ્દગુરૂ ૩
મોહ ગર્વ સૌ ગળી જાય છે; શમદમનો ઉરવાસ થાય છે;
મોહન સદગુરૂને સેવો પદરજ શીરધરીધરી રે. સદ્દગુરૂ ૪

પદ. ઝીંઝોટી.

મૂર્ખ તો અજ્ઞાનથી ભવદુઃખમાં પડે,
સદગુરૂ વિના કદી સન્માર્ગ ના જડે; મૂર્ખતો ધ્રુ
કાશીને ગોકુલ મથુરાં, દ્વારકાં ફરે,
પરિબ્રહ્મ ઘટમાં તે ત્યાં કયાંથી સાંપડે. મૂર્ખતો ૧
નાભીમાં કસ્તુરી ને મૃગ ખોળતો ફરે,
વન વિષે ભટકી મરે ના કસ્તુરી જડે. મૂર્ખતો ૨
સ્વપ્ન માંહી જેમ ધ્યારો સુત મરી ગયો,
જોકે તે તો જીવે છે પણ સ્વપ્નથી રડે. મૂર્ખતો ૩
મોહ નષ્ટ થાશે ગુરૂ શરણે ગયે
જો ન આત્મ વિચારે તો ભવકુપમાં સડે. મૂર્ખતો ૪

પદ. રાગ સદર.

સત્ય જ્ઞાન વિના કિંચીત દુઃખ ના ટળે
સદ્દગુરૂ વિના કદી સત્યજ્ઞાન ના મળે. ધ્રુ
દાન દે કુપાત્રને નિજ સ્વાર્થ તાકીને

એવા કોટી યજ્ઞ કરશે પણ ન કંઈ વળે. સત્ય ૧
મૂખથી શ્રી કૃષ્ણ કૃષ્ણ હરઘડી વદે
કામ ક્રોધ રૂપી અગ્ની ચિત્તમાં બળે. સત્ય ૨
સ્વપ્નમાંહી રોગ વાધ્યો દુઃખ બહુ જુએ
વૈદ્યનું વળે ન કાંઇ રોગ ના પળે. સત્ય ૩
સદ્ગુરૂ પદાબ્જમાં જો ભૃંગ થઇ રહે
નક્કી મોક્ષ તેને મોહન જગ્તમાં મળે. સત્ય ૪

પદ. ઝીંઝોટી જીલ્લા.

ગારી મત દીજો મો ગરીબનીકો. એ રાગ.

ગુરૂ પદ કંજ સેવો તજીકે અસાર માયા. ગુરૂ ધ્રૃ
માયાકા અતુલ બલ અકલ પ્રબલ માનો
બિધી હરી શંભુ જેસે જાલમેં ગુંથાયા. ગુરૂ ૧
પિયુષકા વિષ ભાસે વિષકા પિયૂષ ભાસે
શત્રુ હે સો મિત્ર ભાસે, મિત્રકો અરી ઠરાયા. ગુરૂ ૨
ખોટકો નફા દીખાવે, લાભકો દીખાવે હાની;
જુઠકો સચ્ચા દીખાવે, સત્યકો જુઠા દીખાયા. ગુરૂ ૩
એસી બળવાન માયા અનાદી અપાર માનો;
ઇંદ્ર અગ્નિ વાયુ જેસે પારહુ ન પાયા. ગુરૂ ૪
દીપ હસ્ત દે કે માયા, કૂપમેં ગીરાવે ભાઇ;
કારી મોહજાલ ભીતર, જીવકો ફસાયા. ગુરૂ ૫
સુગરા સ્વરૂપ પ્રીછે, નુગરા નરકકો પાવે;
ગુરૂ બિના કોન મોહન જ્ઞાનકો કમાયા. ગુરૂ ૬

પદ. બનઝારા.

સદગુરૂ મોક્ષની બારી, સૌ સુણજો નરને નારી. ધૃ.
પરમાત્મા સહજ સ્વભાવે, માયાશ્રિત મહી બનાવે રે;
જેની અદભુત રચના સારી, સૌ સુણજો. ૧
પરમાત્મ થકી થઈ માયા, ત્રણ ગુણ માયાથી આજાયા રે;
સત્વ રજો તામસકૃતિ ન્યારી, સૌ સુણજો, ૨
સત્વથી અંતરીક્ષ આજાવ્યું, અધોલોક તામસથી બનાવ્યું રે;
રજો ગુણથી સૃષ્ટી સારી, સૌ સુણજો. ૩
વિભુ માયાથી જીવ કહાવે, માયા લક્ષચોરાશી ભમાવે રે;
તેને સદ્ગુરૂ લે ઝટ તારી, સૌ સુણજો. ૪
કોઈ લોઢું પારસને છુવાવે, સદ્ય પારસ હેમ બનાવે રે;
પણ થાય ન સ્ફટિક લગારી, સૌ સુણજો. ૫
જેમ ભમરી કીટ લઈ આવે, તેને પોતારૂપ બનાવે રે;
તેવી સદ્ગુરૂની કૃતિ ન્યારી, સૌ સુણજો. ૬
જો જીવનું હીત વિચારો, ગુરૂચરણ રજશીર ધારો રે;
શિખ મોહનની હિતકારી, સા સુણજો. ૭

ભૈરવી. દાદરો.

સદગુરૂ દયાનિધી દયા કરો, (૨)
રાખી ચરણ શરણ ગુરૂ દુઃખ સા હરો;
શિક્ષા આપી, જ્ઞાન ઉર ભરો, અજ્ઞાન સૌ હરો,
પાપો કાપો ભેદ પર હરો. સદગુરૂ ૧

ભાગી ભ્રાંત શાંત ચિત્તને કરો, (૨)
આધિવ્યાધિને ઉપાધી મોહનની હરો;
દાતા ત્રાતા, આપ સર્વના, લેશ ગર્વના,
ગાંડો ઘેલો મૂર્ખ હું ખરો. સદગુરૂ ૨

ઠુમરી ભૈરવ.

ઝટપટ સદગુરૂ કે ચરન લાગ, સબ ખુલ જાવેંગે તેરે ભાગ. ધ્રુ.
પચ પચ કાહે મરે વિષયનમેં, સત્યજ્ઞાન બિન દુઃખ કટેના;
સોચ સમજ સબ સંત કહત હે, માયાધીન જાનો અભાગ. ઝટ ૧
હરીકી બાંધી ગુરૂ છુડાવે, બાંધે ગુર હરસેં નહીં છૂટત;
ચારી બેદ પુકારી કહત હે, મોહન ગુરૂ ભવસિંધુ પાગ. ઝટ ૨

પદ મારૂ.

વંદુ ગુરૂપદ બેઉ કરજોડી, જેની ત્રિભુવનમાં નહીં જોડી;
શ્રી સદગુરૂ સચ્ચિદાનંદ, પરીબ્રહ્મ સકલ સુખકંદ. ૧
જેના દરસનથી દુખ જાએ; લોભ મોહ મુમત ક્ષય થાએ;
એવા શ્રી ગુરૂ અંતરયામી, જેમાં લેશ મળે નહિ ખામી. ૨
ગુરૂ ગોવિંદ એક સમાન, તેમાં ભેદ લહે અજ્ઞાન;
ગુરૂ માત પિતાને ભ્રાતા, ગુરૂ એજ છે ભવદુઃખ ત્રાતા. ૩
ગુરૂ છે અક્ષય સુખદાતા, ગુરૂ વેદ પુરાણે ગવાતા;
ગુરૂ વિના મળે નહીં જ્ઞાન, ગુરૂથી થાય તત્વપિછાન. ૪
ગુરૂ દેવ તણા છે દેવ, કરે ઈંદ્રાદિક સુર સેવ;
ધરે ભક્ત નિરંતર ધ્યાન, શમે માયાનું તોફાન. ૫

ગુરૂ ભવસિંધુ થકી તારે, ગુરૂ યમકિંકરને વારે;
ગુરૂ શરણુ રહો દીનરાત, માની મોહનની શુભ વાત. ૬

પદ ચોપાઈ.

વંદુ ગુરૂ પદ પદ્મ પવિત્ર, નહિ જગમાં ગુરૂ સમમિત્ર;
સદ્‌ગુરૂ સત્યાસત્ય સમજાવે, સદ્‌ગુરૂ મોહ પ્રપંચ નસાવે. ૧
સદ્‌ગુરૂ સંગથી વિવેક ભાસે, સદ્ વિવેકે વિચાર પ્રકાશે;
સત વિચાર થકી સતજ્ઞાન, સદ્‌જ્ઞાનથી મોક્ષ માણુ.પ્ર ૨
સદ્‌ગુરૂ સૌથી પરમ દયાળ, સદ્‌ગુરૂ કાળ તણુા છે કાળ;
સદ્‌ગુરૂ નિર્ગુણુ નીર્ અભિમાની, સદ્‌ગુરૂ દાનીશ્વરના દાની.૩
સદ્‌ગુરૂ ધનદ થકી ધનવાન, સદ્‌ગુરૂ હરિહરથી બલવાન;
નહિ ત્રીલોકમાં ગુરૂની સમાન, ગુરૂ એજ છે પરમ નિધાન.૪
સદ્‌ગુરૂ ચરણાંબુજ અભિરામ, જ્યાં નિજ જન મધુકરના મુકામ;
સદ્‌ગુરૂ પદપંકજ અહોરાત, રહો મોહન મન ભલી ભાત. ૫

પદ ઝીંઝોટી.

ધન ધન ઇશ્વર ખુબી—એ રાગ.

ધન્ય ધન્ય સદ્‌ગુરૂ ખૂબી તમારી. ધન્ય ધન્ય. ધ્રૃ.
સચરાચર વ્યાપક અવિનાશી, નિર્ગુણુ ને નિર્વિકારી. ૧
દેહ છતાં વિદેહ ગુરૂજી, ભોગી છતાં બ્રહ્મચારી. ધન્ય. ૨
અજર અમર છો નિત્યમુક્ત છો, બંધનમાં ન લગારી. ૩
બ્રહ્મા રૂપે થઈ જગ સરજો, પાળો થઇને મુરારી. ધન્ય. ૪
રૂદ્ર રૂપે સંહાર કરો છો, અકળ કળા છે ન્યારી. ધન્ય. ૫

અતકર્ય અગોચર રૂપ તમારૂં, ભારતી પણ ગઇ હારી. ધન્ય. ૬
મંદમતી મોહનને ભવથી, જલદી લ્યોને ઉગારી. ધન્ય. ૭

પદ કાલીંગડા.

નાગર નટરે, મીલ જાઓ—એ રાગ.

સદગુરૂ ભજરે, તું શીદ બને વ્યભિચારી. સદગુરૂ. ધૃ.
ઝટપટ તજરે, ગણી સકળ વિષય દુખકારી;
સૌ વિષય વિષસમ જાણો
સદગુરૂ સુધા પરમાણો
ત્યારે પરમાત્મ પિછાનો
તજી ખટપટરે, ગુરૂશરણ ગ્રહો સુખકારી. સદગુરૂ. ૧
જગત અસતરે, ગુરૂકૃપા થકીજ જણાએ;
ષટ શત્રુનો ક્ષય થાએ
સૌ તૃષ્ણા દૂર પળાયે
ઉરમાં વિવેક વસાએ
ઉત્તમ ગતીરે, સદવિવેકથી જ થનારી. સદગુરૂ. ૨
સકલ કપટ રે, તજી સત્ય વચન મુખ ભાખો;
જૂઠો જન નર્ક પડે છે
ત્યાં પણ જઇ પાપ નડે છે
ત્યારે તે ઘણું રડે છે
જ્ઞાન વગર રે, ચોરાશી નથી છુટનારી. સદગુરૂ. ૩
સત સગપણ રે, હરીગુરૂ તણું અવનીમાં

મતલબની અન્ય સગાઈ
સાળો માસી સુત ભાઈ
તને કરશે ખોખું ખાઈ
ચેત મુરખ રે, સુણી મોહન શિખ હિતકારી. સદગુરૂ. ૪

દેશ મલ્હાર.

રંગીલી રસીલી બની—એ રાગ.

ગુરૂજી ગુરૂજી રટો દીન રાત, પ્યારી રસના રસીલી;
ધરી ઉમંગ ખટરસ નીત ભોજન ખાએ. ગુરૂજી. ધ્રૂ.
પ્રીતથી નિંદા ઉચ્ચારે, કહ્યું લક્ષમાં ન ધારે
વિષય વાત વદતી હરખાતી, રંગ રાતી.
થાય નહીં સદગતી મોહન ગુરુની કરુણા વીના. ગુરુજી, ૧

પદ મલ્હાર.

સદગુરુ સુખ કર દુખ હર નરવર
ભવ ભય દુસ્તર કપટ કલુષ હર. સદગુરૂ. ધ્રૂ.
પરહીત વપુધર મોક્ષ જ્ઞાન ધર
ધ્યાન ધરે સુર અસુર સારંગધર
હૃદય ગ્રંથીહર, જ્ઞાન પ્રભાકર
પિયૂષ નજર કર દીન મોહન પર સદગુરૂ. ૧

પદ સદર.

સદગુરુ શરણું અભય પદ આપે રે
હરે સકલ ભ્રાંતી ચીત કરે ઉમંગ

થશે સુખદ જ્ઞાન ભવભય દુઃખ કાપે. ગુરૂ શરણું. ધ્રૃ.
અંતરના ત્રય દોષ નિવારે
કૃપા હસ્ત શિર પર ધારે
કર્મવાસના નાશ કરે છે
ગુરૂનું વેણુ હરી હર ના ઉથાપે. ગુરૂ શરણું. ૧

પદ. ખંમાચ.

સદગુરૂ શરણે ગયાથી દુઃખ ત્રાસે;
અઘ અગણિત ક્ષણમાંહી વિનાસે. સદગુરૂ. ધ્રૃ.
અતિ અજ્ઞાન જે જનમોજનમનું, તેનાથી સૌ અન્ય દીસે છે,
તે અજ્ઞાનતિમિર હરનારો જ્ઞાનરવી ગુરૂ હૃદય પ્રકાશે. ૧
જ્ઞાન થકી ત્રયતાપ પળાયે પંચકલેશ પણ નિર્મૂલ થાએ,
ષટ સંપત્તિ ઉરવાસ કરે છે જેથી રહે મોહન ઉલ્લાસે. ૨

મલ્હાર. છાયા.

ગુરૂજી ગુરૂજી ભજ રસના રસીલી,
કપટ કલુષ તજ હઠ તું હઠીલી. ગુરૂજી ગુરૂજી ધ્રૃ.
ખટરસ ભોજન ભક્ષ કરે તું, પરનીંદા પ્રીતે ઉચરે તું,
ભૂત પતીનો ભય ના ધરેતું કેમ થશે ઉદ્ધાર છબીલી. ગુરૂજી ૧
વિષયવાત વદવામાં શુરી, કપટ કર્યામાં નાહીં અધુરી,
કલેસવિષાદવિશે પણપૂરીસમજ સમજહિતમંદમતીલી. ગુરૂજી ૨
સંસારીક સુખ સ્વપ્ના જેવું ધન તન જોબન જાણો તેવું,
માની મન મોહનનું કહેવું ચેતચતુરા ચિતમાં અલબેલી. ૩

માલવ ગોડી.

હે ગુરૂ દેવા અગમ અવેવા, ભવ સંકટને ટાળો,
મનવચ ચકર્મથી દાસ તમારો, કલિમલ સર્વ પ્રજાળો. ધ્રૂ.
આપ પિતા છો સુખદાતા છો પુત કુપુત હું કાળો,
શુભ શિક્ષા દઈ હિત બતાવો, દુર્બુદ્ધિને બાળો. હે ગુરૂ૧
હું છું કુકર્મી નામી અધર્મી, ભરૂ વિષયોની ફાળો,
આશા નદીમાં જાઉં તણાયો, શ્રી ગુરૂ સત્વર ખાળો. હે ગુરૂ ૨
જેવો તેવો પણ તવકીંકર અમૃતદૃષ્ટી નિહાળો,
મોહનનો ઉદ્ધાર કરો ગુરૂ પુનિત બિરદને પાળો. હે ગુરૂ ૩

પદ. સદર.

ધન્ય ગુરૂજી ધન્ય ગુરૂજી, પરહિત વપુને ધારો,
શરણાગતને ભવસિંધુથી, કરઝાલીને તારો. ધન્ય ધ્રૂ.
પાપી પણ જો પદરજ પરસે, તો ન રહે દુખિયારો,
પાપ પ્રજાળી પુનિત કરીને, યમ કીંકરને વારો. ધન્ય. ૧
હું અજ્ઞાની અતિ અભિમાની, કાળતણો છું ચારો,
આપ કૃપાળુ કરૂણા કરીને, આણો દુઃખનો આરો. ધન્ય. ૨
આપ કૃતજ્ઞી હું છું કૃતઘ્ની, ભ્રમ ભયકેરો ભારો,
સંશય કાપી કૃતાર્થ કરો ગુરૂ મોહનનો નિસ્તારો. ધન્ય ૩

મનહર છંદ.

શોભે નહીં દીન મણીતણી ઉપમા દઉં તો,
ઉષ્ણ અતિ સૂર્ય ગુરૂ સુશીતળ આપ છો;

ચંદ્રની સમાન માનું પરંતુ કલંક તેમાં.
અન્યથી પ્રકાશ પામે સ્વપ્રકાશ આપ છો,
સાગર સમાન ગુરૂ દેવ આપને ગણું તો;
સિંધુમાં ખારાશ ગુરૂ સુધારૂપ આપ છો.
રત્નને સુવર્ણ તણા મેરૂની સમાન માનું,
તે કઠીન જડ આપ ચૈતન્યસ્વરૂપ છો. ૧
ગુરૂદેવ આપસમ પારસ જણાય નહીં,
પારસથી હેમ થાએ પારસ બને નહીં;
કલ્પવૃક્ષ કામધેનુ તણી ઉપમા દઉં તો.
જ્ઞાની છો ગુરૂ સદૈવ તેને જ્ઞાન છે નહીં,
ગુરૂની સમાન હરી હર અજ કેમ થાએ;
ગુણાતીત ગુરૂ તેઓ ગુણાતીત છે નહીં.
અજર અમર અદ્વિતીય ઘટ ઘટવાસી,
સદ્દગુરૂની સમાન મોહન કોઇ નહીં. ૨

પદ. કાફી.

ભવોભવ જ્ઞાન વિના અથડાય,
ગુરૂવીના અન્યથી, નહિં જન્મમરણ દુઃખ જાય ભવો. ધ્રુ.
વણ વિવેકે સદ્દવસ્તુ તો, નહિં કોટી વર્ષ લગી દરશાય. ૧
માનસ સમ મૃગજલ દેખાએ પરંતુ ન તે થકી તરસ છીપાય. ૨
આકળ બિંદુ મોતી સરખાં, કદાપી ન તે તણી માળા થાય.
મોહન રાખે ગુરૂ ગુરૂ ભાખે, નકી કોઇ દીન ઉરજ્ઞાન ભરાય.

પદ. કાફી.

ગુરૂવીના ન કોઈ કારજ સરસે, સૌ વેદ પુકારી પુકારી કહે,ધ્રૂ.
અગણિત ધનસંચય કરવાથી, પોતે પાપબોજ શિરપર ધરશે.૧
પ્રેમધરી સ્ત્રી સુતપોષ્યાથી, નહિં નિત્ય સ્વરૂપ વિષે ઠરશે
બુદ્ધિબળ, ધનબળ બાહુબળ, નહિં યમકિંકરતણુ. બળ હરશે.
ગુરૂવિના કોટી જપતપ વ્રતથી, નક્કી લક્ષ ચોરાશી વિષે ફરશે.
ગુરૂ કરણાથી નિશ્ચે મોહન, નિજ આત્મા પરમાત્મા દરસે.

પદ. કાફી.

રાગ ધીરાના પદનો.

સદગુરૂ સેવોરે, નાવે નરદેહ ફરી;
અખંડ લ્યો લ્હાવોરે, જાઓ ભવસિંધુ તરી. સદગુરૂ ધ્રૂ.
જો સમજો તો આ નરતન છે રત્ન અમુલ્ય પ્રમાણ,
લક્ષચોર્યાશી સિંધુ તરવા, નરતન જાણુ વહાણ;
કર્ણધાર જાણોરે, સદગુરૂરૂપ હરી. સદગુરૂ. ૧
કોટી જન્મકેરા સુકૃતથી મલ્યો મનુષ અવતાર,
કામવાસના આધીન થઇને વ્યર્થ ગમાવે ગમાર;
સદગુરૂ બિનારે, તૃષ્ણા નહીં થાય પરી. સદગુરૂ. ૨
આ નરતન છે જન્મમરણથી છુટવા કેરો ઉપાય,
સંતોષી થઇ સદગુરૂ સેવે, નરથી નારાયણ થાય;
ગુરૂકરૂણાથી રે, ના'વે ગર્ભવાસ ફરી. સદગુરૂ. ૩
સુગરા નિત્ય સ્વરૂપ વિચારે, મોહન નિત્યાનંદ

નુગરા જ્ઞાન બિના અથડાયે, સદા રહે દુઃખવૃંદ
ગુરૂ બિના જગમાં રે, કોણુ નહીં જન્મે મરી. સદગુરૂ. ૪

બિહાગ ઠુમરી.

વિનયથી બિનતી કરું વારવાર,
શ્રી સદગુર સુણીએ પુકાર. ધ્રૂ.
કોટી જન્મથી માયાવશ થઇ,
ભૂલ્યો શુધિ સ્વરૂપ તણી;
જગ દાવાનલમાં દુઃખ પામું,
બિષયજવાલ અંદર બહાર. વિનય. ૧
પાંચ ચોર છઠ્ઠી ડાકણુ મળી,
આત્મજ્ઞાન ધન હરણુ કર્યું;
લખ ચોરાશીમાં રખડાવે,
ભય દુઃખ વ્યાધી બે શુમાર. બિનય. ૨
થયો નિમગ્ન ભવાબ્ધિ વિષે હું,
નથી અન્ય આશ્રય મુજને;
રાખી ચરણુ શરણુ મોહનને,
જન્મમરણુ દુઃખથી ઉગાર. વિષય. ૩

ખંમાચ ઠુમરી.

ગુરૂ ગુરૂ ભજ નિશ દીન પ્રીત ધરી, સૌ મમતા માયા દૂર કરી. ધ્રૂ.
વિષયપંકમાં મગ્ન થવાથી, મતંગ સરખો જાય મરી. ગુરૂ. ૧
રાગ દ્વેષ હૃદયથી કાઢો, તૃષ્ણાને કર સદ્ય પરી. ગુરૂ ગુરૂ ભજ. ૨

પોત હશે દઢ પણુ ખેવટ વણુ, જાય નહિં મહાસિંધુ તરી.૩
નાશ થશે મળ વિક્ષેપાદીક, બુદ્ધિ થશે અતિ સુક્ષ્મ ખરી.૪
સુક્ષ્મ સુધીથી જ્ઞાન થશે ઉર, જ્ઞાન થકી જનનો ન ફરી.૫
ગુરૂવિના જ્ઞાન મળે નહિં મોહન, સત્યવાત નહીં જુઠ જરી-૬

પીલુ બરવા.

ગીરધારીરે વાત કહું તે. એ રાગ.

સચરા ચરરે, અખિલ વિશ્વના સ્વામી, ભવતારો અંતર્યામી
ગુણુસાગરરે, નિર્ગુણ ને નિષ્કામી, પરિપૂર્ણ સકલ નહીં ખામી.ધૃ.
તમે જગતતણા પ્રતિપાળરે, પ્રતિક્ષણુ લ્યો છો સંભાળ રે.
વળી કાળ તણા છો કાળરે, સર્વેશ્વરરે સચ્ચિદાનંદ સ્વામી.
છો અગોચરરે, અકલ કલાન કળાયે; પ્રભુતા પ્રભુતારી જણાએ.
પૂર્ણેશ્વર રે, પૂર્ણ કરોને સહાય, અર્ભક અર્ણવ અથડાય,
મને માત્ર ભરોસો તમારો રે, નિરાધાર આધાર ઉગારો રે;
તમે સર્વે શક્તિ ધારો રે, નિવારો રે, કિલ્વિષ હું છું કામી.
પુત્ર કુપુત્રરે, હોય તો પીતાપાળે, થાય દુઃખ તો દેહ પ્રજાળે;
તનમન ધનરે, અરપી સંકટ ટાળે; પ્રેમથકી અખંડ નિહાળે.
ગુરૂજ્ઞાનીશ્વર કહેવાય રે, શિષ્ય માયામાં અથડાયરે,
તો તો બાનાની પત જાયરે, કરૂણાળુ રે, કોણુ કહે દુખવામી
પ્રભુ ઇચ્છાએ, પંગુગીરી ચડે છે, મુખથી પણુ મૂકવદે છે,
પ્રભુ ઇચ્છાએ, અગણી તકષ્ટ પડે છે, નહિં યોગ્ય તે અધિક ચડે છે;
તમે સકલ વિશ્વાધાર રે, મને તારતાં કેટલી વાર રે,
કીજે ભવસિંધુથી બહાર રે, દીન મોહનરે વંદે છે શિરનામી.

ગજલ. પહાડી.

જરાતું જો વિચારી કોણુ છે જગમાં હી તારૂં,
વિના સમજે મુરખતો વ્યર્થ કહે મારૂં મારૂં. જરાતું. ધ્રુ.
વિનાશી આવપુને નિત્યસેવે સત્ય સમજી,
પરંતુ કોઇ કાળે નાશ તન નિશ્ચે થનારૂં. જરાતું. ૧
મનોહર પુત્રને સ્ત્રી જાઇને આનંદ પામે,
પરંતુ એજ છે ભવ સિંધુનું ખારૂં અકારૂં. જરાતું. ૨
સદા પોતાનું માને વિત્તને ગૃહ ક્ષેત્રઆદી,
પરંતુ મૂળ છે અવિદ્યાનું એતો નઠારૂં. જરાતું. ૩
કયાંથી આવ્યો કોણુ છે તું શું છે તારૂં જઈશ કયાં તું ?
ગુરૂવિના કોઇ મોહન આપશે નહીં જ્ઞાનચારૂ. જરાતું. ૪

પદ. માઢ.

ધારી ઉમંગ અંગે રંગે ચંગે સેવો શ્રી ગુરૂ,
રહે સદગુરૂ સંગે નિર્મલ ગંગે કિલ્વિશ થાએ પરૂં. ધારી.,
રામ ગુરૂનું સ્મરણુ સહેલું તે લાગે અઘરૂં,
ભાવ ધરીને ભક્તિ કર્યા વિના દુઃખ નથાય પરૂં. ધારી. ૧
ભોગવિષે મન દુર્બલ રાખો જોગવિષે જબરૂં,
પ્રીતધરી પરહીત કરો તવ જ્ઞાન થશે જખરૂં. ધારી ૨
ચંચળતા ચિતની હરવાનું કાર્ય ઘણું કપરૂં,
ચિત્ત એકાગ્ર થયા વિણુ આત્મા થાય નહીં રૂબરૂ. ધારી. ૩
કંજુસ થઇ ધન સંગ્રહ કીધે રહેશે નહીં આબરૂ,
મોહન ભોગેચ્છા ત્યાગોતો દુઃખ ન આવે અરૂં. ધારી. ૪

પદ. ગજલ.

ખુશીસે કાટલે દીલદાર. એ રાગ.

કરૂં હું વીનતી દ્રય હસ્ત જોડી,
કૃપાળુ નાખશો ભવ બંધ તોડી. ધ્રૂ.
સદા સંસારની ઉર્મી સતાવે,
વિષય અંકુરને નાખો મરોડી. કરૂં હું. ૧
કરો નિર્મૂળ શત્રુ જ્ઞાન આપી,
હૃદયની ગ્રંથીઓ નાંખો વછોડી. ,, ૨
કરો મમ શુદ્ધ બુદ્ધિ પાપ કાપી,
ન રાખો દેવું લહેણું એક કોડી. ,, ૩
તનુ સંબંધથી હું ભાન ભૂલ્યો,
વિકારી થઇ ગયો નિજરૂપ છોડી. ,, ૪
અભય આપો મોહનને દીન જાણી,
મટુકી કર્મની નાંખોજ ફોડી. ,, ૫

પદ ભૈરવી.

મેં હું ગરીબ તુમ ગરીબ નિવાજ, આપ સકલ સિરતાજ. ધ્રૂ.
માયાધીન મતી નહીં પહુંચે, કેસે સુધરે કાજ. મેં હું ગરીબ. ૧
ભવ જ્વાલાસેં તપ્ત હુઆ મેં, શાંત કરો ગુરૂરાજ. મેં હું. ૨
કર્મ પવન તેં જગ સિંધુમેં, સ્થિર ન રહેવે જહાજ મેં હું. ૩
ધન તન દારા સ્વર્ગ ન માગું, ઔર ન માગું રાજ. મેં હું. ૪
માગે અક્ષય પદ દીન મોહન, તુમકો મેરી લાજ. મેં હું ૫

પદ ગજલ.

દીલ છીન લીયો મેરા બનારસકી—એ રાગ.

ઉત્તમ મનુષ્ય યોનીમાં જનમીને શું કર્યું
માયીક જીવના હીતનું કારજ નહીં સર્યું. ઉત્તમ. ધૃ.
ધન તન જોબનના નિશામાં ભૂલ્યા છો સ્વરૂપ
જાણ્યો સત્ય અસત્યને જનમીને શું કર્યું. ઉત્તમ. ૧
ભોગ વિષય રૂપી હળાહળ સેવો છો દીનરાત
અમૃત અનુભવના કર્યો જનમીને શું કર્યું. ઉત્તમ. ૨
જાતી બહાર થઈ લુટાણા કાઢયું છે દેવાળું
પરની થાંપણુ ઓળવી જનમીને શું કર્યું. ઉત્તમ. ૩
હું કોણુ અહીંઆં કેમ આવ્યો ને કરૂં છું શું.
ન જ્ઞાન સંપાદન કર્યું જનમીને શું કર્યું. ઉત્તમ. ૪
મોહન ગુરૂ સેવ્યા નહીં ગયો નહીં અભિમાન
નિર્ભય પદ પામ્યા નહીં જનમીને શું કર્યું. ઉત્તમ. ૫

ગજલ.

ગઇ એક બચેક જોહવા—એ રાગ.

ન કરી ગુરૂ કેરી બંદગી જાણો જીંદગી શરમીંદગી.
ન છુટી માયા કેરી મંદગી જાણો જીંદગી શરમીંદગી ધૃ.
શું થયું બન્યા મહારાજજી, કરે ના કરવાનાં કાજજી
જયારે પૂછશે ધર્મ રાજજી જાણો જીંદગી શરમીંદગી. ૧
ગુરૂ થઇ લૂટે સંસારને, ન બતાવે સારા સારને
પ્રીતથી જુએ જરદારને, જાણો જીંદગી શરમીંદગી. ૨

શું થયું મહા પરીવારથી શું થયું સુલોચની નારીથી
ચિત્ત યુક્ત કામ વિકારથી, જાણો જીંદગી શરમીંદગી. ૩
શું થયું મહા કુળાચારથી, શું થયું સેવે મુર્ખ પ્યારથી;
ન વિરક્ત મન સંસારથી, જાણો જીંદગી શરમીંદગી. ૪
કોટી દામ રળવાથી શું થયું. ચારે વેદ ભણુવાથી શું થયું;
ઉરનું અજ્ઞાન નહીં ગયું. જાણો જીંદગી શરમીંદગી. ૫
શું થયું સહસ્ત્ર પગારથી, શું થયું મહા અધિકારથી
મોહ ન ગયો સંસારથી, જાણો જીંદગી શરમીંદગી. ૬

પદ. ધોળ.

સર્જન સરવે, સદગુરૂની જય બોલોરે,
ઇર્ષા કાઢી અંતરનો પટ ખોલોરે. ધ્રુ.
આ અવનીમાં, સદગુરૂ દેવના દેવરે,
ઇંદ્રાદીક સૌ દેવ કરે છે સેવરે. ૧
ગુરૂ વીના, આવી કોનામાં શકિતરે.
ગુરૂ વીના, કોની ફળી છે ભકતીરે.
ગુરૂ વીના, કોણુ ગયો ભવ પારરે,
ગુરૂ વીના, કોના ટળ્યા છે વિકારરે. ૨
ગુરૂ વીના, અંતર કોણે ધોયુંરે.
ગુરૂ વીના, જ્ઞાન ભણી કોણે જોયુંરે
ગુરૂ વીના, કોને થયું છે જ્ઞાનરે,
ગુરૂ વીના, કોનું ટળ્યું અજ્ઞાનરે. ૩

ગુરૂ વીના, અંતર મેલન જાયરે.
ગુરૂ વીના, સત્ય મારગ ન જવાયરે
ગુરૂ વીના, કુમતે ભૂલા પડાયરે,
ગુરૂ વીના, જંગલમાં જીવ જાયરે. ૪
ગુરૂ વીના, કામને ક્રોધ સતાવેરે.
ગુરૂ વીના, સંતોષ પાસ ન આવેરે
ગુરૂ વીના, આશા નારી ન છોડેરે.
ગુરૂ વીના, લોભનું મુખ કોણ મોડેરે. ૫
ગુરૂ વીના, સંપત્તિ કોણ આપેરે.
ગુરૂ વીના, વિપત્તી કોણ કાપેરે
ગુરૂ વીના, રાગ વિષય નહીં છુટેરે.
ગુરૂ વીના, અંતર ગ્રંથી ન તુટેરે. ૬
ગુરૂ વીના, આ મન વશ નહીં થાય રે,
ગુરૂ વીના, મોક્ષ ગતી ન પમાયરે;
ગુરૂ વીના, દયા ધરમ નહીં સૂઝે રે.
ગુરૂ વીના, કાળ સામું કોણ ઝુઝેરે. ૭
ગુરૂ વીના, સમદ્રષ્ટી નહીં આવે રે.
ગુરૂ વીવા, પરમારથ નહીં ભાવે રે;
ગુરૂ વીના, જુઠું જગત ન જણાય રે,
ગુરૂ વીના, નિજરૂપ ના ઓળખાય રે. ૮
ગુરૂ વીના, મરણ ભય નહીં જાયરે,

ગુરૂ વીના નિર્ભય પદ ન પમાયરે;
મોહન ગુરૂ, ગંગા શશી સુર વૃક્ષરે,
ટાળે દુખડાં એમ વદે સૌ દક્ષરે. ૬

પદ—ઠુમરી.

સુંદર શામળીયા. એ રાગ.

સદ્દગુરૂ જ્ઞાન પતી, એમાં સંશય શાનો;
ગુરૂની અગાધ ગતી, સિદ્ધિ સકલનો ખજાનો. સદ્દગુરૂ ધૃ
ભેદ ભાવના સઘ નસાવે, વિવેકને ઉરમાંહી વસાવે;
સર્વ વસ્તુમાં બ્રહ્મ બતાવે, જ્ઞાન દીપ ઘટમાં પ્રગટાવે,
વેદ વચન પરમાણો. સદ્દગુરૂ જ્ઞાન પતી ૧
વણુ સ્વારથ ઉપદેશ કરે છે, વેદવચન મુખથી ઉચરે છે;
પાપીજનનાં પાપ હરે છે, ભવસાગરથી બહાર કરે છે,
મોહન ગુરૂ પુલ માનો. સદ્દગુરૂ જ્ઞાનપતી૦ ૨

ગરબો.

સારૂં સારૂં રે સુરત—એ રાગ.

જેને સદ્દગુરૂની સહાય, તે નર પૂરા છે;
નુગરા જન જે કહેવાય, તેજ અધુરા છે. જેને ધૃ
નુગરાના ઘર પાંચ પુત્ર પણુ સદગતી ન સધાયરે;
સુગરા પુત્ર વગરના હોએ, તોપણુ મોક્ષ પમાય. તે નર ૧
નુગરા પાસે અગણિત લક્ષ્મી, તો પણુ નર્કે જાય રે;
સુગરા હોય ધનાહણુ કદી પણુ, સ્વર્ગ નિવાસી થાય, તે નર ૨

નુગરા હોય ભણેલ કદી પણ, આત્માના ઓળખાયરે;
સુગરા હોએ અભણ કદી પણ, ભવસિંધુથી તરાય. તે નર ૩
નુગરાના ઘર નારી હશે પણ, દુઃખ થકી ન છુટાયરે;
સુગરા હોએ બ્રહ્મચારી પણ, સુખમાં ઉમ્મર જાય. તે નર ૪
નુગરાના ચિતમાંહી ચેતે, ચીંતા હોળી સદાયરે;
સુગરા ચીતમાંહી આનંદીત, સદા દીવાળી થાય. તે નર ૫
નુગરા જન તો નિત્ય પરાધીન પશુતુલ્ય મનાયરે;
મોહન સુગરા સ્વાધીન નિત્યે, દેવ તુલ્ય દરશાય. તે નર ૬

પદ ઝીંઝોટી જંગલા.

પનીયાં મેં કૈસે ભરૂં છોટી ન નદીયાં—એ રાગ.

સદ્‌ગુરૂ દેવ દયાળ, શરણે રાખો રે   સદ્‌ગુરૂદેવ ધ્રૂ
જગદાવાનળમાં, મહા દુઃખ પામું રે;
શાંતી કરો તતકાળ, શરણે રાખોરે.   સદ્‌ગુરૂ ૧
હું છું કામીરે, નહીં કંઇ ખામીરે;
ચાલું ચાલ કુચાલ, શરણે રાખો રે,   સદ્‌ગુરૂ ૨
સજ્જન વિપ્રોને, હું નહિં સેવું રે;
સેવું વૃશ્ચિક વ્યાલ, શરણે રાખો રે.   સદ્‌ગુરૂ ૩
અમૃતરસને રે, ઢોળી દીધો રે;
પીઉં ઝેર કરાળ, શરણે રાખો રે.   સદ્‌ગુરૂ ૪
ભર વસ્તીમાં રે, હું લુટાણો રે;
મારો ગયો ધન માલ, શરણે રાખોરે.   સદ્‌ગુરૂ ૫

સજ્જન મિત્રોને, લુટી લીધા રે;
કીધા શત્રુ નિહાલ, શરણે રાખો રે. સદ્‌ગુરૂ ૬
ધર્મ પ્રમાણે રે, હું નથી ચાલ્યો રે;
ખેલ્યો ખોટા ખીઆલ, શરણે રાખો રે. સદ્‌ગુરૂ ૭
સત શ્રદ્ધાથી રે, શરણે આવ્યો રે;
રાખો મોહન મરાળ, શરણે રાખો રે. સદ્‌ગુરૂ ૮

પદ. કલ્યાણ.

ગુરૂ દેવ કરૂં સેવ મને ટેવ પડી,
ગુરૂ દેવ તણા દેવ છો અવેવ હરી;
જાઉં ભવસિંધુ તરી, કદી જનમું ન ફરી. ગુરૂદેવ કરૂં ધ્રુ
પખાળું પાદ પુનિત પ્રેમ તણા પાણી થકી;
બિચાર વસ્ત્ર પરિધાન કરો મહેર કરી. ગુરૂદેવ ૧
લગાવું ચંદન પવિત્ર ચિત્ત તણું ગુરૂ;
ચડાવું પુષ્પ પુનિત ભાવતણાં ભાવ ધરી. ગુરૂદેવ ૨
ચડાવું અક્ષત અસંગ તણા હર્ષ થકી;
કરૂં વૈરાગ તણો ધુપ આજ ધન્ય ઘડી. ગુરૂદેવ ૩
પ્રજાળું જ્ઞાનનો અખંડ દીપ હું ઉમંગે;
ધરાવું નૈવેદ શ્રધ્ધાની સામગ્રી ખરી. ગુરૂદેવ ૪
અહો દયાનીધી તાંબુલતો સંતોષ તણું.
સ્વિકારો મોહન તન મનની દક્ષિણા જરી. ગુરૂદેવ ૫

પદ. આરતી.

જય જય સદ્ગુરૂ દેવ, મોક્ષ તણા દાતા (૨)
પંચ દેવ પણ ગુરૂની, આરતી નિત ગાતા. જયજય ધ્રૂ
રૂપ ધરી ગણપતીનું, સૃષ્ટી તમે કરી (૨)
વેદ ધર્મ સૌ પ્રગટયા, જાતી ચાર ખરી. જયજય ૧
વિષ્ણુરૂપે આપ, પ્રગટી જગ પાળો; (૨)
ભવજલમાં ભક્તોને, ડુબતાં કર ઝાલો. જયજય ૨
રૂદ્ર રૂપે ગુરૂ દેવ, દુરીજન સંહારો; (૨)
ભક્ત શિષ્યના શીરપર, હસ્તકમળ ધારો જયજય ૩
અંબા રૂપે આપ, સચરાચર વ્યાપ્યા; (૨)
રક્ષણ ચૌદ ભુવનનું, કરી સુખડાં આપ્યાં. જયજય ૪
ત્રિલોક ચક્ષુ રૂપ, આપ સૂર્ય થઇને; (૨)
તિમિર હરો ત્રિભુવનનું, જ્ઞાન દાન દઇને. જયજય ૫
સદ્ગુરૂ દેવ પ્રત્યક્ષ, વેદ શાસ્ત્ર ભાખે (૨)
શ્રદ્ધાથી જો સેવે, અમૃતરસ ચાખે. જયજય ૬
દેવપતી ગુરૂ દેવ, તીર્થપતી ગંગા; (૨)
ભક્તપતી મોહન જન, મન હોએ ચંગા. જયજય ૭

પદ. વેરાવળ.

વનચર વીરા વધામણી. એ રાગ.

સદ્ગુરૂ દેવ દયા કરો, મુજને પાર ઉતારો;
રામ નામ જાણું નહીં, કયમ થાશે નિસ્તારો. સદ્ગુરૂ ધ્રૂ

મન મર્કટ છે માહરૂં, એકજ ઠામે ન ઠરતું;
ભોગ વિષયની આશથી, ચૌદે લોકમાં ફરતું. સદ્ગુરૂ ૧
અપરાધ એવો ન કોઇ છે, કે જે મેં નહીં કીધો;
ગૌ બ્રાહ્મણને છેતર્યા, નથી પાપથી બીધો. સદ્ગુરૂ ૨
છાપાં લગાવું કામનાં, લોભ તીલક દઉં ભાલે;
પહેરૂં વિષય પોશાકને, ચાલું અવળી ચાલે. સદ્ગુરૂ ૩
ઇર્ષા ચરણામૃત ચોપડું, મોહ માળા જપું છું;
આસન બેસું અધર્મના, પાપીમાંહી ખપું છું. સદ્ગુરૂ ૪
હીલડું દુરીજન જોઇ ઠરે, સંત દેખી બળું છું,
પુજન કરૂં પાખંડીનું, પાપી ભેગો ભળું છું. સદ્ગુરૂ ૫
દ્વૈત મારગમાં માહરૂં, ચીત્ત ચોંટે છે જઇને;
ના કરવાનું હું કરૂં, રહું છું દાસ થઇને. સદ્ગુરૂ ૬
પરમારથ કરતો નથી, સૌના બોલ ઉથાપું;
પણ પ્રમદા માગે કદી, તો જે માગે તે આપું. સદ્ગુરૂ ૭
મોહન સંતની શીખને, લક્ષે કદીએ ન ધારૂં;
અવગુણ એવા અનેક છે, મુખથી શું વિસ્તારૂં. સદ્ગુરૂ ૮

પદ. સદર.

સદગુરૂ શરણે રાખશો, કરગરી બિનતી કરૂં છું,
જગબંધન છુટતું નથી. લખચોરાશી ફરૂં છું. સદગુરૂ.ટૃ.
પ્રયાગમાં મુજ જન્મ છે, વાસ કાશી કરૂં છું;
તીરથ માત્ર કરી ચુકયો, પણ હું જનમું મરૂં છું. સદગુરૂ. ૧.

સુણી કથા ઘણીવાર છે, પણ ના ચીત્ત પલળીયું,
અપવાસ કીધા અનેક છે, પણ ના હરીરત્ન જડીયું. સદગુરૂ. ૨
ખોટાં ખતતો લખ્યાં ઘણાં, ખોટી પુરી છે શાખો,
ઘરબાર લીધાં કૈકનાં, રોવરાવ્યા છે લાખો. સદગુરૂ. ૩
કપટ કરૂં વ્યવહારમાં, સ્વપ્ને સાચું ન બોલું,
મન માને ત્યમ હું કરૂં, મનની મોજે હું ડોલું.સદગુરૂ. ૪
ધુતી ધુતી ધન મેળવ્યું, કુડાં કરમો કરીને,
જુઠા દીલાસા આપી આ, મનુષાદેહ ધરીને. સદગુરૂ. ૫
બગ ભક્તિ કરૂં ભાવથી, ભોળા જનને ભમાવા,
કરમાં માળા લઈ જપું, નિત્યે પૈસા કમાવા. સદગુરૂ. ૬.
દંત પડયા પળી ઉગીયાં, ઓછું આંખે દેખાયે,
અંતસમય આવ્યા છતાં, તૃષ્ણા વધતી જ જાએ.સદગુરૂ. ૭
દેવામાં સમજું નહીં, ફક્ત લેવાનું જાણું,
મોહન ગુરૂમન પારખે, રાખું શીરીતે છાનું. સદગુરૂ. ૮

પદ. ધોળ.

આ ન હોય મારી વાડી હું રમતો. એ રાગ

જે શુરા હોય તે ઝુઝે, સુગરા સદગુરૂને પૂજે રે,
હરીગુરૂ નુગરા કાયરને નહીં મળે રે. ધૃ.
ગુરૂ અકથ કથા સંભળાવે, ગુરૂ અગમ નીગમ બતલાવે રે.
નિરંજન અંજનમાં આવીને ફળે રે. જે શુરા હોય તે. ૧
ગુરૂ શત્રુ મિત્ર દરશાવે, ગુરૂ પાપ પુણ્ય સમજાવે રે,

પાત્ર કુપાત્ર પરિક્ષા વિના શું વળે રે,
ગુરૂસંગ અસંગ કરાવે, ગુરૂરંગ અરંગ લગાવે રે,
વિનાશી વસ્તુ ને અવિનાશી કરે રે. જે શૂરા હોય તે. ૩
ગુરૂ અનુપમ ઉપમા ભાખે, દુઃખ કેરૂં સુખ કરીનાંખે રે,
અલક્ષવસ્તુને લાવી લક્ષે ધરે રે. જે શૂરા હોય તે. ૪
ગુરૂ જાપ અજપા જાપે, ગુરૂ અબોધ બોધ આપે રે,
કાઢીને અજ્ઞાન જ્ઞાનને આપશે રે. જે શૂરા હોય તે. ૫
ગુરૂ દ્રશ્ય અદ્રશ્ય કરીદાખે, અગોચર ગોચર કરી નાખે રે.
અસત્યમાંથી સત્ય વસ્તુને થાપશેરે. જે શૂરા હોય તે. ૬
ગુરૂ અરૂપરૂપ દેખાડે, અનહૃદ હૃદમાં પહોંચાડે રે,
ભેદ અભેદ કરી સંશયને ટાળશેરે. જે શૂરા હોય તે ૭
ગુરૂ અતકર્યતર્ક કરાવે, ગુરૂ અચિંત્ય ચિત્તમાં લાવે રે;
નિર્ભયપદ આપી મોહન ભય ખાળશે રે, જે શૂરા હોય તે.૮

પદ. આરતી.

જય શ્રી સદગુરૂ દેવ, જય અંતર્યામી, (૨)
આરતી કરી આરાધું, વંદું શીર નામી. જય શ્રી. ધ્રૃ.
કોટી શશીસમ શીતળ, નિર્મળ છો નામી, (૨)
અખંડ સ્વયં પ્રકાશીત, સુરગણુના સ્વામી. જય શ્રી. ૧
અસંગ વ્યોમસમાન, વ્યાપક ઘટઘટમાં, (૨)
સુર અસુર જડ ચેતન, તંતુ ઘટ પટમાં. જય શ્રી. ૨
ભવભંજન અરિગંજન, મનરંજન કરશો, ૨)

નાથ નિરંજન કીંકર, શીરપર કર ધરશો. જય શ્રી. ૩
કાપ પાપ પરીતાપ, કોટી જનમકેરા,
ટાળો તમ ઉર કેરૂં, જાય જગતફેરા. જય શ્રી. ૪
માગું કર જોડીને, અક્ષય પદ આપો, (૨)
નિજનું બિરદ સંભારી, કષ્ટ સકલ કાપો. જય શ્રી. ૫
વિજયધ્વજા ફરકાવો, વેદ ધર્મ કેરી, (૨)
પ્રલય કરો પાખંડી, સત્યજ્ઞાન વેરી. જય શ્રી. ૬
તનમન ધનથી ભૃત્ય, મોહન મન જાણી (૨)
રાખો ચરણ શરણમાં, આનંદ ઉર આણી. જય શ્રી. ૭

પદ. આરતી.

જયજય સદગુરૂ દેવ, જય વિશ્વાધારા, (૨)
અચલ અનાદી અકામી, ભવભય હરનારા. જયજય. ધ્રૂ.
પંચ કલેશને કાપો, શીરપર કર થાપો, (૨)
પાપો અપાપ કાપો, નિર્ભય પદ આપો. જયજય. ૧
ષટ ઉર્મીષટ ભાવ, તન મનના ટાળો, (૨)
તાપવિકાર નિવારો, દુર્બુદ્ધિ બાળો. જયજય. ૨
નિજરૂપ સર્વ પ્રકાશે, ઉડગણ ગ્રહ નભમાં (૨)
રવિશશી શિવમાં વ્યાપક, વળી શ્રી વલ્લભમાં. જય. ૩
પરમાત્મારૂપ આપ, જગદીશ્વર જાણું (૨)
અડસઠતીરથ ગુરૂના, ચરણે પરમાણું. જયજય. ૪
આપ દેવના દેવ, બુધજન ગુણ ગાએ (૨)
ગુરૂચરણ સેવાથી, જન્મ મરણ જાએ. જયજય. ૫

સ્થિતિ ઉત્પત્તિ નાશ, ત્રિભુવનના કરતા, (૨)
સચ્ચિદાનંદ સ્વામી, કાળતણા હરતા. જયજય. ૬
ઉત્તમ આરતી ગુરૂની, જે કોઇ ગાશે (૨)
મોહન સૌ દુઃખ વામે' સત્ય લોક જાશે. જયજય. ૭

પદ. ઠુમરી.

નમું પદે ગિરિજા પતીને. એ રાગ.

નમું પદે શ્રી સદગુરૂને, ત્રિભુવનનાયક ઉપમા લાયક,
સુખદાયક દુઃખ હરતા, જાઉંવારી, બલીહારી, ભક્તસુરતરૂ ને.ધ્રુ.
અગમ અવેવ અકામ, છો સુખધામ, હૃદયા રામ, જન વિશ્રામ,
પોતે રામ, પૂરણ કામ. ત્રિભુવન નાયક. નમુંપદે. ૧
આપ જગત કરતાર, જગદાધાર, જગસંહાર, પણ કરનાર,
સર્વાધાર, નીરાધાર. ત્રિભુવનનાયક. નમુંપદે. ૨
આપ વિષ્ણુઅવતાર, શિવ સુખકાર, અજ નિરધાર,
અમિત અપાર, છો સરદાર, નિર્વિકાર. ત્રિભુવન.નમુંપદે. ૩
આપમોહનશિરતાજ, છો ગુરૂરાજ, ભવજળ જહાજ, સૌ.
સુખસાજ, સારો કાજ, રાખોલાજ. ત્રિભુવન. નમુંપદે. ૪

પદ. રામશ્રી.

વૈદરભીવનમાં વલવલે. એ રાગ.

સદગુરૂ તત્વનું તત્વ છે, જાણે જ્ઞાનીજન,
અનુભવી હોય તે ઓળખે, જેની લાગી લગન. સદગુરૂ. ધ્રુ.
કારતકે કપટને કાઢીને, કીજે સત્યનો સંગ,

સાચે રાચે રામજી, જુઠે દુઃખનો જંગ. સદગુરૂ. ૧
માગશરે મન નિર્મલ કરો, ત્યારે ચડશે રંગ.
પૂન્ય હુશે જો પૂર્વનું, તો થાશે સતસંગ. સદગુરૂ. ૨
પોષે પુરણ ગુરૂ સેવીએ, રાખીને વિશ્વાસ,
જન્મ મરણ જેથીટળે, થાય નાગર્ભવાસ. સદગુરૂ. ૩
માઘમાં મમતા ટાળીએ, જપીએ ગુરૂનો જાપ,
ઘટ ઘટ ગુરૂને ભાળીએ, ટળશે પાપ અમાપ. સદગુરૂ. ૪
ફાગણે ફરી ફરી ના મળે, રૂડું માણસ તન,
આ તન છે ચિંતામણી, માટે કરીએ જતન. સદગુરૂ. ૫
ચઇતરે ચીંતા ટળી જશે, જોચઈતન દરશાય,
દરપણ જેવું ચિત થશે, ત્યારે મુખ નીરખાય. સદગુરૂ. ૬
વૈશાખે રાખો વિવેકને જેથી મોહ પળાય,
મોહ ગયાથી છુટા થશો, ત્યારે દુઃખ સૌ જાય.સદગુરૂ, ૭
જેઠે જનમને સુફળ કરો, રાખો જનમ્યાનું માપ,
પુરણ બ્રહ્મ પિછાનીને, તરશો આપો આપ. સદગુરૂ. ૮
આશાઢે આશા નરાખીએ, ધન તનની લગાર,
જુઠું જગતને જાણીને, તેમાં કરીએ ન પ્યાર. સદગુરૂ. ૯
શ્રાવણે સુખનાં સાધનો વેદ કહે છે અનંત,
પણ ગુરૂની કરૂણા વીના, દુખનો આવે ન અંત. સદગુરૂ. ૧૦
ભાદરવે ભયના રહે, ગુરૂના શરણે જાય,
સાધનની શી જરૂર છે, જેને ગુરૂની સહાય. સદગુરૂ. ૧૧

આસોએ આશા પુરી થશે, પૂરે પરની આશ,
તે પરમારથ પ્રીછશે, જેના ઘટમાં પ્રકાશ. સદગુરૂ. ૧૨
અધિકે અધિક ભ્રમ ભાગશે, થાય અધિકો ઉમંગ,
મોહન સદગુરૂ શીખથી, કદીએ ઉતરે ન રંગ. સદગુરૂ. ૧૩

પદ. ગરબી.

મારારે સ્વામી બોલો. એ રાગ.

ભજો સહુ ભાવ થકી ગુરૂને, સેવો પ્રીતેથી સુર તરૂને. ભજો. ધૃ.
આદીત્યે ઇશ્વર નહીં છેટા, સર્વેના અંતરમાં બેઠા
મુરખને લાખો ગાઉ છેટા, ભજો સહુ ભાવ થકી. ૧
સોમે સુરતા લાગી શુનમાં, રહ્યુ નહીં ભાન કશું તનમાં
ગયો જેમ ભ્રમરકમલ વનમાં, ભજો સહુ ભાવ થકી. ૨
મંગળવારે મંગળ કાર્ય થયું, અમંગળ સર્વ વિનાશ થયું.
હરીગુરૂ સંતનું ભજન થયું, ભજો સહુ ભાવ થકી. ૩
બુધવારે બુદ્ધિમાં નહીં આવે, પ્રાણ મન પણ જ્યાં નહિં ફાવે.
એવી વસ્તુ સદગુરૂ દરશાવે, ભજો સહુભાવ થકી. ૪
ગુરૂવારે ગુરૂગુરૂ કરીએ, અંતરનો મેલ પરીહરીએ.
સેહેજે ભવસાગરને તરીએ, ભજો સહુ ભાવ થકી. ૫
શુકરવારે શું કરશે હુરીજન, કરો ભાવેથી ગુરૂસેવન.
થશે નહીં દુખ જરા તનમન, ભજો સહુ ભાવ થકી. ૬
શનીવારે શાણા જન સમજે, મુરખ જગ આશ કદી ન તજે
મોહન સુગરા નીત રામ ભજે, ભજો સહુ ભાવ થકી ગુરૂને ૭

પદ. સહર.

પીયો શ્રી ગુરૂગમરસ ભોગી, જેને જાણે વિરલા જોગી. ધ્રૃ.
પડવે એ પ્રીત ગુરૂની ખરી, અવિદ્યા સરવે ગઇ છે મરી.
ગયા ભવસિંધુથી પાર તરી. પીયો શ્રી ગુરૂ ગમરસ. ૧
બીજે બની આનંદની એ લી, કઠણ સૌ બાત થઇ સહેલી.
અમૃત મુકી કોણ જમે સે'લી, પીયો શ્રી ગુરૂ ગમરસ. ૨
તિજે તુહી ધન તનની મમતા, અચળ ઉરમાં આવી શમતા.
મલ્યા ગુરૂ મુજને મન ગમતા. પીયો શ્રી ગુરૂગમરસ. ૩
ચોથે તો ચેતે ચતુર જગમાં, તેને નહીં રોગ રહે રગમાં.
માને નહીં મુરખ કળીજુગમાં, પીયો શ્રી ગુરૂ ગમરસ. ૪
પાંચમે પંચ કલેશ ટળીયા, હરી મારા હૈયામાં મળીયા.
આજે સૌ દેવ મને ફળીયા. પીયો શ્રી ગુરૂ ગમરસ. ૫
છઠે સૌ શત્રુ ગયા નાશી, કાયા થઈ ગઇ નિર્મલ કાશી.
કીધો મુજને ગુરૂએ અબિનાશી, પીયો શ્રી ગુરૂ ગમ. ૬
સાતમે સુરતા સહેજ લાગી, નાગણી કુંડલીની જાગી.
દેખી દુગ્ધા દુરથી ભાગી, પીયો શ્રી ગુરૂ ગમરસ ભોગી. ૭
આઠમે એક અચંબો ખરે, માછલડી જલમાં તરસે મરે.
કહો તેનું દુઃખ તે કોણ હરે, પીયો શ્રી ગુરૂ ગમરસ. ૮
નોમે તો નૌતમ ખેલ થયો, નારી સહ નાગ તે વશ થઈ ગયો.
એવો ગુરૂ મહિમા ન જાયે કહ્યો, પીયો શ્રી ગુરૂ ગમરસ. ૯
દસમીએ દેવ થયા પરસન, રહ્યા રોમ રોમમાં જગજીવન.
દયા કરી આપ્યું અભય વચન. પીયો શ્રી ગુરૂ ગમરસ. ૧૦

એકાદશીએ અમૃતને પીધું, કપટ છલ કર્મ તજી દીધું.
એકાદશી વ્રતને સુફળ કીધું, પીઓ શ્રી ગુરૂ ગમરસ. ૧૧
દ્વાદશીએ જ્ઞાન તણું ભોજન, કરે ગુરૂને અરપી ધન તન.
સુફલ છે તે નરનું જીવન, પીયો શ્રી ગુરૂ ગમરસ. ૧૨
તેરસે તેરસને જાણ્યો, જેને સહુ વેદોએ વખાણ્યો.
ગુરૂગમથી તે પુરણ માણ્યો, પીયો શ્રી ગુરૂ ગમરસ ભોગી. ૧૩
ચૌદશે ચોદશ અજવાળું, ઉઘાડયું સદ્‌ગુરૂએ તાળું.
હવે નથી લાગતું જગ વહાલું, પીયો શ્રી ગુરૂ ગમરસ. ૧૪
પૂનમે પૂરણ બ્રહ્મ મલ્યા, નદી નદ જેમ સમુદ્રે ભલ્યા.
શત્રુ દેખીને ઉર સર્વે બલ્યા, પીયો શ્રી ગુરૂ ગમરસ. ૧૫
અમાંસે થઇ અમૃતની વૃષ્ટી, ગુરૂજી રાખે દયાદ્રષ્ટી.
મોહન તેથી જીવે સકલ સૃષ્ટી, પીયા શ્રી ગુરૂ ગમરસ ભોગી. ૧૬

અથ બ્રાહ્મણમહિમા પ્રારંભ.

ખંમાચ. ઠુમરી.

બ્રાહ્મણ દેવ જગતમાં સાચો, ના માને જેનો ગુરૂ કાચો. બ્રા. ધ્રૃ
પશુ સરખાને પુરૂષ બનાવે, પત્થરને પણ દેવ મનાવે.
દે શિક્ષા જેવી મન ભાવે, સમજી મારે શબ્દ તમાચો. બ્રા. ૧
તન મનથી જે નિત્યશુદ્ધ છે, સૌ પુરૂષોમાં વિપ્ર બુધ છે.
કામાદીકથી યુદ્ધ કરે છે, દ્વૈતરૂપ જેને નહીં ખાંચો. બ્રા. ૨
બ્રહ્મા વિષ્ણુ મહેશરૂપ છે, સર્વ જાતિમાં વિપ્ર ભૂપ છે.
શું ઉપમા આપું અનૂપ છે, મુક્તીરૂપ ચલાવે સાંચો. બ્રા. ૩

બ્રાહ્મણનો મહિમા અતિ મોટો, શું જાણે જગમાં જન ખોટો.
જેને કદી ન આવે તોટો, મોહન વિપ્ર સમીપે યાચો. બ્રા. ૪

પદ. સદર.

ધાર્મિક જન બ્રાહ્મણને પૂજે, અંધ અધર્મીને નહીં સૂઝે. ધા. ધૃ.
વંધ્યા પણ સુરભિ પવિત્ર છે, પુત્રવતી ખરી અપવિત્ર છે.
તેમ મૂર્ખ પણ વિપ્ર મિત્ર છે, જેના નામથી અંતક ધ્રુજે. ધા ૧
ખોરૂં ઘી જો હોય કદાપી, દેવ દીપ વળી થાય તથાપી.
તાજું હોએ તેલ કદાપી, તોપણ તેથી દેવ ન રીઝે. ધા. ૨
શૂદ્ર જીતેંદ્રી કદી જણાએ, વિપ્ર સમાન કદી ન ગણાએ.
શિષ્ટ શ્રુતીથી એમ ભણાએ, શૂદ્રકાળથી કયમ કરી ઝુઝે. ધા. ૩
બ્રાહ્મણને પૂજે જે જગમાં, રોગ રહે નહીં તેને રગમાં.
ઠરશે જઇ ઈશ્વર લગભગમાં, મોહન જન્મ મરણ ઘારૂઝે. ધા. ૪

પદ. સદર.

બ્રાહ્મણથી સૌ અર્થ સરે છે, બ્રાહ્મણ સૌનાં પેટ ભરે છે. બ્રા. ધૃ.
વિપ્ર મુખે મંત્રો ઉચરાએ, તેથી જગતમાં વૃષ્ટી થાએ.
તે વૃષ્ટિથી અન્ન પમાએ, અન્ન વડે આનંદ કરે છે. બ્રા. ૧
બ્રાહ્મણ સૌ જીવને સંભાળે, બ્રાહ્મણથી સૌ સૃષ્ટી ચાલે.
બ્રાહ્મણથી સૌ જગમાં મહાલે, બ્રાહ્મણથી સૌ જીવતરે છે. ૨
બ્રાહ્મણથી સૌની ઉત્પત્તી, બ્રાહ્મણથી સૌ ટળે વિપત્તી.
બ્રાહ્મણથી સૌ સુખ સંપત્તી, બ્રાહ્મણ સાનાં દુઃખ હરે છે. ૩
વિપ્ર મુર્ખને અક્કલ આપે, બ્રાહ્મણ ભવબંધનને કાપે.

બ્રાહ્મણ બોલન કોઈ ઉથાપે, મોહન વેદ શ્રુતી ઉચરે છે. બ્રા. ૪

ખદ. સદર.

બ્રાહ્મણને જે નિત્ય ઉપાસે, તેનાં દુખ સંકટ સૈ નાસે. ધ્રૂ.
બ્રાહ્મણની જે કરશે સેવા, તેણે પૂજ્યા સરવે દેવા.
તેજ જાણવી ઉત્તમ હેવા, નિત્ય રહે વિવેક ઉજાસે. બ્રા. ૧
ધર્મવૃક્ષનું વિપ્ર મૂળ છે, અન્ય જાતી સૈ ફળ ને ફુલ છે.
વૃક્ષ તણો આધાર મૂળ છે, મૂળ શિંચે ફળ ફુલ વિકાસે. બ્રા ૨
વિપ્ર વિશ્વમુખ નેત્રરૂપ છે, ભુજારૂપ સૈ ભવ્ય ભૂપ છે.
મુખ લોચન સૌથી અનૂપ છે, જેથી અંગ રહે ઉલ્લાસે. બ્રા. ૩
જે બ્રાહ્મણની સંગત કરશે, કોટી જન્મનાં પાતક હરશે.
મોહન ભવસાગરથી તરશે, જ્ઞાનભાનૂ નિજ હૃદય પ્રકાશે. બ્રા. ૪

રાગ. પુનમચાંદનીનો.

અખિલ બ્રહ્માંડ વિષે, બ્રાહ્મણ બ્રહ્મરૂપ છે સ્વરે.
બીજા દેવ ઘણા, પણ નહિં વિપ્ર સમાન. શ્રદ્ધાપ
રાખી સેવો પદપંકજ ગુરૂ વિપ્રનાંરે. અખિલ. ધ્રૂ.
વિપ્ર વિના મુકતી નહીં, વિપ્ર વિના નહિં કર્મ.
વિપ્ર વિના વિદ્યા નહીં, વિપ્ર વિના નહિં ધર્મ.
કરોડો યત્ન કરે, વિપ્ર વિના ફળશે નહીંરે,
વિપ્રના વચન થકી, પ્રગટ થાય ભગવાન. શ્રદ્ધા રાખી ૧
વિપ્ર વિષ્ણુનું રૂપ છે, વિપ્ર વિરંચી આપ.
વિપ્ર મહેશ સ્વરૂપ છે, વિપ્ર ગુરૂ નિષ્પાપ.
વિપ્રના વચન વિષે, અષ્ટ સિદ્ધિ નવ નીધી છેરે.

વિપ્રની કૃપા વિના, ટળશે ના અભિમાન. શ્રદ્ધા રાખી ૨
વિપ્રકૃપા મહા લાભ છે, વિપ્રદ્વેષથી હાણ;
વિપ્રકૃપાથી જ્ઞાન છે, વિપ્રદ્વેષ દુઃખખાણ.
વિપ્રની સેવ થકી, રામ પરમ પદ પામીઆરે;
વિપ્રની સેવાથી, અજીત કૃષ્ણ ભગવાન. શ્રદ્ધા રાખી ૩
જનક વિપ્રસેવા થકી પામ્યા પદ નિર્વાણ;
વિપ્ર તણી સેવા વીના, કદી ન થાય કલ્યાણ.
મોહન સૌ વિપ્રોને, મનુષ્ય રૂપે નહીં જાણવારે;
સદા ત્રિકાળ વિષે, બ્રાહ્મણદેવ પ્રમાણ. શ્રદ્ધા રાખી. ૪

પદ. સહર.

અભય પદ ચાહો તો, વિપ્રશરણ સાચું ગ્રહોરે;
અન્ય ઉપાય થકી, સમશે નહીં ભયશોક. સેવોપદ;
પંકજ વિપ્રોનાં શ્રદ્ધા ભાવથીરે. અભયપદ. ધૃ.
બ્રાહ્મણના સહવાસથી, એક પંથ બે કાજ;
આલોકે વિજય મળે, પરલોકે રહેલાજ,
દુષ્ટ પાખંડીને, બ્રાહ્મણ કાળ જણાય છે રે;
ભક્ત ધર્માત્માને, દેવરૂપ દરશાય. સેવો પદ પંકજ. ૧
બ્રાહ્મણના સહવાસથી, નીચ ઉંચ થઇ જાય;
બ્રાહ્મણના સહવાસથી, પ્રવિણ મૂર્ખ પણ થાય.
કાચ જેમ પારાથી, દરપણ નામ ભણાય છે રે;
અન્ય તરૂ સુખડના, સંગે સુખડ થાય. સેવોપદ. ૨

જેમ ભુપ શરણે ગયે, મટે શત્રુ ભય શોક;
તેમ વિપ્ર શરણે ગયે, ઘટે પાપના થોક.
પાપનો નાશ થએ, સદ્ય ઉદય થશે પૂણ્યનોરે;
પુણ્યથી વિપ્ર મળે, તેથી તરે બેઉ લોક. સેવોપદ. ૩
બ્રાહ્મણવણ ત્રણલોકમાં, કાળ સર્વને ખાય;
વિપ્રકાળના ઘર જશે, **તો પણ તે** પૂજાય,
બોધ આ તરવાનો, મોહન સજ્જન માનશેરે;
વિપ્રની કૃપાથકી, પાપ થાય સૌ ફોક. સેવો પદ. ૪

ઇંદ્રવિજયની ચાલ.

વિષ્ણુ પ્રસન્ન કરે જગમાં જન તે જનને વઇકુંઠ મળે છે,
રૂદ્ર પ્રસન્ન કરે કદી જે જન તે જન તો શિવલોક ભળે છે;
ઇંદ્ર પ્રસન્ન કરે જગમાં જન તે જનને નૃપતી કરી થાપે,
વિપ્ર પ્રસન્ન કરે જગમાં જન તે જનને મનવાંછિત આપે. ૧
સિંધુ પ્રસન્ન કરે કદી યત્નથી સિંધુ મહામણી રત્નજ દેછે,
લક્ષ્મી પ્રસન્ન કરે જગમાં કદી તે જન તો ન દરિદ્રી રહે છે;
તીર્થ પ્રસન્ન કરે જગમાં કદી તે જનનાં સહુ દુષ્કૃત કાપે,
વિપ્ર પ્રસન્ન કરે જગમાં જન તે જનને મનવાંછીત આપે. ૨
પિતૃ પ્રસન્ન કરે કદી જે જન તે જનનો બહુ વંશજ વાધે,
માતૃ પ્રસન્ન કરે કદી જે જન તે જનને બહુ અન્નજ લાધે;
દેવ પ્રસન્ન કરે જગમાં જન તે જનનો નહીં બોલ ઉથાપે,
વિપ્ર પ્રસન્ન કરે કદી જે જન તે જનને મનવાંછીત આપે. ૩

સૂર્ય પ્રસન્ન કરે જગમાં કદી તે જનને શરદી નહીં લાગે,
ચંદ્ર પ્રસન્ન કરે જગમાં કદી તે જનથી ગરમી વળી ભાગે;
વાણી પ્રસન્ન કરે જગમાં જન તે જનના ગુણી ગાન અલાપે,
વિપ્ર પ્રસન્ન કરે કદી મોહન તે જનને મન વાંછીત આપે. ૪

સદર.

રાય બળી બળવાન અને ધનવાન વળી પુણ્યવાન ગણાતો,
વિપ્રતણી કરૂણા હતી ત્યાં લગી દેવ થકી પણ નાહી હણાતો;
તે બલી એકજ વિપ્રતણા લઘુ બાલકથી ત્રાહિ ત્રાહિ પોકાર્યો,
બ્રાહ્મણથી નહિ ગર્વ કરો કોઈ બ્રાહ્મણથી કહો કોણ ન હાર્યો. ૧
સૈન્ય અસંખ્ય હતું નિજને વળી હસ્ત હજાર મળ્યા વરદાને,
વિપ્રના દ્વેષથી નાશ થયો જગમાં જન વાત એ કોણ ન જાણે;
સત્તર વાર કર્યો ક્ષય ક્ષત્રી તણાકુળનો વળી ગર્વ વિદાર્યો,
બ્રાહ્મણથી નહિં ગર્વ કરો કોઈ બ્રાહ્મણથી કહો કોણ ન હાર્યો. ૨
વિપ્ર મહા બળવત્તર સાગરનું પણ વિપ્રથી પાન થયું છે,
વિપ્રથી ખાર થયો મહાસાગર મીષ્ટપણું સઉ નાશી ગયું છે;
લક્ષ્મીપતી સરખા પ્રભુને પણ વિપ્રે પદાબ્જ પ્રહાર પ્રહાર્યો;
બ્રાહ્મણથી નહીં ગર્વ કરો કોઇ બ્રાહ્મણથી કહો કોણ ન હાર્યો. ૩
ઇંદ્રનું વજ્ર વિનષ્ટ થયું વળી વિપ્રથી દેવ દનુજ ડરે છે,
વિપ્રથી વેન વિનાશ થયો જગ વિપ્ર વિરોધી ન કયાંઈ ઠરે છે;
વિપ્રે પરિક્ષીત રાય અને વળી બ્રાહ્મણે યાદવ વંશ ઉજાડયો,
મોહન વિપ્રથી ગર્વ કરો નહીં બ્રાહ્મણથી કહો કોણ ન હાર્યો! ૪

અથ દુર્જન નિરૂપણ.

કુંડળીયા.

ભગત જગતકો ઠગત હે કરત જ્ઞાનકી બાત,
બિચરત નિશદીન બિષયમેં બુઝે ન જાત કુજાત;
બુઝે ન જાત કુજાત બાત નિજ બડાઈ કેરી,
નિજ સ્વારથ જહાં હોય લગાવે વહાં નિત ફેરી;
ભિતર બિષ મુખ પિયુષ હે ભરમાવે સઘરો જગત,
નિતી ધર્મ જાને નહિં એ કે તે કલિકે ભગત. ૧
પડીયાચટ્ટુ ભગત હે જગમેં ઠારો ઠાર,
ધર્મ મર્મ જાને નહીં લૂટે સબ સંસાર;
લૂટે સબ સંસાર બાત પરહીતકી ભાખે,
કરે નહિં પરમાર્થ ઓરકી આશા રાખે;
શબ્દ કુટીલ કોમલ અરૂ મોહ નદી પુર બહુતહે,
સત્ય બચન બોલે નહીં પડીયાચટ્ટુ ભગત હે. ૨

છપ્પા.

રખે અંગકો સ્વચ્છ હૃદય બિકાર ભરે હે,
માને ઉત્તમ લચ્છ પાપસેં નહીં ડરે હે;
નિજકે અનંત દોષ ઓર નહીં નજર કરે હે,
એક બેર કર કાર્ય બેર શત મુખ ઉચરે હે;
બિબેક જાકો હે નહીં શરમ સમીપે ના રહે,
જાનો દંભી ભક્ત જો ગુરૂજનસેં સેવા ચહે. ૧

કરે સદા પરમાર્થ ઓરકી આશ ન રાખે,
હૃદય સદા સંતોષ આપ સમ સબકો દાખે;
સારાસાર બિચાર બસ્તુ બિબેક પિછાને,
ષટ સંપત્તીયુક્ત મૂર્ખ કયા ઉસકો જાને;
સુરતી હરી ગુરૂ ચરનમેં આત્મજ્ઞાન અનુરક્ત હે,
મોહન વિરલા જગતમેં ઐસે ભક્ત સુભક્ત હે, ૨

પદ. ગરબી.

માયામાં મનડું મોહ્યુંરે પામર. એરાગ.

ઇશ્વરનો ડર ના રાખેરે. એ ઠગ ભગતો,
સાચાં વચનો ના ભાખેરે. એ ઠગ ભગતો, ધ્રૂ.
પોતેતો કાળા અક્ષરને કૂટી મારે,
એ બીજાને શું તારે રે.એ ઠગ ભગતો. ઇશ્વર. ૧
રહ્યું ન જ્યારે દુનીયાંમાં કાંઇ ઠેકાણું.
ત્યારે માંડયું ભગતાણુંરે. એ ઠગ ભગતો. ઇશ્વર. ૨
પોતે તો શુદ્ર બીજાને બોધ કરે છે,
પાપેથી પેટ ભરે છે રે. એ ઠગ ભગતો. ઇશ્વર. ૩
લગાવે સુંદર છાપાં તીલકને ભાલે,
નિજધર્મ જરા ન પાળેરે. એ ઠગ ભગતો. ઇશ્વર. ૪
વિચાર્યા વિના પાડે હજારો તાળી,
પણ ના રીઝે વનમાલીરે. એ ઠગ ભગતો. ઇશ્વર. ૫
જરાએ વેદ કેરો ભેદ નહીં જાણે.

મનડું લલચાયે નાણેરે. એ ઠગ ભગતો. ઈશ્વર. ૬
પાખંડ કરી ભોળા જનોને ભમાવે,
એ જીવતાં નર્ક જમાવેરે. એ ઠગ ભગતો. ઈશ્વર. ૭
મોહન જન શાણા સમજજો થોડે,
શું ઝાઝું માથું ફોડેરે. એ ઠગ ભગતો. ઈશ્વર. ૮

પદ. આશાવરી.

રહી અકેલી મેરીજાન. એરાગ.

દુર્જન સુજન ન થાય, જગમાં. દુર્જન સુજન ન થાય. ધ્રુ.
પ્રીત ધરીને વાવે લીમડો ગંગાજળ સિંચાય,
જાત સ્વભાવ તજે નહીં તેની કડુતા કદી ન જાય. જ૦ ૧
ગર્ધવ શ્રી ગંગાજી જઇને નિત્ય કદાપી નહાય,
મંત્રતંત્ર ઉપચાર કરે પણ ગર્ધવ ગાય ન થાય. જ૦ ૨
અમૃત આરોગે વાયસ વિષ્ટા વણ તૃપ્ત ન થાય,
બગલો બેસે માન સરોવર પણ નહીં હંસ ગણાય. જ૦ ૩
સાકર ખર જો ખાય કદાપી તેનું મૃત્યુ થાય,
ભુજંગને પયપાન કરાવે તેથી ઝેર પમાય. જ૦ ૪
સંત સમાગમ કરે હમેશાં પણ નહીં અર્થ સધાય,
ચાર વેદનું શ્રવણ કરે પણ જીવપણું નહિં જાય. જ૦ ૫
શ્રુતિ શાસ્ત્રમાં મોહન જનના માટે સર્વ ઉપાય,
મધુ બિંદુ સિંધુમાં નાખે સિંધુ મધુર ન થાય. જ૦ ૬

ગરબી.

વાલેતો વિસારી મેલ્યાં. એ રાગ.

ભગત વૈરાગ વીનારે. મુમુક્ષુ. જાણો અક્કલ હીણારે. ધ્રૂ.
ભગતી કરે હમેશાં, છુટે ના જગત આશા. મુમુક્ષુ.
જહાં આશા તહાં બાસારે. મુમુક્ષુ. ભગત. ૧
પહેરવાને વસ્ત્ર ખાસાં, દુધમાં જોઇએ પતાસાં,
ગલ્યું તો જોઇએ હમેશાંરે. મુમુક્ષુ. ભગત. ૨
ભગત કહે મૂખથી, તજવું જરાએ નથી,
ધન માટે મરે મથીરે. મુમુક્ષુ. ભગત. ૩
ભગતની છાપ છાપી, નીંદા નારી કરી રાખી,
જુએ ના અંતર આંખીરે. મુમુક્ષુ. ભગત. ૪
પોતાની બડાઇ મારે, હરી તો છે વશ મારે;
જ્યાં જાઉં ત્યાં આવે હારે રે. મુમુક્ષુ. ભગત. ૫
જેના વશમાં હરી થયા. તેનાં દુઃખો કેમ રહ્યાં;
એને ઠગ ભકત કહ્યારે. મુમુક્ષુ. ભગત. ૬
એની તો બુદ્ધિ વેચાણી, નિચની જે સુણે વાણી;
ડુબવાની એ નિશાની રે. મુમુક્ષુ. ભગત. ૭
ખરો ભક્ત જાણો તેને, વિવેક વૈરાગ જેને;
મોહન સુજન માને રે. મુમુક્ષુ. ભગત. ૮

પદ. સદર.

હરીજનનો સંગ તજોરે, જગતમાં. ગુરૂગુરૂ નીત ભાજોરે.

દુરીજન હોય કેવા, આકડાના દુધ જેવા; જગતમાં. ધૃ.
જુઠું બોલ્યા તણી હેવારે. જગતમાં. દુરીજનનો. ૧
ધરમનું કાઢી બાનું, ગજવું ભરે પોતાનું;
રહે તે ક્યાં લગી છાનું રે. જગતમાં. દુરીજનનો. ૨
મતલબ હોય જ્યારે, ગુરૂ ગુરૂ કહે ત્યારે;
પછીથી નિંદા ઉચારે રે. જગતમાં. દુરીજનનો. ૩
ઉપરથી હાથ જોડે, પાછળ તેને વખોડે;
એવા ને તો પૂજો જોડેરે. જગતમાં. દુરીજનો. ૪
રાત કાળી તલ કાળા, લે ભાઈ તારા ને તારા;
એવા એ ધોળા ધુતારારે. જગતમાં. દુરીજનનો. ૫
ભગત બનીને બેસે, પેટમાં જઇને પેસે;
નરકને ખોળી લેશેરે. જગતમાં. દુરીજનનો. ૬
એવી તો વાતો ઉચારે, જીભમાં છે ધન મારે;
પેટ માટે ફાંફાં મારે રે. જગતમાં. દુરીજનનો. ૭
મોહન ગંગાજલથી, ગુદા શુદ્ધ થાતી નથી;
સજ્જનો કહે છે કથીરે. જગતમાં. દુરીજનનો. ૮

રાગ સદર.

સજ્જન પારખી લેજોરે. ભગત ઠગ.
ભોળા ને ચેતાવી દેજોરે. ભગત ઠગ; ધૃ.
ઠગ ભક્ત હોય કેવા, ઉપરથી બગ જેવા;
અંદરથી કાગ જેવા રે. ભગત ઠગ. સજ્જન. ૧

કોયલા દુધથી ધૂએ, ઉજળા ન થાય તોએ;
નિજ ધર્મ ના જુએ રે. ભગત ઠગ. સજ્જન. ૨
નિજમાં છે ખોડ ઘણી, ખોડ જુએ બીજા તણી;
પાપનો તો એ છે ધણી રે. ભગત ઠગ. સજ્જન. ૩
હીજડા જનોની પેઠે, ભેગા થઈને તાળી કૂટે;
મારૂં તારૂં નહીં છૂટે રે. ભગત ઠગ. સજ્જન. ૪
પોતાને જે જ્ઞાની માને, ભગત ઠરાવે તેને;
ઉંચ નીચ નહીં જાણે રે, ભગત ઠગ. સજ્જન. ૫
ધરમની મરજાદા, રાખવાની જેને બાધા;
બની બેઠા શાહજાદા રે. ભગત ઠગ. સજ્જન. ૬
ગુરૂની આમન્યા લોપે, સાચી વાત સુણી કોપે;
કાળે એને બાંધ્યો તોપે રે. ભગત ઠગ. સજ્જન. ૭
મોહન છે દાઢ પોલી, ચીતમાં બળે છે હોળી;
ધુતવાને બાંધી ટોળીરે. ભગત ઠગ. સજ્જન. ૮

ગરબી.

શીખ સાસુજી દે છે રે—એ રાગ.

ધાર્મિક જન સરવે રે, કથન શ્રવણે ધરશો;
ઠગ ભકતોની સંગત રે, કદાપી નહિં કરશો. ધૃ.
મોઢે હરી હરી બોલે રે, અંતરમાં કપટ છરી;
લાગ આવે જ્યારે રે, ત્યારે લે કામ કરી. ધાર્મિક. ૧
પરને ફંદામાંરે, નાખવા નહીં ચૂકે;

ઉપમા શું આપું રે, ગુરૂને નહીં મૂકે. ધાર્મિક. ૨
કુંભ ઝેરનો ભરીયો રે, ઉપર અમૃત દીસે;
તેની સંગત કરશે રે, ઝેર તે જન પીશે. ધાર્મિક. ૩
જાળ કપટ વચનની રે, પ્રથમ તે પાથરશે;
હાવ ભાવ બતાવીને, ભોલાનાં મનહરશે. ધાર્મિક. ૪
કામીને જેમ કુલટા રે, ધુતી ધકકો મારે;
તેવા છે ઠગ ભગતો રે, કોની ન ગરજ સારે. ધાર્મિક. ૫
ખોટી પ્રીત બતાવે રે, દાવ દીલમાં ધારે;
પહેલાં લાભ બતાવે રે, પછી ગોથું મારે. ધાર્મિક. ૬
પરસાદની લાલચ રે, હૃદયથી નહિં છૂટે;
ગલ્યું ખાવાના માટે રે, એ ખડતાળો કૂટે. ધાર્મિક. ૭
એનું અંતર મેલું રે, મોહન વળી બોધ કરે;
અમૃતરસ જગમાં રે, નહીં ઠીકરામાં ઠરે. ધાર્મિક. ૮

રાગ—સદર.

સંત સાધુ વિવેકી રે, વિવેક ઉરે ધરશો;
ઠગ દંભી ભગતનો રે, ભરોંસો નહીં કરશો. ધ્રૂ.
એ ઉપરથી રૂપાળા રે, ફરે થઇને કેવા;
દંભી ભક્ત જગતમાં રે, ઈંદ્રવરણા જેવા. સંત. ૧
ઉંદરડાની પેઠે રે, ફુંકીને કરડે છે;
મતલબમાં અંધારે, અડદ મગ ભરડે છે. સંત. ૨
વિષ વિંછીના ડંખે રે, સાપને દંત વિષે;

પણ દંભી દુરીજનને, ઝેર સૌ અંગ દીસે. સંત. ૩
કીડી ઇંદ્ર ભુવનમાં રે, કદી કોઇ સંગ જશે;
નીરખે નહીં શોભા રે, છીદ્ર તે ત્યાં જોશે. સંત. ૪
તેમ દુરીજન દેખે રે, પરાયાં છીદ્ર વળી;
નહીં સદગુણ પેખે રે, એની બુદ્ધિ અવળી. સંત. ૫
ચાલણી કચરાને રે, ગ્રહણ કરી અન્ન તજે;
તેમ દુર્જન દુર્ગુણ રે, ગ્રહણ કરી તેજ ભજે. સંત. ૬
જેમ પારધી વનમાં રે, હરણને મારે જઈ;
તેમ દુરીજન જગમાં રે, મારે વિશ્વાસ દઇ. સંત. ૭
દુખી દેખી દુરીજન રે, દયા નહીં ચીત્ત ધરે;
માટે મોહન શાણા રે, નહિં વિશ્વાસ કરે. સંત. ૮

રાગ સદર.

ઠગભક્ત ઘણા છે રે, ખરા ભક્ત વિરલા છે;
હંસ માનસરોવર રે, ઠારોઠાર બગલા છે. ધ્રૂ.
પ્રમદા તો ઘરોઘર રે, સતી નારી કોક સ્થળે;
પાખંડી હજારો રે, ખરા સંત કોક મળે. ઠગ. ૧
કપટી તો કરોડો રે, પ્રમાણીક બહુ થોડા;
સંતોષી છે થોડારે, લોભી લાખો જોડા. ઠગ. ૨
રાગી ઘરઘર હોએ રે, વિરાગી કોક દીસે;
નિજ આત્મવિલાસી રે, કોક છે જગ્ત વિષે. ઠગ. ૩
ફક્ત ચાહે પ્રભુને રે, ખરા ભક્ત એવા છે;

ઠગ ચાહે માયાને રે, જવાસા જેવા છે. ઠગ. ૪
એનાં કોઇક ઠેકાણે રે, હજારો કાબર છે;
સાપના શા ટોટા રે, જવલ્લે મણીધર છે. ઠગ. ૫
બહુ શ્વાન બિલાડાં રે, સિંહતો કોક સ્થળે;
મતલબીયું જગત છે રે, પરગજુ કોક મળે. ઠગ. ૬
ગજ મોતી જવલ્લે રે, મળે બહુ મીણ તણું;
તેમ હીરા હજારો રે, પારસ ના હોય ઘણા. ઠગ. ૭
હેમ પેઠે ન બોલેરે, મોહન તે ભક્ત ખરે,
ઠગભગત જગતમાંરે, કાંસા પેઠે સોર કરે. ઠગ. ૮

ગરબી.

ગાડી આવી ગુજરાત. એ રાગ.

ઓળખજો નરનાર, દુરીજનને ઓળખજો.
જોઈ કરો વ્યવહાર, દુરીજનને ઓળખજો. ટૃ.
મોઢે મીઠું બોલશો, પાછલ કાપે પાય;
એવાની સંગત કરે, કહો કેમ તે સુખીયો થાય. દુ. ૧
ભર્યું ઝેર અંતર વિષે, બોલે કપટી બોલ,
મોહ પમાડે મૂર્ખને; પણ સજ્જન કરશે તોલ. દુ. ૨
પાત્ર કુપાત્ર ન પારખે, ગાય ગધેડી એક,
અભિમાનમાં આંધળો, એતો જાણે નહિં વિવેક. દુ. ૩
કરે વણિક ગુરૂ સોનીને, કરે ન ધર્મવિચાર,
સોની કહે હજામને, વાહ વાહ ગુરૂ બલીહાર. દુ. ૪

સૌને શીશ નમાવશે, જુએ ન જાત કુજાત,
નિચી નજરે ચાલશે, જાણે હોય સંત સાક્ષાત. દુ. ૫
નમ્યા તણી તો રીત છે, ઘણું નમે નાદાન,
કપટી ફરી ફરી નમે, જેમ ચીત્તા ચોર કમાન. દુ. ૬
જુઠું બોલે હરઘડી, શરમ નહીં તલભાર,
કર જોડી વાતો કરે, એને જાણો ઠગ સરદાર. દુ. ૭
એવા ઉમરભર કરે, જો મોહન સતસંગ,
તોપણ કાળી કામળી, એને ના ચડે બીજો રંગ. દુ. ૮

રાગ. ઉપરનો.

ઠગભગતો બેશુમાર, જગતમાં. એ ઠગભકતો.
પાળે ન વચન લગાર. જગતમાં એ ઠગ ભગતો. ધ્રૂ.
સેવે સુખ સંસારનાં, વળી કહે હું ભકત,
આશાતો છુટતી નથી, એતો માયામાં અનુરકત. જ૦ ૧
સ્ત્રી પુત્રોને પાળવા, કરે પ્રપંચ હજાર,
રામરામ મુખથી જપે, પણ અંતર માંહી વિકાર. જ૦ ૨
બ્રાહ્મણને સાધુ કને, નિત્ય કરાવે સેવ,
ધર્મ લોક ઠગવા તણો, વળી પૈસો એનો દેવ. જ૦ ૩
ઘડીમાં ચાવે કોયલા, ઘડીમાં ચાવે પાન;
બંધ નહીં બોલ્યા તણો, એ તે ભગત કે હેવાન. જ૦ ૪
પોતામાં અવગુણ ઘણા, દે બીજાને શીખ;
બાનું કાઢી ધરમનું, એતો માગે ઘરોઘર ભીખ. જ૦ ૫

હાહા કરશે જે જનો, તેને આપે માન;
પણ ગુરૂજનને દેખીને, એતો મનમાં બળે નાદાન.જ૦ ૬
શુદ્ર જતેંદ્રી થાય પણ, કહો વીપ્ર કેમ થાય;
તેલ કદી તાજું હશે, પણ તે નહિં ઘી કહેવાય.જ૦ ૭
દુઝણી થાય ગધેડી પણ, ગાય નહીં કહેવાય;
વંઝા ગાય કદી રહે, પણ મોહન તે પૂજાય. જ૦ ૮

પદ. ઝીંઝોટી.

નાથ કેસે ગજકો બંધ.—એ રાગ.

કહો ભાઇ એ તે ભગત કે ભીખારી.
મમતા જેના ઉર જારી. કહો ભાઇ એ તે. ધ્રૂ.
અક્ષરબ્રહ્મનો ભેદ ન જાણે, લાગે પ્રતિષ્ઠા પ્યારી;
મારૂં તારૂં કદીએ ન ભૂલે, એ તે જ્ઞાની કે અનાડી. કહો. ૧
ભજન કરી ભોજન ધન માગે, દેખાડે લાચારી;
વળી એ બોધ કરે દુનીયાંને, જાતે શુદ્ર ખરારી. કહો. ૨
ધર્મ તણી મરજાદા લોપે, ગુરૂ પદવી ચીત ધારી;
ભગવત નામે ભેટ પુજા લે, નામ તણી બલીહારી. કહો. ૩
જ્યાં ત્યાં આપબડાઇ મારે, સુજને શ્રીરામ મહ્યારી;
તાળું તુટયું ને બુટ કુટયું, પાણી પતાળ ભર્યારી. કહો. ૪
વેદ તણી આજ્ઞા નહીં માને, રહે ન વશમાં જરારી;
વગર વિચાર્યું જમતમ બોલે, મણમણના પથરારી. કહો. ૫
નામે હીરા ને જાતે પત્થર, પારસ ભેગો ભહ્યોરી;

પણ લોઢાની સંગત થાતાં, પારસમાંથી ટલ્યોરી. કહો. ૬
કાન ફુંકે ને કંઠી બાંધે, સમજાવીને નરનારી;
પશુ પ્રમાણે પેટ ભરે છે, શરમ ન જેને લગારી. કહો. ૭
પર ઘર જઇને નાચે કુદે, મુખથી કરશે લવારી;
માગણ પેઠે વખાણ કર્યાથી, મોહન મળે ન મુરારી. કહો. ૮

પદ. ધનાશ્રી.

એવા ને ઠગ જાણ જગમાં, એવા ને ઠગ જાણ. ધ્રૂ.
પરોક્ષે નિંદા ઉચ્ચારે, પ્રત્યક્ષ કરશે વખાણ. જગમાં. ૧
વચન સુધા સમ મુખથી બોલે, અંતર ઝેર નિદાન. જ. ૨
પોતે જાતે તો નિરક્ષર, ફુંકે પંડીતના કાન. જ. ૩
સુરભી દોહી પાય શ્વાનને, કયમ રીઝે ભગવાન. જ. ૪
નિજવર્ણાશ્રમ ધર્મ ન પાળે, ટાળે ના અભિમાન. જ. ૫
બ્રાહ્મણ સાધુનો હક ખાઈ, આપ ચહે કલ્યાણ, જ. ૬
શુદ્ર થઇ જે જ્ઞાન કથે ને, ધરે અક્ષીણી ધ્યાન જ. ૭
મોહન જો સાધુ આ સેવે, વંચક એજ પ્રમાણ. જ. ૮

સદર.

દુરીજન ઠારોઠાર, જગમાં. દુરીજન ઠારોઠાર. ધ્રૂ.
ચંદન દ્રુમનાં દર્શન દુર્લભ, થુરીઆ અપરંપાર. જગમાં. ૧
મળે જવલ્લે હીરા માણેક, પથરાનો નહીં પાર. જગમાં. ૨
મોતી ક્વચિત મળે સાગરથી, શંખ મળે બે સુમાર. જગમાં. ૩
ક્વચીત જણાએ હંસ સારિકા, પણ બગ કાગ અપાર. જગમાં. ૪

દેશે દેશ મળે ડુંગળી પણ, કસ્તુરીનો કાળ. જગમાં. ૫
ઉદાર દાતા કોઇક જડે છે,કંજુસ ઘર ને બહાર. જગમાં. ૬
ગુણઓશિંગણુ ભાગ્યે મળશે, પણ ગુણુ ચોર હજાર. જગમાં. ૭
ભાવિક ભક્તો વિરલા મોહન, પણ ઠગ દ્વારોદ્વાર. જગમાં. ૮

પદ-ગરબી.

હરિ ભજન વિના દુખ દરીયા—એ રાગ.

આ કલિયુગમાં, ઠગ ભગતોનો શાણા સંગ ન કીજે;
મળે લગભગમાં, તોપણ તેને આદર ભાવ નદી જે. ધૃ.
જંગલમાં લૂટે લૂટારા, ચોટામાં લૂટે સોનારા;
ઠગભક્ત ધર્મના ધુતારા, આ કળીયુગમાં. ૧
મન મેલું ને માળા ઝાલે, કરે છાપાં તીલક સુંદર ભાલે;
સમજાવી કર્ણનાં ઘર ઘાલે, આ કળિયુગમાં. ૨
નિજકુળના ધર્મે ના વિચરે, પણ વિપ્ર થકી તે વાદ કરે,
ઇચ્છે તરવા બેશી પથરે. આ કલિયુગમાં. ૩
પાપી પણ પૈસાદાર હશે, તેની પખમાં જઇને પેસે,
મુરખમાં એ ગુરૂ બની બેસે, આ કળિયુગમાં. ૪
મનથી મમતા જરીએ ન ટળે, કોડી બદલે નિજ ચિત્ત બળે
ખડતાળ કુટયાથી કંઇ ન વળે. આ કલિયુગમાં. ૫
શ્રુતિશાસ્ત્ર પ્રમાણે ના વિચરે, પણ બીજાને ઉપદેશ કરે,
કહો એવા શઠ ભવ કેમ તરે. આ કલિયુગમાં ૬
જયાં ત્યાં જઈ નિજ ડહાપણુ ડાળે, જગમાં ભોળા જનને ભોળે

મળે બિશ્વાસુ તેને રોળે, આ કલિયુગમાં. ૭
જે દંભીની વાદે ચઢશે, તેને મોહન સુખ ના જડશે,
પણ રૌરવ નર્ક વિષે પડશે. આ કલિયુગમાં. ૮

મૂર્ખ લક્ષણ.

નાથ કેસે ગજકા બંધ. એ રાગ.

જગતમાં મૂર્ખજ ફીકર કરે છે, અજ્ઞાનથી તેની જડ દ્રષ્ટીમાં
સૌ કોઇ અન્ય ઠરે છે. જગતમાં મુર્ખજ ફીકર કરે છે ધ્રૂ.
વસ્તુ અસત્યને સત્ય સમજી શઠ તે પર નેહ ધરે છે;
વસ્તુ અસત્ય તો નાશ થાય છે, ત્યારે તે શોક કરે છે. જગ. ૧
સજ્જન વહોરે સત્ય વસ્તુને અસત્ય અળગી કરે છે;
સત્ય વસ્તુ સદાનંદ આપે, સહેજે ભવાબ્ધી તરે છે. જગ. ૨
ભૂખ્યું થવાથી પાળેલું પશૂ સ્થાન તજી વિચરે છે;
એવું અધીર અજાણુ પશુ તે રખડી જંગલમાં મરેછે.જગ. ૩
જન્મ થયા પહેલાં માતાના ઉરમાં પય જે ભરે છે;
જન્મ્યા પછી પણ તેજ ઉછેરે, જ્ઞાની એમ ઉચરે છે. જગ. ૪
આશ તજી સર્વે વસ્તુની હરિ ગુરૂ જે સુમરે છે;
મોહન તે આ જગમાં જાણો, નક્કી ભવાબ્ધી તરે છે. જગ. ૫

ગજલ. ઝીંઝોટી.

વિવેકી હોય તે વિવેક વાતને પિછાને,
બિચારા મૂર્ખને અનાથ કહો કેમ જાણે. વિવેકી. ધ્રૂ.
ઉત્તમ રત્ન અમૂલ્ય તે પડયું હાથ કુંભાર,

મણુકો સમજી કાચનો કર્યો કંઠ ખરહાર;
ઝવેરી હોય તે ઝવેર તણી જાત જાણે. વિવેકી. ૧
મુર્ખ મનુષ્યને કોઇએ આપ્યું અત્તર હાથ,
જળ સમજીને તરત તે પીધું પ્રીતી સાથ;
અનુભવી હોય તે સુગંધથી વસ્તુ પ્રમાણે. વિવેકી. ૨
પૂર્વ પુણ્યથી મુર્ખને મળશે સાલિગ્રામ,
પથ્થર સમજી તે થકી વાટે મરી મુદ્દામ;
મળે જો સજ્જનને સહેજ તે ત્રિકાળ જાણે. વિવેકી ૩
વિવેક ત્રીજું નેત્ર છે તેથી સર્વ જણાય,
મોહન વિવેક વહાણથી ભવદુઃખ સિંધુ તરાય;
માનશે સત્ય સુજન મૂર્ખ તો જરા ન માને. વિવેકી. ૪

ગરબી.

હરિભજન વિના. એ રાગ.

મુરખ જનને સત સંગતનો રંગ કદી લાગે નહીં.
ષટ શાસ્ત્ર સુણે, પણ તેના ચીત્તનો સંશય ભાગે નહીં. મુરખ. ધ્રૃ.
કુશકા ખાંડે કણ ના નીકળે, વેળુથી તેલ કદી ન મળે,
મૃગજલથી તરસ કદી ન ટળે. મુરખજનને. ૧
આંચળ જઈ ચોંટે ઇતરડી, શોણીત પીયે ધરી પ્રીત વડી;
પીએ વચ્છ પ્રીતે પય વારે ઘડી. મુરખજનને. ૨
સો વર્ષ પથર જલમાં રહેશે, પણ કોમળ થાય નહીં લેશે;
પામર સમજે નહીં ઉપદેશે. મુરખજનને. ૩

જળમાં વળી કમળ સદા વિકસે, સફરી પણ તેના સંગ વસે;
મકરંદ મધુકરને હરસે. મુરખજનને. ૪
મોહન શાણા સાને સમજે, મુરખના શીર ઉપાન બજે;
તોપણ તે નહીં મુખ રામ ભજે. મુરખજનને. ૫

પદ. ધનાશ્રી.

માયામાં લલચાય મુરખજન માયામાં લલચાય. ધૃ.
તુટેલા ડાળાને પકડી, નિર્ભયતાને ચહાય. મુરખજન. ૧
પથ્થર નૌકામાં બેસીને, સિંધુ તરવા જાય. મુરખજન. ૨
પાખંડીના વશમાં રહીને, મુક્તિ કેમ પમાય, મુરખજન. ૩
ભિક્ષુના આધીન રહીને, વિજયી કેમ થવાય. મુરખજન. ૪
બળતા અગ્નિમાં પડવાથી, શીતળતા નહીં થાય.મુરખજન. ૫
તરસ્યો જળમાં બૂડી મરે પણ,પીપાસા નહીપાય.મુરખજન. ૬
મોહન ધર્મ સનાતન વીના, જન્મમરણ નહીં જાય.મુરખજન. ૭

પદ. ધનાશ્રી.

દુખદાયક છે ખોડ જનમાં, દુખદાયક છે ખોડ. ધૃ.
મદાંધ થઇ મુખથી ઉચરે છે, નથી જગમાં મમજોડ. જનમાં. ૧
જાતે નિરક્ષરને વળી સંકર, કરે વિપ્રથી હોડ. જનમાં. ૨
કુંડું કહે તાંબાકુંડીને, મૂખ પહોળું એ ખોડ. જનનાં. ૩
રંગે રૂપે રાય સરીખો, પણ બુદ્ધિમાં ઑડ. જનનાં. ૪
ધર્મ તજી ધન માટે જગમાં, કરશે દોડાદોડ. જનમાં. ૫
જગબાજી દીનરાત રમે પણ, સદા રહ્યો બિન તોડ. જનમાં. ૬

ગુણ ગર્ધવના આશ અમીની, કયમ પોંચે મન કોડ. જનમાં. ૭
મોહન કસ્તુરીને નટે છે, જેમ લસણનો છોડ. જનમાં ૮

પદ સહર.

નફટ એનું નામ જગમાં નફટ એનું નામ. ધૃ.
બને નહીં તો પણ એ બોલે, નહિં વિવેક લગામ. જગમાં. ૧
ખાલી ગરજે પણ ના વરસે, નહીં પુરૂષારથ નામ. જગમાં. ૨
કરવાનું છે તે નથી કરતો, અન્ન કરે છે કામ. જગમાં. ૩
માયાવશ થઈ વિચરે વિષયમાં, ભૂલી ગયો જે રામ.જગમાં. ૪
સધન છતાં નિર્ધન પાસેથી, ફોકટ કાઢે કામ. જગમાં. ૫
માર પડે મુદગળનો માથે, જાય ફરી તે ધામ. જગમાં. ૬
ખાય ખતા પણ મુમત ન મેલે, જોરૂ તણા ગુલામ. જગમાં. ૭
મોહન સજ્જન શીખ ન માને, મનમાં કપટ તમામ.જગમાં. ૮

પદ કાલીંગડા.

તે જન જાણો પશુ જગતમાં, તે જન જાણો પશુ.
વિદ્યાજ્ઞાન ન કશું જગતમાં તે જન જાણો પશુ. ધૃ.
રંગે રૂપાળો છેલછબીલો રસીક ભોગ ભોગવે,
દેખીતો માણસ જેવો પણ, સદાચરણ નહીં કશું. જગતમાં. ૧
આપ બડાઈ ઈર્ષા તજે નહીં, ઉર લોભી લાલચુ;
પશુ પ્રમાણે પેટ ભરે છે, માયામાં મન ફસ્યું. જગતમાં ૨
ધર્મફળ અંકૂસ તજીને, સ્વતંત્ર થઈ વિચરે;
પરનારીની પુંઠે જાણે શ્વાન હડકાયું ધસ્યું, જગતમાં. ૩

માન અને અપમાન ન જાણે, અંધ થયો સ્વારથે;
સારાસાર વિવેક ન જેને, માને ઉત્તમ વસુ. જગતમાં. ૪
દયાશીલ સંતોષ તજીને, લોભ કપટ આદર્યું;
ધનના માટે ધર્મ તજે છે, જેનું કાળજું ખર્યું. જગતમાં. ૫
રેશમના કીડાની માફક, ફસાય નિજ કર્મથી;
ભક્તિકરેપણભ્રમણાતજેનહીં,અજ્ઞાનઉરમાંવર્યું. જગતમાં. ૬
વિષય વિષનું પાન કરીને, ભૂલ્યો આપ આપને;
મોહન સુપાત્રને સેવે નહીં,અંતર જેનું ન હર્યું. જગતમાં. ૭

પદ સદર.

એ નર ખરની તોલે છે, અમૃતમાં વિષ ઘોળે છે ભાઇ. એ નર. ધ્રુ.
ગુરૂ જનની શિક્ષા નહીં માને, નિત ચડે ચગડોળે છે. એ નર. ૧
સત સગપણ સસરાનું જાણે, બંધુથી નહીં બોલે છે. એ નર. ૨
વસે નિરંતર કાશીમાં પણ, ગંગમાં અંગ ન બોળે છે. એ નર. ૩
સર્જન સંગે મોજ ન માણે, દુરીજન સંગે ડોલે છે. એ નર. ૪
પાસ અમુલખ રત્ન છતાં પણ, વ્યાજે નાણું તો લે છે. એ નર. ૫
પુત્ર અને સ્ત્રી ધન નાહું પણ બિરાગ ભસ્મ ન ચોળે છે. એ નર. ૬
દેશ કાળ કુળધર્મ ન જાણે, સ્વચ્છ નીરને ડોળે છે. એ નર. ૭
રામ રામ કહી ભક્તિ કરે પણ, નિજરૂપને નહીં ખોળે છે.એ નર. ૮
સત્યાસત્ય વિવેક ન જાણે, વગર વિચારે બોલે છે. એ નર. ૯
મોહન ત્યાગે જે જન મનથી, અંધ દેખતે ડોળે છે.એ નર. ૧૦

પદ કાફી.

રાગ ધીરાના પદનો.

બુદ્ધિ નહીં જેનેરે, નર તે કયમ તરશે;
અચેત છે તેનેરે, બ્રહ્માદીક શું કરશે, બુદ્ધિ. ધ્રૂ.
હિતશિક્ષા આપે સજજન તો તરતજ રોષ ભરાય,
અવળચંડી નારીની પેઠે, પોતે પુરમાં તણાય;
મહા જળ મધ્યેરે, મુરખ મરે તરસે. બુદ્ધિ. ૧
અભિમાનઉંટે ચડી બેસે, કુમત નાથ ધરી હાથ;
પાખંડ કેરૂં પલાણ કરીને, જાય દુરીજન સાથ;
અધર્મના મારગરે, હોંશે હોંશે વીચરશે. બુદ્ધિ. ૨
હુંજ સંત દુનીયામાં ઉત્તમ એમ ઉચરશે વાત,
કનક કામિની કાજ શુદ્રમાં જઇ પરખાવે જાત;
નપુંસક જનનેરે પદમણી કયમ વરસે. બુદ્ધિ. ૩
ખાય ખતા પણ મમત ન મેલે સાહસ કરે હરવાર,
નિજકુળના ધર્મે નહિ વિચરે, મૂરખના સરદાર;
પત્થર ના ભીજેરે, મોહન અમૃત વરસે, બુદ્ધિ. ૪

પંડીત પ્રશંસા.

પદ ગરબી.

ઉરમાં અજવાળું રાખેરે—સત્યથી ચાલે,
પાળે જે વચનો ભાખેરે. સત્યથી ચાલે—ઉરમાં. ધ્રૂ.
પંડીત જન ખોટો ન ડોળ બતાવે,

ના ભોળા લોક ફસાવેરે. સત્યથી ચાલે—ઉરમાં. ૧
પંડીત જન સત્ય અસત્યને જાણે,
ન દુષ્ટને વખાણેરે. સત્યથી ચાલે. ૨
પંડીત અતિ શુદ્રોનું અન્ન ન ખાએ,
લોભેથી ના લલચાએરે. સત્યથી ચાલે. ૩
પંડીત જન પીડા પરાઇ ટાળે,
વેદોક્ત મારગ પાળેરે. સત્યથી ચાલે. ૪
પંડીત જન આશા પરાઇ ન રાખે,
નિત્યે અમૃતરસ ચાખેરે, સત્યથી ચાલે. ૫
પંડીત જન નીચાં કર્મ નથી કરતો,
પાપેથી પેટ નથી ભરતોરે. સત્યથી ચાલે. ૬
પંડીત જન દુખો દેખી નથી ડરતો,
સુખમાં ફુલી નથી ફરતોરે. સત્યથી ચાલે. ૭
પંડીત જન શિક્ષા મોહનની માને,
અંતે ચડશે વૈમાનેરે. સત્યથી ચાલે. ૮

પદ ધનાશ્રી.

બાનાની પત રાખ પ્રભુ તારા—એ રાગ.

પંડીત તેજ ગણાય, જગમાં પંડીત તેજ ગણાય. ધ્રૃ.
ઉત્તમ જાતિ ઉત્તમ વિદ્યા, ઉત્તમ બુદ્ધિ સદાય. જગમાં. ૧
ઉત્તમ ગતિ તે પામે અંતે, જેને મોહ ન થાય. જગમાં. ૨
કપટી કેરી કપટજાળમાં, કદીએ નહિં ફસાય. જગમાં. ૩

કંચન ને કામિની કટાક્ષે, જરા નહિં લલચાય. જગમાં. ૪
દુર્જન કેરો સંગ કરે નહીં, ચાહે ગમે તેમ થાય. જગમાં. ૫
ભૂખ થકી કદી પ્રાણ જાય પણ, વનપતિ ઘાસ ન ખાય. જગમાં. ૬
આપ તરે બીજાને તારે, તે સાક્ષર ઉચરાય. જગમાં. ૭
અધર્મથી ગુજરાન કરે નહીં, મોહન ભવ તરી જાય. જગમાં. ૮

ઉત્તમ ભક્તપ્રશંસા.

છપ્પો.

કરે સદા પરમાર્થ ઓરકી આશ ન રાખે,
હૃદય સદા સંતોષ આપસમ સબકો દાખે;
સારાસાર બિચાર બસ્તુ વિવેક પિછાને.
ષટ્ સંપત્તિ યુક્ત મૂર્ખ કયા ઉસકો જાને,
સુરતી હરી ગુરૂ ચરનમેં આત્મજ્ઞાન અનુરકતહે;
મોહન બિરલા જગતમેં એસે ભક્ત સુભક્ત હે. ૧

પદ. કાફી.

સંત ભગત જન તેજ કહાવે,
જેના ઉર અભિમાન ન આવે. સંત ભગત. ધ્રુ.
ન્યાય ધર્મથી નિશદીન ચાલે,
હિત અનહિતનો વિચાર કરીને;
અન્ય તણા હકને ન ડુબાવે. સંત ભગત. ૧
પરહીત માટે જગમાં વિચરે,
સત્ય વચન મન કપટ વીનારે;

ઉપરનો નહિં ડોળ બતાવે. સંત ભગત. ૨
નિશદીન જાગે જરા નહીં ઉંઘે,
દેસૌને પણ લેતો નથી રે;
મોહન વેદ વચન દરશાવે. સંત ભગત. ૩

પ૭. સદર.

સંત ભગત જન તેજ પ્રમાણો;
જેના ઉર આનંદ સમાણો. સંત ભગત. ધૃ.
નિજરૂપ નીરખી મગન રહે નીત,
દ્વૈતરૂપ સ્વપ્ને નહીં દેખે;
નાશ કર્યો જેણે મમતાનો. સંત ભગત. ૧
ભોજન પટની ફીકર કરે નહીં,
વિશ્વાસે વિચરે વસુધામાં;
જેના ઉર સંતોષ મઝાનો. સંત ભગત. ૨
સત્ય ધર્મનું મંડન કરીને,
પાખંડીનો નાશ કરે છે,
મન ગજ વશ કીધો મસ્તાનો. સંત ભગત. ૩
નિર્મળ વચનો ઉજવલ બુદ્ધિ,
ભેદ ભાવના કદીએ ન થાયે;
મોહન મોહ નહિં માયાનો. સંત ભગત. ૪

પદ. આશાવરી.

સાચો તેજ ભગત જાણો, આપ્યો ગુરૂએ પરવાનો. ધૃ.
કામ ક્રોધ મદ લોભ જરાએ, આવે ન જેના પાસ,
રાખે ધન તનની નહિં આશ, કરે ન નિરાશ, રહે ન ઉદાસ. સાચો ૧
ભક્તિ ભલી એકાંત કરે છે, રાખીને વિશ્વાસ.
જેના અંતરમાંહી પ્રકાશ, દુરીજન પાસ, કરે નહિં વાસ. સાચો ૨
નિર્મળ જેનું ચિત્ત થયું છે, વામ્યા સર્વ વિકાર,
છે ધન્ય તેનો અવતાર, ગયો ભવપાર, તર્યો સંસાર. સાચો. ૩
સંશય મનના સર્વ ટલ્યા છે, નાશ થયું અજ્ઞાન,
થયું મોહન ઉરમાં જ્ઞાન, શમ્યું તોફાન, થયું કલ્યાણ. સાચો. ૪

ઠુમરી. ગારા.

ધન્ય ધન્ય તેહ પુરૂષને ધન્ય છે,
જેને સરવે સમાન નહીં અન્ય છે. ધન્ય. ધૃ.
દુઃખથી ડરે નહીં રે, સુખમાં ફુલે નહીં રે,
જેને રાગ દ્વેષ નહીં દુઃખજન્ય છે. ૧
શુભાશુભ વસ્તુ રે, જોઇ મન નથી ડગતું રે,
સદા આનંદનો થાય પરજન્ય છે. ૨
સિંધુમાં સરિતારે, મળી થાય પુનિતારે,
મોહન મન વશ સુખજન્ય છે. ૩

ઇતિ સદ્ભક્ત વર્ણન.

પદ. પ્રશ્નોત્તર.

પદ. કલ્યાણ.

સદગુરૂ દયાનિધી દયા નજર કરો,
હું મલીન દીન છું અજ્ઞાન સૌ હરો. સદગુરૂ. ૧
જીવ કોણ બ્રહ્મ કોણ હંસ હશે કોણ,
કોણ મન પવન હશે કૃપાથી ઉચરો. સદગુરૂ. ૨
શબ્દ કોણ શુન્ય કોણ કોણ નિરંજન,
શિવ કોણ પ્રાણ કોણ ભેદ પરહરો. સદગુરૂ ૩
સ્થાન કોણ મન પવનનું પ્રાણ સ્થાન કોણ,
જીવ બ્રહ્મ ક્યાં વસે હું મૂર્ખ છું ખરો. સદગુરૂ. ૪
ક્યાં રહે છે શિવ નિરંજન રહે છે ક્યાં,
મોહન મન ભ્રાંતી ભાગી ભેદ વિસ્તરો. સદગુરૂ. ૫

પદ. પીલુ બરવા.

ગીરધારીરે વાત કહું તે—એ રાગ.

મુમુક્ષુરે, માયા દૂર કરીને, તમે સુણજો ચિત્ત ધરીને,
ભવસિંધુ રે, જાશો સેહેજ તરીને, નહિં થાએ જન્મ ફરીને. ધ્રુ.
વાસનાને મન તમે જાણો રે, શ્વાસાને પવન પિછાનોરે,
અનહદને બ્રહ્મપ્રમાણોરે, અજ્ઞાનેથી, જન્મો ધરી ફરીને.૧
નિજ કર્મતણા, બંધ નથી બંધાએ, વળી તેને જીવ ભણાએ,
મુક્ત કર્મ થકી, તેને શિવ ઉચરાએ, આત્મા તે હંસ ગણાએ,
સુન્ય જાણો નિરંજરે, સરવે વ્યાપક દુખ ભંજનરે,

શબ્દ વાણી મનરંજનરે, એકજ માનો, ગુરૂ અને હરિને. ૨

છેનાભીમાં પવન તણો વિશ્રામ, મનનો કાળ જે મુકામ,
જીવાત્માનો કંઠ વિષે છે ઠામ, શૂન્ય બ્રહ્મ તણું છે ધામ;
ભાલ મધ્યે શિવ બિરાજેરે, શબ્દ અનહદમાંહી ગાજેરે,
હંસા અવિનાશીમાં રાજેરે,નુગરા નરહોનિજહિતવિચારીને.૩

નિજનો આત્મા તેજ નિરંજન જાણો,તેમાં જૂઠ જરા નહીં માનો,
માયા સુખને, કાળકૂટ પર માણો, સદગુરૂ પિયૂષ પિછાનો,
આધી વ્યાધી ઉપાધી હરશોરે, ભવસાગર સેહેજે તરશોરે,
ગુરૂવીના ચોરાશી ફરશોરે. શિખ મોહનની,
મારે સર્વ અરીને, નહીં થાયે જન્મ ફરીને. ૪

પદ. ગરબી.

શીખ સાસુજી દે છે રે—એ રાગ.

કરૂણાસાગર ગુરૂજીરે, કિંકર પર કરૂણા કરો,
સુણી શિષ્યની અરજીરે, સકલ અજ્ઞાન હરો. કરૂણા. ધ્રુ
જ્યારે કાળજું નહોતુંરે, હશે મન ક્યાં ત્યારે,
ક્યાં હતો વળી વાયુરે, નાભી ન હતી જ્યારે.કરૂણા. ૧
કંઠ જ્યારે નહોતોરે, જીવ ત્યારે ક્યાં રહેતો,
ન હોતું અનહદ જ્યારે રે, શબ્દ ત્યારે ક્યાં વસતો.કરૂણા.૨
જ્યારે ભાલ હતું નહીંરે, ત્યારે શિવ ક્યાં રહેતા,
અવિગત જ્યારે નહોતુંરે, અવિનાશી ક્યાં વસતા. કરૂણા ૩

શિક્ષા આપોને સ્વામીરે, કહું છું હું કરજોડી,
ભેદ મોહન ભાગોરે, સંશય નાખો તોડી. કરણા. ૪

પદ. ઉત્તર.

એવી અરજ સુણીનેરે, વદ્યા વળતા ગુરૂજી,
પુણ્ય પૂર્વનું ભારીરે, તેથી આવી થઇ મરજી. એવી ધૃ.
હતું મન વાસનામાંરે, કાળજું નહોતું જ્યારે;
વાયુમાં [illegible] નાભી ના હતી ત્યારે, એવી, ૧
જ્યારે કાયા નહોતીરે, કાળ નિરંજનમાં હતો;
વાસના જ્યારે નહોતીરે, જીવ શિવમાં વસતો. એવી. ૨
જ્યારે ભાલ હતું નહીંરે, શબ્દમાં શિવ વસતા;
જ્યારે શબ્દ હતો નહીંરે, અનહદમાં શિવજી હતા.એવી. ૩
શૂન્ય જ્યારે નહોતુંરે, ત્યારે શિવ અવિગતમાં;
અવિગતતો બિરાજેરે, મોહનગુરૂ અનુપમમાં. એવી. ૪

પદ ગરબી.

માયામાં મનડું મોહ્યું—એ રાગ.

સદગુરૂજી કૃપા કરીનેરે, ભેદ બતાવો
જાઉં ભવસિંધુ તરીનેરે, તાપ શમાવો. ધૃ.
ગુરૂજી મન કેરૂં જીવન એ જણાવો;
વાયુનું જીવન બતાવોરે, ભેદ સમાવો. ૧
ગુરૂજી કોણ શબ્દોનું જીવન સુહાવે;
શિવ જીવન કોણ કહાવેરે. ભેદ બતાવો. ૨

ગુરૂજી કોણ જીવન છે અનહદનું,
જીવન શૂં નિરંજનનું રે. ભેદ બતાવો. ૩
મોહન અવિનાશીનું જીવન શૂં છે;
પ્રીતે મુમુક્ષુ પૂછેરે. ભેદ બતાવો. ૪

પદ સદર.

તું સાંભલ ચિત્ત ધરીનેરે, ભેદ બતાવું;
જાશે ભવસિંધુ તરીનેરે. તાપ સમાવું. ધૃ.
જીવન મન કેરૂં વાસના જાણો,
વાયુનું નાભી પિછાનોરે. ભેદ બતાવું. ૧
જીવન શિવ કેરૂં તે શબ્દ સુહાવે,
અનહદ શબ્દ નું કહાવેરે. ભેદ બતાવું. ૨
જીવન અનહદનું નિરંજન જાણો,
નિરંજનનું શુન્ય માનોરે. ભેદ બતાવું. ૩
જીવન શૂન્ય કેરૂં મોહન અવિનાશી,
નહીં આવે કાળની ફાંસીરે. ભેદ બતાવું. ૩

પદ સદર.

સ્વામી છો અંતર્યામીરે, સદગુરૂ દેવા.
છો પુરણકામ અકામીરે. સદગુરૂ દેવા. ધૃ.
ગુરૂજી ક્યાંથી કાળ થયો ઉત્પન્ન,
થયાં ક્યાંથી મન પવનરે. સદગુરૂ દેવા. ૧
ગુરૂજી ક્યાંથી થયો હશે આ જીવ,

વળી ક્યાંથી થયા છે શિવરે. સદગુરૂ દેવા. ૨
ગુરૂજી ક્યાંથી ઉત્પન્ન થયો છે શબ્દ,
વળી ક્યાંથી થયું અનહદરે. સદગુરૂ દેવા. ૩
મોહન ક્યાંથી પ્રગટયા છે નિરંજન,
વળી ક્યાંથી હંસ ને શુન્યરે. સદગુરૂ દેવા. ૪

પદ સદર.

મુમુક્ષુ જે જન થાએરે સુજ્ઞ સમજશો,
સદગુરૂના શરણે જાએરે, સુજ્ઞ સમજશો. ધ્રૂ.
કાયાથી કાળ થયું વાસનાથી મન,
વળી મનથી થયો પવનરે. સુજ્ઞ સમજશો. ૧
સકળ વાસના તો થઈ જીવમાંથી.
સૌ જીવ થયા શિવમાંથીરે. સુજ્ઞ સમજશો. ૨
પ્રગટ શિવ થયા છે શબ્દ વિષેથી,
થયો શબ્દ અનહ[illegible]માંથીરે. સુજ્ઞ સમજશો. ૩
મોહન અવિનાશીથ હંસ ને શુન્ય,
શુનમાંથી નિરંજનરે સુજ્ઞ સમજશો. ૪

પ૮ [illegible].

મારૂં [illegible] નાનુંછે બેડું રે—એ રાગ.

હું કરગરી લાગું પાયરે. સદગુરૂ દેવ દયાકીજે.
તવ દરસનથી દુખ જાયરે. સદગુરૂ દેવ દયાકીજે, ધ્રુ.
તન છુટે મન ક્યાં સમાયરે. સદગુરૂ દેવ દયાકીજે,

વળી કહો પવન ક્યાં જાયરે. સદગુરૂ દેવ દયાકીજે. ૧
વળી જીવ પણ ક્યાં સમાયરે. સદગુરૂ દેવ દયાકીજે.
અનહદ પણ ક્યાં વિલસાયરે. સદગુરૂ દેવ દયાકીજે. ૨
નીરંજન ક્યાં શોભાયરે. સદગુરૂ દેવ દયાકીજે,
અવિનાથી ક્યાં દરશાયરે. સદગુરૂ દેવ દયાકીજે. ૩
કરૂણા કરી સંશય કાપોરે. સદગુરૂ દેવ દયાકીજે,
મોહન જ્ઞાનામૃત આપોરે. સદગુરૂ દેવ દયાકીજે. ૪

પદ. ઉત્તર.

તું સાંભળ ભાઈ સુભાગીરે. પુછયાથી પંડીત થશો,
તવ અંતર વૃત્તી જાગીરે. પુછવાથી પંડીત થશો. ધ્રૂ.
આ તનનો વિયોગ થાશેરે. પુછવાથી પંડીત થશો,
વાયુમાં વાયુ સમાશેરે. પુછવાથી પંડીત થશો. ૧
વાસના વિષે મન સમશેરે. પુછવાથી પંડીત થશો,
વાસના કર્મમાં જમસેરે. પુછવાથી પંડીત થશો. ૨
જીવકર્મ શિવમાં સમશેરે. પુછવાથી પંડીત થશો,
શિવ શબ્દ વિષે વિચરશેરે. પુછવાથી પંડીત થશો. ૩
શબ્દો અનહદમાં ભળશેરે. પુછવાથી પંડીત થશો,
અનહદ પણ શુનમાં મળશેરે. પુછવાથી પંડીત થશો. ૪
નિરંજનમાં શૂન્ય સમાયરે. પુછવાથી પંડીત થશો,
હંસા અનૂપમમાં જાયરે. પુછવાથી પંડીત થશો. ૫

નિજ આત્મ નિરંજન જાણોરે. પુછવાથી પંડીત થશો,
અનુપમ મોહન ગુરૂ માનોરે. પુછવાથી પંડીત થશો. ૬

પદ. પ્રશ્ન.

શરણે આવ્યો રે શ્રીહરિ—એ રાગ.

શરણું રાખોરે શ્રી ગુરૂ, થાયે નિત્ય ચિત્તમાં ખેદ.
આપો સુખકારી જ્ઞાનને

મોહ માયા માં રે હું ભમું,
ન જાણું તત્વ તણો કંઇ ભેદ. આપો. ૧
જગસિંધુમાં રે ડુબતાં.
બચવા કોણ તણો આધાર. આપો. ૨
બંધન કોને રે જગ્તમાં,
વળી છે કોણ મુક્ત નિરધાર. આપો. ૩
નર્ક કયું છે રે સૃષ્ટીમાં,
કો પદ સ્વર્ગ વળી કહેવાય. આપો. ૪
મોક્ષનો હેતુ રે શો હશે,
શાથી નાશ જગતનો થાય. આપો ૫
કોણ લઇ જાશેરે સ્વર્ગમાં,
વળી છે કોણ નર્કનું દ્વાર. આપો ૬
સુએ છે કોણરે સૂખથી,
વળી કો જાગે છે હરવાર. આપો ૭
શત્રુ કોને રે જાણીએ,

મોહન મિત્ર કોણુ કહેવાય. આપો ૮

સદર. ઉત્તર.

સાંભળ શિષ્યરે, સુલક્ષણા, શમાવું તારા ચિતનો ખેદ.
આપું હિતકારી જ્ઞાનને. ધ્રૂ.
આ જગરૂપીરે સિંધુમાં, તરવા હરી ગુરૂનો આધાર. આપું. ૧
બંધન કામીને જગતમાં, અરાગી મુકત જાણુ નિરધાર. આ, ૨
દેહ છે નર્કરે સૃષ્ટિમાં, વળી છે સ્વર્ગ વાસના નાશ. આ. ૩
મોક્ષનો હેતુરે જ્ઞાન છે, વળી જ્ઞાનેથી જગ ક્ષય થાય. આ. ૪
દયા લઇ જાશેરે સ્વર્ગમાં, તથા છે નારી નર્કનું દ્વાર. આ. ૫
સુએ સુખેથીરે યોગીઓ, વિવેકી જાગે છે હરવાર. આ. ૬
શત્રુ જાણોરે ઇંદ્રીઓ, મોહન જીતે મિત્ર તે થાય. આ. ૭

પદ. પ્રશ્ન.

દરિદ્રી કોણુરે જગતમાં, કહો શ્રીમંત કોણુ કહેવાય.
શ્રીગુરૂ બતલાવો ભેદને. ધ્રૂ.
જીવતો મુઓરે કોણુ છે, વળી કઇ વસ્તુ આપે સુખ. શ્રી, ૧
હશે શું બંધનરે જગતમાં, પમાડે મોહ કોણુ નિરધાર. શ્રી. ૨
મૃત્યુ શેનેરે જાણીએ, વળી જન અંધ કોણુ કહેવાય. શ્રી. ૩
સદગુરૂ કોનેરે માનીએ, વળી શુભ શિષ્ય કોણુ કહેવાય. શ્રી. ૪
મોટો વ્યાધીરે કોણુ છે, વળી છે તેનો કોણુ ઉપાય. શ્રી. ૫
કયું ઘરેણુંરે સત્ય છે, વળી છે તેનો કોણુ ઉપાય. શ્રી. ૬
કોની કરવીરે સેવના, મોહન કોનો કરવો ત્યાગ. શ્રી. ૭

પદ. ઉત્તર.

દરીદ્રી જગમાંરે લાલચુ, સદાએ સંતોષી શ્રીમાન.

સુણજો વૈષ્ણવો ભેદને ધૃ.

જીવતો મૂઓરે મૂર્ખ છે, સદાએ શાંતી આપે સૂખ. સુ. ૧

મમતા બંધનરે જગ્તનું, પમાડે સ્ત્રી મોહ જગમાંહ સુ. ૨

અપયશ મૃત્યુરે જાણીએ, વળી છે કામી અંધ સદાય. સુ. ૩

જ્ઞાન જે આપેરે તે ગુરૂ, ગુરૂને જે સેવે તે શિષ્ય. સુ. ૪

વ્યાધી મોટોરે સૃષ્ટી છે, એનું ઓસડ એકજ જ્ઞાન. સુ. ૫

ઘરેણું ઉત્તમરે શીલ છે, મોટું તીરથ છે મન શુદ્ધ. સુ. ૬

સેવા કરવીરે ગુરૂતણી, કરવો સ્ત્રી સુવર્ણનો ત્યાગ. સુ. ૭

મોહન સાચુંરે માનશે, જે નર હોય પુણ્ય ભંડાર. સુ. ૮

પદ. પ્રશ્ન.

શિખ સાસુજી દે છે રે. એ રાગ.

પરિબ્રહ્મ નિરખવાનો, રહ્યો શામાં હેતુ.

કોણ આ અવનીમાંરે, સંત ભવજલ સેતુ. ધૃ.

કોણ મોહ વિનાનોરે, મહાજ્વર કોણ વળી.

કોણ મુરખ જગમાંરે, વળી કઈ વિદ્યા ભલી. ૧

શું કરવું પ્રીતેથીરે, ખરૂં જીવન તે શું ?

સત્ય બોધ કયો છે રે, લાભ કહો મોટો શું. ૨

કોણ જીત્યું જગતનેરે, કોણ મહાશૂરો છે.

કોણ ધીર જગતમાંરે, મોહન કો પૂરો છે. ૩

પદ. ઉત્તર.

પરિબ્રહ્મ નિરખવાનો, હેતુ સત સંગતમાં.
સંત તે જેને પ્રીત નહીં, જુઠી જગ રંગતમાં. ધ્રૂ.
નહિં મોહ વિચારીને, મહાજ્વર ચિંતા તે.
અવિચારી મૂરખરે, વિદ્યા મોક્ષ દાતા જે. ૧
કરવી પ્રીતથી ભક્તિરે, જીવન જે દોષ વિના.
બોધ તે મળે મુક્તિરે, પુરો તે જે મોહ વિના. ૨
લાભ સરવેથી મોટોરે, એક આત્મા દરસન.
તેણે જીત્યું જગતનેરે, જેણે જીત્યું નિજમન. ૩
સ્ત્રી કટાક્ષે ન મોહેરે, ખરો તે ધીર વળી.
સુજ્ઞ સત્યજ માનેરે, મોહનની શિક્ષા ભલી. ૪

પદ. પ્રશ્ન.

નાવોતો નંદજીની આણ. એ રાગ.

હું ઈચ્છું લેવાને જ્ઞાન, જ્ઞાની સદગુરૂ દેવા.
ટાળો સકલ અજ્ઞાન, જ્ઞાની સદગુરૂ દેવા. હું. ધ્રૂ
વિષય મહાન કયું કહેવાયે, કોણ દુખી દુનીયાંમાં થાએ.
કોને ધન્ય નિદાન, જ્ઞાની સદગુરૂ દેવા. હું ઇચ્છું. ૧
પુજન કોનું જગતમાં કરવું, સર્વ કાળ વળી શું પરીહરવું.
શું કરશે વિદ્વાન, જ્ઞાની સદગુરૂ દેવા. હું ઈચ્છું. ૨
મૂળ હશે શું આ અવનીનું, ચિન્હ બતાવો સદજ્ઞાનીનું
બંધન કોણ સુજાણ, જ્ઞાની સદગુરૂ દેવા. હું ઇચ્છું. ૩

ઉત્તમ વ્રત શું સૌ કોઈવ્રતમાં, શું સૌ જાણી શકે ના જગતમાં,
કોણ પશૂ હેવાન. જ્ઞાની સદગુરૂ દેવા. હું ઇચ્છું. ૪
શું તજવું મુશ્કેલ જગતમાં, શ્રેય નહિં કોની સોબતમાં,
તત્વ છે કોણ પ્રમાણ. જ્ઞાની સદગુરૂ દેવા. હું ઇચ્છું. ૫
મુમુક્ષુએ કોની સંગત કરવી, ઉપાસના કોની આદરવી,
મોહન જ્ઞાન નિધાન. જ્ઞાની સદગુરૂ દેવા. હું ઇચ્છું. ૬

પદ. ઉત્તર.

(તમે) વૈષ્ણવ ચતુર સુજાણ, પ્રીતધરી સાંભળજો,
ટળશે સકલ અજ્ઞાન, પ્રીતધરી સાંભળજો. ધૃ.
મોટું ઝેર વિષયને જાણો, વિષયા શક્ત દુખી પરમાણો,
પરગજુને ધન્ય માન, પ્રીતધરી સાંભળજો. વૈષ્ણવ. ૧
પુજન જ્ઞાની તણું નિતકરવું, પ્રીતને પાપ સદા પરી હરવું,
ધર્મ કરે વિદ્વાન. પ્રીતધરી સાંભળજો. વૈષ્ણવ. ૨
જગત મુળ માયા મસ્તાની, સ્ત્રીથી ઠગાય નહિં. તે જ્ઞાની,
સ્ત્રી જગ બંધન જાણ. પ્રીત ધરી સાંભળજો. વૈષ્ણવ. ૩
દેવું ન દુખ કદી કો જનને, તે ઉત્તમ અસિવ્રત સજ્જનને,
વિદ્યાહીન હેવાન. પ્રીત ધરી સાંભળજો. વૈષ્ણવ. ૪
સ્ત્રી ચિત્ત કોઇ શકે નહિં જાણી, દુર્જન સોબતથી બહુ હાની,
શિવ છે તત્ત્વ નિદાન. પ્રીત ધરી સાંભળજો. વૈષ્ણવ. ૫
મૂશ્કેલ છે આશા પરીહરવી, ઉપાસના ગુરૂની આદરવી,
તેથી થશે કલ્યાણ. પ્રીતધરી સાંભળજો. વૈષ્ણવ. ૬

મોક્ષતણી ઈચ્છા હોય જેને, દુર્જન સંગત છોડવી તેણે,
મોહન ભદ્ર પ્રમાણ. પ્રીતધરી સાંભળજો. વૈષ્ણવ. ૭

પદ. પ્રશ્ન.

હરી ભજનવિના. એ રાગ.

ગુરૂદેવ દયાળ, દુખ હરતા સુખ કરતા જ્ઞાન બતાવો,
કહે હીરાલાલ, મારા મનના સંશય સર્વ સમાવો. ગુરૂ, ધ્રૂ
શું મૂળ લઘુત્વ તણું જાણું, મોટાઇ કોને પરમાણું,
વળી ક્યાં વિશ્વાસ ન હું આણું. ગુરૂદેવ દયાલ. ૧
જગમાં જનમ્યો કો કહેવાએ, વળી કોણ મુઓ એમ દેખાએ,
વળી સર્વોત્તમ શું ઉચરાએ. ગુરૂદેવ દયાળ. ૨
વળીકોણ મુંગોઅવની વિષે, બહેરો જગમાંહીકોણ દીસે;
શું કર્મ કર્યાથી ન શોક થશે, ગુરૂ દેવદયાલ. ૩
શું પુર્ણ કદી પણ થાય નહીં, દુખનું મૂળ શું આ સ્રષ્ટી મહીં;
છે મુખાભૂષણ કોણ સહી, ગુરૂ દેવ દયાલ. ૪
દુખકર્તા કોને સંતગણે, વેદો વળી કોને સત્ય ભણે;
શું આપવું અન્યને સર્વ જણે, ગુરૂ દેવ દયાલ. ૫
વળી કોના નાશથી મોક્ષ થશે, કહો નિત્ય અભયતો ક્યાં દરસે.
વળી મોટું સાલ તે કોણ હશે, ગુરૂ દેવ દયાલ. ૬
છે માત બરોબરકો જગમાં, શું કરવું મૃત્યુ લગભગમાં.
વળી તસ્કર કોણ છે કલિયુગમાં, ગુરૂ દેવદયાલ. ૭
વળી શું આપ્યાથી ઘટે ન કદા, કોની મન રાખવી બીક સદા;
બંધુ કો મોહન મોક્ષપ્રદા, ગુરૂ દેવદયાલ. ૮

ઉત્તર સદર.

સુણો હીરાલાલ, દુખ હરતા સુખ કરતા જ્ઞાન બતાવું;
થશો સુજ્ઞમરાલ, તવમનના હું સંશય સર્વ સમાવું. ધ્રૂ.
લઘુતા યાચક વૃત્તિ જાણો, મોટાઇ ન માગવું તે માનો;
વિશ્વાસ નહીં સ્રીનો આણો, સુણો હીરાલાલ, ૧
જનમ્યો તે ફરી નહીં મરશે જે, મૂઓ તે ફરી નહીં જન્મે તે;
નિતીસર ચાલે જે ઉત્તમ તે, સુણો હીરાલાલ. ૨
મુંગો તે સમયે નહીં વદશે, બહેરો તે જ્ઞાન નહીં સુણશે;
હરીહર સેવાથી ન શોક થશે, સુણો હીરાલાલ. ૩
કદી કામ પુરણ થાશેજ નહીં, દુખનું મૂળ મમતા જગમાંહી;
મૂખ આભૂષણ વિદ્યાભાઈ, સુણો હીરાલાલ. ૪
નારી દુઃખ કર્ત્તા સંતગણે, છે સત્ય બ્રહ્મ સૌ વેદ ભણે;
વળી અભય આપવું સર્વ જણે, સુણો હીરાલાલ. ૫
મનકેરા નાશથી મોક્ષ થશે, વૈરાગ્ય વિષે ભય ના દરસે;
વળી મૂર્ખતા મોટું સાલ દીસે, સુણો હીરાલાલ. ૬
માતા છે વચન શુભ વિદ્યા તે, કરવું ગુરૂ સમરણ પ્રાણાંતે;
છે દુષ્ટ વાસના તસ્કર તે, સુણો હીરાલાલ. ૭
આપ્યાથી ઘટે વિદ્યા ન કદા, અપવાદની રાખવી બીક સદા;
છે બંધુ મોહન જે સુખદા, સુણો હીરાલાલ. ૮

પ્રશ્ન પદ

ઉદ્ધવજી સંદેશો કહેજો. એ રાગ.

બહુ જંજાળી જીવ કહે શિવરાયને

પુછું તેનો ઉત્તર, આપો તાત જો. બહુ. ધ્રૂ.
બુદ્ધિ પણ પહોંચે નહીં એવું તત્વ શું,
કોણ પીતાને કોણ વળી છે માત જો;
કોના જ્ઞાન થકી સર્વજ્ઞ થવાય છે,
શું દુર્લભ આ સૃષ્ટીમાં વિખ્યાત જો. બહુ. ૧
શું જીતી શકવું છે દુર્લભ સર્વને,
છે આ જગમાં કોણ પશૂ સાક્ષાત જો;
ઝેર છતાં અમૃત જેવું દેખાય શું,
શું અસ્થિર કહો બિસ્તારી વાત જો. બહુ. ૨
છે શત્રુ પણ કોને મિત્ર ગણે સહુ,
ઉત્તમ દાન તણી બતલાવો જાત જો;
જીવ જાય પણ શું કરવું નહીં કોઇએ,
શું કરવામાં રહેવું નહીં પછાત જો. બહુ. ૩
લેશ માત્ર પણ શ્રદ્ધા કયાં નહિં રાખવી,
વિચાર શાનો કરવો દીવસ રાત જો;
કયું કર્મ બંધનકારી નહીં પ્રાણીને;
મોહન મુજને બતલાવો શુભ વાત જો. બહુ. ૪

પદ. ઉત્તર.

જંજાળી જીવને કહે છે શિવરાયજી,
લક્ષ દઈ સાંભળ તું બીને ભ્રાતજો. જંજાળી. ધ્રૂ.
બ્રહ્મ તત્વમાં બુદ્ધિ પણ પહોંચે નહીં,

પ્રતિ પાલન જે કરશે તે પિતુ માત જો;
આત્મજ્ઞાન થકી સર્વજ્ઞ થવાય છે,
દુર્લભ છે સતસંગત જગ પ્રખ્યાત જો. જંજાળી. ૧
મન મનોજને જીતવું બહુ મુશ્કેલ છે,
પંડીત પણ નહીં જ્ઞાન પશૂ સાક્ષાત જો;
ઝેર છતાં સ્ત્રી અમૃત સમ દેખાય છે,
અસ્થિર ધનતન જોબન છે ભલી ભાત જો. જંજાળી. ૨
પુત્રાદીક શત્રુ પણ મિત્ર મનાય છે;
દાન સુપાત્રે એ ઉત્તમ છે જાત જો,
જીવ જાય પણ પાપ કદી કરવું નહીં;
પરમારથમાં રહેવું નહીં પછાત જો. બહુ. ૩
દ્વૈત માર્ગમાં શ્રદ્ધા જરા ન રાખવી;
કરવો બ્રહ્મવિચાર દીવસને રાત જો,
કર્મ નહિં બંધનકારી નિષ્કર્મ છે;
મોહન સેવો એ હિતકારી વાત જો. બહુ. ૪

મનને શિખામણ.

આશા ગોડી.

મનવા માન શિખામણ મારી,
જેથી થાય ગતી શુભ તારી. ધ્રુ.
મૃગજલવત આ સૃષ્ટિ વિલાસે,
જૂઠી જગતની બહારી. મનવા. ૧

મોહ સુમુતમાં લુબ્ધ થવાથી,
આખર થાય ખુવારી. મનવા. ૨
પ્રવૃત્તિથી પ્રીત તજીને,
નિવૃત્તિ કર પ્યારી. મનવા ૩
મોહન જો ગુરૂ શરણુ જશો તો,
કષ્ટ રહે ન લગારી. મનવા. ૪

પદ. સોરઠ

હે મન કુરંગ ચિત ધરી ઉમંગ,
નીત કર સુસંગ તજીદે કુસંગ;
શતવાર રંગ કદી થાન તંગ,
હેમન કુરંગ ચિત ધરી ઉમંગ. ૧
ધનતન પતંગ તણો કાચોરંગ,
કદી થાશે ભંગ નહીં રહે અભંગ;
મોહન અસંગ દેખાય વ્યંગ.
હેમન કુરંગ ચિત ધરી ઉમંગ. ૨

પીલુ બરવા.

ગીરધારીરે વાત કહું તે. એ રાગ.

સુમુક્ષુ રે મન ઇદ્રીય વશ કરશો; ત્યારે ભવ સાગર તરશો,
સદગુરૂ નાંરે, ચરણુ કમળને પરસો. ત્યારે સૌ સંશય હરશો. ધૃ.
મનથી વળી મોક્ષ પમાયરે, નર્કમાં પણુ મન લઇ જાયરે,
મનથી સુખ દુખ સધાય રે, ગુણુવંતારે,

ભોગ વિષય પર હરશો. ત્યારે. ૧

આ તનનેરે, સુંદર રથ સમ જાણો, મન ઇંદ્રીય અશ્વ પ્રમાણો.
બુદ્ધિનેરે, સારથી રૂપે માનો, જીવને રથ સ્વામી પિછાનો,
અશ્વ સારથી આધીન હોશેરે, જાવું હોશે ત્યાં લઇ જાશેરે;
નહિં તો કાંટામાં અથડાશોરે, તેમાટે રે,
સ્વાધીન મનને કરશો. ત્યારે. ૨

મન જીત્યાથી મિત્ર બની તે જાયે, નજીતે તો દુશ્મન થાએ,
મન મિત્ર થયે, ઉત્તમ ગતી પમાએ, થશે અરીતો નર્ક સધાયે.
મન થાય ન જો સ્વાધીનરે, ત્યારે ક્ષણમાં બનાવે દીનરે.
સત્યદર્શાવેવસ્તુમલીનરે,મન હસ્તીના,શિરપરઅંકુશ ધરશો.૩

નિજકર્મોને, ભવ સિંધુજલ જાણો, નર તનું વહાણ પિછાનો.
મન બુદ્ધિને, નૌકાયંત્ર પ્રમાણો, કૈવર્ત્તક શ્રી ગુરૂ માનો.
મનવશ કરવાને ચાહોરે, તોતો સદગુરૂ શરણે જાઓરે.
નરતનના વ્યર્થ ગુમાવોરે, શિખ મોહનની,
માનોતો નહીં મરશો, ત્યારે ભવસાગર તરશો. મુમુક્ષુરે. ૪

પદ. બારમાસી રાગ.

હમકો છાંડચલે બનમાધુ. એ રાગ.

સમજ સમજ મનમૂઢ અભાગી, મોહી રહ્યું શું માયામાંરે ધ્રૂ.
ચંચલ થઇને ચૌદ ભુવનમાં, વિષય વાસનાથી ભટકે છે.
વાગે પ્રાણ હરણ ગુણ બાણો, તોપણ તું ન જરા અટકે છે. સ. ૧
મૃગજલ મધ્યે સ્નાન કર્યાથી, તન નિર્મળ નહીં થાય જરારે.

ષંઢ પુત્રથી વંશન ચાલે, સમજે જે જન છે સુગરારે. સ. ૨
બાવળનું બી વાવી રાખે, અમૃત ફળની આશ ઘણીરે.
તેજ મુર્ખ છે વેદ શાસ્ત્રમાં, કાળામોનો એજ ધણીરે. સ. ૩
દુરીજનની સોબત નહીં ત્યાગે, જ્ઞાન થશે શઠ શી રીતેરે.
પાત્ર કુપાત્ર વિવેક ન જાણે, આ જગ બાજી કયમ જીતેરે. સ. ૪
અંજાણે જે પાપ થશે તે, તપને દાન થકી છુટશેરે;
પણ જાણી બુઝીને કરશે, તેની, સદગતી કેમ થશેરે. સ. ૫
હોય રવી ત્યાં રાત ન હોએ, રજની ત્યાં નહીં સવિતા હોએ;
જ્યાંનહીં સમજણ ત્યાંસુખશાનું, કામ હોય ત્યાં રામ નસોહે. ૬
લાખવાર સમજાવી થાકયો, કહે છે હા પણ કરવું નથીરે;
તરવાની ઇચ્છા ઉરરાખે, માયા માટે મરે છે મથીરે. સ. ૭
વિષય લાલસા જો નહીં છુટે, ભક્તિ કર્યાથી શું વળશેરે;
પત્થર સમજીને પુજવાથી, મોહન દેવ નહીં ફળશેરે. સ. ૮

પદ. સદર.

જે કંઈ કરતે બિચાર કરીને, અવિચારે ભવમાં અથડાશો. જે. ધ્રુ.
કરવાનું છે તે નથી કરતો, ના કરવાનું નીત્ય કરે છે;
એવા જો નીત યજ્ઞ કરે પણ, કાળ થકી તે ના ઉગરે છે. જે. ૧
ઇર્ષામાન બડાઈન છુટી, તે જનજગમાં શું કરશેરે;
આપી રત્નને કાચ ખરીદે; તે વેપારે કયમ તરશેરે. જે. ૨
ખોટું નામ હશે ગુણસારા, તેની સદગતી સહેજ થશેરે;
પણ ગુણ ખોટા નામ ભગત છે, તે તો નિશ્ચે નરકે જશેરે. જે. ૩

સમજી સંતકુપાત્ર પુજ્યાથી, લાખો ખરચી અવગતી થાશે;
સમજી બિલાડી સાવજ પાળે, તે કોઈદી તેને ખાશેરે. જે. ૪
અમૃત સમજી ઝેર પીએ તે, શી રીતે જીવી શકશેરે;
શત્રુના શરણે જાવાથી, માન અને પદ કયમટકશેરે.જે. ૫
પશુપતી સમજી પૂજે પ્રેતને, તેથી શ્રીહરીના રીઝશેરે;
મનમેલું ઉપર નહાયાથી, ઉરઅજ્ઞાન નહીં ટળશેરે. જે. ૬
સ્વાર્ગાદીક સુખને જે ચાહે, તેને કેમ વિરાગ થશેરે;
મારૂં તારૂં જરીએ ન છુટે,તેજગ દુખથી નહીં છુટશેરે. જે. ૭
લાખ વાતની એક વાત છે, ગુરૂ શિક્ષા અનુસારે ચાલો;
મોહન આ જગમાંસુખપામી, અંતેઅમરાપુરમાં મહાલો.જે.૮

પદ. રાગ પ્રભાત.

સમરી લે ગણુપતી ચેત મનવા જતી,
સદ્દગતી સન્મતી થાય તારી;
વાસના ત્યાગીને જો જરા જાગીને,
ગુરૂ પદે લાગ નિજ હિત વિચારી. ધ્રૂ.
ગુરૂ ભજો ભાવથી તરી જશો ભવથકી,
ગુરૂવિના દુખનો પાર નાવે;
ભોગમાં રોગ છે દુખ સંજોગ છે,
જોગની જુક્તિ કર પાર આવે. ૧
ખાનને પાન સન્માનમાં મોહીને,
વ્યર્થ આયુષ્યને તું ગમાવે;

ઉંઘ આલસ વિષે પ્રેમ રાખે ઘણો,
ભજન ઉદ્યોગ જરીએ ન ભાવે. ૨
ખલકતો પલક છે જૂઠી સૌ ઝલક છે,
ફલકનું ફુલ સાચું નહોએ;
તેમ આ ખલકનો ખેલ ખોટો રચ્યો,
સત્ય અધિષ્ઠાનથી સત્ય સોહે. ૩
ભ્રાંતિ ભાગ્યા વિના ચિત્ત શાંત્તી વિના,
તેજ કાન્તિ વિન કેમ દરસે,
જ્ઞાન વૈરાગ તો અચળ જેનો થશે;
તેજ ભવ સિંધુથી સદ્ય તરસે. ૪
વસ્તુ પામ્યા વિના ભેદ ભાગ્યા વીના,
ચિત્ત સંતાપ કહો કેમ જાએ;
આત્મ જોયાવિના ગુરૂને સેવ્યા વિના,
શાંતી ને સુખ કદીએ ન થાએ.
જોગ જુક્તિ વિના ચિત્ત શાંતી વિના,
જ્ઞાન પીયૂષ રસ કેમ મળશે;
ગુરૂની ભક્તિ વિના આત્મશક્તિ વિના,
પાપ પાખંડ કદીએ ન ટળશે. ૬
ભેદ ભાગ્યા વિના ભ્રમણુતો ના ટળે,
ભ્રમણુથી ભ્રાંતી ચિતમાંહી થાયે;
ભ્રાંત ભાગી જતાં સંત જન થઇ રહે,

શિષ્યને સ્વામી એકજ જણાએ. ૭
માન મન માહરૂ ભલું થશે તાહરૂ;
જ્ઞાન વિચારથી વિમળ થાશે;
જ્ઞાન મોહન થકી પાપ પ્રલય થશે,
પાપ ના નાશથી મુક્ત થાશે. ૮

પ્રસ્તાવિક પદ

હરીભજન વિના દુઃખ. એ રાગ.

ક્ષણ માત્ર કર્યો, જેણે આત્મ વિચાર આત અનુરાગથી;
સૌ અર્થ સર્યો, ગુરૂશાસ્ત્ર ઉપદેશ તણા શુભ લાગથી. ધ્રૂ.
તેણે પૃથ્વીનું દાન કર્યું, ગંગા જુમનાંમાં સ્નાન કર્યું;
વળી કોટી જનમનું પાપ હર્યું, ક્ષણ માત્ર કર્યો. જેણે. ૧
સૌ પિતૃનો ઉદ્ધાર કર્યો, મોટામાં મોટો યજ્ઞ કર્યો;
ભવ સિંધુ થકી પણ તેજ તર્યો, ક્ષણ માત્ર કર્યો. જેણે. ૨
તેનાથી સૌ શત્રુ ધ્રૂજ્યા. સૌ દેવ વળી તેણે પૂજ્યા;
વળી કાળ થકી પણ તે ઝુઝયા, ક્ષણ માત્ર કર્યો, જેણે. ૩
મોહું સુકૃત તેણે કીધું, તેણે નિજમનને વશ કીધું;
વળી અમૃત પણ તેણે પીધું, ક્ષણ માત્ર કર્યો. જેણે. ૪
તેણે ચીત કલેશ વિનાશ કર્યો, વળી ધર્મ તણો ઉદ્ધાર કર્યો;
મોહન જગ જનમ્યો તેજ ખરો, ક્ષણ માત્ર કર્યો. જેણે. ૫

પદ. ધનાશ્રી.

સજ્જનનું ધનજ્ઞાન જગમાં, સજ્જનનું ધનજ્ઞાન. ધ્રૂ.

ખરચે ન ખુટે ચોર ન લૂટે, એજ અખુટ નિધાન. જ. ૧
ભય નહિં જાગે ભાર ન લાગે, ત્રીજું નેત્ર પ્રમાણ. જ. ૨
ભવદુખ કાપે સૌ સુખ આપે, સાક્ષી વેદપુરાણ. જ. ૩
કલ્પતરૂ સુરધેનુ સ્ફાટીક, ચિંતામણી પિછાન. જ. ૪
જન્મમરણ દુખ સિંધુતારક, યંત્રસહીત વહાણ. જ. ૫
સુરને દુર્લભ મોક્ષગતીનું, મોહન સાધન જાણ. જ. ૬

પદ. મલ્હાર.

સંકટ મોચન નામ તિહારો. પતિતોદ્ધારક આપ;
દયાળુ ચાહેતો પાર ઉતારો, સંકટ મોચન નામ. ધ્રુ.
પાપી કૌન અજામીલ જેસો, હિંસાકર્મ કરે મતવારો;
અંતનામ નારાયણ લેકે, સુરપુર આપ સિધાર્યો. સંકટ. ૧
કપટી કુટીલ કઠોર કુચાલી, જૂઠ અધર્મ દંભ ભય ભારો;
સુવા પઢાવત પુનીત ભઇ હે, કીયો ગણિકાકો નિસ્તારો. સં. ૨
એસે પાપી અનેક ઉધારે, હરિગુન કથન લગત જીન ખારો;
દયા કરો મોહન દીન જાની, અબકી બેર ઉબારો તારો. સં. ૩

પદ. સદર.

ભયભવ ભંજન નામ તિહારો, અજર અમર અવિનાશી;
અગોચર, નિજજન હિત તનુ ધારો, ભયભવ ભંજન. ધ્રુ.
હિંસક મૂર્ખ મહા પાપી જીન સ્વપ્ન મેં નહીં રામ ઉચાર્યો;
સો વાલ્મીક જ્ઞાન સિંધુ ભયે, એસો ગુરૂ મહિમા મતવારો. ૧
ત્રિભુવન ભ્રમણ કરી કરી થાકે, નારદ ચિતના ભયો ઉજારો;

ગુરૂચરન અનુરાગ કીયો તબ, મોહન દેખ્યો ભવદુઃખઆરો. ૨

પદ. ધનાશ્રી.

હે જીવ જૂઠા વારંવાર, નિજનું વચન વિચાર. હે જીવ. ધૃ
ગર્ભથકી શું કહીને છુટયો તું, કરને યાદ લગાર. હે. ૧
વિષય વિષનું પાન કરીને, ડૂબ્યો તું સંસાર. હે. ૨
માયા છે મહા ડાકણ જગમાં, પળમાં કરે ખુવાર. હે. ૩
આ જગમાં જો હીત વિચારો, નિરખો જગદાધાર. હે. ૪
કામરૂપ શત્રુને હણો તો, ઉતરો સિંધુપાર. હે. ૫
જીવ ઈશ્વરમાં ભેદ જણાએ, જાણો પાપ અપાર. હે. ૬
ગુરૂસેવાવણ ભ્રમ નહીં ભાગે, કરશો યત્ન હજાર. હે. ૭
માટે મોહન વચન વિચારી, ગુરૂશરણે જા યાર. હે. ૮

પદ. સદર.

ધીક જન જૂઠા જગ મોઝાર, ધીક તેનો અવતાર. ધીક.ધૃ.
બોલેલું પાળે નહિં જે જન, ધીક ધીક તે નરનાર. ધીક. ૧
વચન ન પાળે નર છે અધમ તે, નર્ક વિષે પડનાર. ધીક. ૨
ભોજન લાયક પિયુષ તજીને, વાંત્તીને જમનાર. ધીક. ૩
જુઠા જનથી પશુ પરમારથી, અરપે તનમન સાર. ધીક. ૪
વચન પાળવા નળને યુધિષ્ઠિર, વિચર્યા વન મોઝાર. ધીક. ૫
વચન પાળવા હરિશ્ચંદ્રરાયે, છોડયો રાજ્ય પરીવાર. ધીક. ૬
નરતન જાણો વ્યર્થ ગુમાવ્યું, પળ્યું ન વચન લગાર. ધીક. ૭
જુઠા જનથી ઉત્તમ તૃણ છે, પશુ જીવે નિરધાર. ધીક. ૮

જનમ્યો જગમાં તેજ પ્રમાણો, પાળે વચન હરવાર. ધીક. ૯
મોહન પાળે વચન વહેલું, ધન તે કુળ પરીવાર. ધીક. ૧૦

છંદ હરિગીત.

વંદુ પ્રથમ શ્રીસદ્‌ગુરૂ જેણે બતાવ્યું જ્ઞાન છે,
ભવસિંધુના સેતુ સુલભ સાક્ષાત શ્રી ભગવાન છે;
એ ઇશ માયાનાપતી વળી નિત્ય હૃદયાનંદ છે,
જે શાંત નિર્મલ નિર્વિકારી મોક્ષ પ્રદ સુખ કંદ છે. ૧
અવની વિષે અજ્ઞાની જીવ મોહી રહ્યા માયા વિષે,
નિજનું મહાન સ્વરૂપ એવા ક્ષુદ્ર જીવને ના દીસે;
પણ ચર્મ અસ્થિનું તનુ જે નાશવંત અનિત્ય છે,
તેનેજ નિજનું રૂપ જાણે તેજ માને સત્ય છે. ૨
તે જીવનું જીવત્વને વળી ભેદ બુદ્ધી ટાળવા,
ગુરૂની કૃપાથી હું કહું ભવ દુખ પુંજ પ્રજાળવા;
એકાગ્ર ચિત્તે સાંભળે શીખે વિચારે જો કદા,
પામે પરમ પદ તે સ્વરૂપાનંદમાં રહેશે સદા. ૩

પદ ગરબી.

સારૂં સારૂં રે સુરત શહેર—એ રાગ.

ઓળખને તું નિજરૂપ, હે જીવ અજ્ઞાની;
તું ચૌદ ભુવનનો ભૂપ, હે જીવ અજ્ઞાની. ઓળખને. ધ્રૂ.
મૂર્ધાસ્થાને સત્ય લોક છે, જ્યાં સદ્‌ગુરૂનો વાસરે;
સનકાદીક મહામુની રહે, ત્યાં માયાનો નહિં ત્રાસ. હે જીવ. ૧

લલાટમાં તપ લોક વિરાજે, જ્યાં માયા મુકામરે;
વસીષ્ઠ ગૌતમ કશ્યપાદીક, સપ્તરૂશીનું ઠામ. હે જી. ૨
મૂખ વિષે જનલોક રહ્યો છે, સાક્ષી વેદ પુરાણુ રે;
દેવગુરૂ બૃહસ્પતી આદીક, બ્રહ્મ રૂશીનું સ્થાન. હે જી. ૩
મહર્લોક તે કંઠ વિષે છે જ્યાં જીવ શિવ સાક્ષાતરે,
રાજરૂશી સરવે ત્યાં રાજે સત્ય કહું છું વાત. હે જી. ૪
હૃદય મધ્યમાં સ્વર્ગ રહ્યું છે જ્યાં વિષ્ણુનો વાસ રે,
ઇંદ્રાદિક સુરગણ સરવે ત્યાં કરતા ભોગવિલાસ. હે જી. ૫
ભુવર્લોક ઉદરમાં જાણો જ્યાં ગાંધર્વ મુકામ રે,
વિદ્યાધર ઉર્વશીઆદી ત્યાં નિત્ય કરે વિશ્રામ. હે જી. ૬
નાભીમાં ભુર્લોક રહ્યું છે જે પૃથ્વી નવખંડ રે,
સૃષ્ટીના માયિક જીવો જ્યાં વાસ કરે છે અખંડ. હે જી. ૭
નાભીથી પગ તળીયા સુધી આવ્યાં સપ્ત પાતાળ રે,
તામસી જીવ જ્યાં વાસ કરે છે સમજે મોહન મરાળ. હે જી. ૮

પદ. સદર.

આત્મા પરમાત્મા એક, વેદ અભેદ લહે;
દેખાએ બહુ પણ એક. સદગુરૂ સંત કહે. આત્મા. ધ્રૂ.
ચતુર્દશ બ્રહ્માંડ રૂપી છે, સુંદર જેનું અંગ રે;
અણુથી બ્રહ્માદીકમાં વ્યાપક તો પણ નિત્ય અસંગ. વેદ. ૧
સત્ય લોકમાં શીશ બિરાજે, પગ જેના પાતાળ રે;
ચારવેદ રૂપી છે જેની, સુંદર વાણી રસાળ. વેદ. ૨

સિંધુ સપ્ત ઉદરમાં જેના, કંઠ વિષે છે વ્યોમરે;
લોચન છે દુઃખમોચન જેનાં, અર્ક અગ્નિ ને સોમ. વેદ. ૩
જેનો પ્રાણ પ્રભંજન જાણો, જે ઓગણ પચાસરે;
ત્રિગુણાત્મક શક્તિ છે તેની, સ્થિતિ, ઉત્પતિ નાશ. વેદ. ૪
મેરૂ હીમાચળ આદી સૌ, પર્વત જેનાં હાડરે;
શરીર તણાં રૂવાડાં જાણો, વનસ્પતી ને ઝાડ વેદ. ૫
રાશીને નક્ષત્ર તણો છે, જેના ઉરમાં હારરે;
સરિતા સરવે નાડી જેની, મોહન સત્ય વિચાર. વેદ. ૬

જ્ઞાન કક્કો

લાવણી. રંગત લંગડી.

જન્મમરન દુઃખ જાવે તુમારા પઢો સુખદ જ્ઞાનદ કક્કા;
ભવસિંધુકે, પાર હો જાઓ બનો પંડીત પક્કા. ધૃ
क કક્કા કપટ કુ પંથ કુચાલ કુ સંગત તજ કહું બારંબાર
ख ખખા ખોજકર, હૃદય મેં આત્મ તત્વકી કર કે પ્યાર,
ग ગગા છાંડ ગરૂરી જોબન, ધન તન સબ જૂઠા સંસાર;
घ ઘઘા ઘરૂની, કરેગી નિવૃતી, ભવસાગર પાર.
ङ અંગ મેં સબ તીરથ હે બનારસી મથુરાં મક્કા. ભવ. ૧
च ચચા ચિત નિર્મલ હોવે તબ ચૈતનકા હોવે દીદાર.
छ છછા છાંડદે, દંભ છલ રામ સુમિર લે તું હરવાર,
ज જજા જીવપના જબ જાવે ગુરૂ કૃપા હોવે નિરધાર;
झ ઝઝા ઝાંખલે, અણુરેણુ સબઘટમેં સરજનહાર.

ञ युक्ति जो करो योगकी तोपड जावे पो छक्का. भव. २
ट टटा टेडी पघडी बांधेसे, नहि मिलता पुरुष पुरान,
ठ ठठा ठाठऐ, जान जूठा सच्चा सदगुरु पिछान;
ड डडा डहापनतो तब जानुं जब करले अपना कल्यान.
ढ ढढाबजाइ, कहुत हुं ढोल ज्ञान बिन पशू समान,
ण कार माया अंधकार में कबतक खाओगे धक्का. भव. ३
त त्ता तर्क बिनज्ञान न होवे चाहे पढो तुम चारोंबेद,
थ थथा जाओगे, गुरु के चरन शरन तब जानो भेद;
द द्दा देहीको पेछानोगे तब मीट जावे दीलका खेद.
ध ध्धा धर्म बीन, करेंगे धर्म रायजी जरुर केद;
न न्ना नेकीसें चलना कभी लगा तीर नहीं तो तक्का. भव. ४
प प्पाकर परमार्थ प्रेमसे तो हो जावे बेडा पार,
फ फफा फुटेगी, पापमटकी सीरकी सुन ए दीलदार;
ब बबा बुडेगा भवजलमें तुं ज्ञान बिनाहे मूर्खगमार,
भ भभा भक्ति कर, गुरुकी तबनासे त्रयतप बिकार;
म म्मा महेर करे महा माया,तब छुटे तेरे भव धक्का. भव.५
य जो चहे उत्तरका मार्ग तो दया धर्मको दिलमें धार,
र ररा रटणकर, गुरुका तजहु क्रोधमद लोभ असार;
ल ल्ला लक्षमें रखशिक्षा सदगुरु बेदसब कहे पुकार;
व व्वा विनाशी, जान ले नामरुपमय सब संसार,
श श्शा शत्रुका नाश कीए बिन, सदा रहे फुकं फक्का. भव.६

ष ષ્ષા ષટ્ સંપત્તિ ભરો ઉર પંચ ક્લેશ તબ હોબે નાશ,
स સ્સા સુખી હો, ગૃહી સંતોષ તજી તન ધનકી આશ;
ह હિંમતસેં લડો અડગ હો તબ પામે સબ શત્રુત્રાસ,
क्ष તું ક્ષમાકી, કટારી તીક્ષ્ણ રખના હરદમ પાસ;
ज्ञ જ્ઞાતા બન જાવો મોહન પઢો જોયહ જ્ઞાનદ કક્કા. ભવ. ૭

પદ. સદર.

અધ્યાત્મ રામાયણ.

સમરી પ્રથમ ગુરૂ ગણેશ ગિરિજા ગંગા કલિમલ હારી;
રામાયણનો, ખ્યાલ અધ્યાત્મ સુણો સૌ સુખકારી. ધૃ.
દશદિશારૂપી દશ દરવાજા એવું તન બ્રહ્માંડ પિછાન,
પ્રવૃત્તિરૂપી, લંક નગરી અતિ દુર્ઘટ દુર્ગમ જાન;
તે લંકાં નગરી બનાવી મનરૂપ મયાસુરે નિદાન,
એ નગરીમાં, મનોરથ રૂપ ભુવન શોભે જ્યમ ભાણ;
રાગ દ્વેષ રૂપી સમુદ્રની ખાઇ બની ચોદીશ સારી. રા. ૧
રાગ દ્વેષરૂપી સમુદ્ર માં તૃષ્ણા રૂપ તરંગ ચડે,
આશારૂપી, નક્ર બહુ સમુદ્રમાં જ્યાં ત્યાં રખડે;
વળિ સંકલ્પ વિકલ્પરૂપ જ્યાં વમળ પાણીમાં નજર પડે;
અવિદ્યારૂપી, સિંધુમાં ભરતી નિત્ય બે વાર ચડે,
પ્રવૃત્તિ લંકા નગરીમાં મોહરાય રાવણ ભારી. રા. ૨
મોહરાયનો અહંકારરૂપ, કુંભકરણ નાનો ભાઈ,
મેઘનાદ તે, મોહસુત કામરૂપ અતિ દુખદાઇ;
ક્રોધરૂપ દેવાંતક જાણો, દુર્મુખ દ્વેષ છબી છાઇ;

ગર્વ નરાંતક, મહોદર લોભરૂપ જાણો ભાઇ;
અતિકાય મત્સર રૂપી દૂષણ અધર્મનો અવતારી. રા. ૩
શૂલગ્રસ્ત જાણો મદરૂપી દંભરૂપ મહા પાર્શ્વપિછાન,
વળિ અકંપન, કલિમલ કપટરૂપ તેનેજ પ્રમાણ;
અસત્યનો અવતાર લંકમાં દુષ્ટ કુંભરાક્ષસને જાણ,
વળિ નિકુંભને, પાપ પાખંડ તણું પૂતળું તું માન;
કુસંગ ને વિક્ષેપ વળી આળસ મંત્રી સૌ દુખકારી. રા. ૪
ત્રિગુણરૂપ સેનાપતી જાણો ને અનર્થ રૂપી ધુમ્રાક્ષ,
સંશયરૂપી, શોણિતાક્ષને વળી ભ્રમરૂપ યુપાક્ષ;
વિદ્યામદ ધનમદ જોબનમદ રૂપી લશ્કર સહસ્ત્ર લક્ષ,
મમતારૂપી, બેન સુરપનખા નિત્યે રહે સમક્ષ;
દુષ્ટ વાસના મમતારૂપી ભગિનીમાં નિત્યે જારી. રા. ૫
હિંસા નિંદા ઇર્ષા આદી મોહભૂપતીની નારી,
લોલુપતા ને, અશ્રદ્ધા મોહતણી પુત્રી પ્યારી;
સદૈવ ચિંતા અને કૃપણતા વળી કામના દુખકારી,
તથા ભ્રષ્ટતા, સહચરી હિંસારાણીની સારી;
પ્રવૃતી નગરમાં જીવરૂપ વિભીષણ જાણો સુવિચારી. રા. ૬
વિવેકરૂપી રામ અને વિચારરૂપ લક્ષ્મણ ભ્રાતા,
સતી સીતાજી, બ્રહ્મ વિદ્યારૂપી જે જગત્રાતા;
જ્ઞાનરૂપ દશરથને જાણો દેવદનુજમાં પંકાતા,
ભક્તિરૂપી, જાણ કૌશલ્યા વિવેકની માતા;

અને અચળ વૈરાગરૂપ મારૂત સુતહસ્ત ગદાધારી. રા. ૭
સત્યરૂપ અંગદ બડભાગી ધર્મરૂપ સુગ્રીવ સુજાન,
જાંબવાનને, જાણુ સતસંગ નીલને શીલ પ્રમાણ;
નળ જાણો સંતોષરૂપને ધૈર્યરૂપ કેશરી પિછાન,
યોગશાસ્ત્રનો, સદા અભ્યાસ ગંધમાદનને જાણુ;
મોક્ષ ધર્મના લક્ષણુ રૂપી કપિદલ પ્રબલ અટલભારી. રા. ૮
કુમુદ દ્વિવીદ મયંદ શરભ ગજ ગવાક્ષ ઋષભ શુષેણુ અનૂપ.
જાણુ તેમને, મોક્ષના સંયમાદી સૌ સાધનરૂપ,
અગ્ની વાયુ વરૂણુ ધનદ યમ વાસવ જે અમરાવતી ભૂપ;
યમ નિયમાદી, તેમને જાણુ યોગ અષ્ટાંગ સ્વરૂપ.
રૂશી મુની ષટ સંપતિ જાણો શમ દમાદી જે હિતકારી. રા. ૯
સદ વિચાર રૂપી લક્ષ્મણુ વૈરાગરૂપ મારૂતસુત નામ,
બેઉ મળીને, હણ્યો જઈ ઇંદ્રજીત જે સ્વરૂપ કામ;
પછી કવચ શુભ શ્રુતિ શાસ્ત્રનું વિવેક રામે સજ્યું સુદામ.
તથા હસ્તમાં, શાંત ચિતરૂપ ધનુષ ધાર્યું ગુણુ ગ્રામ,
આત્મ તત્ત્વ ચિંતન શરથી ઝટ મોહ રાય નાખ્યો મારી. રા. ૧૦
મોહરાયનું મર્ણુ થવાથી હિંસાદીકને ત્રાસ પડયો,
સુરનર મુનીને, હૃદયમાં હર્ષ તણો જલનીધી બઢયો;
સત્ય શીલ સંતોષ આદીને વિવેકનો શુચિ રંગ ચડયો.
જીવ વિભીષણુ, પામી નિવૃત્તિ રામ પદ પદ્મ અડયો,
બ્રહ્મવિદ્યા ને વિચાર સાથે નિજપુર આવ્યા મોહારી. રા. ૧૧

મોહરાયનો નાશ થવાથી ત્રિભુવનનો અંધકાર ગયો.
અવિદ્યારૂપી, નિશા ગઇ જ્ઞાનભાનુનો ઉદય થયો,
અઘ ઉલૂક સંતાયાં મત્સર ચોર શોક સરિપૂર વહ્યો;
ક્રોધ કુમુદની, સકુચાણી ઉર કલેશ છવાઇ રહ્યો.
રામ વિના મુક્તિ નહિં મોહન, વેદ વચન ઉર લે ધારી, રા. ૧૨

પદ. ગરબી.

કામણ દીસે છે અલબેલા. એ રાગ.

સમજાવી જીવને કહે છે કાયા કામનીરે.
મારા વણ તુજને આ દુનીયાં શું કામનીરે, સમ. ધૃ.
તુજ ઇચ્છા આધીન રહું છું, ઘણા પ્રકારે દુઃખ સહું છું;
માંડીવાળો વાત જવા પર ગામનીરે. સમ. ૧
તારા સારૂ ભોગ કરીને, તારા સારૂ જોગ ધરીને,
આશા રાખી નહીં જરા આરામનીરે. સમ. ૨
માલીક પાંચ પચીસને દશનો, થાપ્યો સત્વ રજો તામસનો
આણ ફેરવી દશે દ્વાર તુજ નામનીરે; સમ. ૩
તેં ધાર્યું દરિઆમાં નહાવા, હું નહિં ચુકી હુકમ ઉઠાવા.
તારા વશ થઈ ભૂલી રટના રામનીરે, સમ. ૪
મેં જાણ્યું તું સહાય રહેશે, દુખની અંદર હિસ્સો લેશે;
વિશ્વાસે ના રહી સીમ કે ગામનીરે. સમ. ૫
તુજ માટે હે પ્રિતમ પ્યારા, ખરા બપોરે દીઠા તારા,
નહોતી આશા રાખી આખર ઠામનીરે; સમ. ૬

પ્રીત કરીને પ્રથમ હસાવી, મતલબ સારી હવે ફસાવી.
તુજ ઇચ્છાથી મુકી લાજ તમામનીરે, સમ. ૭
દગો નહીં દે એ આશાથી, મોહન પ્રીત કરી શ્વાસાથી;
આખર છોડી ચાલ્યો કાળી જામનીરે. સમ. ૮

સહર. ઉત્તર.

જીવ કહે છે સાંભળ કાયારૂપી કામની રે.
આ દુનીયાંને તું કૂટી એક બદામનીરે, જીવ. ધ્રૂ.
તું તારા મતલબમાં બોલે, અમૃત સાથે વિખડું ઘોળે;
તું જાણે નહીં વાત અગોચર ઠામનીરે. જીવ. ૧
તારૂં ઉદર ભરવા કાજે, દુષ્ટ કર્મ કીધાં વણ લાજે;
દેહેસત રાખી નહીં પ્રભુના નામનીરે. જીવ કહે છે. ૨
આગ તણાં ફળ જો અંગારા, ખરા બપોરે દીઠા તારા;
એ સૌ તારા સ્વારથ માટે સ્વામિનીરે. જીવ કહે છે. ૩
સત્ય કર્મ આવ્યો કરવાને, જ્ઞાન લાભથી ભવ તરવાને;
તું સંગે ભૂલ્યો સુદ્ધિ ઘર ગામની રે. જીવ કહે છે. ૪
જાણ્યું મારા આધિન રહેશે, કર્યું પાપ તેં તે તું લેશે;
આખર નિકળી નારી જાત હરામની રે. જીવ કહે છે. ૫
જાગી જોયું હવે તપાસી, તારી સોબતથી ચોરાશી;
ચેતન છોડી કરૂં ન માયા ચામની રે. જીવ કહે છે. ૬
બરોબરી તારી ને મારી, કલ્પાંતે પણ નથી થનારી;
તું જડ ને હું ચેતન સાંભળ ભામની રે. જીવ કહે છે. ૭

તારી સોબતથી હું ભૂલ્યો, મુદ્દલ ખોઇ કરજે ડુલ્યો;
મોહન ચુકે હવે ન રટના રામની રે. જીવ કહે છે. ૮

પદ ગરબી.

નાવો તો નંદજીની આણ—એ રાગ.

નિજરૂપ જેણે ન જોયું રે, તેણે સર્વશ ખોયું. નિજ. ધૃ.
આ સંસાર અસાર ભર્યો છે, જ્ઞાન વિના કહો કોણ તર્યો છે;
વિષય વિષે ચિત્ત પ્રોયું રે, તેણે સર્વશ ખોયું. નિજરૂપ. ૧
ભોગ વિષય સિંધુ જલ જાણો, સ્ત્રી પુત્રાદીક વમલ પ્રમાણો;
ધનતનમાં મન મોહ્યું રે, તેણે સર્વશ ખોયું. નિજરૂપ ૨
હર્ષ વિષાદ તરંગ ચડે છે, કામ ક્રોધાદીક મચ્છ લડે છે;
જ્ઞાન નજરથી ન જોયું રે, તેણે સર્વશ ખોયું. નિજરૂપ. ૩
તાપ ત્રિવિધી અગ્ની બળે છે, તૃષ્ણાનાં મોજાં ઉછળે છે;
અંતર જેણે ન ધોયું રે, તેણે સર્વશ ખોયું. નિજરૂપ. ૪
લાલચરૂપી લોહ ચુંબક છે, મમતારૂપી જેમાં ખડક છે;
ઈર્ષાથી મન છોયું રે, તેણે સર્વશ ખોયું. નિજરૂપ. ૫
સંત સમાગમ શ્રદ્ધા ન રાખે, દાન કરે નિજ સ્વારથ તાકે;
ખારવિશે બિજ બોયું રે, તેણે સર્વશ ખોયું. નિજરૂપ. ૬
મોહન રાખે જે જન જગમાં, રોગ રહે નહીં તેને રગમાં;
માયામાં મન મોહ્યું રે, તેણે સર્વશ ખોયું. નિજરૂપ. ૭

પદ સદર.

જેને નહીં ઉરજ્ઞાન, તેને હમ્મેશ હોળી. જેને નહીં. ધૃ.
સત્યાસત્ય વિવેક ન જાણે, સજ્જન સંગે મોજ ન માણે;

ત્યાગે ના અભિમાન, તેને હમ્મેશ હોળી. જેને નહીં. ૧
ભક્તિ કરે પણ ભેદ ન દાખે, તે ક્યાંથી અમૃતરસ ચાખે;
માયામાં ગુલતાન, તેને હમ્મેશ હોળી. જેને નહીં. ૨
કર્મ કરે ન જરાએ વિચારી, જ્ઞાનકથા લાગે સુણી ખારી;
ભૂલ્યો જે ઉર ભાન, તેને હમ્મેશ હોળી. જેને નહીં. ૩
ધન તનની મમતા નહીં છુટે, પત્થર સાથે માથું કુટે;
બુદ્ધિ બની નાદાન, તેને હમેશ હોળી. જેને નહીં. ૪
હે હરી હે હરી મૂખે ઉચારે, જૂઠ પ્રપંચ જરા ન વિસારે;
એને મળે શું વિમાન, એને હમ્મેશ હોળી. જેને નહીં. ૫
સંતોષી થઇ મોહન સેવે, તે જ્ઞાનામૃતને નીત ટેવે;
નામાને હે વાન તેને હમ્મેશ હોળી. જેને નહીં. ૬

સદ સદર.

જેને સદા ઉરજ્ઞાન તેને નિત્ય દીવાળી. જેને. ધ્રૂ.
સત્યાસત્ય વિવેક પિછાને, પક્ષાપક્ષ નહિં ઉર આણે;
પરમ સંતોષી સુજાણ, તેને નિત્ય દીવાળી. જેને સદા. ૧
ધન તનની આશા નહીં રાખે, તે અમૃતરસને નીત ચાખે;
માને જે વિદ્વાન, તેને નીત્ય દીવાળી. જેને સદા. ૨
અંતરનો અભિમાન ગયો છે, સોહંરૂપે નિત્ય રહ્યો છે;
સુખ દુખ જેને સમાન, તેને નિત્ય દીવાળી. જેને સદા. ૩
સતસંગતમાં નિત્ય રહે છે, માન અને અપમાન સહે છે;
સૌમાં જુએ ભગવાન, તેને નિત્ય દીવાળી. જેને સદા. ૪

પરમારથમાં જેની પ્રીતી છે, પરમાનંદ વિષે સ્થિતી છે;
કાળ કરેન તોફાન. તેને નિત્ય દીવાળી. જેને સદા. ૫
સૌથી અધિક ગુરૂને માને, તે નિજને નારાયણ જાણે;
ભવભય ટળશે નિદાન, તેને નિત્ય દિવાળી. જેને સદા. ૬
જાય મરી જીવતાં જન જે છે, મોહન અમર થાય જન તે છે;
વૈકુંઠ જાશે નિદાન, તેને નિત્ય દીવાળી. જેને સદા. ૭

પદ કાફી.

ધીરાના પદના રાગ.

ગંદી દેહ કેરોરે, મૂરખ તો મોહ કરે.
વ્યર્થ થશે ફેરોરે, પ્રભુ તણો દ્રોહ કરે, ગંદી. ધૃ.
આધિ વ્યાધિ ઉપાધિ વિકારો, આ કાયામાં અપાર;
નાશ થતાં વળી વાર ન લાગે, ગર્વ કરે એ ગમાર.
માલેક મોહનનોરે, ગયા પછી કાયા શું કરે, ગંદી. ૧
આ કાયા અસ્થિનું પંજર. રકતમાંસ ભંડાર;
રાત દીવસ દુર્ગંધી નિકળે, એમાં મોહે તે ગમાર.
માલેક મોહનનોરે ઘડી પણ ના સમરે, ગંદી. ૨
જે અનાજથં પાળી પોષી કીધું પુષ્ટ શરીર;
તે અન્નને પણ નર્ક બનાવે, એવું છે આ કથીર.
માલેક મોહનનોરે, સાચું હેમ કયમ વીસરે, ગંદી. ૩
લક્ષચોરાશી પાર ઉતરવા, મલ્યો મનુષ અવતાર;
ભૂલી ભજનને ભોગ કરે છે, ઉલટો વધારે ભાર.
માલેક મોહનનોરે, વારે ઘડી માફ ન કરે. ગંદી. ૪

પદ. સદર.

વિવેક ન જેનેરે, ભૂલાજન તે ભટકે.
જ્ઞાન નહીં તેનેરે, થાય કદી શીર પટકે, વિવે. ધૃ.
સત્ય વસ્તુ મહા ગુપ્ત રહી છે, અસત્ય ઉપર જણાય;
વિવેક દીપ નહિં ઉર તેને, ખરી વસ્તુ ન ભળાય,
ત્યારે યમ કરથીરે, કયમ કરીને સટકે. વિવે. ૧
સત અસત બે વસ્તુ અનાદી, અરૂપને સાકાર,
સત્યાસત્ય સકલ સૃષ્ટિમાં, ખાલી નહિં તલભાર;
અંધ નહીં દેખેરે, જાય જગન્નાથ અટકે. વિવે. ૨
કોઇ જપ કરે કોઇ તપ કરે, કોઈ વ્રત કરે દીનરાત,
ગુરૂગમ વીના કોઇ ફળે નહીં, એ જળ ઉપર ભાત;
ભેદ જાણ્યા વીનારે, મોહે જન કાચ કટકે. વિવે. ૩
જેજે સરવે જીવ કરે છે, તે નિજ સુખના કાજ,
તે સુખનું ફળ દુઃખ મળે છે, કેમ તરે ભવ જહાજ;
બળતી અગ્નીમાંરે, નાખે ભરી ઘી મટકે. વિવે. ૪
વિવેક વિનાનો ત્યાગ નકામો એથી જ્ઞાન ન થાય,
પોતે પોતાને ખોળે છે, તેનું ભેશું કયાં થાય;
મોહન ના રીઝેરે, લલના સમ કરે લટકે. વિવે. ૫

ગરબો.

વાગેરે મોરલીધર તારી—એ રાગ.

ગરબો રે ગાઇએ શ્રી આત્મારામનો જો,

જેના ચિંતન થકી ટળે અજ્ઞાન જો. ગરબો. ધ્રુ.
પૂરણ પુરૂષોત્તમનું રૂપ જણાય છે જો,
એવો ગરબો સામવેદનું ગાન જો. ગરબો રે. ૧
પંચ તત્વનો ગરબો છે સોહામણો જો,
શોભે સુંદર ત્રિવિધી તેમાં રંગ જો,
માયાના જેવો છે ગોળાકારનો જો;
ઘડનારો છે અજ અવિકારી અસંગ જો. ગરબો રે. ૨
તે ગરબાને નવ દશ કોટી મૂખ છે જો,
અહંકાર તે ગરબાનો આધાર જો;
ચિત્તરૂપી છે સુંદર જેમાં કોડીયું જો,
દિવેટ લાંબી મનરૂપ અપરંપાર જો. ગરબો રે. ૩
બુદ્ધિરૂપી અથાગ જેમાં તૈલ છે જો,
જીવરૂપ સુંદર તેમાં આભાસ જો;
આદી અનાદી ગરબો એ કહેવાય છે જો,
પૂરણ બ્રહ્મ તણો જેમાં પ્રકાશ જો. ગરબો રે. ૪
બ્રહ્મા વિષ્ણુ મહેશ તેના છે રૂશી જો,
એવો આ ગરબો છે અગમ અવેબજો;
ગાયત્રી છે છંદ સુભગને શોભતો જો,
પરિબ્રહ્મ પરમાત્મા જેના દેવજો. ગરબો રે. ૫
આ ગરબાને ગાવા પૂરણ પ્રેમથી જો,
દેવસરીખા લે માણુસ અવતાર જો;

જે નરનારી આ ગરબો વિચારશે જો,
મોહન સહેજે ઊતરશે ભવપાર જો. ગરબો રે. ૬

ગરબો.

તમે અંજાણ્યા અમે. એ રાગ.

આજે આનંદનો દીન જાણી રે, જીવ ઇશ્વર એક પ્રમાણી રે;
કહું શીખ તે લ્યો ઉરમાની, મુમુક્ષુ. પ્રેમે તમે સાંભળોરે. ધ્રુ૦
જીવ ઇશ્વરમાં નહીં ભેદ રે, પોકારી કહે છે વેદ રે;
ભેદથી થાય ચિત્તમાં ખેદ, મુમુક્ષુ પ્રેમે તમે સાંભળો રે. ૧
જનમ્યા આપણુ જેનાથી રે, કહો જુદા શી રીતે તેનાથી રે;
પિતા પુત્ર એ અજ્ઞાનતાથી, મુમુક્ષુ પ્રેમે તમે સાંભળો રે. ૨
જે જેનાથી જનમ્યું હોએરે, તે તેના જેવુંજ સોહેરે;
એમાં ભેદ કદાપી ન હોએ, મુમુક્ષુ પ્રેમે તમે સાંભળો રે. ૩
એક લોખંડશસ્ત્ર અપાર રે, એક ધરણી ઘણા છે વિકાર રે.
એક ઇશ્વર જીવ અપાર, મુમુક્ષુ પ્રેમે તમે સાંભળો રે. ૪
કહ્યું ગીતા વિષે શ્રી કૃષ્ણે રે, જ્યારે મોહ થયો અરજુનનેરે,
તે હું આજ કહુંછું તમને, મુમુક્ષુ પ્રેમે તમે સાંભળો રે. ૫
જીવભૂત તે મારો અંશ છે રે, જાણે ભીન્નતે જાણો કંસછે રે;
તેનો હુંજ કરૂં નિર્વંશ, મુમુક્ષુ પ્રેમે તમે સાંભળો રે. ૬
અજ્ઞાનથકી થયો ભેદ રે, તેથી દ્વૈત થયું કહે વેદ રે;
દ્વૈતથી રાગ દ્વેષને ખેદ, મુમુક્ષુ. પ્રેમે તમે સાંભળો રે. ૭
રાગ દ્વેષથી જન્મને મરણુ રે, જાય મોહન જે ગુરૂ શરણુ રે;
ફીટી જાય છે આવાગમન, મુમુક્ષુ પ્રેમે તમે સાંભળો રે. ૮

પદ ભૈરવી.

કોઇ રબકી મરજી ક્યા જાને. એ રાગ.

લક્ષ્મી ! તારી છે બલિહારી, મોહીત કીધી સૃષ્ટિ સારી. ધ્રૃ.
મૂરખ પણ પૈસાદાર હશે, ડાહ્યો તે જગમાં કહેવાશે,
પણ પંડીત જો ધનહીન હશે, તેને ગણશે સૌ ભીખારી; લ. ૧
અંત્યજ પણ જો ધનવાન હશે, સૌ જગ તેનો આદર કરશે.
વળી વિપ્ર છતાં ધનહીન થશે, તો પૂછે નહીં કો નરનારી; લ. ૨
નિજ દેશ વિદેશે માન મળે, જોગી પણ જેને જોઇ ચળે,
ભર દરિએ મનવાંછીત મળે, ધનના વશ છે સૃષ્ટિ સારી. લ. ૩
જગમાં જે જન ધનવાન હશે, તેનું સૌ સહેજે કાજ થશે,
બહુ મેહેનતથી પણ નિર્ધનકેરી, જાય ન જગમાં લાચારી;લ. ૪
ધનવાન કદી કુમર્મ કરે, પણ સૌ તેનું સારૂં ઉચરે.
કદી ધર્મથકી નિર્ધન વિચરે, દુનીયાંમાં વાત થશે ન્યારી; લ. ૫
ઉપકારી પણ નિર્ધન હોએ, ઉપકાર વિનાશ થશે સૌએ,
ઉપકાર વિના શ્રીમાનતણું, સૌ કારજ થાયે હરવારી; લ. ૬
આંખોમાં શરમ રહે સૌને, પણ શરમ નહીં શ્રીમાન કને,
ધનઅંધ ગણે નહિં નિજ જનને,જો હોય કદી પુત્રી પ્યારી; લ. ૭
લક્ષ્મીમાં મોહન સૌ ગુણ છે, પણ મોટો એકજ અવગુણ છે.
કંજૂસ થકી સંલગ્ન કરે પણ પંડીતથી ન કરે યારી; લ. ૮

પદ. સોરઠ

વણ સમજે મૂરખ રહે મોહની જાળમાંરે, વણ ધ્રૃ.

માયામાં દીનરાત રમે છે, માથા ઉપર કાળ ભમે છે;
કોઇ દીન આવી જશે કાળની ફાળમાંરે. વણ. ૧

તું જાણે હું ઘણુંજ ડાહ્યો, પણ ફોકટમાં જાએ વાહ્યો,
ફોકટ થાય ફજેત મોહ જંજાળમાંરે; વણ. ૨

પ્રાણાંતે યમદ્વારે જાશો, ભક્તિ વિના ભવમાં અથડાશો.
માયાથી નહીં મોક્ષ મળે કોકાળમાંરે, વણ. ૩

કૃત્ય કસાઇથી પણ બૂરાં, ચેત અધૂરાં થાયે પૂરાં;
લેશ દયા નહીં કૃતાંત કૂર કરાળમાંરે. વણ. ૪

માટે મારૂં માની મોહન, ધન તન મિથ્યા જાણો જોબન,
બ્રહ્મ સત્ય ને અન્ય આળ પંપાળમાંરે; વણ. ૫

પદ. કાનરા.

જીંદગાની વ્યર્થ ગુમાવી, ભાવ ધરી નહીં ત્રિપુંડ્ર કીધું,
ભાલ ન ભસ્મ લગાવી, જીંદગાની વ્યર્થ ગુમાવી; ધ્રુ.
શિવશિવરસના કદી વદે નહીં, વિષય વેગ અટકાવી.
અંતરનો અભિમાન ગયો ના, આત્મદૃષ્ટિ નહિ ફાવી. જીં. ૧

સંત સમાગમ કદી કર્યો ના, ઉર કરૂણા નહીં ભાવી,
વિષય વિષે વિચરે પ્રીતેથી, સદવિવેક નસાવી; જીં. ૨

કામ શત્રુને મિત્ર બનાવ્યો, આશા નારી મન ભાવી.
મોહન સદગુરૂ શીખ ન માની, સદકીર્તી ન જમાવી, જીં ૩

પદ સદર.

દુનીઆં દુઃખદરીઓ પિછાન, અથાગ ઉંડો લાંબો;
પહોળો જેનું નહીં પ્રમાણ, દુનીઆં દુખદરીઓ. ધ્રુ.
આશારૂપ અતિશય જળ છે, લોભ ખડક તું જાણુ,
કામ ક્રોધાદીક જલચર સરવે, તૃષ્ણા તરંગ પ્રમાણ; દુ. ૧
વિકલ્પરૂપી જેમાં વમળ છે, લાલચ ભરતી નિદાન.
મોહન નરતન નૌકા જાણો, ગુરૂ શુકાની માન, દુ. ૨

પદ સદર.

દુનીયાં દુઃખતણો ભંડાર, આશા ધન તો કદી ન ખુટે,
કામ સુવર્ણ અપાર, દુખ તણો ભંડાર. ધ્ર.
ભોગરૂપ તો ભોગ ઘણા છે, જેનો નહીં શુમાર,
કપટરૂપ શ્રંગાર અતિશય, જૂઠરૂપ વ્યવહાર.દુનીયાં. ૧
કામ ક્રોધાદીક લશ્કર જાણો, દગારૂપ હથિઆર,
મોહન જગ માયાનું બંધન, ગુરૂપદ મોક્ષ વિચાર. દુનીયા. ૨

પદ સદર.

જગતમાં તે જનને ધિક્કાર, કરી પ્રયત્ન ન કુટુંબ, પોષ્યું,
ન જાણ્યા કીરતાર. જગતમાં તે જનને ધીક્કાર. ધૃ.
અંતરગ્રંથી જરા ન છુટી. ટળ્યા ન તાપ વિકાર,
કામવાસના આધીન થઇને, ડુબ્યો જે સંસાર.જગતમાં. ૧
આશ અનળ ઉરમાંહી બળે છે, શાંતી ન ચિત્ત લગાર,
મોહન ગુરૂના શરણુ ગયો ના, ના ઉતર્યો ભવપાર.જગતમાં. ૨

નગણાષ્ટક.

હરિગીત.

જગદીશ નામુ' શીશ ઘો આશીશ વિનતી ઉચરૂં.
સર્વે સુજનના કાજ આજ સુભ્રાજ નગણાષ્ટક કરૂં,
નગણા નઠોર ન કામના પૃથ્વી મરે ભારે સહી;
નગણા જનોની માત તો. પ્રભુ વાંઝણી કયમ ના રહી. ૧
નગણા ગણે નહીં માત તાત કુટુંબી કે નિજ ભ્રાતને,
નગણા ગણે નહીં મિત્રને નગણા ગણે નહીં ન્યાતને,
ન ગણા જુએ અવગુણને સદગુણને દેખે નહીં;
ન ગણા જનોની માત તો પ્રભુ વાંઝણી કયમ ના રહી. ૨
મીઠાં વચનની ફાંસી ન ગણા લોકની પાસે રહે,
હસ્તે મુખે કર જોડશે પણ ચિત્તમાં અગ્ની દહે;
નિજ સ્વાર્થને દેખે સદા પરમાર્થને પેખે નહીં,
નગણા જનોની માત તો પ્રભુ વાંઝણી કયમ ના રહી. ૩
પોતે સમર્થ છતાં મહેનત લે ગરીબો પાસથી,
નિર્બલ નિસાસો નાખી કરશે હાસથી કે ત્રાસથી;
ધનતન તનયના લોભમાં જીંદગાની તો ફોકટ ગઈ,
નગણા જનોની માત તો પ્રભુ વાંઝણી કયમ ના રહી. ૪
વ્યવહાર ન્યાય બતાવીને નિજકાર્ય પૂર્ણ કરાવશે,
પરકાર્યની વખતે વળી તે બ્રહ્મજ્ઞાન બતાવશે;
કુંટીતણો એ વાળ તોડયાનો કે બોડયાનો નહીં,

નગણા જનોની માત તો પ્રભુ વાંઝણી કયમ ના રહી. ૫
અવગુણ છે નિજમાં ઘણા પણ પારકી નીંદા કરે,
વળી થાય કે નહીં થાય કાર્ય પરંતુ નિજ ખિસ્સો ભરે;
ભણશે કદાપી વેદ પણ તે ભેદને જાણે નહિં,
નગણા જનોની માત તો પ્રભુ વાંઝણી કયમ ના રહી. ૬
રાજા કરે વેપાર તો રઇયત કહો વળી શું કરે.
નગણો હશે જે મિત્ર તે નિજ મિત્રનું શું દુઃખ હરે,
સેવા કરે જનસર્વ મારી એમ ચિત ઇચ્છા રહી;
નગણા જનોની માત તો પ્રભુ વાંઝણી કયમ ના રહી. ૭
વિપ્રો અને સાધુકને સેવા કરાવે પ્યારથી,
પરમાર્થ તો કરતો નથી છુટવા ચહે સંસારથી;
મોહન સુજનના વાસ્તે શિક્ષારૂપી સુકથા કહી,
નગણા જનોની માત તો પ્રભુ વાંઝણી કયમ ના રહી. ૮

પદ.

શેઠ સગાળશા સાધુને—એ રાગ.

કહું એક પ્રેમની કહાણીરે, સાધુજન લેશો પ્રમાણી. ટેક.
પ્રેમેથી પ્રગટયાં પરમાત્માએ, ચૌદ ભુવન નીરધાર,
પ્રેમ થકી પાળે છે પ્રભુજી પ્રેમબિષે સંહાર;
એવી વાત વેદે વખાણીરે, સાધુજન લેશો પ્રમાણી. કહું. ૧
પ્રેમનો બાંધ્યો વાયુ વહે છે, સૂર્ય કરે છે પ્રકાશ,
પ્રેમનો બાંધ્યો અગ્ની તપે છે, મેઘ પૂરે મન આશ;

પ્રેમથી પૃથ્વી બંધાણીરે, સાધુજન લેશો પ્રમાણી. કહું. ૨
પ્રેમના બાંધ્યા સ્વર્ગ લોકમાં દેવ કરે છે વાસ,
પ્રેમના બાંધ્યા ઇંદ્રિ અપ્સરા, પ્રેમે બાંધ્યું આકાશ;
પ્રેમની પ્રીત નિશાનીરે, સાધુજન લેશો પ્રમાણી. કહું. ૩
પ્રેમના બાંધ્યા આ અવનીમાં લોક, કરે વ્યવહાર;
પ્રેમ થકી બંધાઈ રહે છે પક્ષી પશુ નરનાર,
પ્રેમથી આ જીંદગાનીરે, સાધુજન લેશો પ્રમાણી. કહું ૪
પ્રેમનાં બાંધ્યાં ભૂત પિશાચ ને પ્રેમના બાંધ્યા વ્યાલ,
પ્રેમના બાંધ્યા રાક્ષસને જીન પ્રેમનો બાંધ્યો વેતાળ,
પ્રેમે બાંધ્યો કાળ તોફાની રે, સાધુ જન લેશો પ્રમાણી. કહું. ૫
પ્રેમ થકી બાંધ્યા સૌ વૈષ્ણવ ભક્ત અને ભગવાન,
પ્રેમના બાંધ્યા સજ્જન સરવે, મૂરખ ને નાદાન;
ખરી વાત મોહને જાણી રે, સાધુ જન લેશો પ્રમાણી. કહું. ૬

પદ સદર.

ખરો પ્રેમ જે કોઈ રાખે રે, સદા અમૃત રસ ચાખે. ધ્રુ.
પ્રમ ખરો જળને માંછલડી, જૂદાં પડે જીવ જાય,
પ્રેમ ખરો વળી ભોગી ભ્રમરનો કમળ વિષે બંધાય;
અતુલ દુઃખ તન મન સાંખેરે, સદા અમૃતરસ ચાખે. ખરો. ૧
પ્રેમ ખરો વળી ચંદ્ર ચકોરનો, જાણે સૌ જન વાત,
પ્રેમ ખરો સિંધુ ને શશીનો છે જગમાં વિખ્યાત;
સકલ જન શાણા ભાખે રે, સદા અમૃત રસ ચાખે. ખરો. ૨

પ્રેમ ખરો એક બાઇ મીરાંનો પીધું હળાહળ વિષ,
પ્રેમ ખરો એક નરસૈયાનો જેને મલ્યા જગદીશ;
કપટને કાઢી નાંખે રે. સદા અમૃતરસ ચાખે. ખરો. ૩
પ્રેમ ખરો પ્રલ્હાદ તણો, લીધો પ્રભુએ અવતાર,
પ્રેમ ખરો અંબરીષરાયનો દલણાં દલ્યાં કૈં વાર;
વાસુદેવ સૌમાં ઝાંખે રે. સદા અમૃતરસ ચાખે. ખરો. ૪
પ્રેમ ખરો સતીનો પતી ઉપર જો પતી સાથે જાય,
પ્રેમ ખરો મોરધ્વજ રાયનો જગત વિષે પંકાય;
પ્રેમનો મરમ જે દાખે રે. સદા અમૃતરસ ચાખે. ખરો. ૫
પ્રેમ ખરો પુરૂષોત્તમનો સૌ જીવને આપે અન્ન,
પ્રેમ ખરો સદગુરૂનો મોહન જાણે બિરલા જન;
ચંદા સુરજની સાખે રે. સદા અમૃત રસ ચાખે. ખરો. ૬

પદ રામગ્રી.

વૈદરભી વનમાં વલવલે—એ રાગ.

સાચો વૈષ્ણવ તેજ છે, જેનું ચીત પવિત્ર;
નિંદા કોઇની કરે નહીં, સૌ જીવોનો મિત્ર. સાચો. ધ્રુ.
ચિંતા કદી કરતો નથી, ભોજન વસ્ત્રોના કાજ;
સત્ય વચન મુખ ઉચરે, ખાએ અખજ ન ખાજ. સાચો. ૧
વર્ણાશ્રમના ધર્મથી, ચાલે ચતુરસુજાણ;
પરઉપકાર કરે સદા, કોની ના કરે હાણ. સાચો. ૨
સંતોષ શેરી સોહામણી, નિજનું વિવેક ધામ;

કોટ અચળ વૈરાગનો, ત્યાં છે જેનો મુકામ. સાચો. ૩
બ્રાહ્મણ સાધુને દેખીને, હરખે કરે નમસ્કાર;
ગૌ દીકરીને વેચે નહીં, રાખે શુદ્ધ આચાર, સાચો. ૪
ભકતી ભલી નવધા કરે, રાખીને વિશ્વાસ;
ઇચ્છા ભવ તરવા તણી, બીજી રાખે ન આશ. સાચો. ૫
લોભ નહીં ધન તન તણો, ક્રોધ શી રીતે થાય;
કામ નકામો થઈ રહ્યો, નિત્યે હરિગુણ ગાય. સાચો. ૬
લપટે ના સંસારમાં, વહોરે વસ્તુ અમૂલ;
મોહન સદગુરૂ સેવતાં, એકે ના રહે ભૂલ. સાચો. ૭

પદ કાફી. ગજલ.

કરે ના ગુરૂ તણી સેવા, નરકમાં જઇ પડે તેવા;
દુષ્ટ દુર્યોધના જેવા, નરકમાં જઇ પડે તેવા. ધ્રૃ.
કબુતરથી અધિક કામી, લોભી મધમાખથી નામી;
ક્રોધીજન સિંહના જેવા, નરકમાં જઇ પડે તેવા. કરે ના. ૧
અદેખા શ્વાનના જેવા, હિંસક મંજારીના જેવા;
દુરીજન ઉંદરો જેવા, નરકમાં જઇ પડે તેવા. કરે ના. ૨
ક્રૂર તો રાક્ષસો જેવા, અહંકારી અસુર જેવા;
ચતુર તો કાગના જેવા, નરકમાં જઈ પડે તેવા. કરે ના. ૩
હરિહરના વિરોધી સદા, હરિજનની કરે નિંદા
મુરખ જન રાસભો જેવા, નરકમાં જઈ પડે તેવા. કરે ના. ૪
અભિમાની રાવણ જેવા, અવિચારી નહુષ જેવા;

અધર્મી વેનના જેવા, નરકમાં જઈ પડે તેવા. કરે ના. ૫
ધ્યાનમાં માન બગ જેવા, પ્રીતમાં મેડકી જેવા;
લાલચુ મીનના જેવા, નરકમાં જઈ પડે તેવા. કરે ના. ૬
પરાક્રમી કંસના જેવા, પાપીજન પારધી જેવા;
જુઠું બોલ્યા તણી હેવા, નરકમાં જઇ પડે તેવા. કરે ના. ૭
ઠગારા શિયાળના જેવા, પ્રપંચી છિનાળના જેવા;
મોહન જે કરે નિચ સેવા, નરકમાં જઈ પડે તેવા. કરે ના. ૮

પદ ૬૨.

સદા જે કરે ગુરૂસેવા, વસે વૈકુંઠમાં એવા;
સત્ય બોલ્યા તણી હેવા, વસે વૈકુંઠમાં એવા. ધ્રૃ.
તેજસ્વી અગ્નીના જેવા, પ્રકાશીત સૂર્યના જેવા;
અલોભી શંભુના જેવા, વસે વૈકુંઠમાં એવા. સદા જે. ૧
દયાળુ માતના જેવા, શુચિ જળ જાન્હવી જેવા;
પરગજુ વૃક્ષના જેવા, વસે વૈકુંઠમાં એવા. સદા જે. ૨
શિતળતામાં શશી જેવા, અડગતો મેરૂનગ જેવા;
ક્ષમાળુ કાશ્યપી જેવા, વસે વૈકુંઠમાં એવા. સદા જે. ૩
મહા સિંધુ સમા ગહેરા, જનકવિદેહી સમ પુરા;
વળી દાતા કરણ જેવા, વસે વૈકુંઠમાં એવા. સદા જે. ૪
કીંમતી રત્નના જેવા, કોમળ ચોખ્ખા કનક જેવા;
અકામી બાળના જેવા, વસે વૈકુંઠમાં એવા. સદા જે. ૫
ત્યાગી શુકદેવના જેવા, ભક્ત હનુમાનના જેવા;

ગૃહસ્થ કુબેરના જેવા, વસે વઈકુંઠમાં એવા. સદા જે. ૬
શાંત તો શ્રી ભરત જેવા, વિવેકી, વ્યાસજી જેવા;
પુરોહિત શુક્રના જેવા, વસે વઈકુંઠમાં એવા. સદા જે. ૭
ન્યાયમાં ધર્મના જેવા, સત્ય હરિશ્ચંદ્રના જેવા.
મોહન સિધ્ધો કપિલ જેવા, વસે વઈકુંઠમાં એવા, સદા જે. ૮

પદ ગરબી.

શાણા જન સૌ સાને સમજો, સૌમાં વ્યાપક એક હરિ.
માટે ખોટો વિખવાદ તજો, સૌમાં વ્યાપક એક હરિ, ધૃ.
દેહરામાં દેવ થઈ વસીઆ, સૌમાં વ્યાપક એક હરિ;
કાયામાં જીવ થઈ ફસીઆ, સૌમાં વ્યાપક એક હરિ. ૧
એ શબ્દ થયા આકાશ વિષે, સૌમાં વ્યાપક એક હરિ,
વળી જળમાં તે રસરૂપ દીસે, સૌમાં વ્યાપક એક હરિ; ૨
અરવીંદ વિષે એ છે મકરંદ, સૌમાં વ્યાપક એક હરિ.
સા ગોપીમાં એ છે ગોવિંદ, સૌમાં વ્યાપક એક હરિ, ૩
મહાસાગર માંહી જળરૂપ છે; સૌમાં વ્યાપક એક હરિ;
વળી પર્વતમાં પથરરૂપ છે, સૌમાં વ્યાપક એક હરિ. ૪
આભૂષણમાં સોના રૂપે, સૌમાં વ્યાપક એક હરિ,
હથિઆરોમાં લોઢારૂપે, સૌમાં વ્યાપક એક હરિ; ૫
પાવકમાં દાહક રૂપે એ, સૌમાં વ્યાપક એક હરિ.
છે ચલન રૂપ વાયુમાં એ, સૌમાં વ્યાપક એક હરિ, ૬
પૃથ્વીમાં ગંધરૂપે જાણો, સૌમાં વ્યાપક એક હરિ;

ઇંદ્રીઓમાં મન પરમાણો, સૌમાં વ્યાપક એક હરિ. ૭
બ્રહ્માથી કીટ પતંગ સુધી, સૌમાં વ્યાપક એક હરિ,
મોહન દેખે પરમાત્મ સુધી, સૌમાં વ્યાપક એક હરિ; ૮

પદ. સદર.

શોધ્યા વણ સાધુ ન થાયરે, જે તન શોધે તે સાધુ.
મુંડાવ્યાથી શું થાયરે, જે તન શોધે તે સાધુ, ધ્રૂ.
શ્રવણોમાં છે દીગ પાળરે, જે તન શોધે તે સાધુ;
છે બ્રહ્માંડે મહાકાળરે, જે તન શોધે તે સાધુ. ૧
ભ્રકુટીમાં બેઠી ભવાનીરે, જે તન શોધે તે સાધુ,
એ સૌ જીવોની જનનીરે, જે તન શોધે તે સાધુ; ૨
વળી નાસિકા મોઝારરે, જે તન શોધે તે સાધુ.
બેઠા અશ્વિની કુમારરે, જે તન શોધે તે સાધુ, ૩
હૃદયેતો શિવજી બેઠારે, જે તન શોધે તે સાધુ;
નાભીમાં હરિ નહિં છેટારે, જે તન શોધે તે સાધુ. ૪
છે અગ્નિ દેવ ઉંદરમાંરે, જે તન શોધે તે સાધુ,
વળી બ્રહ્મા છે ષટ દળમાંરે, જે તન શોધે તે સાધુ. ૫
છે ગણપતી મૂળાધારરે, જે તન શોધે તે સાધુ,
ઉપસ્થેરતી ભરથારરે, જે તન શોધે તે સાધુ. ૬
પોંચાપર ઇંદ્ર ઉપેંદ્રરે, જે તન શોધે તે સાધુ,
નેત્રોમાં સૂરજ ચંદ્રરે, જે તન શોધે તે સાધુ; ૭
ચામડીમાં વાયુ દેવરે, જે તન શોધે તે સાધુ.

મોહન ગુરૂ આપે ભેવરે, જે તન શોધે તે સાધુ, ૮

પદ. આશાવરી.

કોઇ હાલ કહો જાઇ. એ રાગ.

એને દેખીને કાલડરે, ભવસાગર સહેજ તરે. એને. ધૃ.
સત્ય ધર્મના શુદ્ધ માર્ગમાં, ચાલે ચતુર સુજાણ,
ગૃહી ધ્યાનની હસ્ત કમાન, બુદ્ધિનાં બાણ, જ્ઞાન હય જાણ; ૧
બ્રહ્મલોકમાં જાય સુકૃતિથી એ જન પુરો નર.
પહેરી વિચારનું બખ્તર, સંયમ પાવર, ક્ષમા પાખર, એને. ૨
વૈરાગ કેરૂં વજ્ર કવચને પ્રેમ ચાબુક ગુણ ધામ,
શોભે ધીરજ કેરી લગામ, ખડગ હરીનામ, મરે જેથીકામ. ૩
શમ દમ કેરૂં છત્ર શીશપર, વિવેક ટોપ વિશાળ,
સોહે સંતોષ કેરી ઢાલ,શીલ ફુલ માલ, મોહન ગુરૂકાળ.એને૪

પદ. કાફી.

થયા માયા વિષે અંધા, કરે ડુબવા તણા ધંધા. ધૃ.
પ્રભુનું સ્વરૂપ ના જાણે, જૂદા શિવ જીવ પરમાણે,
નકામો તંત જે તાણે, કરે ડુબવા તણા ધંધા. થયા. ૧
જુદા ભકતો અને ભગવાન, એવું દ્રઢ ઉરમાં અભિમાન,
વળી નહીં તત્ત્વની પિછાન, કરે ડુબવા તણા ધંધા થયા. ૨
છુટે નહિં હું અને મારૂં, સદા ઉરમાંહી અંધારૂં,
કરે ના કોઇનું વાર્યું, કરે ડુબવા તણા ધંધા. થયા. ૩
નહિં દ્વૈત ભાવના છુટે, હૃદયની ગાંઠ કયમ તુટે,

મઝા વિષયો તણી લૂટે, કરે ડુબવા તણા ધંધા. થયા. ૪
જરાન વિવેક પિછાને, સુપાત્ર કુપાત્ર કયમ જાણે,
કરે તેને શું ભગવાને, કરે ડુબવા તણા ધંધા. થયા. ૫
ગુરૂ માથે નહીં કરશે, કરે તો નીચ ગુરૂ કરશે,
કહો કયમ ના મરે તરસે, કરે ડુબવા તણા ધંધા. થયા. ૬
બન્યા ઘાંચી પીલે ઘાણી, સુણે ના વેદની વાણી,
છુટે આશા ન મસ્તાની, કરે ડુબવા તણા ધંધા. થયા. ૭
કરે અભિમાન વૈષ્ણવનો, નહિં જાણે ભેદ વીસનવનો,
મોહન જે મોહથી ગંદા. કરે ડુબવા તણા ધંધા. થયા. ૮

પદ.

આ ન હોય મારી વાડી—એ રાગ.

દીન આજ પર્વનો જાણી, આનંદ ચિતમાં આણીરે;
મુમુક્ષુ માટે વાત કહું વિવેક નીરે. દીનઆજ. ધ્રુ.
જે જે નજરે દેખાએ, તે પંચ ભુતથી થાએરે,
પંચ ભૂતતો ત્રિગુણમાંથી ઉપ જ્યાંરે. દીન ૧
મન બુદ્ધિ જે કંહે વાયે; ઈંદ્રીયોથી અનુ ભવાયેરે;
ત્રિગુણમાંથી તે સરવે પેંદા થયાંરે. દીન. ૨
જળકેરો રસ ગુણ જાણો, પૃથ્વીનો ગંધ પ્રમાણોરે;
તેજ તત્વનો ગુણ અનુપમ રૂપ છે રે. દીન. ૩
વાયુનો ગુણ છે સ્પર્શો, છે શબ્દ ગુણ આકાશેરે,
પંચ ભૂત પાંચે વિષયો પેંદા કરે. દીન ૪

થયું સત્વ થકી મન ભેળું, રજથી ઇંદ્રીયોનું ટોળું રે,
તમો ગુણુથી પાંચે ભૂતો પ્રગટીયાંરે. દીન ૫
માયા થઈ જગ રાયાથી, ત્રણુ ગુણુ થયા માયાથીરે.
ત્રણે ગુણોથી ચૌદ ભુવન શોભી રહ્યાંરે. દીન ૬
મન બુદ્ધિ જયાં જયાં જાગે, ઈંદ્રીયોથી અનુભવાએ રે,
તે સરવે માયા મય અસત્ય જાણીએરે. દીન. ૭
છે સત્ય એક પરમાત્મા, મોહન સૌ જીવનો આત્મારે,
વિવેક એને વેદશાસ્ત્ર સરવે સરવે કહેરે. દીનઆજ. ૮

પદ. કક્કો

क કક્કા કાઢો કપટ કુચાલ, કામ ક્રોધ અંતરથી ટાળ.
અંતર જેનું ઉજ્વળ હશે, તે મુક્તિ સહેજે પામશે,
તજીદે મનથી ખોટા ખ્યાલ, કક્કા કાઢો કપટ કુચાલ; ૧
ख ખખા ખળનો તજીએ સંગ, જેથી ચિતમાં થશે ઉમંગ.
આનંદેથી સૌ દુઃખ જાય, ભવ સિંધુ સહેજે ઉતરાય,
ગુરૂગમથી ઉતરે નહી રંગ, ખખખા ખળનો તજીએસંગ. ૨
ग ગગા ગુરૂ સેવા આદરો, અભિમાનને અળગો કરો.
અભિમાન નરકનું મૂળ, ડહાપણમાં એ નાખે ધૂળ,
નમ્રપણું છે સુખનો ઝરો, ગગ્ગા ગુરૂ સેવા આદરો; ૩
घ ઘઘા ઘેલો થા માં વીર, મૂરખ મોહે જોઇ શરીર.
ધન તન જોબન ક્ષણુ ભંગુર, સત્ય વચન સમજી લે ઉર,
નદી સરોવર એકજ નીર ઘઘ્ઘા ઘેલો થા માં વીર; ૪

ङ અંગ તપાસી જુઓ, આતનમાં અમૃતનો કુઓ.
ઉપર કુવોને નીચે ઘાટ, પનીહારીનોં મળીઓ ઠાઠ,
સુગરા સરવે પાપ જધુઓ, ઙ. અંગ તપાસી જુઓ,

च ચ્ચા તેનું નામ ચતુર, દુર્જન સોબતથી રહે દૂર;
દુષ્ટ ભજનમાં કરશે ભંગ, ચડાવશે માયાનો રંગ.
હોય વિવેકી જેનું ઉર, ચચ્ચા તેનું નામ ચતુર, ૬

छ છછા તજીએ છોકરવાદ, ધર્મતણી રાખો મરજાદ;
નિજકુળના ધર્મે વિચરે, તે ભક્તિ ભલી ભાત કરે.
અન્ય જાણવો ખોટો નાદ, છછછા તજીએ છોકરવાદ. ૭

ज જજા જીવ થઇને રહ્યો, મનથી જાણે આત્મા થયો,
જેમ ભાંગ પી રાજા બને, વસ્ત્ર ન હોએ નારી કને;
એને જગમાં મૂરખ કહ્યો, જજજા જીવ થઇને રહ્યો. ૮

झ ઝા ઝાંખી લે કીરતાર, નહિં તો એળે છે અવતાર,
જનની ખાલી ભારે મરી, આત્મારૂપ ન જાણ્યા હરિ;
જન્મ ન આવે વારંવાર, ઝઝા ઝાંખી લે કીરતાર. ૯

ञ ચુક્તિ જો આપે ગુરૂ, તો આત્મા થાએ રૂબરૂ,
કઠણ વાત સૌ સહેલી થાય, સંશય મનના દૂર પળાય;
બંને લોકમાં રહે આબરૂ, ઞાચુક્તિ જો આપે ગુરૂ. ૧૦

ट ટટ્ટાતારી ખોટી ટેવ, શત્રુઓની કરે તું સેવ,
તૃષ્ણા જરા નથી છુટતી, કયમ થાશે તારી સદગતી;
કુપાત્રને પૂજે ગણી દેવ, ટટ્ટા તારી ખોટી ટેવ. ૧૧

ठ ઠ્ઠા વાત કહું છું ઠીક, રાખ રામની મનમાં બીક,
કરતાં પાપ જરા નહીં ડરે, તો કઈ પેરે કારજ સરે;
ગુરૂને સૌથી જાણ અધિક, ઠઠ્ઠા વાત કહું છું ઠીક. ૧૨

ड ડડા ડહાપણ તે કહેવાય, કર્મ કરીને ના બંધાય,
કર્મ અકર્મનો જાણે ભેદ, તેણે જાણ્યા સર્વે વેદ,
જન્મ મરણ જેથી ટળિ જાય, ડડા તે ડહાપણ કહેવાય. ૧૩

ढ ઢઢા તેથી ઢોરજ ભલું, વિશ્વાસે ના કાપે ગળું,
ધણી કહે તે માફક કરે, સુખ દુખ મુખથી ના ઉચરે;
જેનું દુખથી અંતર બળ્યું, ઢઢઢા તેથી ઢોરજ ભલું. ૧૪

ण કાર માયાનો અંધકાર, મૂરખ સમજે તેમાં સાર,
દુર્જન ભેગો જઇને ભળે, જેમ માછલી કાંટો ગળે
પાછળથી ખવરાવે માર, ણકાર માયાનો અંધકાર. ૧૫

त ત્તા જગમાં તારે તેહ, વિપ્ર હોય સંતોષી જેહ,
નિચ તાણું પણ તજે ન અન્ન, એ તે શાનો પંડીત જન;
વિપ્ર એક વચની છે જેહ, તત્તા જગમાં તારે તેહ. ૧૬

थ ત્થા પર થાપણ ઓળવી, તેથી ખાખ ભલી ચોળવી,
પરસ્ત્રીથી કરવો વ્યવહાર, તેથી ષંઢપણું સુખકાર;
ઘાલ્યાં ઘર કૈનાં ભોળવી, થત્થાપર થાપણ ઓળવી ૧૭

द દ્દા જાણ દરિદ્રી તેહ, આત્મા ધન પામ્યો નહીં જેહ,
જેને રામ રત્ન સાંપડે, ધન માટે તે શિદ આથડે;
ધન તન ઉપર રાખે નેહ, દદ્દા જાણ દરીદ્રી તેહ.

ધ ધ્ધા નિજનો પાળો ધર્મ, વેદવિહીત કરો નિતકર્મ;
અધિકાર વિણુ કર્મજ કરે, તો તે નરકે જઈને ઠરે,
શરમ ન રાખે રાજા ધર્મ, ધધ્ધા નિજનો પાળો ધર્મ. ૧૯
ન નન્ના ન્યાય થકી ચાલીએ, તો અમરાપુરમાં મહાલીએ;
પરનો હક પોતે ખાઇ જાય, એથી બીજો શું અન્યાય,
નિજનો ધર્મ નહીં ટાળીએ, નન્ના ન્યાય થકી ચાલીએ. ૨૦
પ પપ્પા પંડીત તે કહેવાય, માયા દેખી ના લલચાય;
પાખંડીના વશ થઇ જાય, તે તો જગમાં મૂર્ખ ગણાય,
દામ ચામથી નહીં ફસાય, પપ્પા તે પંડીત કહેવાય. ૨૧
ફ ફફ્ફા ફેલ ન કરીએ ભાઇ, ત્યાં લેખું લેશે રાઈ રાઈ;
અધર્મીને આવે જમદૂત. નર્ક ભોગવી સરજે ભૂત,
નથી રાજ ત્યાં પોપાંબાઇ, ફફ્ફા ફેલ ન કરીએ ભાઇ. ૨૨
બ બબ્બા બેડો ઉતરે પાર, ટળે હ્રદયથી દ્વેષવિકાર;
અંતર જ્યારે નિર્મલ થશે, પંચ ક્લેશ ત્યારે વામશે.
ત્યાગ કરે જગનો વ્યવહાર, બબ્બા ઉતરે બેડો પાર. ૨૩
ભ ભભ્ભા તેને જાણો ભક્ત, રહે ન માયામાં આશક્ત.
પરમારથનો ધંધો કરે, કોઇ જીવને ના છેતરે,
આશાથી જે થાય વિરક્ત, ભભ્ભા તેને જાણો ભક્ત. ૨૪
મ મમ્મા મન જો વશમાં કરો, મર્દ હું જાણું તુજને ખરો;
જો મનડું વશમાં નહીં થાય, તો નરકે નિશ્ચે લઇ જાય,
સહેજ મળે અમૃતનો ઝરો, મમ્મા જો મન વશમાં કરો. ૨૫

य યાચક તું થઇને રહ્યો, મોહ મુમતમાં જાયે વહ્યો;
ચાહે ભોગ ભજે નહીં રામ, એથી સરે ન એકે કામ,
અતુલ માર અજાણે સહ્યો, યયાચક તું થઇને રહ્યો. ૨૬
र રક્ષા કરશે નિજધર્મ પણ ભયકારી છે પરધર્મ;
નિજનો ધર્મ ગયો વિસરી, પરધર્મે પ્રવૃત્તી કરી,
એથી બીજો કોણ અધર્મ, રરક્ષા કરશે નિજ ધર્મ. ૨૭
ल લ્લા લક્ષ્મી સંગ્રહ કરે, તેને કોણ સંત ઉચરે;
ચાહે ભલે તે ભક્તિ કરે, પણ લખચોરાશીમાં ફરે,
જન્મ મરણથી ના ઊગરે, લલ્લા લક્ષ્મી સંગ્રહ કરે. ૨૮
व વ્વા વર્ણાશ્રમનો ધર્મ, એજ ભક્તિ ને એજ સુકર્મ;
તે વિના કરશે જે કાજ, તે તો બેઠો પત્થર જહાજ
એજ જાણવાં કર્મ સુકર્મ, વવ્વા વર્ણાશ્રમનો ધર્મ. ૨૯
श શ્શા તે શાણા કહેવાય, વિદ્વાનો ના શરણે જાય;
મૂરખથી બાંધ નહીં પ્રીત, ભલું થવાની એ છે રીત,
બીજો કોઈ નહીં ઉપાય, શશ્શા તે શાણા કહેવાય. ૩૦
ष ષ્ષા ષટ શત્રુને હણો, ત્યારે જગમાં નિર્ભય બનો;
શીલ જેમનાં હોય પવિત્ર, તેના સૌ જીવ થાએ મિત્ર,
પરાક્રમી તો એવા બનો, ષષ્ષા ષટ શત્રુ ને હણો. ૩૧
स સ્સા સંતોષી છે સુખી, અન્ય જાણવા સરવે દુખી;
અષ્ટ સિદ્ધિ આવીને મળે, પણ લોભીનું દુઃખ ના ટળે,
હોય રાય કે હોએ સુખી, સસ્સા સંતોષી છે સુખી. ૩૨

હ હીરો છે તેનું નામ, ઘણની ચોટ સહે મુદ્દામ;
પણ પછડયાથી ભાગી જાય, કાચ તણો ટુકડો કહેવાય,
કંચનનું છે જેનું ધામ, હ હીરો છે તેનું નામ. ૩૩
ક્ષ ક્ષમા રાખો દીનરાત, તો નહીં કાળ કરે તુજ ઘાત;
ક્ષમા રૂપ મોટું હથિઆર, સર્વ શાસ્ત્રનો એ છે સાર,
નિશ્ચે ખરેખરી છે વાત, ક્ષ ક્ષમા રાખો દીન રાત. ૩૪
જ્ઞ જ્ઞાની જન તે કહેવાય, માયાના વશમાં નહીં થાય;
વિષય વિષ તેને નહિં ચડે, જેમ કમળને જળ ના અડે,
મોહન જેને મોહ ન થાય, જ્ઞ જ્ઞાની જન તે કહેવાય. ૩૫

પદ. કાફી.

રાગ ધીરાના પદનો

સંતજન શાણારે, અગમ ગમ બતલાવે;
તત્વજ્ઞાન વિનારે, અન્ય કથની ન ભાવે. સંતજન ધ્રૃ.
એક પ્રમદા એવી જગમાં કરે ઘણા ભરથાર;
દેવ સરીખા માતા કહીને નિત્ય કરે નમસ્કાર,
સતીમાં એ પહેલીરે, એની તુલ્ય કોઇ નાવે. સંતજન. ૧
દુહિતાને દારા કરી રાખી, છતાં ન લાગ્યું પાપ;
પુણ્ય પાત્ર તે પુરૂષ ગણાએ, જપે ન કોઇનો જાપ,
કર્મ સૌ કરે છે રે, બંધનમાં નહીં આવે. સંતજન. ૨
એક નારી છે જન્મકુંવારી વળી પ્રસવે છે પુત્ર;
તે પુત્રો માતાની સાથે બાંધે છે ઘર સુત્ર,

સગપણ તેનુંરે, સંતજન બતલાવે. સંતજન. ૩

માતા પહેલો પુત્ર પ્રસવ્યો, પછી જન્મી છે માત;
પિતા પુત્રનું પુજન કરે છે તે પુત્ર ભલો કે તાત,
ગુરૂગમ હોશેરે, મોહન તે દરશાવે. સંતજન. ૪

પદ. સદર.

ભક્ત બની બેઠારે, ભોળાઓને ભરમાવા;
પારકાં લે ઓઠાંરે, જગમાં પ્રસિદ્ધ થાવા. ભક્ત. ટે.

બીજથકી તરૂવર નીપજે છે તરૂવરમાંથી બીજ;
હોય ગુરૂગમ તો બતલાવો પ્રથમ વૃક્ષ કે બીજ,
મુરખ તો દેશેરે, કલ્પતરૂ કરમાવા. ભક્ત. ૧

રાત પછાડી દીવસ થાય છે, દીવસ પછાડી રાત;
સૃષ્ટિના મંડાણ વખતે પ્રથમ દીવસ કે રાત,
જ્ઞાની કેમ દેશેરે, જ્ઞાનને શરમાવા. ભક્ત. ૨

થયું નથી થવાનું નથી, એવું દીઠું એક ઝાડ;
તેનું મૂળ નહીં ધરણીપર, લટકી રહ્યા કઈ પહાડ.
વેદ એમ બોલેરે, સંતજન હરખાવા. ભક્ત. ૩

ગુરૂ જુવાન ને શિષ્ય ઘરડો અબોલે બોધ થાય;
ઝેર પીયે તે જુગ જુગ જીવે, અમૃત પીધે મરી જાય,
મોહન ભેદ ભાગેરે, આપ ઉન્નતિ થાવા. ભક્ત. ૪

રંગત છોટી.

સૌભાગ વિષયમાં મનના વશ થઈ મહાલે,

આવ્યો કળિયુગ મરજાદ ગઇ પાતાળે. ધ્રૃ.
વિપ્રો લાગ્યા શૂદ્રોની સેવા કરવા,
સાધુએ માંડયું દુનીયાંનું ધન હરવા;
વેપારી ખાતે ખોટી રકમ ઉધારે,
શદ્રો બોલાવે બ્રાહ્મણને તુંકારે,
નિજધર્મ તજી જયમ મનમાને ત્યમ ચાલે. આવ્યો. ૧
માતા પીતાની પુત્ર કરે નહિં સેવા,
પણ સ્ત્રી માગે તો આણી આપશે મેવા;
પુરૂષો થઈને વ્યભિચારી પુણ્ય ગમાવે,
પ્રમદાને પણ પર પુરૂષ ચિત્તમાં ભાવે;
શત્રુનું કરે સન્માન મિત્રને ટાળે. આવ્યો. ૨
નિજધર્મ થકી પરધર્મ વહાલો લાગે,
સો વર્ષ જીવે પણ એક ઘડી નહીં જાગે;
સદ્દગતી આપે પણ સજ્જન દેખી ભાગે,
આપે કલંક પણ દુર્જનને નહીં ત્યાગે;
પૂજે કુપાત્ર પણ સુપાત્રને નહીં પાળે. આવ્યો. ૩
વિદ્યાથી રાખે વેર લક્ષ્મીથી પ્રીતી,
વર્ણાશ્રમ કેરો ધર્મ નષ્ટ થઇ નીતી;
સંકર જાતી સદ્દગુરૂ બનીને બેઠી,
કઈ ઊંચ જાતીમાં નીચ રીતીઓ પેઠી;
દરવાજો ખુલ્લો કુચો લગાવે ખાળે. આવ્યો. ૪

પરજાતીનો વિશ્વાસ ચિત્તમાં રાખે,
નિજજાતીને દીલમાં શત્રુ સમ દાખે,
પાખંડ કરે તે સૌ જનથી પૂજાએ;
સતીયા જન સરવે દુખીયા સમ દેખાએ,
બણુ માગે ઢોંગીને જે જોઇએ તે આલે. આવ્યો. ૫
સૌ લાજ શરમ તો ઉડી ગઇ આકાશે,
લક્ષ્મી બઈ જઇને રહ્યાં કૃપણુની પાસે;
શ્રીમંત થયા કંજુસ લોભીઆ ભારે,
કરતાં ધર્માદા એક બીજાને વારે;
મોહન કૌતુક કલિનાં કવિ નિહાળે. આવ્યો. ૬

સદર.

સૌ જીવો લાગ્યા પાપ બીજ બોવાને;
આવ્યો કલિયુગ ભલ ભલાની પત ખોવાને. ધ્રુ.
કલિયુગ પ્રથમ નળરાય પછાડી પડીયો,
તજી રાજ પાટ જંગલ જંગલ આથડીયો;
રાજા રાણીમાં સહેજ કુસંપ કરાવ્યો,
દંપતીને દેવા દુઃખ વિયોગ પડાવ્યો;
દુઃખ દેઇ ઊભો રહે દુઃખ જોવાને. આવ્યો. ૧
દમયંતીને પણુ બણુ વાંકે જઇ નડીયો,
કલિયુગે ચોર્યો હાર સતી શિર પડીયો;
સતીએ દીધો જ્યાં શ્રાપ તરત તે ભાગ્યો,

ખીંટી ફાટીને હાર તરત કર લાગ્યો;
અપીત થઇ કલિયુગ બેઠો રોવાને. આવ્યો. ૨
હસ્તીનાપુર પતી રાય પરીક્ષિત ભારી,
તેની પણ જઇ કલિયુગે કરી ખુવારી;
મુની તણા ગળામાં મૃતક સર્પ જઈ નાખ્યો,
પોતાના હાથે સ્વાદ મોતનો ચાખ્યો;
મોહન છે શક્તિમાન કોણ કહેવાને. આવ્યો. ૩

પદ. ધનાશ્રી.

બાનાની પતરાખ—એ રાગ.

જ્ઞાન તણું ઘર દૂર, સજનો જ્ઞાન તણું ઘર દૂર. ધ્રુ.
મુરખને લાખો યોજન છે, જ્ઞાની ને નિજ ઊર. સજનો. ૧
ગંગા જમુનાં સરસ્વતીનું, નિત્ય ચડે જ્યાં પૂર. સજનો. ૨
જ્યાં નહિં પાણી પવન કે પૃથ્વી, નહીં ચંદા નહીં સૂર. સજનો. ૩
વાદલ વીજ વિના પણ નિત્યે, વરસે નિર્મળ નૂર. સજનો. ૪
અંતરીક્ષ છે પંથ મઝાનો, સદાનંદ ભરપૂર. સજનો. ૫
જ્યાં નહીં રાજા જ્યાં નહીં રૈયત, આપો આપ હજુર. સ. ૬
જ્યાંનહીં નારીનર કે નપુંસક, જ્યાંનહીં દેવઅસુર. સજ. ૭
મોહન રાખે તન મન ધન દઇ, તરશે તેજ જરૂર. સજનો. ૮

પદ. કાફી.

રાગ. હોરીનો.

સમજ પ્રાણી મનમાં વિચાર કરી, નરતન નાવે ફરી. ધ્રુ.

મંદીર મેડી માલખજાના, દોલત રહેશે ધરી. સમજ. ૧
પુત્ર અને સ્ત્રી ધન છોડીને, જવું છે જરૂર મરી. સમજ. ૨
અંતસમે કોઇ કામ ન આવે, વાત કહું છું ખરી. સમજ. ૩
જુઠું બોલે જુઠું ચાલે, સત્યવદે ના જરી. સમજ. ૪
માયા માટે ભજન કરે છે, ઉરદુર્બુદ્ધી ભરી. સમજ. ૫
આત્મારૂપે હરી નહીં જાણ્યા, જનની ભારે મરી. સમજ. ૬
કપટ તજી ગુરૂશરણ ગયાવિના, કોણ ગયું છે તરી. સમજ. ૭
માટે મારૂં માની મોહન, મમતા મેલ પરી. સમજ. ૮

સદર.

સમજવિના, જીવને સુખ ના મળે. સમજ વીના.
ગુરૂવિના દુઃખ ના ટળે, સમજવિના જીવને. ધૃ.
બુદ્ધિ વગરનું મુર્ખ માછલું, જૈને કાંટો ગળે. સમજ. ૧
ખરચે કે નહીં ખાય વાંઝીયો, નિતનિત બમણું રળે. સમજ. ૨
ભક્તિવ્રત કરી ઉમર ગમાવે, પણ નહીં દેવ ફળે. સમજ. ૩
થયો મરજાદી ચહે આબાદી, ના ઉર તૃષ્ણા ટળે. સમજ. ૪
સત્યસ્વરૂપ પિછાને સંતજન, નુગરા કદી ન કળે. સમજ. ૫
પત્થર સાથે પ્રીત કરે પણ, ચૈતનને ના મળે. સમજ. ૬
લાંચ ખાય પણ લસણ ન ખાએ, જૈભક્તિમાં ભળે. સમજ. ૭
મોહન તજે પણ મોહ વધારે, એથી કંઈ ના વળે. સમજ. ૮

પદ. હોરી.

સંતજન ખેલે નિર્ગુણ હોરી, સંતજન ખેલે. ધૃ.

આનંદ કેરો અબીર બનાવ્યો, જ્ઞાન ગુલાલ ભરી ઝોરી;
રામ નામનો રંગ બનાવ્યો, પ્રેમ તણી પીચકારી,
સુરતા બની ચંદ્ર ચકોરી, ખેલે નિર્ગુણ હોરી. ૧
શમતાની શરણાઈ વાગે, નિર્ભય પદની ભેરી;
દયાતણું ડફ ઝાંઝ ધીરજની, મોદ મૃદંગ અતી ઘેરી,
શમાદીક શંખની ઠોરી, ખેલે નિર્ગુણ હોરી. ૩
નિષ્કપટનો ચુવા બનાવ્યો, શ્રદ્ધા કેશર ઘોરી;
સુકૃતી અરગજા ખૂબ ઉડાવે, ચંદન વચન ઝરોરી,
બોધ કેશુડી બહોરી, ખેલે નિર્ગુણ હોરી. ૩
અહંકાર મથુરાં બ્રજ બુદ્ધિ, મધુવન ચિત વડોરી;
અખંડ ખેલે મન ગોકુલમાં પ્રાણ વ્રજનારી નરોરી,
મોહન તો ખેલાડી ખરોરી, ખેલે નિર્ગુણ હોરી. ૪

પદ હીંડો.

દુનીયાં દીવાની વળી અંધ છતી આંખે,
તજી પક્ષપાત સત્ય કવિ ભાખે. દુનીયાં. ધ્રુ
કરી અનર્થ અર્થ એકઠો કરે છે,
કરે અધર્મ નહીં ધર્મથી ડરે છે;
એવા માણસોનું જગત માન્ય રાખે. દુનીયાં. ૧
ગમે તે દેશ કાળ જ્ઞાન સાન સોહે,
ગમે તે ન્યાત જાત ગુણ કર્મ હોએ;
શ્રીમાન દેખીને પ્રભુ સમાન દાખે. દુનીયાં. ૨

તજી પ્રત્યક્ષ દેવ ભૂત પ્રેત પૂજે,
વિચાર સદગતી તણો કદી ન સૂઝે;
વિષય વિષ તજી શિખ સુધા ન ચાખે. દુનીયાં. ૩
સુપાત્ર નિર્ધનોને મુષ્ટી નહીં આપે,
કુપાત્ર ઢોંગી તણો બોલના ઉથાપે,
બહિર્મુખ સૃષ્ટિ અંતર નહીં ઝાંખે. દુનીયાં. ૪
સમીપ તીર્થ તજી દૂર દેશ ધાએ,
પાસરત્ન છતાં દળદર નહીં જાએ;
હશે ભક્ત મોહન તેજ મોહન રાખે. દુનીયાં. ૫

પદ સારંગ.

સાંભળ શિક્ષા સુલક્ષણા, સર્વે શાસ્ત્રનો સાર;
શ્રદ્ધા થકી શ્રવણે ધરે, તેજન ઉતરે પાર. સાંભળ. ધૃ.
સંગત કરતાં બિચાર જે, રહે જે દુષ્ટોથી દૂર;
સ્નાન કરો સતસંગનું, થાશે નિર્મલ નૂર. સાંભળ. ૧
નિંદા ન કરીએ કોઇની, વદીએ સત્ય વચન;
આશ તજી તન ધન તણી, કરીએ વશમાં મન.સાંભળ. ૨
લલના કેરી લાલચ તજી, ધરીએ ચિત્ત સંતોષ;
ગર્વ ન કરીએ કોઇથી, કોઇને ના દઇએ દોષ. સાંભળ. ૩
નિજ વર્ણાશ્રમ ધર્મથી, ચાલો ચતુર સુજાણ;
સેવા ભક્તિ તો એજ છે, એથી થાય કલ્યાણ. સાંભળ. ૪
દુઃખ પડે તન ધન તણું, તો પણ તજીએ ન ટેક;

ભિન્ન ભિન્ન સૌ દેહ છે, સૌમાં ઇશ્વર એક. સાંભળ. ૫
વેશ્યા ચડે કદી પાલખી, સતીને ખાવા ન હોય;
પતિવ્રતા દુઃખ ભોગવે, ટેક તજે નહીં તોય. સાંભળ. ૬
આપ બડાઇ ન મારીએ, ન કરો ખોટાં વખાણ;
જે ઘડી જાય ભજનવિના, તેટલી થાય છે હાણ. સાંભળ. ૭
બોલો ચાલો ખાઓ પીઓ, પૂરણ કરીને વિચાર;
મોહન ગુરૂ કરૂણા થકી, ઊતરશો ભવપાર. સાંભળ. ૮

પદ. સદર.

શિક્ષા સુખદ શ્રવણે ધરો, વેદશાસ્ત્રાનુસાર;
શ્રવણ મનન વર્ત્તન થકી, ટળશે કલેશ વિકાર. શિક્ષા. ધ્રૃ.
પુત્ર ચહે જેમ વાંઝીઓ, નિર્ધન ધનને ચહાય;
તેમ ચહે જે મોક્ષને, તે મુમુક્ષુ કહેવાય. શિક્ષા. ૧
માયા જંગલ છે કારમું, વાઘ વરૂનો જ્યાં ત્રાસ;
કામ ક્રોધાદીક ચોર છે, લૂટે બારે માસ. શિક્ષા. ૨
તરસ બુઝે ના મૃગજળે, સસલાને સીંગ ન હોય;
મન મોદકથી ન ભુખ જશે, સમજે સદભાગી કોય. શિક્ષા. ૩
રજો તમો ગુણ ટાળીને, કરીએ સત્વમાં વાસ,
પુરૂષારથ તો એવું કરો, ફીટે કાળનો ત્રાસ. શિક્ષા. ૪
મિથ્યા જગત બ્રહ્મ સત્ય છે, જીવને શિવતું જાણ,
એનું નામ વિવેક છે, વેદ કરે છે વખાણ. શિક્ષા. ૫
ચૌદ ભુવનના ભોગ તે, કાક વિષ્ઠા સમાન,

મોક્ષવિના ઇચ્છા નથી, તે વૈરાગ્ય પ્રમાણ. શિક્ષા. ૬
શમ દમ તિતિક્ષા ઉપરતી, શ્રદ્ધાને સમાધાન,
એ ષટ સંપત્તી સુખ કરે, અન્યથી થાય હાણ. શિક્ષા. ૭
મોહ પમાડે છે જીવને, માયા કેરો સંજોગ,
મોહન ગુરૂ જ્ઞાન આપશે, ટળશે ભવનો રોગ. શિક્ષા. ૮

પદ. બંજારા.

આવો અનુભવી અલબેલા, તમે ગુરૂ રૂપે કે ચેલા. ધૃ.
કોણ દેશ તમારો ઠામ, વળી શું છે તમારૂં નામરે,
કોઇ સાથે છે કે અકેલા. તમે ગુરૂ રૂપે કે ચેલા. ૧
કોણ જાતી તમારી જણાવો, તમે નારી કે નરમાં ગણાઓરે,
વળી પ્રથમ કે તમે છેલ્લા, તમે ગુરૂ રૂપે કે ચેલા. આવો. ૨
તમે રાગીછો કે વિરાગી, માયા ત્યાગી કે નહીં ત્યાગી રે,
તમે ચતુર છો કે ઘહેલા, તમે ગુરૂ રૂપે કે ચેલા. આવો.૩
તમે ભૂખ્યા રહો કે ખાઓ, તમે આવોછો કે જાઓ રે,
તમે માયામાં કે બચેલા, તમે ગુરૂ રૂપે કે ચેલા. આવો. ૪
તમે શિવકે જીવ ગણાઓ, તમે ભણો છો કે ભણાવો રે,
કોના હાથથી આપ બનેલા, તમે ગુરૂ રૂપે કે ચેલા. આવો.૫
તમે જ્ઞાની છોકે અજ્ઞાની, કહો ઇશ્વરની એધાણી રે,
તમે અસ્થિર છોકે જમેલા, તમે ગુરૂ રૂપે કે ચેલા.આવો. ૬
તમે કંજુસ છો કે દાતા, વળી ગુપ્ત કે પંકાતા રે,
નિરધન કે ધનથી ભરેલા, તમે ગુરૂ રૂપે કે ચેલા.આવો.૭

તમે કાયર છો કે શૂરા, તમે પુરા છો કે અધૂરા રે,
મોહન દ્રષ્ટિમાં રમેલા, તમે ગુરૂ રૂપે કે ચેલા. આવો. ૮

પદ. સદર.

સુણો અનુભવી અલબેલા, અમે નહીં ગુરૂ નહીં ચેલા. ધ્રુ.
દેશ અન હદમાં વિશ્રામ, વળી નામ અમારૂં અનામરે,
કોઇ સાથે નહીં કે અકેલા, અમે નહીં ગુરૂ નહીં ચેલા.૧
અમ જાત અજાત ગણાએ, વળી અવ્યક્ત લીંગ ભણાયે રે,
વળી નહીં પ્રથમ નહીં છેલ્લા, અમે નહીં ગુરૂ નહીં ચેલા.૨
અમે રાગી નથી કે વિરાગી, નથી માયા જરાએ લાગીરે,
અમે નહીં ચતુર નહીં ઘેલા, અમે નહીં ગુરૂ નહીં ચેલા.૩
અમે કદી ભુખ્યા નહીં થઇએ, અમે સ્થિર વ્યાપીને રહીએ રે.
નહીં માયામાં કે બચેલા, અમે નહીં ગુરૂ નહીં ચેલા ૪
નહીં જીવ કે શીવ સદાએ, નહીં ભણું ભણાવું કદાએ રે,
અમે કોઇ થકી ન બનેલા, અમે નહીં ગુરૂ નહીં ચેલા. ૫
અમે નહીં જ્ઞાની કે અજ્ઞાની, અમે ઇશ્વરની એંધાણી રે,
અમે અસ્થિર નહીં જમેલા, અમે ગુરૂ રૂપે નહીં ચેલા. ૬
અમે નહીં કંજુસ નહીં દાતા, નહીં ગુપ્ત કે પંકાતા રે,
નિજ બોધ રૂપેથી રહેલા, અમે નહી ગુરૂ નહીં. ચેલા. ૭
અમે નહીં કાયર નહીં શૂરા, નહીં પુરા નહીંજ અધૂરારે.
મોહન દ્રષ્ટીમાં રમેલા, અમે નહીં ગુરૂ નહીં ચેલા. ૮

પદ. રાગ ધીરાના પદનો.

ચેતે તો ચેતાવું રે, હોય ચિત્તમાં સુમતી;
ના પડે પસ્તાવું રે, સહેજે થાય દેવગતી. ચેતે તો૦ ધ્રૂ.
દયાશીલ સંતોષ સજીને તજો અદેખાઇ નાર;
ખાર થકી ધાતુ પીગળે છે, માણુસના શાભાર,
બુદ્ધિથી વિચારે રે, તેની થાય ચડતી રતી. ચેતે તો૦ ૧
નિજ વર્ણાશ્રમ ધર્મે ચાલો, આળસ ન કરો લગાર;
જે નિજ ધર્મ થકી નહીં ચાલે, તેને મળે યમ માર,
ગીતા એમ કહે છે રે; કહેનારા શ્રી કમળાપતી ચેતે તો૦ ૨
પોતાની શક્તિ અનુસારે, દેવું સુપાત્ર દાન;
દાન વિના જે દિવસ જાય તે દીવસ વાંઝીયો જાણ,
નીતી શાસ્ત્ર કહે છે રે, કહેનારા તુલાધીપતી, ચેતે તો૦ ૩
ગુરૂસેવા કરી પામી અભયવર, કરીએ શત્રુ નાશ;
મોહન રાખે અમૃત ચાખે, થાય નહિં ગર્ભવાસ,
પુર્વ પુણ્ય હોશેરે, ત્યારે થાય સતસંગતી. ચેતે તો૦ ૪

પદ. છોટીરંગત.

અધ્યાત્મ—ભારત.

શ્રીકૃષ્ણ રાધિકા યુગલ નામ સમરીને;
અધ્યાત્મરૂપે ભારત કહું પ્રેમ ધરીને. શ્રી. ધૃ.
નિજ શરીરને કુરૂક્ષેત્ર વીર સૌ જાણો.
દક્ષિણ દૈવી ને વામ આસુરી માનો,

દૈવી માયા નિવૃત્તી માર્ગ જમાવે;
આસુરી માયા પ્રવૃત્તીમાંજ ભમાવે,
નિવૃત્તિ માર્ગથી જન્મો નહીં ફરીને. અધ્યાત્મ. ૧
ધૃતરાષ્ટ્ર અંધો મોહરૂપ છે ભાઈ;
દુર્યોધન જાણો કામ છળી દુખદાઈ,
અસ્મિતા જાણો ભીષ્મપિતામહ શૂરા;
સંસ્કાર રૂપે છે દ્રોણ ગુરૂ ન અધુરા,
એકજ જાણો સદગુરૂ તથા શ્રી હરીને અધ્યાત્મ. ૨
અવિધારૂપે કૃપાચાર્યને માનો,
અશ્વત્થામાને પ્રબળ વાસના જાણો;
મહારથી કરણને રાગ રૂપ પરમાણો,
વિકર્ણ દ્વેષની વિકટ છબી પિછાનો;
જીવદ્વેષ કર્યાથી નરકે જાય મરીને. અધ્યાત્મ. ૩
જયદ્રથ છે અભિનિવેશરૂપ અવિવેકી,
વિષયાકર્ષણ છે શલ્ય જુએ નહીં નેકી;
છે ભુરીશ્રવા સૌ કર્મ તણો ભંડારી,
ભગદત્ત વળી ઉદ્વેગ જાણવો ભારી;
ઉદ્વેગીજન સમજે નહિં વાત ખરીને. અધ્યાત્મ ૪
સંજય અધ્યાત્મપ્રસાદ પિછાનો ભાઈ,
શકુનીને જાણો મહા લોભ છળી છાઈ;
વિષયતત્પરતા કૃતવર્મા મતવાલો,

વળી કામપુત્ર લક્ષ્મણુને ક્રોધ નિહાળો;
એકાદશ ઇંદ્રીય ફોજ તૈયાર કરીને. અધ્યાત્મ. ૫
પાંડુરાજાને પવિત્ર જ્ઞાન પ્રમાણો,
યુધિષ્ઠિરને વળી સત્ય ધર્મરૂપ જાણો;
છે ભીમસેન વિવેક રૂપ બડભાગી,
વિચારરૂપ અરજુન છે મંદવિરાગી,
કુંતા છે ભક્તિરૂપ ભજે શ્રી હરીને. અધ્યાત્મ. ૬
સહદેવ જોશીને નિદિ ધ્યાસરૂપ જાણો,
વળી નકુળને ઉપશમરૂપ પ્રમાણો;
વળી દ્રષ્ટ દ્યુમ્નને ચિત એકાગ્રતા માનો,
શાણા સાત્યકીને શ્રદ્ધારૂપ પિછાનો;
સાક્ષી આત્મા જાણો શ્રીકૃષ્ણ હરિને. અધ્યાત્મ.

યમનિયમ રૂપ છે દ્રષ્ટકેતુ બલવંતા,
છે સ્મૃતિરૂપ તે ચિકીતાન પંકાતા;
વળી દ્રુપદરાય છે શુદ્ધ પ્રેમની મુર્તી;
વૈરાટરાય છે સમાધિ કેરી સુરતી
યોગી સામાધિથી, સહેજે જાય તરીને. અધ્યાત્મ. ૮
કાશીસત્તા તે જાણો શાસ્ત્ર શ્રવણ છે,
વળી શૈબ્ય ભૂપને જાણો શુદ્ધ મનન છે;
છે પુરૂજીત તે પ્રત્યાહારની ઠામે,
આસન છે કુંતીભોજ, યોગ સૌ જામે;

શુભયોગ ક્રિયાથી નિજરૂપ જાણુ હરિને, અધ્યાત્મ. ૯

સુધાનન્યુ તે પ્રાણાયામ પ્રમાણે,
શ્રી ઉત્તમૌજાને ઉત્સાહ પિછાનો,
સંયમરૂપે છે અભિમન્યુ વિખ્યાતા;
છે ઉદાસીનતા એજ સુભદ્રા માતા,
ઉદાસીનતા વિણુ મોક્ષ ન થાય મરીને અધ્યાત્મ. ૧૦

દ્રુપદીને જાણો બ્રહ્મવિદ્યાની વૃત્તિ;
જાણો શિખંડીને બ્રહ્મ જ્ઞાનની શાંતી,
હનુમાન કપિ ધ્વજને પરમાર્થ પિછાનો;
વળી શંખ ઘોષને નાદ રૂપે પરમાણો,
સાક્ષી જીવરૂપે રહ્યા વિદૂર કરીને. અધ્યાત્મ. ૧૧

પછી ગીતા જ્ઞાન રૂપ વજ્ર કવચ શ્રી કૃષ્ણે;
પહેરાવ્યું પ્રીતે વિચારરૂપ અરજુનને,
વળી શાંત ચીત્ત ગાંડીવ ધનુષ ધારીને;
એકાગ્ર વૃત્તી રૂપ તીક્ષણુ શર મારીને,
ક્ષય કર્યો રાગનો આત્મ વિચાર કરીને. અધ્યાત્મ. ૧૨

અસ્મિતા રૂપ જે ભીષ્મપિતામહ શૂરા;
શાંતી શિખંડીએ કર્યા તેમને પૂરા,
વિવેકરૂપ ભિમસેન મહાબળ ધારી;
ઝટ કામ રૂપ દુર્યોધન નાખ્યો મારી,
ગુરૂપાદ પદ્મ મોહન મન સ્થિર કરીને. અધ્યાત્મ. ૧૩

પદ. ધનાશ્રી.

તીરથ એજ ગણાય, જગમાં, માતપિતા ગુરૂરાય. જગમાં ધ્રૃ.
પાપ રહિત જે કર્મ કરે છે, પાપમાં ચિત્ત ન જાય. જગમાં ૧
હિંસા વગરના યજ્ઞ કરે છે, સિધ સંકલ્પ સદાય. જગમાં ૨
શુદ્ધ છે જેનો જ્ઞાનનો નિશ્ચય, ક્રોધ કરે ન જરાય. જગમાં ૩
કોઈ તણો જે દ્વેષ કરે નહીં, ગર્વ નહીં ઉરમાંય. જગમા ૪
શ્રવણ મનનને નિદિધ્યાસમાં, નિશ વૃદ્ધિ જણાય. જગમાં ૫
શુદ્ધ કર્મને વિદ્યા છે જેનાં, શુદ્ધ જન્મ દરશાય જગમાં
પ્રાણીમાત્રનું હીત કરે છે, નિત્યે અકર્મી થાય. જગમાં ૭
તીરથ અર્થ સુપાત્ર છે મોહન, મૂરખથી ન કળાય જગમાં ૮

પદ. ધનાશ્રી.

દુનીયાં અંધ જણાય, કલિમાં–દુનિયાં અંધ જણાય. ધ્રૃ.
જેની જાર થકી ઉત્પત્તિ, એવા જન પૂજાય. કલિમાં. ૧
વાઘરી પણ જો વેશ કરે તો, તે સાધુ ઉચરાય. કલિમાં. ૨
મોજ ઊડાવે છે કુપાત્રો, જન સુપાત્ર પિડાય. કલિમાં. ૩
પાખંડ ધર્મનું પૂર ચઢયું છે, વેદ ધર્મ લોપાય. કાલમાં.
ગુરૂ જ્ઞાનામૃત અસન તજીને, માયિક વિષને ખાય. કલિમાં. ૫
બોલે મૂખથી આપ બડાઈ, સજ્જન તેજ ગણાય. કલિમાં. ૬
વર્ણાશ્રમ ધર્મે નહીં ચાલે, પણ માણુસ લેખાય. કલિમાં. ૭
શૂદ્ર ગુરૂ થઇ કંઠી બાંધે, મોહન કેમ મનાય. કલિમાં. ૮

પદ. સદર.

ધર્મ ધુતારા જાણ, તેને–ધર્મ ધુતારા જાણ. ધૃ.
કપટ અશ્વપર નીત ચડે છે, કરી પાખંડ પલાણ. તેને. ૧
અધર્મના મારગ વિચરે છે; બોલે અનૃત વાણ. તેને. ૨
પોતાનો તો ધર્મ ન જાણે, કહે હું વિપ્ર સમાન. તેને. ૩
રાખે સાધુ કનક કામિની, એ શું કરે કલ્યાણ. તેને. ૪
આપ ડુબે પરને ડુબાવે, નથી શાસ્ત્રનું જ્ઞાન. તેને. ૫
વણ હકથી જાચે સૌ પાસે, નથી ધર્મનું ભાન. તેને. ૬
પૈસાને પરમેશ્વર જાણે, બુદ્ધિ બની નાદાન. તેને. ૭
મોહન ગુરૂની શીખ ન માને, અંતરમાં અભિમાન. તેને. ૮

પદ. સદર.

કલિયુગના બાવા, જુઓ ભાઇ, કલિયુગના બાવા. ધૃ.
માતપિતાના ખોટા કરી થયા, દુનીયાંમાં ચાવા. જુઓ. ૧
પંચકણીનો લોટ ન ભાવે, જોઇએ દુધ માવા. જુઓ. ૨
બાવા થઈને બાયડી પરણે, છોરૂ માગે ખાવા. જુઓ. ૩
રળવાની તો પોચ મળે નહીં, જાય પછી જાવા. જુઓ. ૪
ગૌદાન લઇ ગોપયને વેચે, સાધુ નામ લજાવા. જુઓ. ૫
ન્યાત જાત કુલ ગોત્ર છુપાવે, રાખે કાવા દાવા. જુઓ. ૬
ઊંધી અક્કલ દે દુનીયાંને, વિષય ભોગ ઉડાવા. જુઓ. ૭
લેશ વિવેક વિરાગ ન મોહન, કૈક જન્મ ગયા આવા. જુઓ. ૮

પદ. સદર.

દુનિયાં નિશ્ચે દિવાની, સંતો—દુનિયાં નિશ્ચે દિવાની ધ્રુ.
શુદ્ધ સંતને શેર મળે નહીં, ઢોંગીને મન માની. સંતો. ૧
નિત્ય કુપાત્રે દાન કરે છે, ખોટી દયા ઉર આણી. સંતો. ૨
વેદ વિપ્રનું કહ્યું ન માને, માયામાં મસ્તાની. સંતો. ૩
શત્રુ સાથે થાય દયાળુ, મિત્રથી ક્રુર તોફાની. સંતો. ૪
કિંચિત માટે દુરીજનનો પણ, સંગ કરે અભિમાની. સંતો. ૫
સદગતી માટે સદગુરૂ કેરો, કરતાં સંગ લજાણી. સંતો. ૬
મુર્ખ છતાં માને હું પંડીત, અંતર ગર્વ ગુમાની. સંતો ૭
થાય મરણ પણ મોહન ત્યાગે, એ ડુબવાની નિશાની. સંતો. ૮

પદ સદર.

આવ્યો ખરે કલિકાલ, સજનો, આવ્યો ખરે કલિકાલ. ધ્રૂ.
અધર્મ કેરી વૃદ્ધિ થઈને, ધર્મ ગયો પાતાળ. સજનો. ૧
ભૂખ થકી સતી સ્ત્રી પીડાયે, ખાય મિઠાઈ છિનાળ. સજનો. ૨
નિચ જાતી ધનવાન જણાયે, ઉંચ જાતી કંગાલ. સજનો. ૩
સત્યજગતમાં શોધ્યું જડે નહીં, અસત્ય કેરી ધમાલ.સજનો. ૪
મૂરખ જન તો મોજ ઉડાવે, પંડીત જન બેહાલ. સજનો. ૫
સંગ વિવેક રહ્યો નહિં મુદલ; મન માને તે ચાલ. સજનો. ૬
દેવ તણો વિશ્વાસ ન રાખે, પણ ભૂતો પર વહાલ. સજનો. ૭
મોહન ગુરૂનું વચન ન માને, સ્ત્રીના વશ તતકાળ. સજનો. ૮

પદ. આશાવરી.

કાળ તણી વહે છે, સરીતા, કાળ તણી વહે છે. ધૃ.
અહો રાતરૂપી જળ જેમાં, માસ રૂપી છે લહેર;
જેનો વેગ રૂતુ રૂપી છે, પક્ષ રૂપી છે વેલ. સરીતા. ૧
લોભરૂપ બે તટ છે સુંદર, ક્રોધ કાદવ તું જાણ;
નિમિષ રૂપી ફીણ તરે છે, વર્ષ વમળ પ્રમાણ. સરીતા. ૨
કામરૂપ છે મગર જેમાં, ધર્મરૂપ છે બેટ;
વેદ યજ્ઞ શુભ તરણી જાણો, જવાય જેથી ઠેઠ. સરીતા, ૩
સત્ય વચન તે સામો કિનારો, મોક્ષરૂપ છે પાર;
હિંસા વૃક્ષ તણાયાં જાએ, જેનો નહિં સુમાર. સરીતા. ૪
એવી દુસ્તર કાળ સરિતા, જેમાં ન પોંચે હામ;
બ્રહ્મ થકી જેની ઉત્પત્તી, ખેંચી જતી યમ ધામ. સરીતા. ૫
પુર્વ પુણ્યથી હોય સુબુદ્ધિ; નિત્ય કરે સતસંગ;
મોહન ગુરૂનો જેને અનુગ્રહ, તે જન થાય અભંગ. સરીતા. ૬

પદ. સદર.

કમળા કહે સુણો સુરરાય, ત્યાં હું રહું છું સદાય. કમળા. ધૃ.
જે નિજના ધર્મે વિચરે છે, વળી સદા છે ધીર;
ઊર વાસના સદગતી કેરી, વેદાભ્યાસે વીર. કમળા. ૧
અંતઃકરણ છે નિર્મળ જેનું, કામ જીત જે હોય;
અગ્નીમાં જે હોમ કરે છે, ઇંદ્રિય નિગ્રહ જોય. કમળા. ૨
ગુરૂ વિપ્રની સેવા કરે છે, બોલે સત્ય વચન;
ગુરૂપર શ્રદ્ધા રાખે, વશમાં રાખે મન. કમળા. ૩

ક્રોધ કરે નહીં દાન કરે છે, જન જોઇને સુપાત્ર;
પરનું ભલું જોઇ દ્વેષ કરે નહીં, જ્ઞાની ન હોય કુપાત્ર. કમળા. ૪
મિત્ર ગુરૂ સજ્જનને પોષે, સ્વભાવથીજ ઉદાર;
કોમળ જેની હોય લાગણી, પ્રિય વચન વદનાર. કમળા. ૫
લાજ અને મરજાદ નિયમથી, ચાલે કરી વિચાર;
સેવે મોહન ગુરૂ વિપ્રોને, તેના વશ હું થનાર. કમળા. ૬

પદ. સદર.

ત્યાં ન રહું ઘડી વાર. સુરપતી. ત્યાં ન રહું ઘડી વાર;
સત્ય વચન ઉરધાર. સુરપતી. ત્યાં ન રહું ઘડીવાર. ધ્રુ.
વિપ્ર અને ગુરૂ વૃદ્ધની શિક્ષા, કદી શુણે નહીં કાન,
સુહૃદ જન જો સમજાવે તો, તેનું કરે અપમાન. સુરપતી.૧
વિપ્ર અને ગુરૂ વૃદ્ધ મળે તો, કરે નહિં નમસ્કાર,
દૂરથી જોઇ ઉભા ન થાયે, નહિં કરે સતકાર. સુરપતી.૨
અધર્મને અન્યાય થકી જે, ધન રળવાને ચહાય,
નિંદ્યકર્મ કરતાં જે જગમાં, જરીએ નહિં લજાય.સુરપતી.૩
ભિક્ષા અને બલિ આપ્યા વગર જે, નિત્ય જમે છે અન્ન,
પિતૃ દેવ ગુરૂ અતિથી કેરૂં, કદી ન કરે પૂજન. સુરપતી.૪
સ્ત્રીઓ લે જ્યાં વેશ પુરૂષનો, પુરૂષ સ્ત્રીનો વેશ,
શૂદ્ર છતાં તપ વ્રત કરે જ્યાં, સેવા કરે નહીં લેશ. સુરપતી.૫
શિષ્ય ગુરૂને મિત્ર ગણે જ્યાં, ખેતી કરે વિદ્વાન,
મોહન જ્યાં જન મોહિત થઇને, આપે કુપાત્રે દાન.સુરપતી.૬

પદ. લાવણી.

ભરથરી ભ્રાતા—એ રાગ.

મુમુક્ષુ જનો (૨) તમે સુણ જો પ્રેમ ધરીને,
વેદ જ્ઞાન જો પ્રાપ્ત થાય તો જન્મો નહિં ફરીને. ધૃ.
શ્રુતિવેદ વદે (૨) સાધન દશ મુક્તી કેરાં,
જે સાધે તે સાધન તેના ટળે જગતના ફેરા;
શુકદેવ પુછે (૨) શ્રી વ્યાસ મુનીને પ્રણામી,
મોક્ષ મારગનાં સાધન સર્વે કહો પિતાશ્રી નામી;
તે ભીષ્મ કહે (૨) પાંડવને દયા કરીને. વેદજ્ઞાન. ૧
તે નામ ભેદ (૨) તપ કર્મ યજ્ઞ સુખકારી,
આખ્યા, એકાલોક, અપરા લોકતણી બલિહારી;
વળી શુદ્ધાલોક (૨) ને સિદ્ધી એ દશ જાણો,
મોક્ષ તણાં સાધન સરવે મુમુક્ષુ જન પરમાણો;
શ્રદ્ધા રાખી (૨) ગણે એકજ ગુરૂ હરીને. વેદજ્ઞાન. ૨
પહેલું સાધન (૨) તે નામ રૂપ સુખદાઈ,
નામ એટલે વેદ તણો અભ્યાસ સમજવો ભાઈ;
બીજું સાધન (૨) તે ભેદરૂપ અતિ ભારી,
ભેદ એટલે થવું જગતમાં ગૃહસ્થ ધર્મ આચારી;
મુક્તિ મળશે (૨) ગૃહસ્થા ધર્મે વિચરીને. વેદજ્ઞાન. ૩
ત્રિજું સાધન (૨) વનમાં જઈ તપ આચરવું,
ચાંદ્રાયણ આદી તપથી તો ભવસાગરને તરવું;

ચોથું સાધન (૨) સત કર્મ કરીને સજવું,
કર્મ એટલે સંધ્યા વંદન ઉપાસનાદી સમજવું;
નિતકર્મ વડે (૨) જાશો ભવસિંધુ તરીને. વેદજ્ઞાન. ૪
પંચમ સાધન (૨) તે આખ્યારૂપ પિછાનો,
વાવ કુવા બંધાવવા તેને શુભ આખ્યામાનો;
છઠું સાધન (૨) તે યજ્ઞરૂપ પરમાણો,
અગ્નિહોત્ર જ્યોતિષ્ટોમાદીક યજ્ઞ મુમુક્ષુ જાણો;
સતકીર્તીથી (૨) પ્રભુ લેશે દુઃખ હરિને. વેદજ્ઞાન. ૫
સપ્તમ સાધન (૨) તે એકાલોક કહે છે,
એકાલોક તે વિરાટદ્રષ્ટી સર્વે દુઃખ દહે છે;
અષ્ટમ સાધન (૨) તે અપરાલોક ગણાએ,
અંતરદ્રષ્ટિ કરવી તેને અપરાલોક ભણાએ;
તરશે જનતે (૨) જે રાખે ક્ષમા ધ્રુરીને. વેદજ્ઞાન. ૬
નવમું સાધન (૨) આ લોક કરી કહેવાયે,
શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન થાય તેને આ લોક વદાએ;
દશમું સાધન (૨) તે સિદ્ધી સિદ્ધ ભણે છે,
તે સિદ્ધિ કૈવલ્ય મોક્ષને પરમાનંદ જણે છે;
મોહન માને (૨) સજ્જન જનવાત ખરીને. વેદજ્ઞાન. ૭

પદ. ભજન.

અગમ પંથ નિરવાણી—એ રાગ.

અગમ પક્ષી નિરવાણી, ભાઇસંતો. અગમ પક્ષી. ટૂ.

ઈંડામાં ને બાહેર પક્ષી, નથી નથી નામ નિશાની હેજી,
સુગરા જન તો સહેજે સમજે, નુગરાની અકલ્લ હેરાણી.ભાઇસંતો.૧
મોદ પ્રમોદની પાંખ વડે તે, સેલ કરે અસમાની હેજી,
અપ્રમેય તે અસંગ પક્ષી, એમ વદે શ્રતીવાણી. ભાઈસંતો.૨
દેવરૂપ પીંછાં છે સુંદર, નાભી નભને જાણી હેજી,
અગ્ની તો મસ્તક છે સુંદર, પૃથ્વી ચરન ગુણ ખાણી ભાઈ.૩
ચિન્મય સુવર્ણમય પક્ષીને, જે કોઈ લેશે જાણી હેજી,
મોહન તેની દેવ સરવે, સેવા કરે મનમાની. ભાઈસંતો. ૪

પદ સદર.

એક ચક્ર છે ફરતું. સંતજન. એક ચક્ર છે ફરતું હેજી. ધ.
જીવજંતને ઝડપી લેતું, દેહ ધારીને હરતું હેજી,
નિશદિન પળ પળ તે વિચરે છે, જુતુ કદીએ નથતું.સંત.૧
ખટનાડીને બાર છે આરા, પર્વ પર્વથી બનતું હેજી,
અહો રાત્ર ખીલા મારીને, કર્યું બંધ બેસતું. સંતજન. ૨
ગુહ્ય ગુફામાં ચક્ર ફરે છે, નથી નથી કોઇ દેખતું હેજી,
એવું ચક્ર તે નિત્ય ફરે છે, સૌના સનમુખ જતું.સંતજન. ૩
એવા ચક્રને જે કોઇ જાણે, તેનાથી એ ડરતું હેજી,
મોહન શ્વાસોશ્વાસ પિછાને, સહેજે કારજ સરતું. સંત. ૪

પદ સદર.

જ્ઞાનની ચરચા કરીએ, સંતજન, જ્ઞાનની ચરચા કરીએ હેજી.
સજ્જન ગુરૂનો સંગ કરીને, દુર્જનને પરિહરિએ. સંતજન.ધ્રૃ

મહાઘોર એક સરિતા જગમાં પ્રગટ કરી છે હરીએ હેજી,
પ્રવાહ ચારે પાસ વહે છે, બંધ પડે નહીં જરીએ.સંતજન.૧
મન સંકલ્પ કિનારા તેના, અસત્ય જલથી ભરીએ હેજી,
ઇંદ્રીય ગ્રાહ અતિશય તેમાં, તેથી સદાય ડરીએ. સંત. ૨
વિષયવાસના રૂપ ધરાનો, જરી વિશ્વાસ ન ધરીએ હેજી,
રસના સ્વાદ વમળ તેને તો, દૂર થકી પરિહરિએ. સંત. ૩
કામ કપટની વેલી સુંદર, જળમાં છવાઇ નરીએ હેજી;
લોભ પંક પણ પૂરણ તેમાં, ક્રોધવેગ વિસ્તરીએ. સંત. ૪
નિજપ્રવાહમાં ખેંચે સૌને, કોઇ થકી નહીં ડરીએ હેજી;
દેવ સરીખા જાય તણાયા, નરનીકથા શું ઉચરીએ. સંત. ૫
ઉત્પત્તી અવ્યક્ત થકી છે, ભળી જઈ ભવ દરીએ હેજી;
મોહન ગુરૂ મતી નાવગ્રહણ,કરી સહેજે સરિતાતરીએ. સંત ૬

પદ સદર.

શૂન્યભૂમીમાં આજ સંતજન, અગમ વૃક્ષ એક જોયું હેજી;
જેણે છેદ્યું નહીં એ તરૂવર, તેણે સર્વસ ખોયું. સંતજન. ધૃ.
મોહ બીજથી પ્રગટ થયું છે, રાગદ્વેષ એ ડાળાં હેજી;
કર્મેચ્છાના કયારા સુંદર, ફરતા છે મતવાલા. સંતજન. ૧
પ્રમાદ જલથી સિંચન થાએ, તૃષ્ણાવેલ વિટાણી હેજી;
શોકસ્કંધ નાની ગણતાં તો, મુજથી નહીં ગણાણી. સંત. ૨
ભયચિંતાના પત્ર અતિશય, પૂર્વ કર્મ ફળ લાગ્યાં હેજી;
સજ્જનને તો સારૂં લાગ્યું,દુરીજન જોઇને ભાગ્યાં. સંતજન.૩

વજૂથકી પણ નાશ ન થાએ, એવું છે વરદાની હેજી;
મૂળ અમૂળ અતિ ઉંડું છે, સ્વભાવ ગુણ તોફાની. સંતજન.૪
એક પક્ષી તે તરૂ ફળ કેરો, સ્વાદ ભોગ સૌ કરતો હેજી;
એક ડાળીથી બીજી ડાળીપર,એમ ચોરાશી ફરતો.સંતજન.૫
એ તરૂવરનું છેદન જગમાં, ગુરૂગમથી જે કરશે હેજી;
મોહન ગુરૂ કૃપાથી નિશ્ચે, જન્મ મરણ દુઃખ હરશે.સંતજન.૬

પદ. ધનાશ્રી

સંતો જોગરથમાં બેશીએ, દેવગુરૂની થાય કરૂણા;
મોક્ષ ધામ પ્રવેશીએ, સંતો જોગરથમાં બેશીએ. ટૃ.
સારથીની પાટલી તે, ધર્મની બેસારીએ;
લાજને નિવૃત્તિ કેરો કઠેરો શણગારીએ. સંતો. ૧
બાર સાધન જોગનાં તેની બે ઉધ બનાવીએ;
પ્રાણવાયુ તણીસંતો ઝુંસરી ઝુકાવીએ. સંતો. ૨
બુદ્ધી કેરો હડો સરવે સંત શાણા માનતા;
ધરી છેડે લાકડાં જે એજ છે સાવધાનતા. સંતો. ૩
દશ ધર્મને લોક ન્યાયાચાર ચક્ર ચડાવીએ;
શ્રવણ ઘ્રાણ સુદર્શસ્પર્શન ચતુર હોય જોડાવીએ. સંતો. ૪
જોગરથની નાઈડી છે તેજ પ્રજ્ઞા જાણીએ;
શમાદીક ઇંદ્રિય નિગ્રહ સુભગનાભી પિછાનીએ. સંતો. ૫
જ્ઞાન કેરો સારથી શુરવીર સાચો થાપીએ;
વિવેક વાગ શ્રુતિ પરોણો સારથી કર આપીએ. સંતો. ૬

બેસનારો જીવ તેમાં ભીષ્મ કહે છે ધર્મને;
હોય જો સદગતી લેવી આચરો નિજ ધર્મને. સંતો. ૭
દમન શ્રદ્ધા દૂત બે નિત્યે અગાડી રાખીએ;
ત્યાગ દૂત પ્રવિણને પણ નિત્ય પાછળ દાખીએ. સંતો. ૮
બહિર અંતર પવિત્રતાના પુનિત પંથે ચાલીએ;
મોહન ગુરૂનું વચન માની અમરપુરમાં મહાલીએ.સંતો. ૯

પદ. કાફી.

રાગ ધીરાના પદનો.

બેઠા લઈ પોથી રે, પક્કા તમે પૂરાણી;
વાતવદો થોથી રે, મહીને મુરખ જાણી. બેઠા. ધ.
પૃથ્વીનું પડ જાડું કેટલું, વળી કેટલો ભાર;
પૃથ્વી જલના મધ્ય રહી છે, જળને શો આધાર,
સાચે સાચું કહેજો રે, હૈયામાં હરખ આણી. બેઠા. ૧
સ્વર વ્યંજન એ બેઉ મળીને, બાવન અક્ષર થાય,
તેમાં કેટલા નારી નપુંસક કેટલાનર કહેવાય;
પંડીતોમાં પહેલા રે, માટે ઉચરો વાણી. બેઠા. ૨
લીલાવૃક્ષ સમાન મનુષ તનએમ વેદ શ્રુતિ ગાય;
માથું કાપતાં વૃક્ષ મરે નહીં મનુષ કેમ મરી જાય,
ભેદ તમે ભાગો રે, બોલો ને વાણી શાણી. બેઠા. ૩
નામ માત્રનો નાશ થાય ને, નામ આધાર ગણાય;
ચરાચરના પ્રભુ પિતા તે પુત્રરૂપે કેમ થાય,

મોહન જે ત્યાગેરે, ધીક્ક તેની જીંદગાની. બેઠા. ૪

૫૯. ભજન.

રંગની મળે ઘણી જોડ રે, ગુણથી જોડી ના મળે હેજી;
જાણશે જ્ઞાની જે હોય રે, મુરખજન નાકળે હેજી. ધ્રુ.
ખચ્ચર તુરંગ રંગ એકરે, ગુણથી જોડી ના મળે હે જી
ખચ્ચર તો બોજ ઉપાડે રે, વાજી રણમાં પળે હેજી. રંગ. ૧
હંસા બગા રંગ એક રે, ગુણથી જોડી ના મળે હેજી;
માછલીને બગ ચુગી ખાયરે, હંસા તો મોતી ગળે હેજી. ૨
સોનું પિતળ રંગ એકરે, ગુણથી જોડી ના મળે હેજી;
શામ પીતળ થઇ જાયરે, સોનું ચોખ્ખું નીકળે હેજી. ૩
સોમલ સાકર રંગ એ કરે, ગુણથી જોડી ના મળે હેજી;
સાકર સૌથી ખવાય રે, સોમલથી જીવન ટળે હેજી. ૪
કાગા કોયલ રંગ એક રે, ગુણથી જોડી ના મળે હેજી;
કાગ મળે ઠારોઠાર રે, કોયલ તો આંબા ખળે હેજી. ૫
ગુણકા સતી રંગ એક રે, ગુગુથી જોડી ના મળે હેજી;
સતી નારી બે કુળ તારે રે, ગુણકા સૌને છળે હેજી. ૬
પંડીત મુરખ રંગ એક રે, ગુણથી જોડી ના મળે હેજી;
પંડીતથી મોક્ષ સધાય રે, મૂરખ નરકે ભળે હેજી. ૭
કાચ રતન રંગ એક રે, ગુણથી જોડી ના મળે હેજી;
મોહન રત્ન ન ભાગે રે, કાચ ઘંટીથી દળે હેજી. ૮

પદ.

કરીએ શ્રીકૃષ્ણ ઉપાસના. એ રાગ.

કરીએ દાન સુપાત્રને, વેદ વચનાનુસાર;
રાખો વિવેક દ્રષ્ટિમાં, તરશો સહેજે સંસાર. કરીએ. ૧
ખલકત દરિઓ છે દુ:ખનો, માયા જળ છે અથાગ;
આશા તૃષ્ણા ભરતી ચઢે, છે નહિં બચવાનો લાગ. કરીએ. ૨
ગર્વ વમલ સિંધુમાં, લોભ ગ્રાહ અપાર;
કામ કેરાં મોજાં ચડે, મોહનો અંધકાર. કરીએ. ૩
ઘરમાં લક્ષ્મી હોએ ઘણી, હોય માણસનું પૂર;
દેતાં દાન વિચારજો, ના ગુમાવશો નૂર. કરીએ. ૪
ચતુરાઈથી ચાલીએ, નિત્યે રહીએ હુંશીયાર;
ઢોંગી લોભીને ત્યાગીને, આપો જે હકદાર. કરીએ. ૫
છળબળ રાખો ન ધર્મમાં, માનો ગુરૂનું વચન;
દેશકાળ વિચારીને, રાખો ચોખ્ખું તનમન. કરીએ. ૬
જલ્પના ખોટી કરો કદી, ધાર્યું ઈશ્વરનું થાય;
માણુસ મનથી વિચારશે, વાયે ઉડી તે જાય. કરીએ. ૭
ઝળકે કાચ હીરા જેવો, તેથી મૂરખ મોહાય;
જેની બુદ્ધી વિવેકની, કદીએ તે ન ઠગાય. કરીએ. ૮
ટપકે તેલ ન રેતીથી, ગગને પુષ્પ ન થાય,
દેતાં દાન કુપાત્રને, નિશ્ચે દુખ પમાય. કરીએ. ૯
ઠપકો ખાવો તે ઠીક છે, લાત ખાવી ન ઠીક,

સજ્જન જોઇને હરખીયે, રાખો દુરી જનની બીક. કરીએ.૧૦
કહાપણ તેને ડાહ્યા કહે, જેથી થાય કલ્યાણ,
આપે દાન સુપાત્રને, તેનું જીવ્યું પરમાણ. કરીએ. ૧૧
ગગલો પાકે મુઠી તણો, પાત્ર ખેતર હોય,
ઊગે ના ખાર બોળમાં, જાણે છે સૌ કોય. કરીએ ૧૨
તકદીર હોએ જો પાંશરૂં હોય પુર્વનું પુણ્ય,
આપે સુપાત્ર જોઇને, જેનું ન્યાયનું ધન. કરીએ. ૧૩
થળ થળ રત્ન મળે નહીં, વન વન ચંદન નહોય,
ઘર ઘર પાત્ર મળે નહીં, વિરલા વિચારે કોય. કરીએ.૧૪
દઇએ દાન વિચારીને, જાણી ધર્મનો મર્મ,
અંધ થઇને જે આપશે, એજ છે કુડુ કર્મ. કરીએ.૧૫
ધર્મ તે પ્રીતે પાળશે, જેને હોય વિવેક,
મુરખ જાણે શું મર્મને, જેને ગોખર એક. કરીએ. ૧૬
નમ્ર થઇ જગ વરતીએ, કરીએ ના અભિમાન;
ઘટ ઘટ બ્રહ્મને ભાળીએ,કોઇની કરીએ ન હાણ.કરીએ.૧૭
પણુ તો પાળો પોતા તણું, રાખો જનમ્યાનું માપ,
રૂડા રત્નને પામીને, ટાળો ત્રિવીધી તાપ. કરીએ. ૧૮
ફરશે કુલીને જગતમાં, ધન ભોજનનું ભાન,
સૌનું અન ધન જે લે છે, એને કુપાત્ર જાણ. કરીએ. ૧૯
બગના ગુણ છે કુપાત્રમાં, હંસ સુપાત્ર જાણ,
માયા જળને એ ત્યાગશે, કરિલે જન્મ પ્રમાણ. કરીએ. ૨૦

ભવ ભય દુઃખને કાપશે, દેશે સત્પાત્રે દાન,
કરશે કર્મ નિષ્કર્મને, એજ વૈષ્ણવ નિદાન. કરીએ. ૨૧
મમતા મૂળ સંસારનું, સમતા મોક્ષનું દ્વાર,
જેના ઉરમાં વીવેક છે, જાણે ધર્મનો સાર. કરીએ. ૨૨
યજ્ઞથી વિધી જગને સજે છે. દાન યજ્ઞનું મૂળ;
પણ જો દેશે કુપાત્રને, એજ નરકનું શૂળ. કરીએ. ૨૩
રસના સ્વાદ ઓછો કરી, પળીએ નિજધર્મ;
શ્રદ્ધા સત્યમાં રાખીએ, એજ છે રૂડું કર્મ. કરીએ. ૨૪
લક્ષણ પાત્ર સુપાત્રનાં, વેદપુરાણે જેહ;
આજ તે હું ઉમંગથી, કહું સંક્ષેપે તેહ. કરીએ. ૨૫
વર્ણવિપ્રવદે વેદ મુખથી, હોય સરલ સ્વભાવ;
યોની કર્મથી શુદ્ધ જે, એ છે તરવાનું નાવ. કરીએ. ૨૬
શત્રુ મિત્ર પિછાનીએ, એનું નામ વિવેક,
નિજનો ધર્મ ના ત્યાગીએ, એવી રાખવી ટેક. કરીએ. ૨૭
ષટ સંપત્તી ભંડાર છે, ધર્મ રૂપ વેપાર,
સત્ય તોલથી તોળશે, તે ઊતરશે ભવપાર. કરીએ. ૨૮
સમજ્યા વીના કુટાય છે, મોટા દેવ અસુર,
પણ જો સેવે સુપાત્રને, તેનાં દુખ થાય દૂર. કરીએ. ૨૯
હરિએ ભરતખંડમાં જનમાવ્યા, આપ્યું માણસતન,
ઉંચા કુલમાં જનમ થયો, મળ્યું છે અન્ન ધન. કરીએ. ૩૦
ક્ષર ચૌદ ભુવનને જાણીએ, આત્મા અક્ષર જાણ,
એવું સમજી ક્ષમા કરે, એનું નામ વિદ્વાન. કરીએ. ૩૧

ભક્તિ કરીએ શ્રી ગુરૂની, ધરીએ અંતરમાં ધ્યાન,
મોહન સત્ય પ્રમાણીએ, ત્યારે થાય કલ્યાણ.કરીએ. ૩૨

પદ. લાવણી

રંગત. લંગડી

જો ચિતમાં સતશ્રદ્ધા હોયતો વેદવચન વિશ્વાસ ધરો,
નિવૃત્તિ માર્ગના, ઉપાયે મોક્ષ પામી દુઃખ નાશ કરો– ધૃ.
ક્ષમા વડે તો ક્રોધ હણો સંકલ્પત્યાગથી કામ તમામ,
ધ્યાન ધર્મ ને, અનાલશથી તજવી વળી ઉંઘ મુદામ,
સાવધાનપણથી વર્તીને લોક તણો અપવાદ હરો,
મનની ધારણા, કરી ક્ષેત્રજ્ઞ વિષે વશ પ્રાણ કરો,
રાગ દ્વેષ ને મમતાનો ધીરજ ખડગે વિનાશ કરો. નિવૃતી. ૧
તત્વ તણા અભ્યાસ વડે સંશય સંભ્રમ સૌ મોહ તજો,
જ્ઞાનાભ્યાસે, નાશ કરી દોષવૃત્તિ ને રામ ભજો,
જ્વર અતિસારાદિક તન વ્યાધી મિતાહારથી પરીહરીએ,
લોભ મોહને, સદા સંતોષ વડે તો વશ કરીએ,
વિષય વિષે ભાળી અનર્થને જરા નહિં વિશ્વાસ ધરો. નિ. ૨
દયાવડે જીતો અધર્મને જીતો ધર્મ પાલન કરીને,
સમય વિચારી, જીતવી આશ સમરીએ શ્રીહરિને,
અભિલાષ તજીને જીતવા વળી દ્રવ્ય તણા સર્વે ભંડાર,
તજો સ્નેહને, વસ્તુ સૌ અનિત્ય જાણી વારંવાર,
ભીષ્મ કહે છે ધર્મરાયને ધર્મ થકી યમત્રાસ હરો. નિ. ૩

યોગક્રિયાથી ક્ષુધા જીતવી વળી કરૂણાથી મનનું માન,
તથાતોષથી, જીતવી તૃષ્ણા જે ડાકણી સમાન,
તંદ્રા જીતો ઉદ્યમથી ત્યારે સૌ જગમાં અર્થ સધાય,
ગુરૂ વચનમાં, કરે વિશ્વાસ તેથી કુતર્ક જીતાય,
મૌનથી જીતો વ્યર્થ વાણીને શરપણે ભયહ્રાસ કરો. નિ. ૪
વેદશ્રવણ અભ્યાસ વડે તો મૂઢપણાનો કરીએ ત્યાગ,
તજો સંગને, હ્રદયમાં ઉપજાવી નિર્મળ વૈરાગ,
વેદજ્ઞાનથી મોહ તજો ચિત દોષ તજો કરિને નિષ્કર્મ,
સદાય તજીએ, દુષ્ટને ધર્મ શાસ્ત્રનો એ છે મર્મ,
તરસે તે ભવસાગરને મોહન ગુરૂનો સહવાસ કરે. નિ. ૫

૫૬. સદર.

શ્રીસદગુરૂની મહેર થાયતો અવળાનું સવળું થઇ જાય,
નુગરા જન શું, પિછાને ભેદ જ્ઞાનછે ગુપ્ત સદાય. નુગરા. ધ્રૃ.
અંધ દેખતો ત્રણ લોકને બહેરો સુણશે વિધ વિધ નાદ,
નકટો લેશે. કમળની વાસ મુગો કરતો બહુ વાદ,
હસ્ત વિના અક્ષર સૌ લખશે પંગુ ચડતો ગિરિ ગરાડ,
સુગરા જન જે, હશે જગતમાં તે માને સદ્‌ગુરૂનો પાડ,
પૂર્વ પુણ્ય જો હોય અતિશય તો પરસે શ્રીગુરૂના પાય. નુ. ૧
ગળી ગઇ કુંજરને કીડી વનપતીને મારે શિયાળ,
મીન અગ્નીમાં, બહુ સુખ પામી જલમાં થઇ બેહાલ,
પગ વણ ચાલી તીરથ કીધાં ડર્યો દેખી મડદાને કાળ,

જ્ઞાની જન સૌ, જાણશે સત્ય લાવશે મનમાં વહાલ,
જે જન ગુરૂના શરણે જાશે તેને કેમ કરી દુઃખ થાય. નુ. ૨
એક રાઇમાં મેરૂ સમાણો બિંદુમાં મહાસિંધુ સમાય,
ડુબે તુંબિકા, ઉદકમાં વળી સહેજે ઉપલ તરાય,
ત્રણે લોકમાં થયો તમાસો રવિ ઉગ્યાથી તિમિર ભરાય,
મૂર્ખ હોયતે, જાણશે અર્થ શબ્દથી નહીં સમજાય,
શબ્દ જુએ તે, અવળું દેખે અર્થ જુએ સવળું સમજાય. નુ.૩
બગલાને ગળી ગઇ માછલી ઉંદરડે તો ખાધો સાપ,
મંજારીને, પોપટે મારી તેથી સૌ ગયો સંતાપ,
પુત્રીએ માતાને ખાધી પુત્રેતો માર્યો નિજ બાપ,
સમજ્યા શાણા, કોઇને નહીં જરાપણ લાગ્યું પાપ,
ભણવાથી અક્કલ સૌ જાયે અભણ રહ્યાથી પંડીત થાય. નુ. ૪
દેવ થકીતો દેવળ પ્રગટયું દેવળમાંથી પ્રગટયો દેવ,
શિષ્ય બોધદે, ગુરૂને કરે રંકની નરપતી સેવ,
પંગુ પુત્ર વંધ્યાએ જાયો તેને ઘર ખોવાની ટેવ,
અનુભવીજે, હશે પંડીત જન તે જાણે સૌ ભેવ,
રણથી ભાગે તે જન શૂરો અડગ લઢે કાયર કહેવાય. નુ. ૫
હુંસ ચઢયો બ્રહ્માની ઉપર ગરૂડ ચઢયો વિષ્ણુની પીઠ,
ચઢયો પોઠીઓ, શંભુપર સંતજને આંખેથી દીઠ,
ધોબીને ધુએછે કપડું કુંભારનાં માટી ઘડે માટ,
શીવે દરજીને, સોય વળી સોનું ઘડે સોનીનો ઘાટ,

સુતારને તો કાષ્ટ ઘડે છે ઘમણ થકી લોહાર ઘમાય. નુ. ૬

રજનીમાં તો દીવસ દેખ્યો દીવસમાં દેખાઇ રાત,
તેલ ભર્યું છે, પૂર્ણ પણ દીપક બળે બળે નહીં વાટ;
વાડીમાંથી માળી નિપજ્યો ખેડુમાંથી નિપજ્યું ખેત,
નિશાપતીએ, રાહુને ગસ્યો ભાસ્કરે ગ્રાસ્યો કેત;
સુગરાને તજી નુગરાથી બાંધે પ્રીત તો સૌ સુખ થાય. નુ. ૭

અગ્ની મથ્યાથી કાષ્ટ નીકલ્યું થયું કાષ્ટ તે પ્રાણાધાર,
પાણી મથીને, કાઢ્યું ઘૃત તે ઘૃત ખાધું વારંવાર;
પરધન હરે કરે પર નીંદા વળી રાખે ઘરમાં પર નાર,
માંસ ખાય ને, મદીરા પીએ તેની મુક્તિ નિરધાર;
કર્મ તજી અકર્મ ગૃહે તેની સોબતથી દુઃખ પળાય. નુ. ૮

પશુ હિંસક નિર્દય જન તરશે દયાવંત બૂડે ભવમાંહી,
લોભી સ્વર્ગમાં, જશે નિર્લોભીનો ત્યાં ઠોર જ નાહીં;
મિથ્યાવાદી ભળે બ્રહ્મમાં સત્ય કહે તે યમપુર જાય;
તડકામાં તો, શીત ઉપજે બળતામાં ઉપજે છે છાંય,
મોહન રાખે જે જન જગમાં તેનાથી સૌ અર્થ સધાય. નુ. ૯

ગરબી. પીલુબરવા.

પ્રિય મિત્રોરે; વાત કહું છું વિચારી,
સૌને શિક્ષા હિતકારી;
અવનીમાંરે, માયાનું મૂળ નારી. સૌને બંધન કરનારી ધૃ.

એ છે અવગુણ કેરી બનેલીરે,
મોહ પ્રપંચ કેરી હવેલીરે;
વળી ચરિત્ર રંગ રંગેલીરે,
અધાપીરે, કોઈની થઈ ન થનારી. સૌને. ૧


શૂરવીરોને, એછે વશ કરનારી,
કોઇના વશમાં ન થનારી;
રણધીરોને રણમાં હરાવનારી.
નહિ કોઇથી તે ડરનારી;

હાવ ભાવ તણા હથિઆરેરે,
વળી કટાક્ષ કેરા કટારેરે;
મંદ હાસ્યનું ખંજર મારેરે,
ઊગારેરે, કૃપા કરી મદનારી. સૌને. ૨

શ્રી રામેરે, વેઠી વનની વાટ,
એ પણ કેકઇનો ઘાટ;
ભરથરીએ રે, છોડયું રાજ ને પાટ,
એ પણ પીંગળાના માટ;

કઈ ભૂલ્યા સુજ્ઞ ને શાણારે,
તપ ધારીને વળી રાણારે;
ઓશીકે મેલ્યા પહાણારે,
વિષયનીરે, વાત ફક્ત ચાહનારી. સૌને. ૩

તે માટેરે, શીખામણુ જો માનો,
નારી વિષવલ્લી જાણો;
મોહનનીરે. મેહેનતને જો પિછાનો,
સ્રીનો વિશ્વાસ ન આણો;
એકની સંગ વાતો કરશેરે,
બીજા ભણી નજર ફેરવશેરે;
મન ત્રિજાનું ચિંતન કરશેરે,
છે પ્રબળારે, અસત્ય આદરનારી;
સૌને બંધન કરનારી. પ્રીય. ૪



ૐ

तत्सत्.

શ્રીમંત સરકાર ગાયકવાડ સેના ખાસખેલ સમશેરબહાદુર શ્રીમંત સયાજીરાવ મહારાજા સાહેબ એમની સદૈવ ઉન્નતીની વૃદ્ધિ થવા પરમાત્માપ્રત્યે કરેલું સ્તવન.

પદ. ધનાશ્રી.

બાનાની પત રાખ પ્રભુ તારા. એ રાગ.

અરજ ધરજો ધ્યાન, પ્રભુજી અરજ ધરજો ધ્યાન. ધૃ.
રાય સયાજી પૂર્ણ વિવેકી, જાતે છે વિદ્વાન. પ્રભુજી. ૧
રાજ્યનિતીમાં પણ પંકાતા, રાજા રામ સમાન. પ્રભુજી. ૨
સત્ય વચનને સત્ય પ્રતિજ્ઞા, સત્ય મનાવે આણ. પ્રભુજી. ૩
દયાસાગર રાય સયાજી, માફ કર્યાં કઇ દાણ. પ્રભુજી. ૪
કામ ક્રોધ ને કેદ કર્યા છે, લેશ નહિં અભિમાન. પ્રભુજી. ૫
કાઢી કુધારો કીધો સુધારો, પોતે ચતુર સુજાણ. પ્રભુજી. ૬
પ્રજાસુખનાં સાધન કીધાં, બાંધ્યાં કઇક નવાણ. પ્રભુજી. ૭
મોહન ઇશ્વર સૌ સુખ આપો, નિત્ય કરો કલ્યાણ. પ્રભુજી. ૮

પદ. કાફી. ગજલ.

સદા રાખો પ્રભુ સાજા, સયાજીરાવ મહારાજા,
ધરમની રાખતા માઝા, સયાજીરાવ મહારાજા. સદા. ધ્રૂ.
કરી વિદ્યાતણી વૃદ્ધિ, અતુલ છે જેની સમૃદ્ધિ;
જાણે આવી સકલ સિદ્ધિ, સયાજીરાવ મહારાજા. સદા. ૧
પોતે શ્રીમંત છે સાદા, સિંધુસમ જેની મરજાદા;
અખંડ ચાલે જ્યાં ધર્માદા, સયાજીરાવ મહારાજા. સદા. ૨
સદા લે પ્રજા તણી સુદ્ધિ, પુનિત છે. જેનાં મન બુદ્ધિ;
રહી કરજોડીને રિદ્ધિ, સયાજીરાવ મહારાજા. સદા. ૩
મફત વિદ્યાનું દે છે દાન, કહો કયમ ના રીઝે ભગવાન;
પ્રભુ પૂરા કરે અરમાન. સયાજીરાવ મહારાજા. સદા ૪
મદદ કરી કાળમાં ભારી, રૈયતને દુઃખથી તારી;
પ્રજા છે પુત્રસમ પ્યારી, સયાજીરાવ મહારાજા, સદા. ૫
સદા રહેજો ગાયકવાડી, ધર્મ મોતી તણી ખાડી;
વળી વૈકુંઠની વાડી, સયાજીરાવ મહારાજા. સદા. ૬
અમલ યશ શ્રીપતી આપો, શત્રુ શત્રુસૂદન કાપો;
પ્રભુ નિજનો કરી થાપો, સયાજીરાવ મહારાજા. સદા. ૭
અલંકૃત સર્વ સદ્‌ગુણથી, વિમુખ છે સર્વ દુર્ગુણથી;
મોહન સુજનો કહે છે કથી, સયાજીરાવ મહારાજા. સદા. ૮

પદ. ઢોંડી

શ્રીમંત સયાજીને અમર રાખ કાળી;

જગત જનની તું કપાલિની કૃપાલી. શ્રીમંત. ધ્રુ.
બિરાજો મસ્તકમાં મંગળા દયાળી;
વળી ભાલ વિષે ભદ્ર ભદ્રકાળી,
મુખપ્રદેશમાં સરસ્વતી રસાળી. શ્રીમંત ૧
કામાક્ષિ રક્ષરાય અક્ષી રઢીયાળી;
કીર્તિ દેવી રક્ષ નાસિકા રૂપાળી,
શ્રવણ દેશ રક્ષ ભક્તિ નિર્ભયાળી. શ્રીમંત. ૨
બાહુ યુગલ રક્ષ બેચરા બળધારી;
રક્ષ અંબિકા તું હૃદય દુઃખહારી,
ઉદર દેશ રક્ષ અમૃત કળા વાળી. શ્રીમંત. ૩
નાભી દેશ રક્ષ તું ધનુષ ધારી;
વિંધ્યવાસિની તું રક્ષ કટિ સારી,
ચરણ રક્ષ માત ચંડીકા દયાળી. શ્રીમંત. ૪
ગુહ્ય ભાગ રક્ષ ગુહ્ય ઇશ્વરી તું;
આ પાદ શીર્ષ રક્ષ મહિષમર્દિની તું,
અંગોપાંગ રક્ષ હિંગલાજ બાળી. શ્રીમંત. ૫
જયાદેવી રક્ષ પળપળે અગાડી;
રક્ષ વિજયા વળી રાયને પછાડી,
આજુ બાજુ રક્ષ અજીતા કરાળી. શ્રીમંત. ૬
પુત્ર પુત્રી રક્ષ પાર્વતી પુનીતા;
મહારાણી રક્ષ સદા સતી સીતા,

વંશ ગોત્ર રક્ષ શચી તું મતવાલી. શ્રીમંત ૭
રક્ષ રાજ્યને અપરાજીતા અજીતા;
રક્ષ પ્રજાને વળી વૈષ્ણુવી લલીતા,
મોહન રક્ષ રાય શત્રુ નાખ બાળી. શ્રીમંત. ૮

ગીતી.

દિનદિન વૃદ્ધિ પામો, શુકલ પક્ષના શશિ સમાન જગમાં;
શ્રીમંતરાય સયાજી, થજો નિરોગી દુઃખ ન રહો રગમાં. ૯

પદ કાફી ગજલ.

વિપ્ર ગૌ ધર્મની વાડી, સદા રહેજો ગાયકવાડી; ધ્રુ.
અદલ જ્યાં ન્યાય તોળાયે, ગીરા પણ નમ્ર બોલાયે;
ઘણાં અન્નક્ષેત્ર ખોલાએ, સદા રહેજો ગાયકવાડી. વિપ્ર. ૧
ભુખ્યાને અન્ન જળ આપે, દુખીનાં દુઃખ સૌ કાપે;
સરસ્વતીને જીભે થાપે, સદા રહેજો ગાયકવાડી. વિપ્ર. ૨
પ્રજા સમજી શકે સારૂં, ગયું અજ્ઞાન અંધારૂં;
ખુલ્યું છે ધર્મનું બારૂં, સદા રહેજો ગાયકવાડી. વિપ્ર. ૩
ઘણાં વર્ષાસનો આલે, વિપ્રજન સંતને પાળે;
દુષ્ટને કેદમાં ઘાલે, સદા રહેજો ગાયકવાડી. વિપ્ર. ૪
પ્રજાને પુણ્ય છે વહાલું, સરસ છે રાજ રઢીયાળું;
સદા વિદ્યાનું અજવાળું, સદા રહેજો ગાયકવાડી. વિપ્ર. ૫
નિયમથી મેઘ પણ વરસે, જમીનમાં હેમ પણ દરસે;
નહિં કોઈ મરે તરસે, સદા રહેજો ગાયકવાડી. વિપ્ર.

કવિજન કીર્તી ગુણ ગાએ, સુણી ઠગ ચોર ગભરાયે;
મોહન સુજનોથી ઉચરાએ, સદા રહેજો ગાયકવાડી. વિપ્ર. ૭

દોહરો.

રહો અવિચળ ભૂપતી, શ્રી સયાજી મહારાજ
તેજ તપો સવિતા સમું, ઉચરે પ્રજા સમાજ. ૧

છંદ હરિ ગીત.

શ્રી દેવ દામોદર દયાળુ દળ દળો દુશ્મન તણું,
સત્તા વળી સર્વત્ર જામો માન પામો અતિ ઘણું;
યાદવમુકુટમણી અખંડીત આશ પૂરો આપની,
જીતો સકલ સમૃદ્ધિ બુદ્ધિ થાઓ ના કદી પાપની. ૨
રાખો ન કલેશ હમેશ લેશ મહેશ આપો હર્ષને,
વળી વેલ બાંધો વંશની સાધો નવા ઉત્કર્ષને;
સરવે સમૃદ્ધિ રિદ્ધિ સિદ્ધિ અખુટ આપો શ્રીપતી,
રસનાએ કરજો વાસ જાણી ખાસ માત સરસ્વતી. ૩
કાપો પ્રભુ સૌ કષ્ટ આપો મિત્ર મંત્રી સદ્‌ગુણી,
રવિ તુલ્ય તેજ તપો અહોનિશ કીર્તી જામો અતિ ઘણી;
ચીરો પ્રપંચી ચોરને ચીવટ રહો ઉર ધર્મની,
રંજન કરો રણધીરને પ્રીતી પ્રજાહિત કર્મની. ૪
જીવો સયાજીરાવ લક્ષ સહસ્ર સંવત્સર અહો,
વળી ધારી ધૈર્ય ધરાપતી મતિ શૌર્યની ચિત્તે ચહો;

રક્ષા કરો શ્રીરામ આઠે જામ મોહન સૌ સ્થળે,
હોજો અધીક અભીષ્ટ સિદ્ધિ શત્રુઓ ઊભા બળે. ૫

જ્ઞાનનાં લક્ષણો.

સાદૂલ વિક્રીડિત છંદ.

પોતાના ગુણનાં વખાણ કરવાં, ના નીજ[1] મુખે કરી,
રાખો દંભ[2] ન લેશ અન્ય જનને, પીડા[3] કરો ના જરી,
સેવા સદ્ગુરૂની[4] વળી સરળતા[5], રાખો ક્ષમા[6] સર્વદા,
દારા ને વળિ પુત્ર ક્ષેત્ર ધનમાં, ના પ્રેમ[7] રાખો કદા. ૧
વ્યાધી જન્મ[8] જરા વિષે હરઘડી, નીહાળવું દુઃખને;
નિષ્ઠા એક સુમાર્ગમાં[9] પ્રતિદિને, રાખી લહો સુખને,
રાખો શુદ્ધ[10] શરીરને મન વળી, ટાળો અભિમાનને[11];
કોઈનું નહિ માન[12] ભંગ કરવું, ના રાખવું માનને[13]. ૨
ઇંદ્રિયાદિક સૃષ્ટિના વિષયમાં, વૈરાગ્ય[14] તો રાખવો;
અજ્ઞાની હરકોઇ મંડળ[15] વિષે, ના પ્રેમતો દાખવો,
હાની લાભ સમાન[16] માની મનથી, એકાંત[17] ભક્તિ કરો;

આશક્તિ નહિ રાખવી[૧૮] વિષયમાં, શાંતી[૧૯] દયા[૨૦] સંઘરો. ૩
રાખો સંયમ[૨૧] કર્મવાણિ મનથી, સર્વાત્મ[૨૨] દૃષ્ટિ કરો;
એકાંતે[૨૩] કરી સ્થાન મુક્તિ પથનો, વિચાર[૨૪] લક્ષે ધરો,
ચોવીસે શુભ લક્ષણો મુમુક્ષુનાં, રૂશી વસિષ્ઠે કહ્યાં;
જેણે મોહન ધારિઆં જગતમાં, તેનાં દુખો ના રહ્યાં. ૪

અથ શ્રી

કડી સ્ત્રી સનાતન ધર્મોત્તેજક-સમાજનો પ્રારંભ.

પદ-ધોળ.

આજે આનંદનો દીન જાણી, રૂડી સ્ત્રીની સમાજ ભરાણી;
પૂણ્ય પૂર્વનું આજે ઉઘડીયું, જ્ઞાનરત્ન સહેજ કર ચડીયું. ૧
તેથી દળદર દૂર પળાશે, વિદ્યા લક્ષ્મીને સહેજ મળાશે;
ધન્ય ધન્ય શ્રીશંકર સ્વામી, અમ અબળાની વિપત વિરામી. ૨
આજે ધર્મનું બાર ઉઘાડયું, સૌનું મોહ તિમીર નસાડયું,
મહા મારગ અમને ચઢાવ્યાં, શત્રુ હાથથી છૂટાં કરાવ્યાં. ૩
સોના કલ્યાણનું બીજ વાવ્યું, સરવે સજ્જનના મન ભાવ્યું;
દેશ ઉન્નતી વૃદ્ધિ થાશે, રૂડી રિદ્ધિને સિદ્ધ પમાશે. ૪
ધન્ય ઓગણી સડસઠ સાલ, માસ ભાદરવો સુરસાલ;
શુદ્ધ તેરસને બુધવાર, ધન્ય આજ ઘડી પળ વાર. ૫

હવે લોચન ત્રિજું ઉઘડશે, કોઇ વિઘ્ન હવે નહીં નડશે;
ગુમાવેલી કીર્તિ સાંપડશે, નિજ ધર્મની માલમ પડશે. ૬
અમે માગીએ બેઉ કર જોડી, અમ અબળાની મતિ થોડી;
પ્રભુ અમર રાખો આ સમાજ, જેથી થાય સદા શુભ કાજ. ૭
અમે વીરની જનનીઓ થઈએ, પતિવ્રતાની પદવીઓ લઇએ;
સુણી મોહનની પ્રભુ અરજી, કરશો યોગ્ય હશે જેવી મરજી. ૮

ૐ

અથ શ્રી શિવ સહસ્ત્રનામ સ્તોત્ર પ્રારંભ.

વ્યાસજી કહે છે.

દોહરા.

સૃષ્ટિરૂપ શ્મશાનમાં, સુએ પ્રલય કરિ જેહ;
યોગ ક્ષેમ કિંકર ગણી, દો શિવશંકર તેહ. ૧
એક સમય શ્રી દ્વારિકાં, સર્વે રૂષી સમાજ;
કમળનેત્ર શ્રી કૃષ્ણનાં, આવ્યા દરશન કાજ. ૨
તે વેળા રાધા રમણ, ચતુર્ભૂજ ભગવાન;
પૂજન કરતા જોઈને, બોલ્યા મુની મહાન. ૩

માર્કંડેય કહે છે.

આપ દેવના દેવછો, જગત ગુરૂ ભગવાન,
આપ સમર્થ છતાં કરો, કોનું પૂજન ધ્યાન. ૪

અધિક આપથી કોણછે, કહો ચતૂર સુજાણ;
કોની માગોછો ક્ષમા, કો કરશે કલ્યાણ. ૫

શ્રી કૃષ્ણ કહે છે.

માર્કંડેય મુની સહુ, સુણજો ધરિને ધ્યાન;
અવિનાશી મહાદેવનું, કરૂંછું પૂજન ધ્યાન. ૬
ઉત્પત્તિ સ્થિતી અને, પ્રલય તણા કરનાર;
એજ નિરંજન દેવ છે, એજ સૃષ્ટિ આધાર. ૭
સર્વ શક્તિ સર્વજ્ઞને, સર્વેશ્વર છે જેહ;
ત્રિકાળ વેત્તા આપ છો, જાણો સરવે તેહ. ૮
સદાશિવ મહાકાળ જે, નિરંજન નિરાકાર;
ધ્યાન પુજન તેનું કર્યે, તુટે બંધ સંસાર. ૯
જેના ડાબા અંગથી, મમ ઉત્પત્તી જાણ;
એ મહામાયાના પતિ, એજ કરે કલ્યાણ. ૧૦
ઈંદ્રાદીક સુરગણ સહુ, ધરે નિરંતર ધ્યાન;
એ અંવ્યકત અસંગને, એજ પુરૂષ પુરાણ. ૧૧
રવિ શશિ વન્હિ નેત્ર છે, સત્ય લોકછે શીશ;
સપ્ત સિંધુ છે ઉદરમાં, તે શિવ સૌના ઈશ. ૧૨
ભૂજંગની ઉપવિતને, ગળે મુંડની માલ;
હસ્તે વજ્ર ત્રિશૂળ છે, વળી ચંદ્ર છે ભાલ. ૧૩
વેદ વિષે વિખ્યાત છે, શિવનાં અનંત નામ;
યથા મતિથી હું જપું, નિત્યે સહસ્ર નામ. ૧૪

સહસ્ત્ર નામ શુભ શંભુનાં, દુખહર સુખકર જેહ;
પ્રીતે હરિગીત છંદમાં, શ્રવણુ કરાવું તેહ. ૧૫

અથ ધ્યાન.

સાર્દુલ વિક્રિડિત છંદ.

જેના હસ્ત વિષે ત્રિશૂલ ડમરૂ, ને ભાલમાં ચંદ્રમા,
ગંગા ચૂડ વિષે ગળે ગરલને, વામાંગ શોભે ઉમા;
જેનેછે ત્રણુ નેત્ર ત્રીપુરપતિ, બાળ્યો રતિ સ્વામિને,
એવા શંભુ સ્વયંભુને નિત નમું, હું શીર્ષને નામિને. ૧૬

હરિગીત છંદ.

જે સ્થીર[૧] સ્થાણુ[૨] બ્રહ્મ[૩] ભીમ[૪] પ્રવર[૫] વરદ[૬] વર[૭] ઈશ્વરા[૮],
જે સર્વ[૯] ભવ[૧૦] સર્વાત્મ[૧] ને વળી સર્વને[૨] સર્વેશ્વરા[૩];
સર્વાંગ[૪] સર્વ પ્રસિદ્ધને[૫] વળી સર્વ ભાવ[૬] શિવાપતી[૭],
જે સર્વ ભુત કર[૮] સર્વ ભુતહર[૯] સર્વ લોક પ્રજાપતી[૨૦]. ૧૭
જે છે જટિન[૧] ચર્મિણુ[૨] હર[૩] હરિણાક્ષને[૪] હયગર્ભદા[૫],
જે નિયત[૬] શાશ્વત[૭] શિખંડીન[૮] સ્મશાન વાસી[૯] સર્વદા;
ભગવંત[૩૦] પ્રવૃત્તિને[૧] નિવૃત્તિ[૨] તપસ્વિન[૩] અર્દન[૪] પ્રભુ,
ઉન્મત્ત વેષ[૫] પ્રછન્ન[૬] ધ્રુવજે[૭] ભૂત ભાવન[૮] ભવ[૯] વિભુ. ૧૮
જે છે મહાત્મન[૪૦] મહાયશ[૧] મહાકાયને[૨] મહારૂપ[૩] છે,

જે મહા [૪]કર્મણુ સર્વ [૫]કર્મણુ [૬]સ્વયંભૂ [૭]વૃષરૂપ છે;
જે [૮]વિશ્વરૂપ મહા [૯]હનુ [૫૦]અભિવાદ્ય [૧]ખેચર [૨]ગોચરા,
[૩]અંતર્હિતાત્મન [૪]લોકપાળ [૫]પવિત્ર દૃષ્ટિ [૬]અગોચરા. ૧૯
જે છે [૭]મહત [૮]યમ [૯]નિયમ [૬૦]નિયમાશ્રીત [૧]પ્રિયરૂદ્રાક્ષ છે,
જે [૨]આદી [૩]આદીકર [૪]નિધી [૫]સહસ્રાક્ષ [૬]વિશાલાક્ષ છે;
જેચંદ્ર [૭]સારૂપ [૮]સૂર્ય [૯]કેતુ [૭૦]શયન [૧]ગ્રહ ને [૨]ગ્રહપતી,
નક્ષત્ર [૩]સાધક [૪]અત્રી અત્ર્યા [૫]નમસ્કર્તૃ [૬]ઉમાપતી. ૨૦
[૭]સુપ્રસાદ વર મૃગ [૮]બાણ [૯]અર્પણ [૮૦]અનઘ [૧]મંત્ર [૨]પ્રમાણ છે,
જે દીન [૩]સાધક [૪]અર્હીન [૫]યોગિન [૬]યોજ્ય પદ [૭]નિર્વાણ છે;
જે છે [૮]મહાતપ ઘોર [૯]તપ વળી [૯૦]પરમ તપ [૧]પરમેશ્વરા,
જે બીજ [૨]વાહન [૩]મહાબીજ [૪]સુબીજ [૫]સંવત્સર કરા. ૨૧
[૬]સૂવર્ણરેતસ [૭]મહારેતસ [૮]મહાબળ [૯]સર્વજ્ઞ છે,
[૧૦૦]બળવીર ને [૫]બળ [૨]અબળ દશ [૩]બાહૂ સકલ મર્મજ્ઞ છે;
જે સ્વયં [૫]શ્રેષ્ઠ [૬]શતઘ્ની [૭]ધન્વી [૮]આયુધી [૯]અશનીન છે,
જે [૧૧૦]નીલકંઠ [૧]અનિમિષને [૨]ખડગીન [૩]પટ્ટીશીન છે. ૨૨

ગણુકર્તૃ[૪] ગણુ[૫] ને ગણુપતી[૬] હર કામ[૭] દિગ્વાસસ[૮] વિભુ[૯],
જે મંત્રવિદ[૧૨૦] ને મંત્રમૂર્ત્તિ[૧] સર્વ ભાવ[૨] કરા પ્રભુ[૩];
જે છે કમંડલુધર[૪] મહત[૫] સુવર્હસ્ત[૬] તેજસ્કર[૭] નિધી[૮],
જે બાણુહસ્ત[૯] કપાલભૃત્[૧૩૦] વળી દીર્ઘ[૧] તૈજસ[૨] ઔષધી[૩]. ૨૩

જે છે સુવકર્તૃ[૪] સુરૂપ[૫] ને સત્તીર્થ[૬] ઉષ્ણીષીણુ[૭] છે,
હરિકેશ[૮] વિનત[૯] ઉદગ્ર[૧૪૦] અજ[૧] વળી કૃષ્ણુ[૨] કપર્દિન[૩] છે;
શ્રંગાલ રૂપ[૪] ગજઘ્ન[૫] જે સિદ્ધાર્થ[૬] સર્વ શુભંકરા[૭]
જે ઉર્ધ્વરેતસ[૮] ઊર્ધ્વ શીખિન[૯] ઊર્ધ્વલીંગ[૧૫૦] મહેશ્વરા. ૨૪

બહુરૂપ[૧] ને જે ગંધ ધારિણુ[૨] નભસ્થળ[૩] સેનાપતી[૪]
જે ચીરવાસસ[૫] ત્રિજટ[૬] ને જે રૂદ્ર[૭] સર્વાધિપતી[૮]
દૈત્યઘ્નને[૯] વળી તિગ્મમન્યુ[૧૬૦] અહશ્ચર[૧] નક્તંચરા[૨]
જે આર્દ્રચર્માંબરાવૃત[૩] વળી કાળ[૪]:રૂપ દિગંબરા[૫]. ૨૫

જેસિંહ સાર્દૂલરૂપને[૬] મહાનાદ[૭] નભસ[૮] નિશાચરા[૯],
જેછે સુવર્ચસ[૧૭૦] કાળ યોગિન[૧] લોકધાતૃ[૨] ગણાકરા[૩];
જેછે ચતુષ્પથ[૪] ભૂતચારિણુ[૫] પ્રેત ચારિણુ[૬] ઇશ્વરા,

સ્વર્ભાનુ અમિત[૮] અનંત[૯] બહુધર[૧૮૦] બહુભૂત[૧] બહુશિરા[૨]. ૨૬
જે નીત્યનર્ત્તક[૩] નીત્યનર્ત્ત[૪]ંગતી[૫] નિરૂરૂહ[૬] ઇશ[૭] છે.
જે નીત્ય[૮] પ્રીય સહસ્રરત[૯] વળી પાશકંઠ[૧૯૦] અહીશ[૧] છે;
છે સર્વલાલસ[૨] ઘોરને[૩] મહાતપસ જે વ્યવસાય[૫] છે,
જે છે અતંદ્રિત[૬] અધર્ષણ[૭] ઘર્ષણાત્મન[૮] સુરરાય[૯] છે. ૨૭
યજ્ઞક્ષ[૨૦૦] ને જે કામનાશક[૧] સર્વકામ[૨] સુરારિહા[૩],
ગંભીર[૪] ને ગંભીરધામ[૫] અજીત[૬] જીત[૭] ભયાપહા[૮];
જેછે બલક્ષ[૯] સમર્થ[૨૧૦] મુંડીત[૧] અર્થ[૨] અચર[૩] મહાનના[૪],
શ્રીમંત[૫] બળવાહન[૬] વળી જે દક્ષયાગ વિભંજના[૭]. ૨૮
ન્યગ્રોધ[૮] મધ્યમ[૯] સુસહ[૨૨૦] સિદ્ધિ[૧] જે હરી[૨] હર્યશ્વ[૩] છે,
વૃષકર્ણ[૪] સ્થીતી[૫] દસનતીક્ષણ[૬] તાપતીક્ષણ[૭] વિશ્વ[૮] છે;
જે મહાયજ્ઞ[૯] મહાહવી[૨૩૦] મહાકાય[૧] વિશ્વકસેન[૨] છે,
વિષ્ણુપ્રસાદિત[૩]જન્ય ને જેણે પ્રજાળ્યો[૪] મેન છે. ૨૯
જે છે પ્રશાંતાત્મન[૫] હુતાસન[૬] હુતાસન સહશૂર[૬] છે,
જે ઉગ્રતેજસ[૮] મહાતેજસ[૯] બુદ્ધિ[૨૪૦] ગુણ[૧] અક્રૂર[૨] છે;

જે [૩]વિજયવેત્તા [૪]કાળવેત્તા [૫]કર્મવેત્તા છે વિભુ,
[૬]નક્ષત્ર [૭]વિગ્રહમતી ને જે [૮]સર્વ વિગ્રહ છે પ્રભુ. ૩૦
[૯]તેજોપહારિણુ [૨૫૦]બલિન [૧]મુંડિન [૨]જટિન ને [૩]જ્વાલીન છે,
જે [૪]વેનવિણુ [૫]પણુવીન [૬]તાલીન જે [૭]ખલીન [૮]શિખીન છે;
જે [૯]જ્યોતિષામયન [૨૬૦]પ્રવીણુ [૧]સમુદ્ર [૨]વડવામુખ છે,
જે [૩]કાળકંટક [૪]અગમ [૫]સર્વંગ ને [૬]વિભાગ [૭]અમૂખ છે. ૩૧
[૮]મૂર્તીજ [૯]મૂર્ધંગ [૨૭૦]લય વળી જે [૧]ત્રિશ્વબાહુ પ્રજાપતી,
જે છે [૨]સુશરણુ [૩]સહાય ને [૪]હિરણ્યકવચોદ્ભવ [૫]યતી,
[૬]મેંઢ્રજ [૭]મહીચારિણુ બળ [૮]ચારીણુ વ્યાલ [૯]વિમોચના,
જે [૨૮૦]ત્રીદશા [૧]ત્રીકાલ ધૃક સૌ [૨]કર્મબંધ [૩]વિમોચના. ૩૨
જે [૪]તૂર્ય [૫]તૂર્યાતીત ને જે [૬]સર્વતોધ [૭]પરિગ્રહા,
[૮]અસુરેંદ્રબંધુ સર્વ સાધુ [૯]નિષેધીત [૨૯૦]મનોજહા;
જે છે [૧]ગુહાવાસી [૨]ગહન [૩]ગુહ [૪]સુધિશત્રુવિનાશના,
જે છે [૫]પ્રસ્કંદન [૬]ત્રિભાગજ્ઞ [૭]અતુલ્યશ્રુત [૮]કરુણાઘના. ૩૩
જે [૯]સર્વ ધારિણુ [૩૦૦]સર્વ ચારિણુ [૧]સર્વ કાળ [૨]પ્રસાદ છે,

જે હેમકર ને હેમ વાસવ અમર સાંખ્યપ્રસાદ છે;
જે યજ્ઞના ભાગજ્ઞ માલિન તરંગજ્ઞ કૃતજ્ઞ છે,
ધર્મજ્ઞ ને મર્મજ્ઞ જે સર્વજ્ઞ ને વળી પ્રજ્ઞ છે. ૩૪

જે સર્વ સર્વદ સર્વ કામદ ને વિશારદ વીર છે,
જે સર્વતોમુખ સર્વવાસ વળી ધરોત્તમ ધીર છે;
જે લોહિતાક્ષ મહાક્ષ ને વિજયાક્ષ દુર્વામસ પ્રભુ,
જે સર્પચીરનિવાસ મુખ્ય અમુખ્ય દુર્વાસસ વિભુ. ૩૫

જે છે સબળ બળરૂપ ભૃગુ ખગ અવશ દેહ ઉમાપતી,
કર્ત્તા અને સંગ્રહ વિગ્રહ રૌદ્રરૂપ પશૂપતી;
કાલાહિ સર્વ કામેશ્વર આકાશ નિર્વિરૂપ છે,
જે છે નિપાતિત ધૂર્જટી ઈશાન સૌના ભૂપ છે, ૩૬

આદીત્ય અંશુ બહુ રશ્મિ મહર્ષિ મુનીરાય છે,
જે છે સહસ્રદ પક્ષ પક્ષિણુ અતી હિમ સહાય છે;
જે સર્વ વાસ્નિન શ્રીયાવાસીન સુવર્ચીસીન હ્રીપતી,
જે વામ વામન વામદેવા વાજસન વાચસ્પતી. ૩૭

જે છે સુવેગી મહાવેગી મનોવેગી વિપણુ છે,
જે લોકચારિણુ લોકબંધુ તથા બ્રહ્મચારીણુ છે;
જે સિદ્ધ યોગિન સિદ્ધ સાધક ને વળી સિદ્ધાર્થ છે,
ભીક્ષૂક ને ભીક્ષા વળી જે અર્થકર ને અર્થ છે. ૩૮

મધુને મધુક્ર લોચન વળી જે પ્રાચી દક્ષિણુ કામ છે,
ઉન્માદ મદન મૃદુ મહીપતી હરીહર અભિરામ છે;
જે છે વૃતાવૃતકર નિમીત્ત નિમિસ્થ કાળ મધૂકરા,
ઉપદેશકર ને જે અકાર અચિંત્ય અવિનાશી ખરા. ૩૯

નંદીન નંદન નંદીવર્ધન નંદીકર નંદીશ્વરા,
અશ્વત્થ અવ્યય કાળ ને મહાકાળ જે કલિમલ હરા;
સંભ્રમ સૃષ્ટિ ભાગ ને જે મહાસેન ગવાંપતી,
વીશાખ ને જે વજ્રહસ્ત વિચારવિદ વસુધાપતી. ૪૦

જે કાળ ઇશ્વર ચમુંસ્તંભન તથા વિષ્કુંભીન છે,
પીનાકધૃક્ બ્રહ્મન્ ચતુર્મુખ અકલ ભગહારીણુ છે;
મહાલીંગ ચારૂ લીંગ લીંગાધ્યક્ષ અમરાધ્યક્ષ છે,

ઇતિહાસ બીજાધ્યક્ષ યોગાધ્યક્ષ લોકાધ્યક્ષ છે. ૪૧
નિહંત્ર ને બળબીજકર્ત્તા વશ્ય ને વળી વશકરા,
સંકલ્પ અધ્યાત્માનુગત ગૌતમ વળી નિશાકરા;
વૈદંભ દંભ અદંભ નીતી અનીતી વળી અક્ષરા,
જે શુદ્ધ ને શુદ્ધાત્મ બળવત ગતાગત પરમેશ્વરા. ૪૨
જે છે પિતામહ ને યુગાવહ શુક્ર વર્ચસ્વીન છે,
જે સમર મર્દન વિદુષ ને મહામેઘ નિવાસીન છે;
જે લોકકર્ત્તા મહાકર્ત્તા કર કલી છે પશુપતી,
જે છે અનૌષધ માન્ય શોભન અંગલુબ્ધ હરાપતી. ૪૩
જે છે પરબ્રહ્મન દર્પણ નીરવગ્રહ નીલ છે,
જે ધુમકેતન મહા ધાર વશીન વિશ્વ અખીલ છે;
અતિ ધુમ્ર અગ્નિ જ્વાલ જે મહા જ્વાલ છે યોગીશ્વરા,
હુત હવિષ શંકર વૃષણ ને વળી બહુ પ્રસાદ પરાત્પરા. ૪૪
સ્વસ્તિદ સ્વસ્તિભાવ ભાગિન ભાગકર પંચાનના,
ઉત્સંગ ને મહાઅંગ વળી જે મહાગર્ભ પરાયણા;

જે કૃષ્ણવર્ણ સુવર્ણ સર્વે દેહને ઇંદ્રિય ધરા,
જે વેદકાર સુસંન્ન વળી જે મંત્રકાર મહેશ્વરા. ૪૫
મહાપાદ જે મહાહસ્તને મહાકાય જે મહામાત્ર છે,
મહાકર્ણને મહાયશ વળી મહા મુખને મહાપાત્ર છે;
મહામૂર્દ્ધન ને મહાનાસ જે મહાહનુ ને મહાઓષ્ટ છે,
જે મહાદંતા મહા જીભ્હા મહાનખ મહાદંષ્ટ્ર છે. ૪૬
મહાકંબુ ને મહાગ્રીવ જે વળી મહાચૂડ મહાંતકા,
મહારસ્કને મહાવક્ષ મહામાયી વળી મદનાંતકા;
મહારેમ્ણુ ને મહાકેશ જે મહાનેત્ર મહા મુનીરાય છે,
જે અંતરાત્મન નિશાલય વળી મૃગાલય કહેવાય છે. ૪૭
સમશાન ભાજીન અજીત સ્નેહન અસ્નેહન ગિરિસાધના,
જે વક્ષકેતુ અનલ વૃક્ષાકાર વાયુ વાહના,
પ્રત્યય પ્રસાદ પ્રસન્ન ને જે છે પવિત્ર પયોનિધી,
જે લંબીતોષ્ઠ લઘુ વળી લંબન ગુરૂ ને સર્વધી. ૪૮
સામાસ્ય મેરૂ ધામ્ન દેવાધીપતી સર્વેશ્વરા,

યજુર્પાદ ભુજ ને ગંડલીન રૂફસાહસ્ત્રામિતેક્ષરા;
ગાંધર્વ ગુહ્ય અથર્વ શીર્ષા કનક ને કાંચન છલી,
અભિગમ્ય જંગમ અમોઘાર્થ પ્રકાશ કાળી ને કલી. ૪૯
જે સત્વ સુદર્શન વળી પ્રિયભાવ ને ઉપકાર છે,
જે નક્ત નાભી નંદીકર સર્વેશ સર્વાધાર છે;
જે ભસ્મશયને ભસ્મભુત જે ભસ્મગોપ્તૃ ભુતેશ છે,
જે ભૂતવાહન સારથી ગણ ગણાકાર ગણેશ છે. ૫૦
જે પુષ્કરસ્થ પતી મહાત્મન લોકપાલ અલોક છે;
જે આદ્ય દ્વાદશ મકર ત્રાસન તરૂ સગણ અશોક છે.
જે કાળપૂજીત સર્વપૂજીત ભુતનિર્વેષ્ટિત ધીર છે,
જે યજ્ઞ ને યજ્ઞાંગ યજ્ઞ સમાહિતા બલવીર છે. ૫૧
જે શુકલ ને ત્રિશુકલ સંપન શુચી કપિશ કપિલ છે,
જે તાર્ક્ષ્ય સુવિજ્ઞેય વર પર અપર અનળ અનીલ છે;
જે વિશ્વકર્મ મતી સુનિશ્ચલ તુંબવીણ આયુધ છે.
તામ્રોષ્ટ અંબુજાલ અનુકારીણ ને મહાક્રોધ છે. ૫૨

જે ઉર્ધ્વરેતસ[૭] ક્રિયાવસ્થ[૮] વિશાળશાખ[૯] મહેશ છે,
જે છે સુસારદ[૬૩૦] આશ્રમસ્થ[૧] અદીતી[૨] દેવ[૩] સુરેશ[૪] છે;
જે છે જલેશય[૫] પરશ્વધાયુધ[૬] સુહૃદ[૭] માયાવીન[૮] છે,
જે ઉગ્ર[૯] ને સર્વાંગરૂપ[૬૪૦] કૈલાસ ગીરી વાસીન[૧] છે. ૫૩
જે છે અનિંદિત[૨] અચલ[૩] અનલય[૪] અધન[૫] ને અમેરશ[૬] છે,
જે યજ્ઞઅરી[૭] કામારી[૮] શંકર શર્વ[૯] શિવ[૬૫૦] વિશ્વેશ[૧] છે;
જે બંધ કર્ત્તા[૨] બંધ હર્ત્તા[૩] બંધુરૂપ[૪] સુબાંધવા[૫],
સર્વાંગ[૬] વાયુ ને ઉપંગુ[૭] વામ અંગ વિષે[૮] ભવા. ૫૪
જે દેવના પણ[૯] દેવ શ્રી મહાદેવ[૬૬૦] વિશ્વાધીશ[૧] છે,
અનલાભ[૨] ને અર્યમણુ[૩] સુરારીષ્ટ[૪] ચેકિત[૫] હવિષ છે;
જે છે અહિબુંધ્ન્યા[૬] ત્રિશંકુ[૭] અનિત[૮] ને ધન્વંતરી[૯],
જે ધુમકેતુ[૬૭૦] ચંદ્રશેખર[૧] સ્કંદ[૨] ધાતા[૩] ને હરી. ૫૫
જે છે કપાલિન[૪] ભિન્ન[૫] ત્વષ્ટા[૬] જે ધરાધર[૭] ને ધરા[૮],
જે ધ્રૂવ[૯] માંધાતા[૬૮૦] વિધાતા[૧] વિષ્ણુ[૨] શક્ર[૩] શુભંકરા[૪];
અવિત્ર[૫] ને રવિ[૬] ભૂત ભાવન[૭] વર્ણુ વિભાવન[૮] વિભુ,

જે વૈશ્રવણુ[૯] ને પદ્મનાભ[૬૯૦] પ્રભાવ[૧] બલવંતા પ્રભુ. ૫૬
કુરૂહૂત[૨] કુરૂવાસીન[૩] કુરૂકર્ત્તા[૪] પુરૂષ[૫] પુરાણુ[૬] છે,
જે પુણ્ય[૭] ચંચુ ચંદ્રવકર્તૃ[૮]પશાંત શુક્ષ્મ[૯] મહાન[૭૦૦] છે;
જે મહાગર્ભ[૧] સુદર્ભચારી[૨] સર્વ કામ[૩] ગુણાવહા[૪],
જે છે ગુણૌષધ[૫] સર્વ આશય[૬] હીમવર્ક્રીરી[૭] સંશ્રયા. ૫૭
જે સર્વ[૮] પ્રાણીના પતી જે સર્વ રત્નવિદાં[૯] પ્રભુ,
જે સર્વ[૭૧૦] ભૂતાલય વળી જે સર્વ ભુતવાહિત[૧] વિભુ;
બહુવિધ[૨] કુલકર્તા[૩] અને વળી વણિજ[૪] કુલ હારિણુ[૫] છે,
સદસત[૬] બહુપ્રદ[૭] સુખાસક્ત[૮] મહા જટા ધારીણુ[૯] છે. ૫૮
સિદ્ધાર્થ[૭૨૦] કારિણુ છંદ વ્યાકરણુ તણા જે સિદ્ધાર્થ[૧] છે,
જે છે મહૌષધ[૨] મહાજત્રુ[૩] જે મહાન સમર્થ[૪] છે;
જે વૃક્ષ ચંદન[૫] બકુલ[૬] ને વળી વર્ધકીન[૭] સુછંદ[૮] છે,
જે સારગ્રીવ[૯] અલોલ[૭૩૦] તરૂ[૧] સારંગ[૨] જે સુખકંદ[૩] છે. ૫૯
જે સિંહ દંષ્ટ્રા[૪] સિંહવાહન[૫] સિંહનાદ[૬] સુજાણુ[૭] છે,
સિંહગ[૮] પ્રભાવાત્મન[૯] અનિંદિત[૭૪૦] જગત કાલ[૧] સુરસ્થાન[૨] છે;

જે ભૂતપતિ[૩]ને ભુત નીલય[૪] સર્વ લોક હિતાય[૫] છે,
જે દક્ષ[૬] નત્ર ચક્રાંગ[૭] ભત્ર[૮] સંયત[૯] ત્રિભુવનરાય[૭૫૦] છે. ૬૦
સત્કૃત[૧] ધૃતિમત[૨] અશ્વ[૩] મતિમત[૪] સભાયન[૫] મન્મથ અરી[૬],
જે પ્રાણધારણ[૭] યુગાધીપ[૮] અમોઘ[૯] ભોજન[૭૬૦] શ્રી હરી,
ગોચર્મ વસન[૧] ગભીર[૨] ગોપતી[૩] ગ્રામ[૪] ગોપાલી[૫] તરી[૬],
હિરણ્યબાહૂ[૭] જીતકાય[૮] જીતેંદ્રી[૯] ને દીગંબરી[૭૭૦]. ૬૧
ગાંધાર[૧] ને સંયોગવર્ધન[૨] સર્વગંધ[૩] સુખાવહા[૪];
મહાગીત[૫] ને મહા હર્ષ[૬] જે મહાનૃત્ય[૭] શોક ભયાપહા[૮];
જે છે મહાકેતૂ[૯] મહાધાતૂ[૭૮૦] મહારથ[૧] મહાબળી[૨],
જે છે પ્રકૃષ્ટારી[૩] પરીધિન[૪] પાંત[૫] ખેચર[૬] ને શુળી[૭]. ૬૨
જે વાર્તચલ[૮] આ વેદનીય[૯] સવાસ[૭૯૦] તપ આશક્ત[૧] છે,
જેનૈક સાનુચર[૨] વળી જે યુક્ત[૩] બાહુ યુક્ત[૪] છે;
આદેશ[૫] ને અપ્સરો ગણ[૬] સેવીત દેવા સુરપતી[૭],
જે છે ગુણાધીક[૮] વૃદ્ધ[૯] ને અતિ વૃદ્ધ[૮૦૦] ઊમાનાપતી. ૬૩
જે તાર[૧] તારણ[૨] વળી તોરણ[૩] પત[૪] હરિણ[૫] શુભાક્ષ છે,

મહાવીર્ય ને વળી મહાપથ વસુશ્રેષ્ટ મૂળ મહાક્ષ છે;
લક્ષીત સર્વે લક્ષણો જે અક્ષરથ યોગીન છે,
જે છે દીવી સુપર્વ દેવ અસુર સુર આધીન છે. ૬૪

આષાઢ ધ્રૂવ સુષાઢ હર વિમર્ષ શિરો હારિણા,
નિત્યાત્મસહ આવર્ત્તમાન વપુષિ પન્નગ ધારીણા;
જે સર્વયોગીન સમામ્નાય અસમામ્નાય સુમંત્ર છે,
નિર્જીવજીવન મહાર્ણવ નિપાન વિતરૂપ મંત્ર છે. ૬૫

રત્નાંગ રત્નપ્રભૂત અમૃત વ્યક્ત ને વિશાળ છે,
અધિરોધ શિલધારીણ આરોહણુ ગળે બિષવ્યાલ છે;
મહારૂપ ને સુગરૂપ સેનાકલ્પ ને મહાકલ્પ છે,
જે યોગ યુગકરને ગભસ્તી ગતી સત સંકલ્પ છે. ૬૬

જે છે મહાનાં ગહન અચલોપમ જટાધર બિંદુ છે,
મહામાલને બહુ માલ જે મહાભાલ ને ભાલેંદુ છે;
જે સર્વલોચન ત્રિલોચન શિશિહર સુલોચન ઇંદ્ર છે.
વીસર્ગ સુગધાર કુંડીન મુંડ જે દેવેંદ્ર છે. ૬૭

જે પાદ પંડીત લવણકુપ નિસ્તાર વિષણુંગ છે,
વર્જીણુ વિકૃત વિરૂપ ને વિખ્યાત જે સર્વાંગ છે;
જે સર્વ કર્મોત્થાન ને મણિબદ્ધ કર સ્થાલીન છે,
ઇંદ્રીન મૌલિતલસ્તાલ કકુભ નિલ મૌલીન છે. ૬૮
સહ સુમુખ શર સર્વાયુધા સર્વાશય ક્રમ સકલ છે,
જે ત્ર્યક્ષ ને ત્રીયુગ જે ત્રીકાલના પતી અકલ છે;
જેને હજારો પાદ કર મુખ જીભ ને વળી નેત્ર છે,
હર્યક્ષ હયગર્ભક હરીહર મહત છત્ર સુછત્ર છે. ૬૯
વધઉર્ધ્વ સંહનન ત્રિલોકાધીપ સકલોદય પ્રભુ,
જે ગંધપાલી ભગવતત્રિકકુન્મંત્ર પતિ વિભુ;
સાદેવમય સૌલોકકૃત સર્વાંગ શુદ્ધ શરણ્ય છે,
જે બ્રહ્મકૃત બ્રહ્મીણ ને જે બ્રહ્મવિદ બ્રહ્મણ્ય છે. ૭૦
જે કૃષ્ણપિંગલ બ્રહ્મદંડ વિનીર્માત્ર કનીષ્ટ છે,
પિનાકધૃક ને જાન્હવીધૃક ઉમાધવ ગુરૂ શ્રેષ્ટ છે;
જે છે વરેણ્ય સહસ્ર બાહૂમત મનોજવ પશુપતી,

જે ઊર્ધ્વંગામીન સ્વયંભુ વશ તિગ્મન પ્રાણીપતી. ૭૧
પીતાત્મને પરમાત્મ જે પ્રિયતાત્મ ઉમયાકાંત છે,
જે વાતરંહસ ચંદ્રધર નૈકાત્મ રૂપ અનંત છે;
મહાગર્ભ ને જે બ્રહ્મગર્ભ સુપદ્મ ગર્ભ પરાગતી,
સરભ્યુત્તરણુ નર શ્વેતપિંગલ જલોદ્ભવને સદ્ગતી. ૭૨
શત્રુઘ્ન દમન શતઘ્ની પાશ સુશક્તિ માન ફલપ્રદા,
જે છે મયસ્કર કર્ણિકાર મહાન સ્ત્રગ્વી મોક્ષદા;
જે વર વરાહ બરદ વળી જે સર્વ સાધારણ વરા,
સા પાર્શ્વમુખ મહાપ્રસાદ સુમહાસ્વન સિદ્ધીકરા. ૭૩
ચર અચર આત્મન સૂક્ષ્મઆત્મન અમ્રતગો વિષેશ્વરા,
આદીત્ય વસુ સાધ્યષુ વિવસ્વત્સવિતૃમૃતખરા;
જે સર્વ સુસંક્ષેપ વિસ્તર વ્યાસ પર્યય નરરૂતુ,
જે આદ્ય નિર્ગમ લીંગને જે પ્રજા બીજ વળી ક્રતુ. ૭૪
કાષ્ટા કળા લવ ક્ષણુ અને માત્રા મુહૂર્ત્ત વિમુક્ત છે,
સંખ્યા સમાપન વર્ષ ને વળી માસ પક્ષ સુયુક્ત છે;

માતાપિતા સત અસત વ્યક્ત[૪] અવ્યક્ત[૫] અવની[૬] ક્ષેત્ર છે,
નિર્વાણ[૭] ત્રિવિષ્ટપ[૮] હૃદન[૯] જેને લલાટે[૧૦૦૦] નેત્ર છે. ૭૫

દોહરા.

સ્કંદપુરાણે જે કહ્યાં, સહસ્ર નામ પવિત્ર;
જેજન જપશે તે થશે, મહાકાળનો મિત્ર. ૭૬
સુણે સુણાવે ભાવથી, તેનાં દુઃખ દળાય;
વિજય મળે સૌ કાર્યમાં, સર્વે પાપ પળાય, ૭૭
હોય સુરાપી કામીને, વ્યભિચારી કે ચોર;
સહસ્ર નામ શિવનાં જપે, થશે સ્વર્ગમાં ઠોર. ૭૮
ધન અર્થીને ધન મળે, જ્ઞાનાર્થીને જ્ઞાન;
સદ્વિદ્યા વિદ્યાર્થીને, જગમાં મળે નિદાન. ૭૯
હરિમંદીર બીલી તળે, જપે પીંપળે જાપ;
ઉભયલોકમાં જય થશે, ટળશે દુઃખ અમાપ. ૮૦
અશ્વમેધ ગૌદાનને, કન્યા દાન સમાન;
શંભુ સહસ્ર નામથી, મળશે પુણ્યનિદાન. ૮૧
બ્રહ્મહત્યા પણ છુટશે તૂટે બંધ અપાર;
ભૂતપ્રેત સૌ ભાગશે, થશે વિનાશ વિકાર. ૮૨
નિર્મળ મનથી જે જપે, શિવનાં સહસ્ર નામ;
સાચો વૈષ્ણવ સૃષ્ટિમાં, મોહન તે અભિરામ. ૮૩

શિવસહસ્ર નામ સ્તોત્ર સંપૂર્ણ.

અથ પરાપૂજા.

ગીતી.

પૂર્ણ બધે પરમાત્મા, આવાહન તેનું શીરીત થશે;
આસન કેમ અપાએ, સર્વ વસ્તુનો જે આધાર હશે. ૧

સદા સ્વચ્છ છે પોતે, પાદ્ય અર્ઘ્યની સિદ્ધિ કેમ થાએ;
કેમ આચમન કલ્પું, સ્વરૂપ જેનું શુદ્ધ સદા હોએ. ૨

ઇશ્વર જો નિર્મળ છે, તો જરૂર શી સ્નાન તણી તેને;
વસ્ત્ર કેમ અરપાએ, સકલ બિશ્વ છે ઉદર મધ્ય જેને. ૩

નિરાલંબસ્વરૂપે, બ્રહ્મસૂત્ર કેવી રીતે ધરશે;
નિર્વાસન જે નિત્યે, સુગંધ માટે પુષ્પ કેમ ચઢશે. ૪

જરૂર શી ચંદનની, સ્વરૂપથી નિર્લેપ હોય તેને;
શી જરૂર ભૂષણની, સદૈવ રમ્ય સ્વરૂપ હોય જેને. ૫

નિત્ય તૃપ્ત વળિ જે છે, તાંબુલ નિવેદ કેમ ગ્રહણ કરશે;
અનંત સર્વેશ્વર છે, પ્રદક્ષિણા કહો તેની કોણ ફરશે. ૬

નમન કરૂં શી રીતથી, સ્વરૂપથી અદ્વય સદૈવ છે જો;
સ્તુતી કરૂં શી રીતથી, અવેદ્ય છે વળી વેદ વાકયથી તો. ૭

સ્વયંપ્રકાશ સ્વરૂપે, નીરાંજનની શી જરૂર પડશે;
પૂર્ણ બહિરંતર છે, ઉદ્વાસન તેનું શીરીત થશે. ૮

ઇતિશ્રી પરાપૂજા.

મંત્ર પુષ્પાંજળી.

સાર્દૂલ વિક્રીડિત છંદ.

શ્રી શંભૂગિરિજાપતી પશુપતી, બુદ્ધિપતી હ્રી પતી;
કૈલાસાધિપતી સુરા સુરપતી, વિદ્યાપતી ભૂપતી,
દેવાધીપતિ ધૂર્જટી ગ્રહુપતી, માયાપતી ગોપતી;
જ્ઞાનાધીપતિ આપશો સદ્ગતી, મુક્તિ પતી સત્પતી. ૧

ઉપજાતી છંદ.

શીર્ષાન્ઘ્રિ નેત્રો કર છે હજારો,
જેણે ધર્યાં નામ રૂપો હજારો;
ને જે ચલાવે યુગને હજારો,
પ્રણામ છે મોહનના હજારો. ૧

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સમાપ્ત.